# અનન્ય અવધૂત

ભાગ-૧

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબનું જીવન કવન



║ તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી સ્મૃતિ ║

# અનન્ય અવધૂત

ભાગ - ૧

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જીવન દર્શન**

**• પ્રેરક પ્રવચનકાર •**

**રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**

# આશીર્વાદ

**ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જયંતમુનિજી મ.સા.**
**ગોંડલ ગચ્છ દિવાકર પૂજ્ય શ્રી ગિરીશચંદ્રજી મ.સા.**
**નિડર વકતા પૂજ્ય શ્રી જગદીશમુનિ મ.સા.**
**ધ્યાન સાધક પૂજ્ય શ્રી હસમુખમુનિ મ.સા.**
**શાસ્ત્ર દિવાકર પૂજ્ય શ્રી મનોહરમુનિ મ.સા.**

**પ્રથમ આવૃતિ - ૨૦૧૩**

**: પ્રાપ્તિ સ્થાન :**

PARASDHAM

વલ્લભબાગ લેન, **ઘાટકોપર** (ઇ), **મુંબઇ**- ૪૦૦૦૭૭.

૧૨/૨ એ, બકુલ બગાન રો, **કોલકત્તા**- ૭૦૦૦૨૫.

૪, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ, **રાજકોટ**- ૩૬૦૦૦૫.

PAWANDHAM

બી.સી.સી.આય ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, **કાંદિવલી (વે)**, મુંબઇ- ૪૦૦૦૬૭.

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઇ નગર, **વડોદરા** - ૩૯૦૦૦૭.

૪૯૩/સી/એ/જી.ટી.રોડ, શીવપુર, **હાવડા**-૭૧૧૧૦૨.



# અનન્ય અવધૂત

વામનથી વિરાટ બનેલા... સામાન્યમાંથી  સવોત્તમ બનેલાં
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
એક એવું દિવ્ય વ્યક્તિત્વ...
જેમને ભેદજ્ઞાની અનુભૂતિ હતી... માટે જ,
દેહ પ્રત્યે અનાસક્ત ભાવ હતો અને આત્મા પ્રત્યે અત્યંત પ્રેમ હતો.
આત્મ સિધ્ધિની ઉત્કૃષ્ટ ભાવના હતી.
દુનિયાની પરવાથી ‘પર’ અને ‘સ્વ’ ની મસ્તીમાં મસ્ત
અનન્ય અલગારી અવધૂત યોગી...
એમના જીવનના હર એક પ્રસંગ અને હર એક ઘટનામાંથી
પ્રેરણા એવમ્ દૃષ્ટિ બોધ પ્રાપ્ત થાય છે...
અતિ અલ્પ સમયના સાંનિધ્યમાં અનંત ગણુ પામી, ઉત્કૃષ્ટ ભાવે સેવા કરી
કૃપા પાત્ર સુશિષ્ય બનેલા રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.
એમના જન્મથી વિદાય સુધીના એક એક અવસરને
એમની મૌલિક અને ભાવવાહી  શૈલીમાં એવી રીતે પ્રસ્તુત
કરે છે જાણે એમને જન્મો જન્મથી જાણે છે, અને સાંભળનારાને પણ
એ સમયે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્કારનો અનુભવ થાય છે.
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મશતાબ્દી અવસરે
રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. દ્વારા
તપસમ્રાટ પૂ. ગુરુદેવનું જીવન દર્શન...
આવો...
આપણે પણ વાંચીએ... વંચાવીએ અને ધન્યતા અનુભવીએ...

# અવની પર અવતરણ

**એ**ક નાનકડું બીજ જો એને યોગ્ય માટી અને પાણીનો સંયોગ મળે, અને જો બીજ ફળદ્રુપ હોય તો એમાંથી વિરાટ વૃક્ષ થતાં વાર નથી લાગતી. ડાળીઓ નીકળતી જાય અને એમાં ઘણા બધાં પાન આવે અને ફળ આવે. એક શાખામાંથી બીજી પ્રશાખાઓ નીકળે અને ધીમે ધીમે વૃક્ષ વટવૃક્ષ બનતું જાય. વિરાટ બનતું જાય, ત્યારે એમાંથી નીકળતી દરેક શાખા અને પ્રશાખા એનો જ અંશ હોય છે, એને જ અનુરૂપ હોય છે, એના જેવી જ ગુણધારક હોય છે.પરમાત્મા રૂપી વિરાટ વટવૃક્ષની શાખા અને પ્રશાખાઓ એટલે ગણધર, આર્ચાય અને સત્‌ગુરુઓ. !! માટે જ એ પરમાત્માના અંશ અને વંશ કહેવાય છે. એમનામાં પરમાત્મા જેવા ગુણો પણ હોય છે અને પરમાત્મના પંથના પથિક પણ હોય છે. આવા જ એક વિરાટના વંશ, વિરાટ વ્યક્તિત્વ... તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ રતિલાલજી મ.સા..!

આજથી બરોબર સો વર્ષ પહેલાંની વાત છે. એક સદી પહેલાંની ઘટના છે. દિપાવલીનો શુભ દિવસ છે. સૌરાષ્ટ્રનું એક સાવ નાનકડું ગામ છે પરબવાવડી. ગામમાં નાના નાના માટીના ઘરો છે. દિપાવલીનું પર્વ હોવાથી દરેક ઘરમાં આનંદ મંગલ  છે. રાત્રિના આઠ વાગ્યાનો સમય છે. નાના નાના બાળકો ફટાકડાં ફોડી રહ્યાં છે, જ્યારે વડીલો ચોપડા પૂજન કરી રહ્યાં છે.

ચોપડા પૂજન કરવાનું શુભ મુર્હૂત છે. દરેક વેપારી, દરેક દુકાનદાર પોતાની દુકાનમાં ચોપડાં ઉપર લખી રહ્યાં છે.

શાલીભદ્ર જેવી રિદ્ધિ-સિદ્ધ હોજો.

અભય કુમાર જેવી બુદ્ધિ હોજો.

ગૌતમ સ્વામી જેવી લબ્ધિ હોજો.

ત્યાં જ એક બાળક થાળી વગાડતો વગાડતો એ નાનકડા ગામની ધૂળવાળી શેરીઓમાંથી પસાર થાય છે. એ સમય હતો જ્યારે ગામના લોકો ખુશીને વહેંચતા હતાં. સાથે મળીને એની અભિવ્યક્તિ કરતાં હતાં. એક ઘરની ખુશી આખા ગામની ખુશી હતી. લોકો બાળકને પૂછી રહ્યાં છે: બેટા! કઈ ખુશીના સમાચાર વહેંચવા નીકળ્યો છે ? દિપાવલીના તહેવારની ખુશી તો છે જ, એમાં કઈ નવી ખુશીનો ઉમેરો થયો ?

બાળક ખુશ થતાં કહે છે, હું માધવજીભાઈની દુકાને

જઈ રહ્યો છું. માધવજીભાઈને આનંદના સમાચાર આપવા જઈ રહ્યો છું. એમને ત્યાં એક સુંદર પુત્રનો જન્મ થયો છે. જે લોકો સમાચાર સાંભળતાં, તેઓ પોતાનો આનંદ વ્યક્ત કરતાં. અરે વાહ! જમકુબાએ દિપાવલીમાં કુળ દીપકને જન્મ આપ્યો. !

વાવડી ગામના લોકો આનંદ પણ નિર્દોષભાવે માણતા. એમના મનમાં કોઈ પ્રકારનો દંભ કે ઈર્ષ્યા ન હતાં. નાનકડાં ગામમાં ઘર ભલે અલગ અલગ હતા પણ દિલ બધાંના એક હતાં. નાનકડાં ગામમાં સાધનો ઓછા હતા પણ સંતોષ ઘણો હતો. આવા જ એક સંતોષી પરિવારમાં માધવજીભાઈ રૈયાણી અને જમકુબેનને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો હતો.

એક સૂર્ય જ્યારે મધ્યાને પહોંચે ત્યારે તો પૂર્ણ તેજસ્વી હોય પણ એ જ સૂર્ય જ્યારે ઉદય થાય ત્યારે પ્રાત:કાળે એની લાલીમાથી સૃષ્ટિમાં ચેતનાનો

સંચાર થવા લાગે છે. એના કિરણોની આભાથી અવનિ જાગૃત થવા લાગે છે.

તેમ આ પુત્રના જન્મથી કંઈક અલગ જ આભા પ્રસરી રહી હતી. એની આંખોમાં અલગ જ ચમક હતી. એને જોનારાના હૃદયમાં અલગ જ અનૂભૂતિ થતી હતી. અન્ય સામાન્ય બાળક કરતાં કંઈક જુદા હોવાનો અહેસાસ જણાતો હતો.

જ્યાં સુધી આપણે કોઈના ભવિષ્યને નથી જાણતા, ત્યાં સુધી આપણે તેની મહાનતાને પણ નથી ઓળખી શક્તા.

બાળકના જન્મથી બધાં ખુશ તો હતાં પણ કોઈને ખબર ન હતી કે આ જ બાળક ભવિષ્યમાં વિરાટ વ્યક્તિત્વનો ધારક બનશે. આજે જન્મેલો બાળક અનેક આત્માના સયંમનો જન્મ  કરાવશે. આજે આ સંસારમાં આવેલો શીશુ કેટલાંય જીવોને મોક્ષના માર્ગે લઈ જશે, આજે નાનકડા ગામમાં જન્મેલો પુત્ર એક દિવસ વિશ્વના ખૂણે ખૂણામાં છવાઈ જશે. આજે એક નાનકડા પરિવારમાં જન્મેલો બાળક એક દિવસ દુનિયાના લાખો લોકોના હૃદય પર રાજ કરનારો બનશે, અનેક જીવોનો તારણહાર અને અનેક આત્માઓનો ઉદ્ધારક બનશે. વિરાટ વ્યક્તિત્વ સાથે વિરાટ એવા પરમાત્માનો અંશ અને વંશ બની વિશ્વ વિખ્યાત બનશે.. !

દરેક યુગમાં એક યુગ પુરુષનો જન્મ થાય છે અને એ યુગ પુરુષની કરુણા, એની મહાનતા, એની ઉદારતા વર્ષોના વર્ષો સુધી અત્ર, તત્ર અને સર્વત્ર વ્યાપ્ત રહે છે. વિદાય પછી પણ વર્ષોના વર્ષો સુધી ગુણ સ્મૃતિરૂપે સહુના હૃદયમાં જીવંત રહે છે. આવા યુગ પુરુષનો જ્યારે જન્મ થાય છે ત્યારે ચારે બાજુ તેની આભા અને પ્રભા સૂર્ય કિરણની જેમ ફેલાવા લાગે છે. એક અલગ પ્રકારની પોઝિટિવનેસ અને એનર્જીનો અનુભવ થાય છે. આવો જ અનુભવ રૈયાણી પરિવારનાં અને વાવડી ગામના લોકોને થવા લાગ્યો, જ્યારે

રતિલાલનો જન્મ થયો. માતા-પિતા અને ભાઈ-બહેનોના પરિવારમાં બાળ રતિલાલ ધીમે ધીમે મોટો થવા લાગ્યો. પાંચ વર્ષની ઉંમરમાં તો આસપાસના લોકોને સમજાવા લાગ્યું કે આ કોઈ સામાન્ય બાળક નથી. આ કોઈ અલગ જ આત્મા છે. એનો વ્યવહાર, એનું વર્તન, એની વાતચીત બધું જ અલગ છે. માતા જમકુબેનના દિલમાં પણ કંઈક અલગ જ અનુભૂતિ થઈ.

એક દિવસ માધવજીભાઈના ઘરે મુંબઈથી મહેમાન આવ્યાં હતાં. બાળકો માટે મુંબઈની પ્રખ્યાત મિઠાઈનું પેકેટ લાવ્યાં હતાં. થોડીવાર પછી મા એ બધાં બાળકોને બોલાવ્યા અને બધાંને બેસાડી મિઠાઈના બબ્બે પીસ આપવા લાગ્યાં. એક પછી એક બાળકને દેતાં જાય. જે બાળકના હાથમાં મિઠાઈ આવે, બાળક તરત જ ત્યાંને ત્યાં મોઢામાં મિઠાઈ મૂકીને ખાવા લાગે. જેવો રતિલાલનો નંબર આવ્યો, મા એ એના હાથમાં પણ મિઠાઈના બે પીસ આપ્યાં.

બધાં મિઠાઈ ખાતા જાય અને મિઠાઈના વખાણ કરતાં જાય, પણ રતિલાલે તરત મિઠાઈ ન ખાધી.

રતિલાલ પોતાના ભાગની મિઠાઈ હાથમાં છુપાવી તરત જ બહાર નીકળી ગયાં. મોટાભાઈએ આ જોયું. તેમને થયું, એક તો રતિલાલે મિઠાઈ ખાધી નહીં અને તરત જ બહાર નીકળી ગયો. કારણ શું ? મિઠાઈ લઈને બહાર કેમ ભાગ્યો ?

મોટાભાઈ ચૂપચાપ એની પાછળ ગયાં અને એમણે જે જોયું તેનાથી અવાચક થઈ ગયાં.

રતિલાલ બહાર નીકળી બાજુમાં જે એકદમ ગરીબ બાળક રહેતો હતો એની પાસે ગયાં. પોતાના હાથમાં રાખેલી મિઠાઈનો એક ટૂકડો પોતાના હાથે તે બાળકના મોઢામાં મૂક્યો અને પ્રેમથી એના માથે હાથ ફેરવ્યો. બાળક

એકદમ ખુશ થઈ ગયો. એક અલગ જ ભાવથી રતિલાલ સામે જોયું, જાણે હજુ હોય તો ખાવાની ઈચ્છા હતી. રતિલાલ સમજી ગયા એમણે બીજો ટૂકડો પણ એટલાં જ પ્રેમથી બાળકના મોઢામાં મૂકી દીધો.

પાંચ-છ વર્ષનું બાળક..ક્યારેક જ ખાવા મળતી એવી મુંબઈની શ્રેષ્ઠ મિઠાઈ, પોતે ન ખાધી અને પ્રેમથી ખવડાવી દીધી.

મોટાભાઈ તો જોતાં જ રહી ગયાં. ક્યાં હું એનો આવડો મોટો ભાઈ અને કયાં આ મારો નાનકડો ભાઈ ? ?

ઉંમરથી કોઈ મોટું નથી હોતું, જેનું દિલ મોટું હોય છે તે મોટો હોય છે. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે:

એક કહે છે: જે મારું છે તે ફક્ત મારું જ છે.

બીજો કહે છે: જે મારું છે, તે મારું પણ છે અને તારું પણ છે.

ત્રીજો કહે છે: જે મારું છે તે મારું નહીં તારું છે.

ચોથો કહે છે: જે મારું છે તે મારું પણ નથી અને તારું પણ નથી.

દિલની ઉદારતા આ જન્મની જ નથી હોતી, એ તો જન્મો જન્મના સંસ્કાર હોય છે. નહીં તો પાંચ વર્ષના બાળકમાં આવી ઉદારતા આવે ક્યાંથી ? બીજાને ખવરાવવાના ભાવ થાય ક્યાંથી ?

કેટલાંક લોકો પાસે હોય ઘણું બધું, પણ છૂટે કાંઈ નહીં. કેટલાંક લોકો પાસે હોય બહુ થોડું પણ છૂટે ઘણું બધું.. !

ભગવાન કહે છે:

સંયમ પછી આવે છે, ચારિત્ર પછી આવે છે, શરૂઆત તો થાય છે માનવીય સદગુણોથી અને આ માનવીય સદ્ગુણોથી જ ધીરે-ધીરે મહાનતા પ્રગટે છે.

સમય નામના શિલ્પીએ આ પત્થરમાંથી પ્રતિમાનું સર્જન કરવાની

શરૂઆત કરી દીધી હતી. પાંચ વર્ષની ઉંમરમાં જ ઉદારતાના ગુણનું પ્રાગ્ટય થઈ ગયું હતું.

જેનું જન્મ જન્મથી જ છૂટ્યું હોય એને જ છોડતા આવડે છે અને એ જ છોડી શકે છે. બાકી પાંચ વર્ષનો બાળક એક નાનકડી ચોકલેટ પણ કોઈને ન આપે ભલે તેની પાસે આખો ડબ્બો ભર્યો હોય !

નાનકડા ભાઈની આવી વિશાળતા અને ઉદારતા જોઈ મોટાભાઈએ ઘરે આવી ને મા ને કહ્યું, મા, મા ! શું રતિલાલ મારો જ ભાઈ છે ?

મા કહે છે, હા બેટા ! એ તારો જ ભાઈ છે, પણ આજે આવું કેમ પૂછે છે ?

મોટોભાઈ કહે છે, મા ! તમે મને જે મિઠાઈ આપી હતી તે તો મેં ખાઈ લીધી. મને બીજા કોઈનો વિચાર પણ ન આવ્યો અને આ મારો ભાઈ, મારાથી આટલો નાનો, એણે પોતે મિઠાઈ ન ખાધી પણ મા આપણી બાજુમાં રહેતા ગરીબ બાળકને ખૂબ જ પ્રેમથી ખવડાવી દીધી. મા ! એ બાળકની મા નથી, પણ રતિલાલ ત્યારે જાણે એની મા બની ગયો હોય તેમ પ્રેમથી એના મોઢામાં મિઠાઈના ટૂકડા મૂક્યા અને પછી ખૂબ જ વ્હાલથી એના માથા પર હાથ ફેરવ્યો.

મા ! મને તો લાગ્યું કે આ નાનો ભાઈ માત્ર માનું રૂપ નહીં, પણ પરમાત્માનું સ્વરૂપ છે.

માતાએ જ્યારે આ સાંભળ્યું ત્યારે તેના હૃદયમાં માની મમતા સાથે ગૌરવની ભાવના પ્રગટવા લાગી.

જ્યારે બાળ રતિલાલ ઘરે પાછા આવ્યાં ત્યારે તેને ખોળામાં બેસાડી વ્હાલને વ્યક્ત કરતાં કહ્યું, બેટા ! તારા જેવા દીકરાને જન્મ આપી આજ મારું માતૃત્વ ધન્ય બની ગયું.

આ નાનકડું બીજ જ્યારે વિરાટ વ્યકિતત્વ બન્યું ત્યારે તેમણે સમાજને એક સૂત્ર આપ્યું,

જેને ખાવું કરતાં ખવરાવવું વધારે ગમે, તેનો માનવભવ સફળ.

આ ઉપદેશ એમણે પ્રજ્ઞા ખીલ્યા પછી ચાલીસ- બેતાલીસમાં વર્ષે આપ્યો પણ એનું આચરણ તો એમણે માત્ર પાંચ-છ વર્ષની ઉંમરથી જ કરી દીધું હતું.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ એવા વ્યક્તિ હતાં, જેમના વિરાટ બનવાના એક એક ગુણ નાનપણથી જ એમના વાણી, વ્યવહાર અને વર્તનમાં દૃષ્ટિગોચર થતાં હતાં એમનું વર્તન જ એમના આત્મગુણોનું પ્રતિબીંબ હતું.

એક એક દિવસ પસાર થાય છે, બાળ રતિલાલની વયમાં પણ વૃદ્ધિ થાય છે, સાથે સાથે એમના પ્રભાવમાં પણ પ્રગતિ થાય છે. ધીમે-ધીમે લોકો પણ સમજવા લાગે છે, ઓળખવા લાગે છે, આ બાળક કંઈક વિશેષતા સાથે જન્મ્યો છે.

વાવડી જેવડા નાનકડા ગામમાં જન્મ થયો અને શીશુમાંથી બાળક બનતાં શાળાએ જવા સમય થયો. વાવડીમાં તો કોઈ શાળા હતી જ નહીં એટલે ૧૪ કિ.મી દૂર ભેંસાણ ગામમાં રોજ ભણવા જાય. ન સાયકલ, ન રીક્ષા, ન બસ, ન સ્કૂટર, દરરોજ ચાલીને જવાનું અને ચાલીને આવવાનું... !

અનુકૂળતા જેટલી વ્યકિતને નબળી બનાવે છે, પ્રતિકૂળતા એટલી જ સબળ બનાવે છે.

રતિલાલ નાનપણથી જ પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રહી પોતાની આત્મ શક્તિને પ્રબળ બનાવતાં હતાં.

શાળામાં પણ જે ભણાવે તે બધું જ યાદ રહી જાય. એક દિવસ મોટાભાઈને થયું, લાવ બીજા ભાઈ-બહેનો સાથે રતિલાલને પણ કંઈક ભણાવું.

**રતિલાલ :** ભાઈ ! તમે મને આ બધું શા માટે શીખવાડો છો ? તમને

શીખવાડવું જ  છે તો મને સામાયિક શીખવાડોને... !

મોટાભાઇ વિચારમાં પડી ગયા, આવડા નાના બાળકને સામાયિક શીખવાનું મન થયું ? સામાયિક તો મને પણ નથી આવડતી તો હું શીખવું કેવી રીતે ?

**રતિલાલ :** ભાઇ ! શું વિચારમા પડી ગયા ? ભાઇ ! મારે તો એ શીખવું છે,  જે શીખ્યા પછી ક્યારેય જાય નહીં. ભાઈ ! મારે એ શીખવું જે આત્મા માટે હિતકારી હોય. આ શરીર માટે, આ ભવ પૂરતુ જ જે કામનું હોય તે નહીં, જે ભવોભવ કામનું હોય તે શીખવું છે. મને એવું શીખવાડો... !

અને શાળાના અભ્યાસ સાથે રતિલાલે ખૂબ જ નાની ઉંમરમાં સામાયિક, પ્રતિક્રમણ આદિ કંઠસ્થ કરી લીધાં.

એક દિવસ માએ કહ્યું બેટા ! તૈયાર થઈ જા આજે જેતપુર દર્શન કરવા જવાનું છે.

**રતિલાલ :** મા, કોના દર્શન કરવા જવાનું છે ?

મા : બેટા, તપસ્વી મહારાજના દર્શન કરવા જવાનું છે.નાનકડો બાળક માની સાથે જેતપુર આવે છે. જેતપુરમાં તપસ્વી મહારાજના દર્શન કરવા ગામેગામેથી લોકોના ટોળેટોળાં આવી રહ્યાં છે. રસ્તામાં  ચહલ-પહલ છે, અવર-જવર છે. ચારેબાજુ માનવ મહેરામણ છે.

રતિલાલનું બાળમાનસ વિચારે છે, આટલાં બધાં લોકો ક્યાં જઈ રહ્યાં હશે ? શું પરબની જેમ અહીં પણ કોઈ મેળો ભરાયો હશે ?

રતિલાલ પૂછે છે, મા ! શું આપણે મેળામાં જઈ રહ્યાં છીએ ?

મા: ના, બેટા ! આપણે તો એક વિરાટ વ્યક્તિના, એક ઉગ્ર તપસ્વી મહારાજના દર્શન કરવા જઈ રહ્યાં છીએ, એમણે સંથારો ગ્રહણ કર્યો છે અને આ બધાં જ લોકો એમના દર્શન કરવા દૂર દૂરથી આવ્યાં છે.

જ્યાં આ માતા-પુત્ર ઉપાશ્રયની નજીક આવ્યા ત્યાં તો દર્શન માટેની

લાંબી લાઈન લાગી હતી. માતા-પુત્ર પણ એ લાઈનમાં ઊભા રહી ગયાં. દૂર પાટ ઉપર સૂતા હતાં તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.

એક એવા પરમપુરુષ, એક એવા સિદ્ધ પુરુષ જે સંયમ જીવનના સ્વીકાર પછી ગૌચરીમાં માત્ર છાશની પરાસ અને બાજરીનો લોટ જ વાપરે અને જ્યારે બાજરીનો લોટ ન મળે ત્યારે સુથારને ત્યાંથી લાકડાનો વ્હેર વ્હોરી લાવે અને એને છાશની પરાસમાં પલાળીને વાપરે. ન દૂધ-દહીં, ન શાકભાજી, ન મેવા-મિઠાઈ અને ન બીજી કોઈ વસ્તુ !

તપ અને સ્વાધ્યાય એ જ એમનું જીવન હતું. ઉગ્ર તપ અને ઉત્કૃષ્ટ સાધનાના ફળ સ્વરૂપે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

સમસ્ત જીવન સાધનામય વિતાવ્યા બાદ હવે અંતિમ સાધના સંથારાની સ્વીકારી હતી. આવા સિદ્ધ પુરુષ જેમના મસ્તક ઉપર હાથ મૂકતાં તેના અશુભ કર્મોનો ક્ષય થઈ જતો. એમના ચરણની રજમાં પણ બીમારને સ્વસ્થ કરવાની અને ભૂત પ્રેતને ભગાડવાની ક્ષમતા હતી. કાયામાં તપનું તેજ હતું તો લલાટ પર જ્ઞાનનો પૂંજ હતો. હજારો દર્શનાર્થીઓની લાઈન આગળ વધે છે.

જ્યાં બાળ રતિલાલની નજર તપસ્વી મહારાજ પર પડે છે અને તપસ્વી મહારાજની દૃષ્ટિ બાળ રતિલાલ પર પડે છે, ચાર આંખો એક થાય છે અને રતિલાલના હૃદયમાં કંઈક થવા લાગે છે. એક દિવ્ય તેજ પ્રકાશથી એમની આંખો અંજાય જાય છે. આવું તેજ.. આવો પ્રકાશ એમણે ક્યારેય જોયો ન હતો. એમને થાય છે કે આ સામે પાટ પર કોઈ મહારાજ નહીં પણ રોશની છે. આંખો સમક્ષ પ્રકાશનો પૂંજ છે તો હૃદય એક અલગ પ્રકારના શુભ વાઈબ્રેશન્સથી સ્પંદિત થઈ રહ્યું છે. બાળકના દિલમાં ન સમજી શકાય એવું

કંઈક ફીલ થાય છે, પળભર માટે તે ગભરાય જાય છે અને માને પૂછે છે.

**રતિલાલ :** મા, મા ! આ સામે પાટ પર સૂતાં છે તે કોણ છે ?

મા : બેટા ! એ જ તો તપસ્વી મહારાજ છે, જેમના દર્શન માટે આપણે આવ્યા છીએ.

રતિલાલ : મા, મારે એમની નજીક જવું છે, મારે પાસેથી દર્શન કરવા છે.

ત્યાં તો વ્યવસ્થા સંભાળનાર કાર્યકર ભાઈએ બૂમ મારી ચાલો...આગળ વધો..જલ્દી જલ્દી દર્શન કરો..બીજાને લાભ આપો.. ! !

ઘણીવાર એવું બને કે આત્મજ્ઞાની અને સિદ્ધ પુરુષ આપણી નજીકથી, આપણી આંખો સામેથી પસાર થઈ જાય પણ આપણે એમને ઓળખી ન શકીએ અને જ્યારે ખબર પડે ત્યારે પસ્તાવાનો પાર ન રહે.

આ બાળ રતિલાલને તો કાંઈક સમજાઈ ગયું હતું, એટલે જ એમને એમની પાસે જવાના અંતરથી ભાવ પ્રગટ થયાં અને જ્યારે નજીક જવાનું ન મળ્યું ત્યારે રડવું આવી ગયું.

મા સમજાવે છે બેટા ! દૂરથી પણ દર્શન કરવા મળ્યાં એ આપણા માટે પરમ સદ્ભાગ્ય છે.

**રતિલાલ :** પણ મા ! મને એમને જોઈને કંઈક થાય છે, એમની પાસે જવાનું મન થાય છે, મા મને એવું લાગે છે, હું એમને ઓળખું છું, એમને મળ્યો છું. મા ! મને એમને મળવું છે. એમની પાસે જવું છે.પહેલી જ વારના દર્શનથી આવી અનન્ય અનુભૂતિ તેને જ થાય જેનું ભવોભવથી કનેકશન હોય.

સિદ્ધ પુરુષની એક દૃષ્ટિ અને એક અલગ પ્રકારની અનુભૂતિ, અલગ પ્રકારના સ્પંદન, એક આત્મિયતા, વિશેષ પ્રકારનો પ્રભાવ બધાંને ન થાય, બધાં માટે ન થાય, એ તો કોઈક ને જ થાય અને કોઈ એક માટે જ થાય અને જ્યારે થાય ત્યારે એમ લાગે કંઈક નવું જ થઈ રહ્યું છે, ખરેખર તો એ

નવું ન હોય.

જેમ વડની વડવાઈ એક બીજાના અંશરૂપે એક બીજા સાથે જોડાય તેમ સિદ્ધ પુરુષોનું પણ કનેકશન થાય. રતિલાલના મનમાં તપસ્વી મહારાજ જ રમે છે. દર્શન કરી પાછાં ફરતાં રસ્તામાં પણ મા ને એમના વિશે જ પ્રશ્નો પૂછે છે.

**રતિલાલ :** મા, એમના ચહેરા પર આટલું તેજ કેમ છે ?

**મા :** બેટા, એ એમના તપ અને સાધનાનું તેજ છે, અને હવે અંતિમ સંથારાની સાધના કરી રહ્યાં છે. એમના જીવનના અંતિમ સમયને પરમાત્મા સાથે જોડી, શરીર સાથેના બંધનથી મુક્ત થવા મુક્તિની યાત્રામાં આગળ વધી રહ્યાં છે.

**રતિલાલ :** મા, સંથારો કોને કહેવાય ?

**મા :** બેટા, જૈન ધર્મમાં માત્ર જીવનને સુધારવાની જ સાધના નથી, મૃત્યુને સુધારવાની પણ સાધના બતાવી છે, અને મૃત્યુને સુધારવાની સાધનાને સંથારો કહેવાય છે.

**રતિલાલ :** મા, સંથારાની સાધના તપસ્વી મહારાજ કરી શકે તો હું પણ કરી શકું ને ?

**મા :** બેટા, એ માટે પહેલાં જીવનને સુધારવું જોઈએ. જીવન સુધરી જાય તો મૃત્યુને સુધારવાની પણ તક મળી જાય. એમણે પહેલાં જીવન સુધાર્યું, ત્યારે એમનું મૃત્યુ સુધરી રહ્યું છે.

જેની આજ સુધરે, તેનો અંત સુધરે, જેનો અંત સુધરે, તેનો અનંત સુધરે. સંથારો એ અનંતને સુધારવાની પ્રોસેસ છે.

**રતિલાલ :** મા, હું આજથી મારું જીવન સુધારવા માગું છું.

**મા :** બેટા ! તું હજું ઘણો નાનો છે.

**રતિલાલ :** મા, હું તો એ વિરાટનો અંશ છું, જે સદીઓથી સિદ્ધત્વની યાત્રામાં

જોડાયેલા છે. મારી યાત્રા પણ અલ્પ વિરામ પામી હતી અને હવે એ અલ્પવિરામથી આગળ વધી પૂર્ણવિરામ તરફ જવા માટે જ મારો જન્મ થયો છે. હું તો વિરાટ વ્યક્તિત્વમાં મારા અસ્તિત્વને જોડી, મારા અસ્તિત્વને વિરાટ બનાવવા જ આવ્યો છું, સિદ્ધપુરુષોની સિદ્ધત્વની યાત્રામાં જોડાવા આવ્યો છું, એટલે આજ નહીં તો કાલ, કાલ નહીં તો ક્યારેક હું પણ એમની જેમ સાધના કરીશ.

**રતિલાલ :** મા, એમણે કેવા તપ કર્યા હતા ?

**મા :** બેટા ! એમણે દીક્ષા લીધા પછી આજ સુધી પાણી નથી પીધું.

**રતિલાલ :** મા, શા માટે પાણી નહોતું પીધું ?

**મા :** બેટા, તે સમયે વિવાદ ચાલતો હતો કે સાધુએ આ પાણી પિવાય અને આ પાણી ન પિવાય. કોઈ કહે પાકુ પાણી કલ્પે, કોઈ કહે રાખવાળું. તપસ્વી મહારાજે કહ્યું મારે વિવાદ નથી કરવો, મારે તો સમવાદ કરવો છે અને એમણે સંકલ્પ કર્યો, આજથી પાણીનો ત્યાગ... આ ઉપરાંત અનેક પ્રકારની તપસ્યા કરી હતી માટે જ તપસ્વી કહેવાય છે.

**રતિલાલ :** મા, એ સિધ્ધ પુરુષ છે ને ?

**મા :** હા, બેટા ! પણ તને કોણે કહ્યું ?

રતિલાલ : મા, મારૂં હૃદય કહે છે.

**મા :** બેટા, સંતો હજારો હોય છે પણ સિધ્ધ પુરુષ હજારોમાં એક હોય છે. સિધ્ધ પુરુષની વ્યાખ્યા એ જ હોય, એમના નયન સિધ્ધ હોય, એમના વચન સિધ્ધ હોય, એમના હસ્ત સિધ્ધ હોય, એમના ચરણ સિધ્ધ હોય.

**રતિલાલ :** હા, મા ! એમની આંખોનું તેજ જોઈને જ મારા હૃદયે કહ્યું, નક્કી આ કોઇ સિધ્ધ પુરુષ લાગે છે.

ભવોભવની સાધના અને ભવોભવનું કનેકશન હોય તેને જ આવી

અનુભૂતિ થાય. મા પણ બાળ રતિલાલના પ્રશ્નો અને જવાબ સાંભળી વિચારમાં પડી જાય છે, આવડા બાળકમાં આવી સમજ અને આવી ગંભીરતા કયાંથી ?

ત્યાં તો માતા-પુત્ર જે સ્નેહીના ઘરે જેતપુરમાં ઉતર્યા હતાં, તેમનું ઘર આવી જાય છે. માતા તો સ્નેહી સ્વજનો સાથે વાતોમાં લાગી જાય છે. પણ રતિલાલ ! ! એ તો એકલા ચૂપચાપ બેઠાં છે. ઘડીકમાં આંખો બંધ કરે છે, ઘડીકમાં આંખો ખોલે છે, આંખો બંધ કરે છે ત્યારે તપસ્વી મહારાજની એ દિવ્ય મુખાકૃતિ દેખાય છે, એ દિવ્ય દૃષ્ટિ અનુભવાય છે અને આંખો ખોલે છે ત્યારે એ જ તેજ કિરણો એ જ રોશની દેખાય છે. એ ક્ષણ એ પળની મીઠી સ્મૃતિ પણ અત્યારે મધુરી લાગે છે.

ત્યાં જ સ્નેહીના બાળકો આવે છે અને કહે છે, ચાલ, રતિ, રમવા જઈએ. રતિલાલ કહે છે, તમે જાઓ, મને આજે રમવાનું મન નથી. થોડીવાર પછી મા જમવા માટે બોલાવે છે.

**રતિલાલ :** મા, મને ભૂખ નથી.

**મા :** બેટા, તે સવારથી કાંઈ ખાધુ પીધું નથી.

**રતિલાલ :** મા, મને એમના દર્શન કરવા જવું છે.

**મા :** બેટા, દર્શન તો સાંજે ચાર વાગે થશે. આપણે જરૂર જઈશું, પણ તું પહેલાં અત્યારે જમી તો લે ! ! જયારે એક આત્માનું એક સિધ્ધપુરુષના દિવ્ય આત્મા સાથે જોડાણ થઈ જાય છે, બે આત્મા વચ્ચે ઐકયતા સર્જાય જાય છે પછી તેને તેમના વિના કયાંય ગમતું નથી, કયાંય રૂચતું નથી. નથી ભૂખ લાગતી, નથી તરસ, નથી કયાંય ચેન પડતું.

અને આ નાનકડા બાળકને પણ કંઈક આવું જ ફીલ થાય છે. મા ને એક જ વાત કરે છે, મા ! મને પહેલાં એમના દર્શન કરવાં લઈ જા, પછી હું

ખાઈશ. સાંજે ચાર વાગે ફરી દર્શનના સમયે માતા અને પુત્ર પહોંચી ગયાં. જયાં રતિલાલે દૂરથી તપસ્વી મહારાજના દર્શન કર્યા અને ફરી હૃદયમાં હલચલ મચી ગઈ દોડીને એમની પાસે પહોંચી જવાનું મન થઈ ગયું પણ એક તરફ લાંબી લાઇન અને એક તરફ વોલિન્ટીયર્સ ! ! જાય કેવી રીતે ?

જેને જવું જ હોય, જેના દિલમાં તરસ અને તડપ હોય તેને માર્ગ સુઝી જ આવે. નાનકડા રતિલાલ પણ માની આંગળી છોડાવી, વાંકા વળી બાંધેલા દોરડાની નીચેથી ચૂપચાપ સરકી ગયાં, ચૂપચાપ તપસ્વી મહારાજના ચરણમાં પોતાનું મસ્તક મૂકયું, અને એક પરમ શાંતિના અપૂર્વ અહેસાસ સાથે ચૂપચાપ ત્યાંથી પાછા બહાર નીકળી ગયાં. એ જ દિવસે સંધ્યા સમયે તપસ્વી પૂ.શ્રી માણેકચંદ્રજી મ.સા.ના મુખકમલમાંથી ભવિષ્ય વાણી પ્રગટ થઈ,



'મારા કાળધર્મ પછી વીસ વર્ષ પછી મારા જેવા એક તપસ્વી થશે જે તપસ્વીના નામથી જગતમાં વિખ્યાત થશે.'

સિધ્ધ પુરુષના મુખમાંથી નીકળેલાં વચનો કયારેય નિષ્ફળ ન જાય.

તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.ના સંથારા પાછળ પણ નિયતિનો મહત્વનો ભાગ હતો.

તપસ્વીજી એમની સિધ્ધિ, એમની શકિત, એમની લબ્ધિના કોઈને વારસદાર બનાવવા ચાહતા હતાં. એમના વિઝનમાં કલીયર હતું કે, સંથારાના દર્શન કરવા જયારે ગામેગામના લોકો આવશે ત્યારે તે પણ તેમાં જરૂર હશે.

જેમ હજારો ગાયોમાંથી ગોવાળ પોતાની ગાયને ઓળખી લે, જેમ હજારો બાળકોમાંથી મા પોતાના બાળકને શોધી લે, તેમ હજારોની મેદનીમાંથી પણ સિધ્ધ પુરુષને ખબર પડી જાય કે આમાંથી ભવિષ્યના સિધ્ધ પુરુષ કોણ છે ? હજારો લોકોએ એમના દર્શન કર્યા અને બાળ રતિલાલે પણ એમના દર્શન કર્યા. રતિલાલે દિવ્ય દષ્ટિનો અનુભવ કર્યો.

તપસ્વીની આંખોમાંથી નીકળેલાં દિવ્ય કિરણો રતિલાલના અંતરની આરપાર ઉતરી ગયાં એક અદમ્ય આકર્ષણ એમને તપસ્વીજી તરફ ખેંચતું હતું અને એટલે જ એ દોડીને એમના ચરણ સ્પર્શ કરવાં પહોંચી ગયાં. એ માત્ર ચરણ સ્પર્શ ન હતાં પણ નિયતિને જે નિર્માણ કરવાનું હતું તે થઈ ગયું અને અનન્ય સંતોષના ભાવ સાથે તપસ્વી મહારાજ સાહેબની વિદાય થઈ ગઈ.

મોટાભાગે લોકો, સત્ગુરુને માત્ર આંખોથી ઓળખે છે અંતરથી નહીં, એમને માત્ર બહારથી જુએ છે અંદરથી નહીં, એમની માત્ર મુખમુદ્રાને નિરખે છે આત્મમુદ્રાને અનુભવતા નથી, એમની એકશનને જુએ છે પણ એમના ભાવોને નહીં.

માટે જ, એમને પામીને પણ પાછા ખોઈ દે છે, એમની પાસે જઈને પણ એમનાથી દૂર થઈ જાય છે અને માટે જ એમના ચરણ સુધી પહોંચીને પણ એમના શરણને પામી શક્તાં નથી, જ્યારે સાત-આઠ વર્ષના બાળકે એક જ પળમાં ન માત્ર ચરણ પણ શરણ પણ પામી લીધું, માનો દિવ્ય યાત્રાની મંઝિલ

માટે ચેતનાની એક ચિનગારી મળી ગઈ. દીપકમાં ઘી અને વાટ તો તૈયાર જ હતાં, જરૂર હતી એક ચિનગારીની... તે પણ મળી ગઈ.

પાણીની વાટને ગમે તેટલી ચિનગારી આપો, વાટ ક્યારેય પ્રજવલ્લિત ન થાય અને ઘી ની વાટને ચિનગારી મળે અને વાટ પ્રજવલ્લિત ન થાય એવું ક્યારેય બને ?

પાત્રવાન જીવને એક ચિનગારી આપી તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા. એ. ! એ ચિનગારી હતી એ બાળકની આત્મ ચેતનાને જાગૃત કરવાની. જતાં જતાં એક દીપક બીજા દિપકને પ્રજવલ્લિત કરતો હતો. એ દીપકે વિદાય લીધી અને આ દીપક પ્રજવલ્લિત થઈ ગયો. તપસ્વીના દેહની જ્યોત વિલીન થઈ ગઈ અને રતિલાલની આત્મજ્યોતિ જાગૃત થઈ ગઈ.

તપસ્વીજીના આર્શીવાદથી રતિલાલ, **'તપસમ્રાટ તપોધની'** બની ગયાં. તપસ્વીના અંતરીક્ષથી વરસતાં આશીર્વાદથી વીસ વર્ષ પછી તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના આત્મભાવોનું નિર્માણ થઈ ગયું. સિદ્ધ પુરુષનાં સાંકળની એક કડીનું નિર્માણ થઈ ગયું.

ભગવાન મહાવીરની ચિનગારીથી સુધર્મા સ્વામીની, સુધર્મા સ્વામીની જ્યોતથી જંબુ સ્વામીની, પછી પ્રભવ સ્વામી, સ્વયંભવ સ્વામી, સંભૂતિ વિજય સ્વામી એમ કરતાં કરતાં દરેક યુગમાં એક યુગ પુરુષ જન્મતાં એ સાંકળ આચાર્ય દેવ પૂ.ડુંગરસિંહજી સ્વામીથી પૂ.માણેકચંદ્રજી મ.સા. સુધી પહોંચી હતી અને તપસ્વી પૂ.માણેકચંદ્રજી મ.સા. એ પોતાના ભાવો વરસાવ્યાં બાળ રતિલાલ પર !

# પ્યાસી ધરા પર અમૃત બિંદુ

રસ્તા પર પડેલું એક નાનકડું વડનું બીજ...જોનારાને એમ લાગે આ સાવ નાનકડું બીજ છે, પણ જો એને યોગ્ય સંયોગ મળી જાય તો.. ? ? એ નાનકડા બીજને યોગ્ય સિંચન મળી જાય તો ? ? બીજથી વિરાટ વૃક્ષ બનતાં વાર ન લાગે. એક નાનકડા પત્થરને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંયોગ મળી જાય. શ્રેષ્ઠ ધરા અને ઉત્તમ સિંચન પણ મળી જાય તો શું એ વિરાટ વૃક્ષ બની શકે ? વૃક્ષ તો શું એમાંથી એક અંકુર પણ ન ફુટે !

પાત્રતા સ્વયંની હોય, ઉપાદાન સ્વયંનુ હોય તો જ નિમિત્ત કામ કરી શકે. બીજની પાત્રતા છે જ્યારે પત્થરમાં પાત્રતા નથી. એમ જ્યારે આત્માની સ્વયંની પાત્રતા હોય, આત્માનું સ્વયંનું ઉપાદાન હોય ત્યારે સત્‌ગુરુ નિમિત્ત રૂપે મળે છે અને આત્માથી પરમાત્માની યાત્રા શરૂ થાય છે.

સંત અને પરમાત્મા પાસે હજારો લોકો આવતા હોય છે એમાં જે બીજ જેવી પાત્રતા ધરાવતા હોય છે તેઓ ગુરુના સ્નેહના સિંચનથી સમૃદ્ધ થઈ આત્મવિકાસ સાધે છે. બાળ રતિલાલ પણ હતાં વડનાં બીજ સમાન.. ! વિરાટ વ્યક્તિત્વના ધારક બનવાની ક્ષમતાવાળા અને પાત્રવાન ! !

નાનકડું વાવડી ગામ અને ધૂળવાળી શેરીઓ.. થોડી થોડી વારે ગળામાં ઘંટ બાંધેલા બળદગાડા પસાર થાય અને ઘંટના રણકાર સાથે ધૂળની

ડમરીઓ ઉડવા લાગે. ગ્રામ્ય જીવનની ઝાંખી કરાવતા આવા વાતાવરણમાં કેટલાંક બાળકો ગીલ્લી દંડા રમી રહ્યાં છે એમાં એક છે રૈયાણી પરિવારનો પુત્ર રતિલાલ ! નાનપણથી જ રતિલાલમાં પ્રેમ અને ત્યાગની ભાવના. એમની સાથે રમવું પણ બધાંને ગમે, પછી એ જૈન હોય કે અજૈન ! એમનો સ્વભાવ જ એવો હતો. એ ખાતા ઓછું અને ખવરાવતા વધુ. એ પોતાના કરતાં બીજાનું ધ્યાન વધારે રાખતાં હતાં.

**કેટલાંક લોકો એવા હોય જે પોતાના સ્વાર્થને જુએ અને કેટલાંક લોકો એવા હોય જે બીજાના ભાવોને જુએ.**

રતિલાલ એકદમ નિ:સ્વાર્થ ભાવનાવાળા હતાં અને જે નિ:સ્વાર્થ હોય એમની આસપાસ જ હજારો લોકો હોય. રતિલાલ પણ એના અનેક મિત્રો સાથે ગીલ્લી દંડા રમી રહ્યાં છે. અચાનક એમની નજર પડે છે એક વિરાટ વ્યક્તિત્વવાળી શ્વેત વસ્ત્રોવાળી વ્યક્તિ પર ! કેસરી સિંહ જેવી મદમસ્ત ચાલ અને સૌમ્ય રૂપ ! જ્યાં એમની મુખાકૃતિ જુએ છે. રતિલાલનું હૃદય એક ધબકાર ચૂકી જાય છે, તેના દિલમાં કંઈક ન સમજાય એવી અનૂભૂતિ થાય છે. આંખો ત્યાં સ્થિર થઈ જાય છે અને મન ભૂતકાળમાં સરી જાય છે. ત્રણ વર્ષ પહેલા જેતપૂરમાં જોયેલી તપસ્વી પૂ.માણેકચંદ્રજી મ.સા. જેવી જ તેજસ્વી પ્રભા એમને આ મહાપુરુષમાં દેખાય છે. પણ...એ તો સંથારાની શૈય્યા પર સૂતા હતાં તો પછી આ કોણ છે ? શું આ એમના જ કોઈ અંશ તો નથી ને ?

હા, એ એમના જ અંશ સૌરાષ્ટ્ર કેસરી, પરમ પ્રભાવી ગુરુ પ્રાણ એમના શિષ્યો અને સંઘ સમુદાય સાથે વિહાર કરીને વાવડી ગામમાં પધાર્યા હતાં. એમનો પ્રભાવ જ એવો હતો કે એ જ્યાં જતાં ત્યાં લોકો કામ ધંધો, વ્યવહાર બધું જ ભૂલી જતાં અને બસ, એમના દર્શન અને એમની વાણીમાં ઓતપ્રોત થઈ જતાં. એ જુએ કે ન જુએ પણ લોકોની નજર એમના ઉપરથી

ખસતી ન હતી, એવું જબરદસ્ત વ્યક્તિત્વ હતું.રતિલાલ અનિમેષ નયને નિહાળતા વિચારે છે આજે આમને જોઇને મને શું થઇ રહ્યું છે ? કેમ મને એમની તરફ દોડી જવાનું મન થાય છે ? કેમ મને તેમના તરફ ખેંચાણ થાય છે ? કેમ મને એમને જોઈને કંઈક થાય છે ? જેવા પૂ.ગુરુ પ્રાણ થોડા નજીક આવ્યા કે બાળ રતિલાલનું મન એના કંટ્રોલમાં ન રહ્યું અને એ દોડી ને એમની પાસે પહોંચી ગયા અને એમનાં ચરણમાં ઝૂકી ગયાં.

પોતાની તરફ દોડતાં યુવાન તરફ ગુરુપ્રાણની દ્રષ્ટિ પડે છે અને તેમનાં નયન જેમ ઝવેરી કોલસાની ખાણમાંથી હીરાને પારખી લે તેમ આ બાળકની પ્રતિભાને પારખી લે છે. એ ત્યાં જ ઉભા રહી જાય છે અને રતિલાલ એમનાં ચરણનો સ્પર્શ થતાં જ દિવ્ય શાંતિનો અલૌકિક અનુભવ કરે છે. એ ચરણ પરથી મસ્તક ઉઠાવવાનું મન નથી થતું.

વર્ષોથી તાપમાં તપીને સૂકી વેરાન થઇ ગયેલી ધરા પર વર્ષાની બૂંદો પડે અને પ્યાસી ધરા તૃપ્તિના અહેસાસ સાથે મહેંકી ઉઠે એવી મહેંક રતિલાલ અનુભવે છે. એની આંખો પણ એવી રીતે વહેવા લાગે છે જાણે ગુરુ પ્રાણના ચરણને  પ્રક્ષાલન કરે છે. ! ગુરપ્રાણની આંખોમાંથી પ્રેમ વરસી રહ્યો છે અને ચહેરા પર મંદ મંદ અને માર્મિક સ્મિત છે. શિષ્યો અને સંઘ સમુદાય મૌન અને આશ્ચર્ય મિશ્રિત ભાવો સાથે આ દ્રશ્યને નિહાળી રહ્યાં છે.

કેટલીક ક્ષણો આમ જ શાંત ભાવે વીતી જાય છે. આસપાસના લોકોમાંથી કેટલાંક અણસમજુ અને અજ્ઞાનીઓ વ્યાકૂળ થાય છે તો કેટલાંક કુતૂહલથી પ્રેરાઇ આગળ શું થશે તેની પ્રતિક્ષા કરે છે.

# નયન મૈત્રીનો સેતુ

ત્યાંતો એ વિરાટ વ્યક્તિ એ વામન બાળક તરફ ઝૂકે છે. ખૂબજ પ્રેમથી બે હાથે એને ઊભો કરે છે. પ્રાણગુરુના સ્પર્શથી બાળકના શરીરમાં એક આનંદની લહેર પ્રસરી જાય છે, અકલ્પનીય કંપનના અનુભવ સાથે એની આંખો ગુરપ્રાણ પર પડે છે અને ગુરુની વાત્સલ્ય નીતરતી આંખો વચ્ચે નયન મૈત્રીનો સેતુ રચાય છે.જાણે જન્મ જન્મના પ્રેમનો બંધ બંધાણો.. ભવોભવનું કનેક્શન આ ભવે પણ જોડાઇ ગયું. ગુરુપ્રાણના બાહ્ય બે નયન ભલે બાળક પર પ્રેમ વરસાવતાં હતાં પણ એમની  થર્ડ આય-ત્રીજી આંખ એના આત્માનું નિરીક્ષણ કરતી હતી !

**ગુરુ ક્યારેય સામાન્ય ન હોય અને સામાન્ય હોય તે ગુરૂ ન હોય.**

**જેમની પાસે બે જ આંખો હોય તે ક્યારેય ગુરુ ન હોય. ગુરુ પાસે હંમેશાં  આત્માનું અવલોકન કરાવતી ત્રીજી આત્માની આંખ હોય. ગુરુ કોઇને સામેથી બોલાવે નહીં અને શિષ્ય સામેથી ગયા વિના રહે નહીં.**

ગુરુપ્રાણની ત્રીજી આંખે એક જ ક્ષણમાં બાળકને ઓળખી લીધો અને તેમના ચહેરા પર એક અલગ જ પ્રકારનું સ્મિત આવી ગયું. લોકો વિચારવા લાગ્યાં. એક નાનકડા, અબૂધ, સામાન્ય અને ધૂળ માટીથી ભરેલા બાળક પર આટલા મોટા અને મહાન ગુરુ આટલો પ્રેમ અને આટલું વાત્સલ્ય

વરસાવે છે. એને જોઇને આટલાં પ્રસન્ન થાય છે ? શું હશે ? શું હશે આ વિરાટ અને વામન વચ્ચે ? લોકોને ક્યાંથી સમજાય કે ભવોભવથી જોડાયેલા બે આત્માનું જ્યારે મિલન થાય ત્યારે ચિત્ત કેવું પ્રસન્ન થાય ? તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ.સા. એ વાવેલા બીજને આજે પ્રેમનું સિંચન મળી ગયું. ડીવાઈન લવ એક પળ માટે પણ મળી જાય તો પૂરો ભવ અને ભવોભવ સુધરી જાય. ડીવાઇન લવ તો જેણે અનુભવ્યો હોય તે જ તેના મૂલ્ય જાણે, દુનિયા ક્યારેય જાણી ન શકે.

રતિલાલ એ પ્રેમના ધોધમાં ભિંજાઈ રહ્યાં છે. એમના આત્મામાંથી અલગ જ પ્રકારના સ્પંદન થાય છે. વધારે તો શું સમજી શકે ? પણ, હા, કંઈક થાય છે અને જે થાય છે તે મનને પ્રસન્ન કરે છે. રતિલાલ હજુ તો એ અનન્ય અનુભવમાંથી બહાર નીકળે ત્યાં તો ગુરુપ્રાણ આંખોથી દૂર થવા લાગ્યા અને એમના હૃદયમાં એક ધ્રુજારી આવી ગઈ. અરે ! આ તો મારાથી દૂર જઈ રહ્યા છે.જેમને આપણે એક વખત દિલથી અનુભવીએ તે એક પલ માટે પણ દિલથી દૂર થાય તે ક્યારેય સહન ન થાય. રતિલાલ વિચારોની દુનિયામાં ખોવાઇ ગયા છે, ત્યાં જ મિત્રોનો અવાજ સંભળાય છે, રતિ ! ચાલ રમવા ચાલ !

તમે રમો... મારૂં મન અત્યારે રમવામાં નથી.

એ એકદમ ધીમી ચાલે ઘર તરફ જાય છે. એમના યોગ મંદ થવા લાગ્યા છે, ચંચળતા શાંત થવા લાગી છે, મન શાંત થવા લાગ્યું છે, વિચારો શાંત થવા લાગ્યાં છે. ભાવો કંઇક અનન્ય અનુભૂતિ કરી રહ્યાં છે. કંઇક પામ્યા અને પામીને પાછું ખોયું.. એવી અનુભૂતિમાં ખોવાઇ ગયાં છે. ઘરે જઇને એક જગ્યાએ ચૂપચાપ બેસી જાય છે. ત્રણ-ચાર વર્ષ પહેલાં જેતપૂરમાં તપસ્વીજીના દર્શન પછી જે શૂન્યતા અનુભવી હતી, તેવી જ શૂન્યતા અત્યારે અનુભવી રહ્યાં છે. એ શૂન્યતા જ તો પૂર્ણતા તરફ લઈ જનારી હતી. એ શૂન્યતા, શૂન્ય બનાવી પૂર્ણ બનાવવાની હતી.

# મિલનની પ્રથમ પળ

મિલનની પ્રથમ પળ...યોગ્ય બીજ અને સુયોગ્ય માટીના સંયોગની સુમધુર ક્ષણ હતી. એમને ભલે ખબર ન હતી પણ નિયતિને જરૂર ખબર હતી કે આ એક શ્રેષ્ઠ અને ઉજ્જવળ ભવિષ્યની અનુભૂતિ છે. આ ગુરુ-શિષ્યના મિલનની પહેલી યાદગાર ક્ષણ હતી. બીજ અને માટીના સંયોગની ક્ષણ હતી. બીજ અને માટીનો સંયોગ માત્ર મિલન નથી હોતું, કંઈક સર્જન કરવા માટે હોય છે, તેમ ગુરુ અને શિષ્યનું મિલન કંઈક અનન્ય યોગના સર્જન માટે જ થયું હતું.

રતિલાલ શૂન્ય થઈ ગયા છે. એને નથી જમવાનું મન થતું, નથી કોઈ સાથે વાત કરવાનું. સૂનમૂન અવસ્થામાં આખો દિવસ પસાર થઈ ગયો. રાત પડી પણ આંખોમાં ઊંઘ નથી અને ક્યાંથી હોય ? ઊંઘનું સ્થાન તો પેલી બે દિવ્ય આંખોએ લઈ લીધું હતું...!! જ્યાં આંખ બંધ કરે અને એ દિવ્ય પ્રેમ વરસાવતી આકૃતિ પાંપણ પર છવાઈ જાય અને કનેક્શન શરૂ થઈ જાય, કેમકે આંખો જ એવું માધ્યમ છે જે આપણા જનમ જનમના અસ્તિત્વનું કનેક્શન કરાવે છે. જે પ્રેમ એમણે ગુરપ્રાણની આંખોમાં જોયો હતો એવો પ્રેમ આજ સુધી ન કોઈની આંખોમાં જોયો હતો, ન અંતરથી અનુભવ્યો હતો. એ અનુભૂતિમાં આમથી તેમ પડખાં ફેરવે છે, એમને મળવાની અંતરની એક તડપ એમને બેચેન બનાવે છે. ઘડી ઘડી નજર દિવાલ પરની ઘડીયાળ તરફ જાય છે, ક્યારે સવાર પડે અને ક્યારે એમની પાસે પહોંચી જાઉં ? ગુરુ માટેની

તડપ જેવું બીજુ કોઈ તપ ન હોય. પણ હજુ તો એમને ખબર પણ નથી કે એ મહાપુરુષને, એ સંતને ગુરુદેવ કહેવાય. માત્ર નામની ખબર હતી. અને આખી રાત રટણ ચાલુ રહ્યું, ગુરુપ્રાણ... ગુરુપ્રાણ, ગુરુપ્રાણ જ મારા પ્રાણ..!! રતિલાલને ગુરુ પ્રાણના વાઈબ્રેશનસ્ મેગ્નેટની જેમ ખેંચી રહ્યા હતાં. એ દિવ્ય પ્રેમ તેમના તરફ આકર્ષી રહ્યો હતો. ગુરુપ્રાણ અને રતિલાલ બંને દૂર દૂર હોવા છતાં પણ બે આત્માનું મિલન વાઈબ્રેશન્સ્થી થઈ રહ્યું હતું. બંને એકબીજાના વિચારોમાં ખોવાય ગયા હતાં. ભાવથી ગુરુપ્રાણ જાણે કહી રહ્યાં છે.

**'હે વત્સ ! હું આ ગામમાં લોકો માટે નહીં પણ મારા ઋણાનુંબંધ છે, તેને પરમ પંથે પ્રયાણ કરાવવા આવ્યો છું'**

રતિલાલના સ્મરણમાં પણ ગુરુપ્રાણનું નામ છે, આંખોમાં ગુરુપ્રાણની આકૃતિ છે, હૈયામાં ગુરુપ્રાણની અનુભૂતિ છે.. મનમાં ગુરુપ્રાણના સ્પર્શના સ્પંદન છે તો દિલમાં ગુરુપ્રાણને મળવાની તડપ અને તરસ બંને છે.

એક તરફ ઘરમાં રતિલાલના મુખમાં **'ગુરુ પ્રાણ તમે મારા પ્રાણ'** નું રટણ છે, તો બીજી તરફ ઉપાશ્રયમાં ગુરુ પ્રાણનાં મનમાં રતિલાલનાં આત્માનું અવલોકન ચાલુ છે અને જેવી સવાર પડી...

**રતિલાલ :** મા, મા... !! હું જાઉં છું.

**મા :** બેટા, આટલી વહેલી સવારે ક્યાં જાય છે ?

**રતિલાલ :** હું ગુરુપ્રાણ પાસે જાઉં છું... હું મારા ગુરૂપ્રાણ પાસે જાઉં છું.

મા એ સહજભાવે કહી દીધું... હા, જા...ભાવથી દર્શન કરજે !! મા ને ક્યાં ખબર હતી કે, આજે **'જાઉં'** કહીને જનાર કાયમ માટે ગુરુપ્રાણના ચરણ અને શરણમાં જવાનો છે. આજે 'જા' કહ્યું છે પણ તે ટેમ્પરરી જવાનો નથી, તે તો પરમેનન્ટ જવા માટે જાય છે.

**'નિયતિના નિધાનને કોણ જાણી શકે ?'**

# અદમ્ય આકર્ષણ

આ સંસારમાં જન્મ મરણની આ યાત્રામાં, વારંવાર જન્મ અને વારંવાર મૃત્યુ... દરેક જન્મ પૂરો થતાં જ કોઈ નહીં, ફરી નવો જન્મ, નવી ઓળખાણ, નવા લોકો અને એ પણ ભવ પૂરો થતાં ભૂલાઈ જાય. જન્મ મરણની આ યાત્રાનો કોઈ અંત છે કે અનંત છે ? ભૂતકાળના અનંત ભવોમાં અનેક લોકો સાથે સંબંધ સર્જાણા પણ ન એક પણ રહ્યાં, ન એક પણ ટક્યાં. બધાં જ ગયાં. તો પછી આ જન્મમાં પણ બાંધેલા બધાં જ સંબંધો ટેમ્પરરી જ છે ને ?

આ ટેમ્પરરી સંબંધોની વચ્ચે.. ટેમ્પરરી શરીરની વચ્ચે અનંતકાળે અનંતભવમાં કોઈ એક મળે છે એવું જેમની સાથે આ જન્મનો નહીં જનમ જનમનો સંબંધ છે, જેમની સાથે બહારનું નહી આંતરીક કનેક્શન હોય છે. જ્યારે આવી કોઈ વ્યક્તિ આપણા જીવનમાં આવે ત્યારે લાગે કે કોઈ નવું મળ્યું, પણ ખરેખર ! તો એ નવું નથી હોતું, અનંતકાળથી જોડાયેલું હોય છે, બસ ! રાહ હોય છે એ વ્યક્તિના પરમાત્માની રાહ પર આવી જવાની ! !

જ્યારે આપણી ઋણાનુંબંધ વાળી વ્યક્તિ પરમાત્માના પંથ પર હોય અને આપણને પણ પરમાત્માના પંથ પર લઈ જાય એવી ઘટના અતિ.. અતિ.. અતિ દુર્લભ હોય છે. કરોડો જન્મો પછી ઘટતી અપૂર્વ ઘટના હોય છે. એમાં પણ જ્યારે એમના પ્રત્યે ભાવ, ભક્તિ, પ્રેમ અને શ્રદ્ધા જાગૃત થાય ત્યારે

અનંતનો અંત કરાવતી સિધ્ધત્વની યાત્રા શરૂ થાય છે. રતિલાલને મળ્યાં પરમના પંથના પથિક ગુરુપ્રાણ અને શરૂ થઈ ગઈ યાત્રા સિધ્ધત્વની ... !!

મા ની આજ્ઞા લઈ રતિલાલ જાય છે ઉપાશ્રયમાં. પણ ત્યાં તો મોટું તાળું હતું. ગુરુદર્શનની આશ અને મિલનની પ્યાસ તે તાળાએ નિરાશ કરી દીધી. આસપાસમાં બધાંને પૂછે છે, ગઈકાલે અહીં જે મહારાજ સાહેબ પધાર્યા હતાં તે ક્યાં ગયાં ? જવાબ મળે છે, એ તો વિહાર કરીને ભેંસાણ ગયાં. આટલી માહિતી પૂરતી હતી. એ ફરી દોડીને ઘરે જાય છે અને 'માં' ને કહે છે :

મા, મા, હું ભેંસાણ જાઉં છું, ગુરુ પ્રાણ વિહાર કરીને ભેંસાણ ગયા છે.

મા ની આંખો ચમકી ગઈ. આ છોકરો ભેંસાણ જવાની વાત કરે છે ? એક સંત પાસે જવાની વાત કરે છે ? આજે આને શું થઈ ગયું છે ? આજે સૂરજ કઈ દિશામાં ઉગ્યો છે ? ઠીક છે, ભલે જાય. સંતો પાસે જશે તો સુધરી જશે.

**જે એકવાર જાય તે ન સુધરે, જે વારંવાર જાય તે જ સુધરે.**

રતિલાલ પહોંચ્યા બસ સ્ટેન્ડ પર, તો ત્યાંથી બસ પણ નીકળી ગઈ હતી. બીજા કોઈ વાહન હતાં નહીં. હવે શું કરવું ? જવું તો છે જ !! કાંઈ વાંધો નહીં, હું ચાલીને પહોંચી જઈશ. પાંચ-સાત મિત્રોનું યુવક મંડળ હતું. સહુ સાથે આવવા તૈયાર થયાં. જેનામાં ગુરુ માટેની તડપ અને તરસ હોય તે ગમે તેવા કષ્ટ વેઠીને પણ પહોંચી જાય. જે પોતાને રોકી ન શકે તે જ શિષ્ય હોય. જેની અંદર લગન લાગે, જેના અંતરમાં ભાવ પ્રગટે તેને કોઈ અંતર અંતર નથી લાગતું.

જે એકવાર ગુરુના બને છે તેને દુનિયામાં ક્યાંય રસ રહેતો નથી.

જેને હજુ દુનિયામાં રસ છે, તેને હજુ ગુરુની તરસ લાગી નથી.

૧૪ કિ.મી. નું અંતર કાપી જ્યારે ભેંસાણના ઉપાશ્રયે પહોંચ્યા ત્યારે ત્યાં બપોરનું પ્રવચન ચાલતું હતું. ઉપાશ્રય આખો ભરેલો હતો. ક્યાંય

જગ્યા ન હતી. કાંઈ વાંધો નહી, એ તો બહાર ચંપલના ઢગલા ઉપર બેસી ગયાં અને જ્યાં ગુરુનાં દર્શન થયાં બે હાથ જોડાઈ ગયાં, મન આનંદના અહેસાસ સાથે પુલકિત થઈ ગયું. ચૈતન્ય જાગી ગયું. ગુરુપ્રાણનો સિંહનાદ ગુંજી રહ્યો હતો. ચહેરા પર ભાવ અને પ્રવચન વચ્ચે ઉંચા થતા હાથ રતિલાલ જોયા જ કરે છે... જોયાં જ કરે છે. ગુરુ પ્રાણે પણ જોઈ લીધું. હા, એ આવી ગયો છે, અને એમણે પ્રવચનનો પ્રવાહ પલટાવી દીધો. પ્રવચનની ધારા શરૂ થઈ ગઈ :

'આ સંસારમાં તારૂં કોણ છે ? અને જે તારૂં છે તે જ તારૂં છે, પોતાનું પોતે મેળવવું એ જ આ ભવનું કર્તવ્ય છે. બાકી તો હર જન્મમાં જીવ પ્રેમ અને લાગણીમાં અટવાતો રહ્યો છે. તું મનુષ્ય છે, તેનું કારણ શું છે ? તું પ્રાણી નથી બન્યો એની પાછળ શું રહસ્ય છે ? ગુરુ પ્રાણના એક એક શબ્દ રતિલાલના હૈયા સોંસરવા ઉતરતાં હતાં. ગુરુ પ્રાણનું એ પ્રવચન ન હતું રતિલાલ માટે ઘણનો ઘા હતો. ભલે ભવોભવના સાધક હતાં, પણ કર્મોના કારણે જે થોડા ઘણાં અજ્ઞાનના આવરણ હતાં તે પણ તૂટવા લાગ્યાં. રતિલાલને થાય છે ક્યારે હું એમની પાસે પહોંચું ક્યારે એમનામાં સમાઈ જાઉં !

ગુરુ પ્રાણનો ધ્વની કાનમાં પડતો હતો અને વાઈબ્રેશન્સ્ અંતરને સ્પંદિત કરતાં હતાં. પૂ. ગુરુદેવે માંગલિક ફરમાવ્યું અને એક પછી એક શ્રાવકો બહાર નીકળી ગયાં, ફક્ત બે ચાર ભક્તો રહી ગયાં.ગુરુ પ્રાણ ભક્તોને પ્રેરણા કરી રહ્યાં છે, તમારે ક્યારે દીક્ષા લેવી છે ? એક કહે છે, ગુરુદેવ ! લેવી તો છે પણ **'લોચ'** કઠીન છે. રતિલાલ સાંભળે છે, દીક્ષામાં **'લોચ'** હોય ! લોચ કેવી રીતે થાય ? લોચમાં કેવી વેદના થતી હશે ? જિજ્ઞાસુ માનસમાં પ્રશ્નોનું વાવાઝોડું આવી ગયું.

ગુરુ પ્રાણ પોતાના માથામાંથી બે-ચાર લટ ખેંચીને બતાવે છે.આ

તરફ બાળ રતિલાલ પણ પોતાની  જાતે જ પોતાના વાળ ખેંચીને જુએ છે, અરે ! આ તો બહુ અઘરું નથી, આમાં વાંધો નહીં આવે. એમનું મન ગુરુ પાસે જવા તલપાપડ બન્યું છે. પણ મનમાં એક ડર છે, જે ખરેખર તો એમનો વિનય હોય છે. એક મહાપુરુષ... એક પ્રભાવક વ્યક્તિ પાસે મારા જેવો સામાન્ય અને તુચ્છ કેવી રીતે જાય ? અંદરમાં લજ્જાના ભાવ છે અને બહારથી બિલ્લી પગે અંદર આવે છે. પગ કહે છે, દોડ... દોટ મૂક અને દિલ કહે છે, નહીં, એ અવિનય કહેવાય ! વિનયપૂર્વક બે હાથ જોડી ગુરુ પ્રાણની નજીક પહોંચે છે અને ગુરુ પ્રાણની આંખો એને જોઈને ચમકી જાય છે. કયારેક જ ચમકતી આંખોમાંથી એવા દિવ્ય તેજ કિરણો નીકળે છે  જે રતિલાલના અસ્તિત્વને ઓગાળવા માટે સક્ષમ હતાં.



રતિલાલનું મસ્તક ઝૂકી જાય છે ગુરુનાં ચરણમાં... ચરણનો સ્પર્શ અને ફરી એ જ આંસુઓની ધાર... ! જ્યારે હૃદય પ્રેમથી ભિંજાય જાય છે. ત્યારે એ પ્રેમની અભિવ્યક્તિ શબ્દોથી નહીં આંસુઓથી થાય છે.

# પ્રેમ દીક્ષા

ગુરુ એ જ કહેવાય, જે શબ્દોથી નહીં, સંકેતથી સમજાવે અને સંકેતને જે સમજે તે શિષ્ય કહેવાય.

જેમ મેળામાં ખોવાઈ ગયેલાં બાળકને **'મા'** ની યાદ આવે ત્યારે કોઈ ગમે તેટલી ચોકલેટ કે રમકડાં આપે, બાળક એની સામે જોયા વિના જ મા-મા નું રટણ કર્યા કરે અને જ્યારે દૂરથી મા ને જુએ અને એ દિશામાં દોટ મૂકી મા ને વળગી પડે,તેમ રતિલાલને પણ ગુરુપ્રાણને જોયા પછી થાય કે હું આ સંસારના મેળામાં ખોવાઈ ગયો હતો, પણ આજે મને લાગે છે મને મારું સાચું સ્થાન મળી ગયું છે.

ગુરુ પ્રાણ પણ એક જ સેકંડમાં એની પાત્રતાને ઓળખી લે છે અને પાત્રતાની પરીક્ષા કરવા પ્રશ્નોની વણજાર શરૂ થાય છે :

**ગુરુપ્રાણ :** અરે ! તું વાવડીથી અહીંયા ?

**રતિલાલ :** આ જ તો મારૂં સ્થાન છે.

**ગુરુપ્રાણ :** મારી પાસે કેમ ?

**રતિલાલ :** આપના સિવાય મારૂં કોણ છે !

**ગુરુપ્રાણ :** હવે શું ભાવ છે ?

**રતિલાલ :** જે તમારી કૃપા છે.

**ગુરુપ્રાણ :** પછી ઘર... ! ! !

**રતિલાલ :** આપના ચરણમાં જ મારા આત્માનું ઘર છે.

**ગુરુપ્રાણ :** તારૂં નામ શું છે ?

**રતિલાલ :** રતિ છે મારૂં નામ... ! ! !

**ગુરુપ્રાણ :** સરસ ! શેની રતિ કરીશ ? દેહની કે આત્માની ? સંસારની કે સંયમની ? પરમની કે પામરની ?

**રતિલાલ :** ગુરુદેવ ! મારી રતિ તો આપ છો, મારો પ્રેમ ,મારૂં સર્વસ્વ આપ જ છો ગુરુદેવ ! ! ગુરુદેવ ! હું તમને ભવોભવથી ઓળખું છું. ગુરુપ્રાણ મંદ મંદ મુસ્કુરાય છે. કેમકે, એ તો જાણે જ છે કે, અમારૂં કનેક્શન તો જનમ જનમનું છે. પણ બાળકની જાગૃતતા અને બાળકના ભાવથી પ્રસન્ન પણ છે.

રતિલાલ બે હાથ જોડી ગુરુપ્રાણને જોઈ રહ્યા છે, એમની આંખોમાં એક અરજી છે. એક વિનંતીનો ભાવ છે. ગુરુદેવ ! બસ ! હવે એક પલ પણ મને તમારાથી દૂર નહીં કરતાં. મને તમારા ચરણ અને શરણ માં સ્થાન આપો ગુરુદેવ ! મારો સ્વીકાર કરો.

જે દિવસે જીવને ગુરુની પ્રાપ્તિ થાય છે તે દિવસે તેનું મન અને મગજ બંધ થઈ જાય છે અને હૃદય ખુલી જાય છે. ગુરુપ્રાણની આંખો રતિલાલના ભાવોનો સ્વીકાર કરે છે અને એક અમી ભરેલી કૃપાદ્રષ્ટી રતિલાલ પર પડે છે.

**રતિલાલ :** ગુરુદેવ ! આપ જેમ કહો, જે કહો બધું મંજુર છે, પણ મને તમારાથી દૂર ન કરશો. મારે તમારી પાસે જ રહેવું છે.

ગુરુપ્રાણ વિચારે છે, ચાલો આની પ્રેમદીક્ષા તો થઈ ગઈ હવે એની સંયમદીક્ષાના ભાવ જાણીએ.

**''જે ગુરુના હોય તે ગુરુ જેવા હોવા જોઈએ અને જે ગુરુના ન હોય તે ગુરુના કેવી રીતે હોઈ શકે ?''**

ગુરુદેવે તો એક જ ક્ષણમાં પારખી લીધું હતું, મારું અને એ બાળકનું મિલન એ મણિ અને કંચનના યોગ જેવું છે.

ગુરુપ્રાણે હવે સંયમ પરીક્ષા શરૂ કરી :

**ગુરુપ્રાણ :** બેટા, સંસાર તો અસાર છે...

**રતિલાલ :** ગુરુદેવ ! એટલે જ આપના શરણમાં સાર લાગે છે.

**ગુરુપ્રાણ :** બેટા, સંબંધ તો અશાશ્વત છે.

**રતિલાલ :** પણ, ગુરુદેવ ! મારો અને તમારો સંબંધ તો શાશ્વત લાગે છે.

**ગુરુપ્રાણ :** બેટા, આ સંસાર શું છે ?

**રતિલાલ :** ગુરુદેવ ! આ સંસાર પરિભ્રમણનું કારણ છે અને એટલે જ આ પરિભ્રમણનું પૂર્ણવિરામ કરવા હું આપના શરણમાં આવ્યો છું.

ગુરુને લાગતું હતું એ શિષ્યને સમજાવી રહ્યા છે અને શિષ્યને લાગતું હતું ગુરુ એને જગાડી રહ્યા છે, મારી યાત્રા જ્યાંથી અધૂરી રહી ગઈ હતી, ત્યાંથી કનેક્ટ કરી રહ્યાં છે.

સંસાર અને સંયમના ભેદની સમજ આપતાં આ વાર્તાલાપના અંતે રતિલાલ એક આત્મવિશ્વાસ સાથે ગુરુપ્રાણને કહે છે :

**રતિલાલ :** ગુરુદેવ ! આપની આજ્ઞા એ જ

મારો સંયમ છે, આપનું સ્મરણ એ જ મારો શ્વાસ છે, આપના ચરણનું આચરણ એ જ મારૂં ચારિત્ર છે અને આપની ભક્તિ એ જ મારા પ્રાણ છે. આપનો હર એક શબ્દ મારા માટે બ્રહ્મવચન છે.

# પરમ માર્ગની પ્રેરણા

રતિલાલના મનોભાવ જાણી ગુરુપ્રાણ તેમને પરમના માર્ગની પ્રેરણા આપે છે, પરમ લક્ષ્યની પ્રેરણા આપે છે, મોક્ષ યાત્રા શરૂ કરવાની પ્રેરણા આપે છે અને રતિલાલ જનમ જનમની અધુરી યાત્રાને પરિપૂર્ણ કરવા, આગળ વધારવા જેમ એક ડબ્બો એન્જિન સાથે જોડાય જાય, તેમ શિષ્ય ગુરુ સાથે જોડાઈ જાય છે.

જ્ઞાન અને ભક્તિના બે પાટા પર રતિલાલની ગાડી મોક્ષમાર્ગે આગળ વધવા જઈ રહી છે.

ગુરુપ્રાણના સાંનિધ્યમાં, પરમ સુખ અને શાંતિના અહેસાસમાં, રતિલાલને ખબર પણ ન પડી, ક્યારે સમય વિતવા લાગ્યો.

પ્રિયપાત્ર પાસે વ્યક્તિને સમયનું ભાન નથી રહેતું અને અપ્રિય પાત્ર પાસે હર એક સેકંડ એક વર્ષ જેવી લાગે છે.

ગુરુપ્રાણ પૂછે છે, બેટા ઘરે નથી જવું ?

રતિલાલ જવાબ આપે છે, ગુરુદેવ ! મારું ઘર તો આપના ચરણ જ છે. હું તો અત્યારે મારા ઘરે જ છું.

**'શિષ્યને ગુરુચરણ સિવાય બીજું કોઈ ઘર, ઘર લાગે તો એ શિષ્ય ન કહેવાય.'**

ગુરુપ્રાણ કહે છે, બેટા, જ્યાં સુધી માતા-પિતાની આજ્ઞા ન હોય ત્યાં સુધી અમે કોઈનાં સંતાનનો સ્વીકાર નથી કરતાં. તને જો કાયમ મારી સાથે રહેવું હોય તો, અત્યાર સુધી તું જેમની સાથે રહેતો હતો, એ માતા-પિતાની આજ્ઞા લઈ આવ, પછી હું તને સ્વીકારવા તૈયાર જ છું.

જીવન જ્યાં સુધી સામાન્ય હોય છે ત્યાં સુધી કોઈ સંકટ આવતું નથી, જ્યારે જીવન અસામાન્ય બનવા જાય છે, ત્યારે સંકટ અને સંઘર્ષ બંનેનો સામનો કરવો પડે છે. જ્યાં સુધી લાઈફમાં કોઈ પ્રિય પાત્ર ન આવે ત્યાં સુધી કોઈ પીડા ન આવે.

જે દિવસે જીવનમાં કોઈ ઋણાનુબંધનું, ડીવાઈન લવનું પાત્ર આવે તે દિવસથી વિપતિઓ આવવાની શરૂ થઈ જાય. પણ ખરેખર તો એ વિપતી નહી  પ્રેમની કસોટી  હોય છે.

જેનો પ્રેમ સાચો હોય, જેની શ્રધ્ધા દ્રઢ હોય, જેની ભક્તિ સ્ટ્રોંગ હોય એને કોઈ લાગણી લોભાવી ન શકે.

એકવાર જેને સત્ય સમજાય તેના ભાવ, ભક્તિ, પ્રેમ, શ્રધ્ધા અને સમર્પણતા અલગ જ હોય.

રતિલાલે પણ કહ્યું, ગુરુદેવ! હું હમણાં જ જાઉં છું અને માતા-પિતાની આજ્ઞા લઈને તરત જ પાછો આવું છું.

જ્યાં સુધી સંસાર સાથે કનેક્શન છે ત્યાં સુધી ગુરુ કે પરમાત્મા સાથે કનેક્ટ  થવાતું નથી. જે ગુરુ કે પરમાત્મા સાથે કનેક્ટ થઈ જાય છે તે સંસારથી ડીસ્કનેક્ટ થઈ જાય છે.

રતિલાલ ભેંસાણથી વાવડી આવે છે. ઘરે આવીને મા ને કહે છે:

**રતિલાલ :** મા, મા મારે જવું છે.

મા : બેટા ક્યાં જવું છે ?

**રતિલાલ :** જ્યાં મારે કાયમ રહેવાનું છે ત્યાં... ! ! !

**મા :** બેટા, કાયમ તો તારે અમારી સાથે જ રહેવાનું છે ને ? અમે તારા માતા-પિતા છીએ.

**રતિલાલ :** મા, તમે તો મારા આ જન્મના માતા પિતા છો, મારે તો જેનો જન્મ જન્મથી છું તેની પાસે જવું છે.

**મા :** બેટા, તું આ શું બોલી રહ્યો છે ?

રતિલાલ : મા ! મા શ્રેષ્ઠ કે પરમાત્મા શ્રેષ્ઠ ?

**મા :** બેટા, પરમાત્મા શ્રેષ્ઠ !

**રતિલાલ :** તો પછી 'મા' પાસે રહેવું શ્રેષ્ઠ કે પરમાત્મા પાસે રહેવું શ્રેષ્ઠ ?

**મા :** પરમાત્મા પાસે રહેવું શ્રેષ્ઠ, પણ બેટા ! આજે તું આવું કેમ કહે છે ?

**રતિલાલ :** મા, મને આજે સાક્ષાત પરમાત્મા મળી ગયા છે.એમની પાસે મને શાંતિ મળે છે, એમનાં ચરણમાાં મને સમાધિ મળે છે અને એમના સાંનિધ્યમાં મને આત્મિક તૃપ્તિનો આનંદ મળે છે.

**મા :** બેટા, તું કોની વાત કરે છે ?

**રતિલાલ :** મા, એમની જ.. જે ગઈકાલે આપણા ગામમાં આવ્યાં હતાં અને આજે ભેંસાણ પધાર્યાં છે.

**મા :** અચ્છા, તો તું સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણની વાત કરે છે ?

**રતિલાલ :** હા, મા ! એ ગુરુપ્રાણ જ મારા પરમાત્મા છે.

# આત્માનું અદ્રશ્ય આકર્ષણ

શિષ્ય એ જ કહેવાય જેને મન ગુરુની આજ્ઞા સર્વસ્વ હોય. રતિલાલના સંયમ માટેના ઉત્કૃષ્ટ ભાવ અને દીક્ષા માટેની તડપ અને તરસ જોઈ ગુરુપ્રાણ એક અનન્ય સંતોષ અનુભવતા કહે છે, **''પહેલાં માતા-પિતાની આજ્ઞા લઈ આવ.. પછી દીક્ષા આપીશ.''**

દીક્ષા લેતા પૂર્વે માતા-પિતાની આજ્ઞા લેવાની વાત રતિલાલને રૂચિ નહીં. ઘરે જવાનું મન ન હતું. એક પલ ગુરુ પ્રાણથી દૂર થવું તેને ગમતું નથી છતાં રતિલાલ ઘરે આવે છે.. **'મા'** રતિલાલને ગુરુ પાસેથી આવેલા જોઈને હરખઘેલી બની તેને વ્હાલ કરે છે. ઘણાં દિવસે દિકરાનું મોઢું જોતાં તેની આંખ વરસવા લાગે છે. પરંતુ રતિલાલ નિર્લેપ ભાવે મા ના વ્યવહારને નિહાળતાં પોતાના દીક્ષા લેવાના ભાવ રજુ કરે છે. મા રતિલાલની દ્રઢ ભાવના અને દલીલો સાંભળી વિચારમાં પડી જાય છે.

મા ને વિચારમુદ્રામાં જોઈ રતિલાલ કહે છે :

મા ! તારી મમતા શ્રેષ્ઠ છે પણ ગુરુનો પ્રેમ સર્વશ્રેષ્ઠ છે.

મા ! તારી ગોદ મને ગમતી હતી, પણ તેનાથી વધારે મને તેમના ચરણ વ્હાલા છે.

મા ! તારી સાથે તો મારો આ ભવનો સંબંધ છે, પણ તેમની સાથે તો

ભવોભવનો સંબંધ છે.

**મા ! તને જોઈને મને જેમ 'મા' ની અનુભૂતિ થાય છે તેમ તેમને જોઈને મને પરમાત્માની અનુભૂતિ થાય છે.**

મા ! એ દિવ્ય પુરુષ મારા દિલના દેવ છે. એમના દર્શનથી મારી જ્ઞાનદ્રષ્ટી ખુલવા લાગી છે. મને એમના માટે અંદરથી પ્રેમ થાય છે, એમની દરેક વાત મને ગમે છે અને એમના વિના મને કાંઈ ગમતું નથી.

**મા :** બેટા, એ મહાપુરુષ છે, એટલે તને એમના પ્રત્યે આકર્ષણ થતું હશે.

**રતિલાલ :** ના, મા ! મને એમની દેહાકૃતિનું કોઇ આકર્ષણ નથી, મને તો એમના આત્માનું આકર્ષણ છે. મને એમના આત્મા સાથે સંબંધ છે.

**'આકૃતિનું આકર્ષણ સંબંધોને સર્જે છે**

**આત્માનું આકર્ષણ સંયમને સર્જે છે.'**

**મા :** આત્મા સાથે કેવો સંબંધ ?

**રતિલાલ :** મા, આત્મા સાથેનો સંબંધ એટલે ઋણાનુબંધ. મા, ઋણાનુબંધ એટલે કારણ વિનાનો પ્રેમ અને મા, મને એમને પ્રેમ કરવાનું કોઈ કારણ નથી છતાં મારૂં હૃદય એમને અનહદ પ્રેમ કરે છે અને આ ઋણાનુબંધ, આ પ્રેમ જ મને ભવમુક્ત કરાવતી મોક્ષની યાત્રામાં આગળ વધારશે. મા ! હું તારી આજ્ઞા લેવા આવ્યો છું, તારી સંમતિ લેવા આવ્યો છું..! મા ! મને ગુરુપ્રાણ પાસે જવાની રજા આપીશ ને ?

**મા :** બેટા, તું આ શું કહે છે ? તું તો હજુ કેટલો નાનો છે ? તને ખબર નથી જૈન સાધુ બનવું કેટલું કઠિન છે ? એમાં કેટલાં કષ્ટો સહન કરવા પડે ? વિહાર, લોચ, ગૌચરી એ બધું તું કેવી રીતે સહન કરીશ ?

**રતિલાલ :** મા, મને તો લાગે છે, આ સંસાર મારાથી સહન નહી થાય. આ શરીર, આ સંબંધો જેને એક દિવસ છોડવાના જ છે, જે ક્યારેક છૂટવાના જ

છે તેને પકડી મિથ્યા ભ્રમણામાં રહેવું એના કરતાં જે ક્યારેય છૂટવાનો જ નથી એવા આત્માને પામવાનો પ્રયત્ન શા માટે ન કરવો ?

**મા :** બેટા, સંસારમાં રહીને પણ સાધુ જીવન તો જીવી શકાય છે ને ?

**રતિલાલ :** મા, તારામાં પણ નાનપણથી ધર્મના સંસ્કાર અને ધર્મની ભાવના તો હતી જ ને, પણ આ સંસારમા પડ્યાં પછી તું કેટલો ધર્મ કરી શકે છે ? તારી કેટલી ઈચ્છા પૂરી કરી શકે છે ? કાંઈ જ કરી નથી શકતી... !!!

**મા :** બેટા, તારી વાત તો સાચી છે, પણ તું તો મારા જીગરનો ટૂકડો છે. તને હું કેવી રીતે જવા દઉં ? ના બેટા ! ના .. હું તને નહીં જવા દઉં. !!

**રતિલાલ :** મા, તું મને શા માટે રોકે છે ? થોડો રાગ અને થોડી મમતા ખાતર શા માટે મને રોકે છે ? માનો કે, કદાચ કાળ આવી જાય તો.. ? તો તું શું મને રોકીશ ? નહીં ને... ! જો તું મને કાળ સામે રોકી ન શકે, તો હું તો કાળનો પણ કાળ કરવા જાઉં છું. મૃત્યુનું પણ મૃત્યુ કરવા જઈ રહ્યો છું, તો શા માટે મને રોકે છે ?

મા ને થાય છે, આવા પ્રભાવક ગુરુના પ્રભાવશાળી થોડાં શબ્દો સાંભળ્યા છે અને એમના પ્રભાવથી અંજાઈ ગયો લાગે છે. એમ કાંઈ સાધુ બનવું સહેલું થોડું છે ? ? મારે દીક્ષા લેવી છે... એક પણ લક્ષણ નથી દીક્ષા લેવા જેવા.. !!

એટલે **'મા'** કહે છે, ઠીક છે **તારે જવું હોય તો જા.. !!**

ક્યારેક એવું પણ બને જે કર્મસુરા હોય તે ધર્મસુરા બની જાય.

જે સંસારમાં ભલે આસક્ત હોય પણ એક યોગ્ય નિમિત મળી જાય તો લાઈફમાં યુ-ટર્ન આવતાં વાર પણ ન લાગે.

જેવું મા એ કહ્યું, 'તારે જવું હોય તો જા.. !!' રતિલાલે એક ક્ષણનો વિલંબ કર્યા વિના, સીધી દોટ મૂકી.

જેને એકવાર પ્રેમનો રંગ ચઢી જાય તેને પછી કોઈ પરવા હોતી

નથી, અને જેને પરવા હોય તેને હજુ પ્રેમનો રંગ ચઢયો ન હોય !

રતિલાલ **'મા'** ની આજ્ઞા મળતાં જ કોઈની પરવા કર્યા વિના સીધા પહોંચી ગયા ગુરુપ્રાણ પાસે..!!

ગુરુપ્રાણે પૂછ્યું, બેટા, આવી ગયો ? આજ્ઞા મળી ગઈ ?

રતિલાલ ખુશખુશાલ છે, એકદમ પ્રસન્નભાવે કહે છે, જી ગુરુદેવ ! આપની એવી કૃપા વરસી કે મા એ કહ્યું, ''તારે જવું હોય તો જા..!!'' અને હું આવી ગયો.

રતિલાલ ગુરુપ્રાણના ચરણમાં સ્વર્ગના સુખની અનુભૂતિ કરે છે. ચહેરા પર ખુશી છે અને અંતરમાં આનંદ છે.

# ગુરુનું સાંનિધ્ય જ્ઞાનના શબ્દોથી વધુ પ્રજ્ઞાના સંવેદનનું સાંનિધ્ય હોય છે.

જ્યારે કોઈ પણ શિષ્ય બનવા તૈયાર થાય ત્યારે ગુરુ તેમના પર પૂરૂં ધ્યાન આપે, એની આંતરિક શક્તિઓને કેવી રીતે પ્રગટ કરવી, કેવી રીતે ખીલવવી તેના પર વિશેષ ધ્યાન આપે. ગુરુપ્રાણે રતિલાલ પર ધ્યાન આપવાનુ શરૂં કરી દીધું. ગુરુચરણમાં પરમ સંતોષથી બેઠેલાં રતિલાલ ગુરુ એ આપેલા શિક્ષા પાઠને વાગોળી રહ્યાં છે. એક પછી એક પાઠ કંઠસ્થ કરે છે અને કંઠસ્થથી હૃદયસ્થ કરે છે.

**રતિલાલની જ્ઞાન પ્રાપ્તિની જિજ્ઞાસા અને ઉત્કંઠા જોઈ ગુરુપ્રાણ એમને આગમના પાઠ ભણાવે છે, એ માત્ર આગમના પાઠ નથી હોતા એ હોય છે 'અગમ' ના પાઠ...!! ગુરુપ્રાણ માત્ર અઢી હજાર વર્ષ પહેલાના નહીં, અઢી હજાર વર્ષ પછીના પાઠ ભણાવી રહ્યાં છે.** માત્ર ભૂતકાળ જ નહીં, ભવિષ્યના પાઠ પણ ભણાવી રહ્યાં છે, કેમકે, ગુરુ એ જ હોય, જે માત્ર આજ નહીં, આવતી કાલ અને આવતા દિવસો પણ નિહાળતા હોય છે.

રતિલાલને ભણાવતા ભણાવતા ગુરુ પ્રાણની આંખો દિવ્ય તેજ વરસાવી રહી હતી. ગુરુપ્રાણના શબ્દો બ્રહ્મમંત્રો બની રતિલાલના કાનમાં ગુંજી રહ્યાં હતાં. ગુરુપ્રાણના ડીવાઈન વાઈબ્રેશનસ્ રતિલાલના હૃદયના ધબકારને ઉત્સાહિત કરી રહ્યાં હતાં. ગુરુ પ્રાણના મુખકમલમાંથી નીકળતાં

જ્ઞાનના એક એક ભાવો રતિલાલની પરમ પ્રજ્ઞાને પ્રગટ કરી રહ્યાં હતાં. સુખાનુભૂતિ કરાવતા આવા સૌમ્ય વાતાવરણમાં રતિલાલના પિતાશ્રી માધવજીભાઈ આવ્યાં.

જ્યારે રતિલાલ ઘરે માતા-પિતાની આજ્ઞા લેવા ગયા હતાં ત્યારે ઘરે 'મા' એકલા જ હતાં. પિતા જેતપુર ગયા હતાં અને જેતપુરથી આવ્યા પછી જ્યારે ખબર પડી કે રતિલાલ ગઈકાલે પણ ગયા હતાં અને આજે પણ ગયાં છે ! એમનાથી રહેવાયું નહી અને જ્યાં ગુરુપ્રાણ બિરાજી રહ્યાં હતાં ત્યાં પહોંચી ગયાં.

માધવજીભાઈ કાળઝાળ ગુસ્સામાં ગુરુપ્રાણને કહે છે, મહારાજ ! કોઈ ભોળાને ભોળવી જવું એ શું સાધુતાની નિશાની છે ? તમે મારા આ દીકરાને ભોળવી રહ્યાં છો શું એ તમને શોભે છે ? સાધુ તો એ કહેવાય જે દરેકને સન્માર્ગે લઈ જાય, કોઈના વહાલસોયાને મા-બાપથી વિખૂટા ન પાડે ! !

ગુરુપ્રાણ શાંતિથી બેઠા છે.

**''સામો થાય આગ ત્યારે થવું પાણી,**

**એવી છે પરમાત્મા વીરની વાણી.''**

જ્યારે સામેવાળા ક્રોધમાં હોય, આવેશમાં હોય, આક્રોશ કરતાં હોય ત્યારે જે જ્ઞાની હોય તે શાંત રહેતા હોય, તેમના ચહેરા પર સ્મિત હોય !

ગુરુપ્રાણ પણ માધવજીભાઈના શબ્દોના પ્રહારને શાંતિથી સાંભળી રહ્યાં છે. તેમના ચહેરા પર માર્મિક સ્મિતની લકીર છે કેમકે, તે જાણે છે આ માધવજીભાઈ નહીં પણ એમના માં રહેલો 'પિતા' બોલે છે. એનો રાગ, એનો સંતાન પ્રત્યેનો પ્રેમ બોલે છે. એનું અજ્ઞાન અને અણસમજ બોલે છે.

ગુરુપ્રાણને શાંત અને સ્મિત વેરતાં જોઈ માધવજીભાઈ વધારે ગુસ્સે થાય છે અને કહે છે, એક દિવસ મારો દીકરો તમારા દર્શન કરવા આવ્યો અને

તમે એને ભોળવીને તમારો બનાવી દીધો ? તમને કાંઈ વિચાર ન આવ્યો ?

**‘‘વ્યક્તિ જ્યારે ગરમ થાય ત્યારે શરમ છૂટી જાય છે. શરમ જ્યારે છૂટી જાય છે ત્યારે જોતાં નથી સામે કોણ છે ?**

ગુસ્સામાં માધવજીભાઈ કહે છે, રતિ, ચાલ ઘરે ! હું તને લેવા આવ્યો છું ..! બેટા !ચાલ ઘરે..!!

અને રતિલાલ ગુરુપ્રાણના ચરણ પકડી આજીજી કરે છે, ગુરુદેવ ! મને તમને છોડીને ક્યાંય નથી જવું. ગુરુદેવ ! મને તમારાથી દૂર ક્યાંય નથી જવું. ગુરુદેવ ! તમારા વિના હું હવે રહી જ ન શકું. તમારા વિના હું જીવી જ ન શકું.

ગુરુદેવ ! શું આપણે પરમ યાત્રાના યાત્રિકો નથી ? શું આપણે આપણી આ યાત્રા પૂરી કર્યા પહેલાં જ વિખૂટા પડી જઈશું ? ગુરુદેવ ! આપની કૃપા વરસાવો..!! ગુરુદેવ ! પિતાશ્રીને કંઈક સમજાવો !

ગુરુદેવ મૌન ભાવે મરક મરક હસી રહ્યાં છે.

**જ્ઞાનીઓ અજ્ઞાનીઓ પાસે મૌન વધુ રહેતા હોય છે અજ્ઞાનીઓ બોલીને પણ જે કામ ન કરી શકે તે કામ જ્ઞાની મૌન રહીને પણ કરી શકે છે, કારણકે અજ્ઞાનીઓના વોઈસમાં જેટલી તાકાત હોય છે તેનાથી અનેકગણી વધારે તાકાત જ્ઞાનીઓના વાઈબ્રેશન્સમાં હોય છે.**

અને બન્યું પણ એવું જ..! ગુરુપ્રાણના સ્મિત પાસે માધવજીભાઈનું કાંઈ ન ચાલ્યું. ગુરુપ્રાણે કહી દીધું.‘આ તમારો દીકરો છે, એની ઈચ્છા હોય તો તમે લઈ જાવ અને એને અહીં રહેવું હોય તો અમારી ના નથી. !’

માધવજીભાઈ એને ઘરે લઈ જશે ? રતિલાલ પિતા સાથે જશે કે ગુરુપ્રાણ સાથે રહેશે ?

# સત્યની જીત

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે. એક જે શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે અને બાહ્ય સુખ આધારિત જ પોતાનું જીવન જીવતાં હોય છે. જ્યારે બીજા આત્માને પોતાનું સ્વરૂપ માનતા હોય છે અને એના ઈનર વોઈસ પ્રમાણે આત્મ તૃપ્તિની દિશામાં આગળ વધતાં હોય છે. માટે જ, કોઈક પહેલી જ વાર ધર્મ ક્ષેત્રમાં આવે, પ્રથમ વખત જ સંતના દર્શન કરે અને એની લાઈફમાં યુ ટર્ન આવી જાય.. એનું જીવન પરિવર્તન થઈ જાય અને કોઈ વર્ષોના વર્ષોથી ધર્મક્ષેત્રમાં આવે, હજારો વખત સંત-સતીજીના દર્શન કરે છતાં પણ એમનાં જીવનમાં કોઈ વધારે પરિવર્તન ન આવે.

રતિલાલ પહેલી જ વાર ગુરુપ્રાણના દર્શન કરે છે અને એનો ઈનર વોઈસ કહે છે, ના ! આ મારા પ્રથમ દર્શન નથી. આમની સાથે તો મારું જન્મો જનમનું કનેક્શન છે, અને આ જ મારા આત્માના હિતકર, શ્રેયકર અને કલ્યાણકર છે.

માધવજીભાઈ તો રતિલાલને ઘરે લઈ જવા આવ્યાં હતાં પણ એમની દલીલ ન ચાલી એટલે પગ પછાડતાં પછાડતાં ઉપાશ્રયની બહાર નીકળી ગયાં.

રતિલાલ નિરાંતના શ્વાસ લઈ ફરી સ્વાધ્યાયમાં લાગી ગયાં.

ગુરુપ્રાણનાં સાંનિધ્યમાં શાસ્ત્રો શ્લોક આદિ શીખી રહ્યાં છે, પણ શું રતિલાલને કાંઈ શીખવાની જરૂર હતી ?

ગુરુના ચરણ, શરણ અને સાંનિધ્ય કાંઈ શીખવા માટે ન હોય, એ તો ભૂતકાળના ભવોમાં જે શીખેલું અંદર પડેલું હોય તેને પ્રગટ કરવા માટે હોય.

**'શીખવું તેને જ પડે જે આ ભવથી કનેક્ટ થતાં હોય, જે ભવોભવથી કનેક્ટેડ હોય તેને તો માત્ર ગુરુકૃપા મેળવીને પ્રગટ જ કરવાનું હોય'.**

રતિલાલનો ગુરુ પ્રત્યેનો વિનય, ભાવ, ભક્તિ અને અહોભાવ એટલાં શ્રેષ્ઠ હતાં કે ગુરુની આંખોમાંથી નીતરતું વાત્સલ્ય, ગુરુના સ્મિતમાં રહેલો પ્રેમ અને ગુરુના વોઈસ સાથે ભળેલા વાઈબ્રેશનસ્ **'ગુરુકૃપા'** બની જતાં હતાં અને ગુરુના મુખેથી નીકળતાં એક વાક્યમાંથી એમને અનેકગણું સમજાય જતું હતું. એક પણ વિષય એમને વિસ્તૃતમાં સમજાવવો પડતો ન હતો.

**'જેને શીખડાવવું પડે તે શ્રાવક હોય, જેને અંદરમાંથી પ્રગટ થાય તે શિષ્ય હોય.'**

ગુરુપ્રાણ સંસારના સ્વરૂપને સમજાવી રહ્યાં છે, આત્મ તત્ત્વની સમજ આપી રહ્યાં છે અને રતિલાલ એ જ્ઞાન સમજને પ્રગટાવવા પૂર્ણ પુરુષાર્થ કરી રહ્યાં છે, શ્રેષ્ઠને પામ્યા પછી શ્રેષ્ઠત્તમને પ્રગટાવવાનો પુરુષાર્થ કરી રહ્યાં છે, ત્યાં જ... માધવજીભાઈ મહાજન સાથે પ્રવેશ કરે છે.

બાલ રતિ બાલ જીવનમાં બાલ ક્રિડા કરતા હતાં ત્યારે માધવજીભાઈ એ પિતા તરીકે નોંધ લીધી ન હતી...પણ... આજે... આજે જ્યારે એ જ રતિલાલ ધર્મક્ષેત્રમાં આવ્યાં, સત્‌ના સાંનિધ્યમાં આવ્યાં, ત્યારે પિતાના અધિકારે મહાજનને લઈને પહોંચી ગયાં.

**'જે સંસારી સગાને પોતાના માને છે તેને પરમ સગા મળતા નથી, જેને પરમ સગા મળી જાય છે તે સંસારી સગાને સાંભળતા નથી.'**

રતિલાલને પણ પરમ સગા ગુરુ પ્રાણ મળી ગયાં હતાં.

મહાજને રતિલાલને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ રતિલાલની મક્કમતા અને દ્રઢતા આગળ કાંઈ ચાલ્યું નહીં.

ધર્મના અને સત્યના માર્ગે જતાં જ્યારે કોઈ અંતરાય આપે ત્યારે મનની મક્કમતા હોવી જોઈએ.

**''ભગવાને નમ્ર બનવાનું કહ્યું છે,**

**નમાલા નહીં.''**

રતિલાલની વિવેકપૂર્વકની દલીલો સાંભળી મહાજને પણ માધવજીભાઈને કહી દીધું, ભાઈ શાસનનું ભવિષ્ય શાસનરક્ષકના હાથમાં હોય, આમાં અમે કાંઈ ન કરી શકીએ.

આ કાળમાં સંયમના માર્ગે જવાના ભાવ એને જ થાય જેના આત્મા એ જનમ જનમથી પુરુષાર્થ કર્યો હોય, જેના આત્માની જનમ જનમની પાત્રતા હોય તેને જ આ ભવે, આ વિષમ પરિસ્થિતિમાં આત્મજ્ઞાન અને આત્મચરિત્ર પામવાના ભાવ થાય, અને જેના હ્રદયમાંથી આ ભાવ પ્રગટ થાય તેને દુનિયા ક્યારેય રોકી જ ન શકે.

જેની અંદરની જાગૃતતા હોય તેને ગમે તેટલા અંતરાય આવે, ગમે તેવા કષ્ટો અને વિઘ્નો આવે, ગમે તેવા પ્રોબ્લેમ્સ થાય, જ્યાં સુધી તેનો અંદરનો દિપક પ્રજ્વલ્લિત છે ત્યાં સુધી તેને કોઈ તાકાત અટકાવી શકતી નથી.

માધવજીભાઈ અને મહાજન ગયા એટલે રતિલાલને થયું હાશ ! હવે શાંતિ..!! બહારની નિરવ શાંતિ સાથે મનની શાંતિ થતાં રતિલાલ ગુરુના પ્રેમને પીતાં પીતાં સ્વયંની પ્રજ્ઞાને પ્રગટ કરી રહ્યાં છે....

જેટલો ગુરુનો પ્રેમ વરસે એટલી શિષ્યની પ્રજ્ઞા ખીલે. જેમ જેમ શિષ્યની પાત્રતા વધે, તેમ તેમ ગુરુનો પ્રેમ વધતો જાય. જેમ જેમ શિષ્યનો વિનય વધતો જાય, તેમ તેમ ગુરુની કૃપાનો વૈભવ વધતો જાય. જેમ જેમ શિષ્યનું શિષ્યત્વ પ્રગટતું જાય, તેમ તેમ ગુરુનું ગુરુત્વ પ્રગટતું જાય, જેમ જેમ ગુરુનું ગુરુત્વ પ્રગટતું જાય તેમ તેમ  શિષ્યનું શિષ્યત્વ ખીલતું જાય.

રતિલાલનું શિષ્યત્વ પણ ખીલી રહ્યું હતું. ગુરુનો પ્રેમ પણ ધોધની જેમ વહી રહ્યો હતો. એક તરફ પ્રેમનો ધોધ હતો અને એક તરફ ભય હતો.

જ્યારે શ્રેષ્ઠને પામીએ ત્યારે શ્રેષ્ઠ છીનવાઈ ન જાય તેનો ભય અને તેની ચિંતા સતત રહેતી હોય છે.

રતિલાલના મનમાં પણ એવો જ ભય હતો.

હું મારા પરમ ગુરુને પામ્યો છું, પણ આ સંસાર મને મારા પરમ ગુરુથી દૂર તો નહીં લઈ જાય ને ? ?

એક ભય... એક ડર... એક ચિંતા...એક શંકા... ! !

રતિલાલ પુસ્તકના પાના ખોલે તો... એક પાના પર તેને ગુરુ પ્રાણના દર્શન થાય તો બીજા પાના પર માતા-પિતાના દર્શન થાય. ! એક તરફ પ્રેમ વરસાવતી આંખો દેખાય તો સામેના પાના પર આગ ઝરતી આંખો દેખાય.. ! !

રતિલાલના બાળ હૃદયમાં સંયમનો ભાવ હતો તો સંસારનો ભય હતો. ગુરુ પ્રત્યે ભક્તિ હતી પણ માતા-પિતાનો ડર હતો. શું થશે ? એના વિચારોમાં હતાં... ત્યાં જ... ધમ ધમ કરતાં પોલીસવાળાનો પ્રવેશ થાય છે, પાછળ કાળઝાળ કરતાં પિતા માધવજીભાઈ છે. રતિલાલ ધબકાર ચૂકી જાય છે. પોલીસ ગુરુપ્રાણ સામે કરડાકીભરી આંખે જુએ છે, પણ આ તો સૌરાષ્ટ્ર કેસરી હતાં, અને જેમની અંદર સત્ય અને સત્વ હોય તે ક્યારેય કોઈનાથી ડરે

નહીં, ક્યારેય કોઈના ડગાવ્યા ડગે નહીં. એ તો શાંતિથી પોતાનું કાર્ય કરતાં રહ્યાં, એમણે તો પોલીસ સામે જોયું પણ નહીં.

જ્યારે પોલીસવાળાની અવગણના થઈ એટલે એ વધારે ગુસ્સે થયાં અને જોરથી બોલવા લાગ્યાં, 'કોઈના દીકરાને અયોગ્ય રીતે લાવીને, પોતાની પાસે રાખવો તે ચોરી કહેવાય. !'

ગુરુપ્રાણે ધીરે ધીરે પોલીસવાળા સામે નજર કરી. ગુરુપ્રાણની તેજોકિરણ ભરેલી દ્રષ્ટિ પડતાં જ પોલીસવાળાનો અર્ધો ગુસ્સો ત્યાં જ ઓગળી ગયો અને એના હાથ જોડાઈ ગયાં, અને ધીમા સ્વરે માધવજીભાઈ તરફ આંગળી કરતાં કહ્યુંકે, આ ભાઈ કહે છે કે,**'તમે એના નાદાન બાળકને ભોળવીને લઈ આવ્યાં છો.'**

ગુરુપ્રાણના મુખમાંથી શબ્દો નીકળ્યાં... તમે જેની વાત કરો છો તે અહીંયા જ છે, તમે જ એને પૂછી જુઓ,'જો એને જવું હોય તો અમારી ના નથી, પણ જો એને જવું ન હોય તો તમે એને લઈ જઈ શકતાં પણ નથી.'

ગુરુપ્રાણે સત્તાવાહી અવાજે ગુરુત્વને પ્રગટ કર્યું અને પોલીસવાળાના હૃદય ધ્રુજી ગયાં. એમને લાગ્યું કે આ તો કોઈ દિવ્ય પુરુષ છે, એમની આંખોમાં સત્‌નું તેજ છે, એમના અવાજમાં સત્યનો રણકાર છે અને એમનાં શબ્દોમાં માત્ર સત્ય જ નહીં, સત્ય સાથે તથ્ય પણ છે.

ગુરુપ્રાણના સત્તાવાહી સૂરે રતિલાલના મનમાં જે ભય અને ડર હતાં તે દૂર થઈ ગયાં, એમણે પણ પૂર્ણ મક્કમતાના ભાવ સાથે પોલીસવાળા સામે જોયું.

સંસારના માર્ગથી સંયમના માર્ગે આવવાના ઉત્કૃષ્ટ ભાવને કારણે રતિલાલનું મનોબળ મજબૂત થવા લાગ્યું હતું, એ સ્ટ્રોંગ થઈ ગયાં અને પોલીસવાળાને કહેવા લાગ્યાં, તમે કયા અધિકારથી મને લેવા આવ્યા છો ? જો

તમારી પાસે કોઈ વોરંટ ન હોય અને મેં કાંઈ ખોટું કર્યું ન હોય તો તમે મને અહીંથી લઈ જઈ શકતાં નથી. જો તમારી પાસે વોરંટ નથી તો અત્યારે તમે ગુનેગાર છો કેમકે, તમે બિનસત્તાવાર મને લઈ જવા આવ્યા છો, એટલે પહેલા તમારી ધરપકડ થશે.

રતિલાલની દલીલ અને ગુરુપ્રાણનો રણકાર સાંભળી પોલીસવાળા ચૂપચાપ બહાર નીકળી ગયાં. માધવજીભાઈને કહ્યું, આ લ્યો ,તમારા રૂપિયા, અમારાથી તમારૂં આ કામ નહીં થાય.

**સત્ય જ્યારે સ્ટ્રોંગ હોય ત્યારે**

**અસત્ય ક્યારેય ન ચાલે.**

**'સજ્જનો જ્યારે નિષ્ક્રિય બને છે, ત્યારે જ દુર્જનો સક્રિય બને છે,**

**જે દિવસે સજ્જનો સક્રિય બને છે**

**તે દિવસે દુર્જનો નિષ્ક્રિય બની જાય છે.**

ગુરુપ્રાણે જેમને વાઈબ્રેશનસ્‌ના અમૃત પાયા હતાં તે રતિલાલ ગુરુપ્રાણનાં સાંનિધ્યમાં જ રહે છે અને માધવજીભાઈ જેવા આવ્યાં હતાં તેવા એકલાં, દીકરાને લીધાં વિના પાછા જાય છે.

# જ્ઞાન શિક્ષા

**એ**ક ગુરુ... એક શિષ્ય, એક આત્મા... એક પરમાત્મા, એક સાગર... એક સરિતા...!!!

ગુરુ પ્રાણના સાંનિધ્યમાં અનેરી શાંતિ અને પરમ સુખનો અહેસાસ કરનાર રતિલાલ હવે જેમ એક સરિતા સાગરમાં સમાય જાય, એકમેક થઈ જાય તેમ ગુરુમાં સમાય જવા તલપાપડ બન્યાં છે. એમને ગુરુની પાસે કે ગુરુની આસપાસ રહેવામાં રસ નથી એમને તો ગુરુની આરપાર થવું છે.

**''ગુરુની આરપાર થવાના ભાવ પ્રગટ થવા એ જ શિષ્યત્વની પરાકાષ્ટાની નિશાની છે.''**

રતિલાલ ગુરુપ્રાણના એક એક સંકેતને સમજવા લાગ્યા છે. ગુરુની આંખ ફરે ને એ સમજી જાય, મારા ગુરુદેવ શું કહેવા માગે છે. ગુરુનો હાથ હલે ને સમજી જાય, ગુરુદેવને અત્યારે શું જોઈએ છે. ગુરુને જતાં જુએ અને જાણે એમનાં હૃદયમાં સુનામી જેવું તોફાન આવી જાય...ગુરુની પાછળ ચાલતા હોય ત્યારે એમને એમ લાગે જાણે એક વિરાટ હસ્તિની પાછળ એક નાનકડું જંતુ ચાલી રહ્યું છે. જ્યાં સુધી ગુરુ પ્રાણ એમને કાંઈ ન કહે ત્યાં સુધી એમને ચેન ન પડે. જ્યાં સુધી ગુરુની દ્રષ્ટિ ન પડે ત્યાં સુધી જાણે વર્ષોથી પાણી ન પીધું હોય એવી તરસ એમની આંખોમાં દેખાય..! એમની એક ઝલક મેળવવા એ જેમ

પાણી વિના માછલી તડપે તેમ તડપતાં..!

આવા શિષ્યને ગુરુપ્રાણ પણ ખૂબજ ભાવથી.. ખૂબજ પ્રેમથી જ્ઞાનદીક્ષા આપતા હતાં, એમને સમજ આપતાં હતાં. ''જો રતિ! તારા આત્માએ દિવ્ય આત્મા બનવા માટે જ આ માનવભવ ધારણ કર્યો છે, તારા આત્માએ સામાન્ય બનવા માટે નહીં શ્રેષ્ઠ બનવા માટે જ મનુષ્ય જન્મ લીધો છે. મારી પાસે આવીને હવે તું ક્યાંય સામાન્યમાં અટકી ન જતો. સામાન્યમાં લલચાઈ ન જતો. તારા માટે આ એક દિવ્ય પળ આવી છે, એક દિવ્ય ક્ષણ આવી છે.જેમ તરણાને એક ઓથ મળે, જેમ તોફાની સાગરમાં ડૂબતાંને એક જહાજ મળે, જેમ પડતાને કોઈનો હાથ મળે તેમ તને આજે એક સંયોગ મળ્યો છે, તને તારનાર મળ્યાં છે.

ત્યારે હે વત્સ્! ડીવાઈન કનેક્શનની એક પણ ક્ષણને તું ગુમાવતો નહીં. સંસારના સુખ સાધનો તો હર જન્મમાં મળશે, માતા-પિતા દરેક ભવમાં મળશે, સંબંધો પણ હર જન્મમાં મળશે, પણ યાદ રાખજે આ બધાંનું કનેક્શન માત્ર શરીર હશે ત્યાં સુધીનું જ હશે, જે પણ મળશે, જેટલું મળશે તે બધું અંતે છૂટવાવાળું જ મળશે. જ્યારે અત્યારે તને જે મળ્યું છે તે બે આત્માનું કનેક્શન છે, આત્માનું કનેક્શન તો અનંતકાળથી અનંતકાળ સુધીનું હોય. તું આ ક્ષણને સામાન્ય ન માનતો. આ ક્ષણનું મૂલ્ય સામાન્ય નથી. આ ક્ષણ તો અમૂલ્ય છે. જે પ્રકારનો તારો વિનય છે, તારી વંદના છે, તારો અહોભાવ છે અને તારા જ્ઞાનનું પ્રાગટ્ય છે એ જોઈને મારૂં હૃદય ખુશીથી ભરાઈ જાય છે. મને એવું ફીલ થાય છે જાણે વર્ષોથી જેની હું રાહ જોઈ રહ્યો હતો, જેની પ્રતિક્ષા કરી રહ્યો હતો તે તું જ છે... તે તું જ છે...!!!

આજે મને વિશ્વાસ થઈ ગયો છે, જે હું પામ્યો છું તે તું જરૂર પામીશ. આજે તારી આંગળી પકડી હું તને આ ડીવાઈન યાત્રામાં આગળ લઈ જઈશ, ત્યારે તું સામાન્યથી શ્રેષ્ઠ બની જઈશ. આજે તું મારી આંગળી

પકડી સંસાર સાગર પાર કરવા આવ્યો છે, કાલે હજારો લોકો સંસાર સાગર પાર કરવાના ભાવથી તારો હાથ પકડશે. હે વત્સ્! તું સાવધાન રહેજે, તું જાગૃત રહેજે, તું એક પળનો પણ પ્રમાદ ન કરતો... !!!

ગુરુ પ્રાણ પ્રતિ દિન એમને જ્ઞાનશિક્ષા આપતાં અને કૃપાનો ધોધ વહાવતાં.

અને એક મદારી જેવા રતિલાલ ધીમે ધીમે મુમુક્ષુ બનવા લાગ્યાં.

એક આત્માને એના અસ્તિત્ત્વની ઓળખ થવા લાગી. રતિલાલને **''હું કોણ છું,''** નું રીયલાઈઝેશન થવા લાગ્યું, પરમ સત્ય સમજાવા લાગ્યું કે, આ શરીર અને આ શરીર સાથે જોડાયેલા પ્રત્યેક સંબંધ અશાશ્વત છે, જેમને હું આજે મારા માનું છું તે મારા હતાં નહીં અને મારા મૃત્યુ પછી મારા રહેશે નહીં, તો પછી મારે તો હું જે છું તેને જાણવો છે, તેને પામવો છે ,અને મારે તેને ઓળખવો છે.

સંસારમાં તો આજે જેને પોતાના બનાવો, થોડો સમય પોતાના રહે, રાગ-દ્વેષ થાય અને છૂટી જાય..ના..! મારે તો જે મારો છે તેને જ મારો બનાવવો છે. મારો તો એક આત્મા જ મારો છે, મારે તેને જ મારો બનાવવો છે, તેને ઓળખવો છે, તેને જાણવો છે, કેમકે, એક એ જ છે જે કાયમ મારો રહેવાનો છે.

આવા વિચારો.. આવા ભાવો સાથે રતિલાલ ગુરુ સાંનિધ્યમાં પરમ જ્ઞાનને પ્રાપ્ત કરી રહ્યાં છે.

# સર્જન.. સંકટ.. સંઘર્ષ..

શિલ્પીના હાથમાં એક પત્થર આવી ગયો છે અને શિલ્પી એક પછી એક ટાંકણાં મારતાં મારતાં શ્રેષ્ઠ પ્રતિમાનું સર્જન કરી રહ્યાં છે.

**'જ્યારે શ્રેષ્ઠના સર્જનની શરૂઆત થાય છે ત્યારે તેમાં અનેક સંકટો આવે છે.'**

સામાન્ય જીવન જીવનારાની લાઈફ સરળ હોય છે એમાં કોઈ સંકટ કે સંઘર્ષ હોતાં નથી.

ગ્રહણ સૂર્ય અને ચંદ્રને જ આવે, તારલાંઓને ક્યારેય ગ્રહણ ન હોય. !

જેમનો આત્મા સૂરજની જેમ ચમકવાનો છે અને ચંદ્રની જેમ શીતળતા પ્રસરાવવાનો છે એ રતિલાલને એક દિવસ તાવ આવ્યો.

પિતા માધવજીભાઈ તો રતિલાલ એમની સાથે ઘરે પાછા ન આવતાં ગુસ્સામાં ઘરે ગયાં હતાં અને વિચાર્યું હતું હવે આવે તો પણ ભલે અને ન આવે તો પણ કાંઈ નહીં પરંતુ માતા જમકુબેન..! એમની મમતા... એમનું માતૃહ્રદય રતિલાલ માટે તડપતું હતું, ચિંતિત રહેતું હતું.

જ્યારે રતિલાલને તાવ આવ્યો અને શરીર જીર્ણ થવા લાગ્યું ત્યારે સંઘના સભ્યો ગભરાઈ ગયાં અને ગુરુ પ્રાણને વિનંતિ કરી કે થોડા દિવસ ઘરે મોકલીએ તો એની પ્રોપર સંભાળ લેવાશે.

ગુરુને પણ એમના હિતની ચિંતા હતી અને સંયોગો અને પરિસ્થિતિ કંઈક એવા જ હતાં.

જેવા રતિલાલના કાનમાં શબ્દો પડે છે, રતિલાલ વ્યાકુળ થઈ જાય છે, એને આ શબ્દો અંગારા જેવા ધગધગતા લાગતા હતાં. રતિલાલની આંખોમાં આંસુ આવી જાય છે. રતિલાલ રોતા રોતા કહે છે,

ગુરુદેવ ! શું તમે મને તમારાથી દૂર કરી દેશો ? ગુરુપ્રાણે રતિલાલની આંખોમાં ગુરુપ્રેમ અને ગુરુભક્તિ જોયા પણ એ દીર્ઘદ્રષ્ટા હતાં એટલે એમણે પ્રેમથી આશ્વાસનભર્યા શબ્દો દ્વારા સમજાવ્યું,

હે વત્સ ! આ સમયે, આ સંજોગોમાં તારૂં જવું જરૂરી છે અને હિતકારી પણ છે. તું જ્ઞાન અને ભક્તિમાં એવો ડૂબી ગયો છે કે તારૂં આ શરીર, સંબંધ અને સંસારથી ધ્યાન હટી ગયું છે. એટલે સંસાર અને સંબંધની સાથે તારૂં શરીર પણ જીર્ણ થવા લાગ્યું છે.

હે વત્સ ! યાદ રાખ, આ શરીર તો સેવા અને સાધનાનું માધ્યમ છે. આ શરીરથી જ સંસાર વધી પણ શકે છે અને ઘટી પણ શકે છે. આ સંસારને... સંસારના પરિભ્રમણને ઘટાડવા માટે પણ શરીરનું ધ્યાન રાખવું જરૂરી છે.

માટે હે વત્સ્ ! સંઘના નિર્ણયનો સ્વીકાર કરી તારે જવું જરૂરી છે. પણ હે વત્સ્ ! તને મારા આશીર્વાદ છે, ખૂબ જ થોડા સમયમાં તું મારી પાસે આવી શકીશ. આપણો કાંઈ આ જન્મનો સાથ થોડી છે ? આપણે તો જન્મ જન્મના સાથી છીએ. સાથે જ રહીને આપણે એક એવી સિધ્ધ અવસ્થાને પ્રાપ્ત કરીશું જ્યાં કોઈ સંયોગ કે વિયોગ નથી, જ્યાં કોઈ વિરહ કે મિલન નથી, જ્યાં કોઈ જન્મ કે મૃત્યુ નથી. આજે ભલે સંયોગ અને વિયોગ છે પણ એક દિવસ આ સંયોગ અને વિયોગ વિનાની સ્થિતિમાં આવી જઈશું . યોગી અને અયોગી બની જઈશું.. વત્સ્ ! આ જ મારો સંકેત છે.

રતિલાલને જવાનું મન તો નથી પણ ગુરુઆજ્ઞા શિરોમાન્ય છે. ગુરુદેવે ક્હ્યું છે તો એમાં પણ મારૂં હિત જ હશે.

**'જે સમર્પિત હોય એને બીજો કોઈ વિચાર કે વિકલ્પ ન હોય એને કોઈ તર્ક કે વિતર્ક ન હોય, એની કોઇ સ્વયંની ઈચ્છા ન હોય.'**

ગુરુદેવે કહ્યું અને શિષ્ય હૃદયે સ્વીકારી લીધું.

ઘરે ગયાં... ઘરમાં પ્રવેશતાં જ પિતાની નજર એમના પર પડી અને અહમ્ ઘવાયેલા શબ્દો બહાર આવ્યાં, 'કેમ તારા ગુરુએ તને ન રાખ્યો ? પાછો ઘરે મોકલી દીધો ? રહેવું હતું ને તારે ત્યાં..!!!

**'જ્યારે વ્યક્તિનો ઈગો હર્ટ થાય છે ત્યારે મોકો મળતાં જ બે શબ્દની જગ્યાએ બાર શબ્દો આવે છે.'**

જ્યારે **'મા'** એ જોયાં, મા ની મમતા આંસુ બનીને બહાર વહેવા લાગી... હૃદયમાં પ્રેમ ઉભરાવવા લાગ્યો, અને મા ના મુખમાંથી શબ્દો નીકળ્યાં.. બેટા! તું આવી ગયો ? બેટા! તારું શરીર તો જો.. શું તારી તબિયત નથી સારી ? ?

મા એ બીમાર રતિલાલની પ્રેમથી સારવાર શરૂ કરી દીધી. યોગ્ય આહારમાં માની મમતા ભળતી હતી અને એની અસરથી રતિલાલની તબિયત જલ્દી સુધરવા લાગી. શરીરમાં શક્તિ આવવા લાગી અને ધીમે ધીમે નોર્મલ થવા લાગ્યાં.

# આત્મભોજનની ભૂખ

**થો**ડુંક સારૂં થયું અને ફરી મન ગુરુ સાંનિધ્યમાં જવા ઉતાવળું થઈ ગયું. આંખો બંધ કરે ને ગુરુની આકૃતિ દેખાય, આંખો ખોલે તો દરેક પદાર્થમાં ગુરુ દેખાય. આખો દિવસ ગુરુના શબ્દો, ગુરુની વાતો, ગુરુનું જતના પૂર્વકનું ચાલવું, ગુરુનું વિનય પૂર્વકનું બેસવું એ જ દેખાય... એ જ યાદ આવે.

**'જેને એકવાર ડીવાઈન લવ થઈ જાય તેને પછી ક્યાંય ચેન ન પડે. ગમે તેટલાં સુખ અને સાનુકૂળતાની વચ્ચે પણ તેને ગુરુ જ યાદ આવે.'**

જેના માથે ગુરુ હોય તેને જ ખબર પડે ગુરુ માટેની તરસ શું હોય ? ગુરુ સાંનિધ્યની ઝંખના શું હોય ? ગુરુ આજ્ઞા માટેની તડપ શું હોય ? એક તરફ દુનિયાના હજારો સંબંધો હોય અને એક તરફ હોય ઋણાનુબંધનો એક સંબંધ..!! રહેતા હોય દુનિયાની સાથે પણ જીવતાં હોય ગુરુની સાથે..!!

તન હોય ક્યાંક અને મન હોય ક્યાંક..!!

જીવન હોય ક્યાંક અને જીવ હોય ક્યાંક !!

આવી જેની દશા હોય એનું શિષ્યત્વ સાર્થક હોય.

'તડપ' નામનું તપ જેણે કર્યું નથી તે શિષ્ય હોઈ જ ન શકે.

જેમણે ડીવાઈન લવ કર્યો હોય તે જ સમજી શકે ડીવાઈન લવની વેલ્યુ શું હોય ? ડીવાઈન લવ કેવી રીતે આત્માને શુધ્ધ કરી પાવન અને પવિત્ર બનાવે ? ડીવાઈન લવ જ આત્માને પરમાત્મા બનાવવાનું પ્રેરક પરિબળ છે.

# ગુરુપ્રેમનો અનન્ય અનુભવ

જેમને એક વખત ગુરુ કે પરમાત્મા સાથે પ્રેમ થઈ જાય છે, એમની સાથે ડીવાઈન કનેક્શન થઈ જાય છે, તેમને પછી બીજુ કાંઈ દેખાય નહીં, બીજું કોઈ યાદ આવે નહીં. એક ભક્ત હૃદય જ જાણે કે ડીવાઈન પ્રેમની અનુભૂતિ કેવી હોય, દિવ્ય વ્યક્તિત્વના સાંનિધ્યમાં કેવું પરમ સુખ હોય અને એમના વિરહની પળો કેવી વેદનામય હોય. ! !

ગુરુમય બની ગયેલાં રતિલાલ આખો દિવસ ગુરુની યાદમાં જ ખોવાયેલા રહે છે. મા ભાવતું અને મનગમતું ભોજન બનાવી આપે છે, રતિલાલ કહે છે, મા ! મને ખાવાનું મન નથી. પિતા સરસ મઝાના કપડાં લઈ આવે છે, રતિલાલ કહે છે પિતાજી, મને દુનિયાના રંગ બેરંગ લાગે છે, લાવવા જ હોય તો મને શ્વેત વસ્ત્રો લાવી આપો. મોટા ભાઈ સાયકલની ગીફ્ટ આપે છે, રતિલાલ કહે છે ભાઈ ! મારે આ સાયકલ નથી ફેરવવી. મારે તો ગુરુ શરણમાં રહીને જ્ઞાન અને ધ્યાનની સાયકલ ફેરવવી છે.. મારે મારા આત્મગુણો તરફ ગતિ કરવી છે.. !

એક આત્મા જ્યારે પરમ આત્મા સાથે જોડાય જાય છે ત્યારે તેનું ખાવું, પીવું, બોલવું, ચાલવું, તેનાં વિચારો, ભાવો, બધું જ બદલાય જાય છે, કેમ ?

ભગવાન કહે છે, કોઈ વ્યક્તિ સ્નાન કરી શુધ્ધ થઈ, ધોયેલા વસ્ત્રો

પહેરી મંદિરમાં પૂજા કરવા જઈ રહી હોય ત્યારે મંદિરથી થોડે દૂર કચરાપેટીમાં બેઠેલી વ્યક્તિ તેને બોલાવે અને કહે, આવ! આપણે અહીં થોડીવાર મસ્તીથી બેસીએ, તો પહેલી વ્યક્તિ શું કહેશે ? ના...ના... ! હજુ તો હમણાં જ સ્નાન કરીને શુધ્ધ થયો છું મારે તારી સાથે કચરાપેટીમાં બેસવા નથી આવવું.

એવી જ રીતે જેમણે પોતાના આત્માની શુધ્ધ દશાનો અનુભવ કર્યો હોય તેને સંસારના દરેક સુખ અને સગવડતાઓ કચરાપેટી જેવા લાગે છે.

જેમણે એકવાર ગુરુપ્રેમનો અનુભવ કર્યો હોય તેને સંસારનો પ્રેમ કચરાપેટી જેવો લાગે. જેણે આત્મતત્ત્વનું મૂલ્ય સમજાયું હોય તેને સંસારના કોઈ પણ પદાર્થની કોઈ વેલ્યુ હોતી નથી.

જેને એકવાર **'સ્વ'** નું આકર્ષણ થઈ જાય તેને દુનિયાની કોઈ વસ્તુ આકર્ષી ન શકે. રતિલાલને ગુરુપ્રેમનો અનુભવ થઈ ગયો હતો, આત્મતત્ત્વનું મૂલ્ય સમજાઈ ગયું હતું અને **'સ્વ'** ગમવા લાગ્યો હતો. એટલે રતિલાલ ભલે રહેતા હતાં ઘરમાં પણ એનું મન હતું ઉપાશ્રયમાં ગુરુની પાસે.. ! !

તે પ્રકૃતિને સહાયક બનાવી ગુરુ સાથે અનુસંધાન કરતા હતાં. ઉગતા સૂર્યમાં પણ એમને ગુરુ પ્રાણની આકૃતિ દેખાય અને ચંદ્રની ચાંદનીમાં ગુરુના વાઈબ્રેશન્સ્ અનુભવાય. પ્રકૃતિના કણ કણ એમને ગુરુ પ્રાણ સાથે જોડતી કડી જણાય ! ઘરનાં બધાં જ્યારે પ્રસંગનો આનંદ માણતા હોય ત્યારે તે ગુરુની યાદમાં ખોવાયેલાં હોય. ! !

જમવાના સમયે તેને બોલાવે ત્યારે એક જ જવાબ હોય, મને હમણાં ભૂખ નથી.. ભૂખ પણ ક્યાંથી હોય.. ?

**''જેમને આત્મભોજન કરવાના ભાવ જાગ્યા હોય તેને દ્રવ્યભોજનની ભૂખ ક્યાંથી હોય ?''**

રતિલાલની ગુરુ પ્રત્યેની સમર્પણતા એટલી ઉત્તમ હતી કે, એ ગુરુથી દૂર હતાં છતાં ગુરુની પાસે જ હતાં.

**''કેટલાંક એવા હોય જે ગુરુની સાથે હોય, ગુરુની નજીક હોય છતાં ગુરુથી દૂર હોય, અને કેટલાંક એવા હોય જે ગુરુથી દૂર હોય છતાં ભાવથી ગુરુની સાવ સમીપ હોય.''**

જેના ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમનાં મોહનીય કર્મમાંથી ૬૯ ક્રોડાક્રોડ સાગરોપમનાં કર્મોનો ક્ષય થયો હોય તેને જ ધર્મ, ધર્મ ગુરુ અને ધર્મ સાધના પ્રત્યે પ્રેમ થાય, ભાવ થાય, તેને જ ગુરુના સાંનિધ્યમાં બેસવાનું મન થાય, બાકી તો આવે, દર્શન કરે અને ચાલ્યાં જાય.

રતિલાલને ક્યાંય ચેન પડતું નથી. મા ને વારંવાર કહે છે, મા ! મને ગુરુપ્રાણ પાસે જવું છે, મને ત્યાં જવા દ્યો.. ! પિતાશ્રી સમક્ષ આજીજી કરે છે. મને અહીંયા ગમતું નથી. મને સંસારની કોઈ પ્રવૃતિમાં રસ પડતો નથી. મને મારા માર્ગે જવા દ્યો. પણ પિતા માધવજીભાઈનું મન જરાપણ પીગળતું નથી. એ તો બાળકના હૃદયના ભાવોને સંસાર તરફ વાળવા એને મુંબઈ મોકલવાનો પ્લાન કરે છે. એમને થાય છે કે, એકવાર મુંબઈ જશે, મુંબઈની મોહમાયાનો રંગ ચઢશે તો સાધુત્ત્વની વાત ભૂલી જશે. બહુ જ ઓછા મા-બાપ હોય જે સંયમના માર્ગે જતાં સંતાનને પ્રોત્સાહન આપે, એની ભાવનાની અનુમોદના કરે.

આ કાળમાં સંયમના માર્ગે આવવાના ભાવ તેને જ થાય, જેમણે જન્મ જન્મથી સાધના કરી હોય, અને એવા જન્મ જન્મના સાધકની સાધનામાં અંતરાય આપવી એટલે ભવિષ્યમાં ધર્મથી વંચિત રહેવું પડે એવા કર્મ બાંધવા.

જેનો અંતરઆત્મા જાગૃત થયો હોય, તેને તો સંસાર ક્યારેય રોકી જ શકે નહીં. એટલે એ તો એના માર્ગે જાય જ, પણ બીજા અંતરાય આપી અશાતનાનું પાપ બાંધે.

# પંખી પુરાયું છે પીંજરામાં

**આ** જગતમાં જેટલાં પણ જીવ જન્મે છે તેમનું જીવન નક્કી હોય છે કે એ એમાં ફેરફાર કરી શકે છે ? તમારૂં સંસારમાં રહેવાનું ફીક્સ છે એટલે સંયમનાં માર્ગે આવતા નથી કે તમારા પુરુષાર્થમાં કચાશ છે ?

કરૂણા, દયા, પ્રેમ, ક્ષમા અને મૈત્રીના સંસ્કાર, ધર્મની અનૂકૂળતાવાળા પરિવારમાં જન્મ, આત્મતત્ત્વની ઓળખ કરાવનાર સત્પુરુષનો સંયોગ પછી પણ જો સંસારના આકર્ષણ, રાગ-દ્વેષ અને મોહમાયાથી ભરેલા વ્યવહારમાં અટકી ગયાં તો મૃત્યુ પછી શું ? ફરી આ બધાં સંયોગો ક્યારે મળશે ?

જો આ જન્મમાં આત્માને સુધારવાની તક મળ્યાં પછી પણ સુધરવાનો પુરુષાર્થ ન કર્યો તો પછી આવો યોગ ક્યારે મળશે તેનો કોઈ ભરોસો નથી. !

રતિલાલ ઊંડા વિચારોમાં ખોવાઈ ગયાં છે. વિચારે છે, હું શું કરૂં ? મારા પાસે કાલનો ભરોસો નથી અને મારા માતા-પિતા મને રોકી રહ્યાં છે. મારા આત્મ કલ્યાણના માર્ગ પર અંતરાય રૂપ બની રહ્યાં છે. હું શું કરૂં ? હું ક્યાં સુધી મારા જીવન માટે અન્ય જીવોનો ભોગ લેતો રહીશ ? ક્યાં સુધી હું બધાંને હેરાન-પરેશાન કરતો રહીશ ? મારો જન્મ તો થયો છે આત્માની

પ્રાપ્તિ માટે..!! સ્વયં શાંત થવા અને અન્યને શાંતિ આપવા માટે..!

અને એક દિવસ જાણે ભવિષ્યનો નિર્દેશ કરતાં હોય તેમ પોતાના નાનકડાં હાથમાં ટેટુ દ્વારા લખાવ્યું..**''શાંતિદાતા''** અને ગયાં **'મા'** પાસે..!!

રતિલાલ: મા, મા! જો હું કોણ છું? હું **''શાંતિદાતા''** છું. મારો જન્મ સંસારના સુખ ભોગવવા માટે નથી થયો, મારો જન્મ તો સ્વયં શાંતિ અને સમાધિ પામી અન્યને શાંતિ પમાડવા માટે થયો છે. મા! તું મને પ્રેમથી રજા આપ. મા! તું મને પ્રેમથી રજા આપે તો શ્રેષ્ઠ છે. બાકી અત્યારે તો હું બહારથી ભલે જીવી રહ્યો છું પણ અંદરથી તો પળે પળે મરી રહ્યો છું.

જે આત્માને પોતાના આત્મા પ્રત્યે ભાવ જાગે છે, આત્મા પ્રત્યે પ્રેમ થઈ જાય છે, તેને જ આત્માની સંભાળ લેવાનું મન થાય છે, આત્માનું હિત કરવાની ઈચ્છા થાય છે, અને તે જ આત્માનું કલ્યાણ કરવા તત્પર થાય છે.

રતિલાલ **'મા'** ને જુદી જુદી રીતે સમજાવવાના પ્રયત્ન કરે છે એક દિવસ અચાનક કહે છે:

**રતિલાલ:** મા! માનો કે, આપણે બધાં ઘરમાં અહીં બેઠા હોઈએ અને અચાનક એક ખૂણામાં આગ લાગે અને એ આગ ધીમે ધીમે ફેલાતી હોય તો તું શું કરીશ?

**મા:** ફટાફટ જેટલી મૂલ્યવાન વસ્તુઓ છે તેને ભેગી કરી બધાં ઘરની બહાર નીકળી જઈશું. કિંમતી વસ્તુઓને બચાવી લઈશું.

**રતિલાલ:** મા! સમજી લે, મૃત્યુ રૂપી આગ તો લાગી જ ગઈ છે. એ આગ ધીમે ધીમે આગળ વધી રહી છે. મારી નજીક આવી રહી છે અને મારે મારી અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ એવા મારા આત્માને બચાવવો છે.

મા વિચારમાં પડી જાય છે, વાત તો સાચી છે, પણ પુત્ર પ્રત્યેનો

રાગ હજુ છૂટતો નથી.

ફરી એક દિવસ રતિલાલ **'મા'** ને કહે છે :

**રતિલાલ :** મા ! મુક્ત ગગનના પંખી પોપટને સોનાનું પીંજરુ અને ભાવતા ભોજન મળતાં હોય તો પણ એને પીંજરામાં રહેવું ગમે કે મુક્ત ગગનમાં ઉડવું ?

**મા :** બેટા, મુક્તિ કોને વ્હાલી ન હોય ? બધાં જીવને પોતાની સ્વતંત્રતાની ઝંખના તો હોય જ ને... ! ! !

રતિલાલે પોપટના દ્રષ્ટાંત સાથે પોતાની સ્વતંત્રતાની વાત કરી દીધી અને મનોમન વિચાર્યુ, મને એમ હતું કે, થોડા દિવસ રહીશ એટલે માતા-પિતાને સંતોષ થઈ જશે, પણ એમને તો સંતોષ થતો નથી અને હવે મારો જીવ અહીંયા મુંઝાય છે... એ લોકો માનતા નથી. મારી વાત સમજતા નથી અને સાંભળતા પણ નથી. શું કરવું ? ?

...અને એક દિવસ વહેલી સવારે ચૂપચાપ કોઈને કહ્યાં વિના કોઈને ખબર પણ ન પડે તેમ ભાગી ગયાં અને ભાગીને સીધાં જ્યાં પ્રાણ પ્યારા ગુરુ પ્રાણ બિરાજતા હતાં ત્યાં પહોંચી ગયાં.

**'જેને સંસાર પીંજરા જેવો લાગે એ પંખી ઉડ્યાં વિના રહે ? ?'**

**'જેને પોતાના આત્મા સાથે, ગુરુ પરમાત્મા સાથે પ્રેમ થઈ જાય તેને સંસારમાં કોઈ અટકાવી શકે ?'**

પીંજરામાં પુરાયેલું પંખી આઝાદ થઈ ગયું. રતિલાલે સ્વયંની સ્વતંત્રતા માટે સ્વયં જ માર્ગ કાઢી લીધો.

જેમ મુક્ત ગગનમાં ઉડવા મળતાં, પંખી ખુશ ખુશ થઈ જાય તેમ રતિલાલ ગુરુશરણ મળતાં પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં.

# આત્મ આક્રંદ

રતિલાલ ગુરુના સાંનિધ્યમાં સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ આદિ આગમ શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યાં.

**જે સાધક હોય તેનો પ્રાણ સ્વાધ્યાય હોય.**

જેને આગમ ન આવડે તે ક્યારેય આગમના માર્ગ પર આગળ વધી ન શકે. ભૌતિક જગતનું ગમે તેટલું આવડતું હોય, ગમે તેટલી કુશળતા હોય પણ પરમાત્માના શાસ્ત્રોના અભ્યાસ વિના આધ્યાત્મના માર્ગે ક્યારેય પ્રગતિ ન કરી શકાય.

રતિલાલને પણ આગમ અભ્યાસની લગની લાગી છે. આત્માને જાણવાની તાલાવેલી લાગી છે. એ તો નથી કોઈ સાથે બોલતા કે નથી કોઈને મળતાં... આખો દિવસ દિવાલ તરફ મુખ રાખીને વાંચન અને ચિંતન..!!

રતિલાલની જ્ઞાન અભ્યાસની ધગશમાં ગુરુપ્રાણને એમની યોગ્યતાના દર્શન થાય છે.

એક દિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરતાં કરતાં રતિલાલની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગે છે. એમનાં વાંચવામાં એક વાક્ય આવ્યું, ભગવાન મહાવીર ગૌતમને કહે છે, **'समयं गोयम मा पमायए ।'** હે

ગૌતમ ! તું એક ક્ષણનો પણ પ્રમાદ ન કરતો. સાધક માટે એક પળ પણ સંસારમાં રહેવું યોગ્ય નથી. સાધકે એક ક્ષણ પણ સંસારમાં ગુમાવવી ન જોઈએ.'

રતિલાલનું હૃદય હચમચી જાય છે. હું શા માટે હજુ સુધી સંસારમાં છું ? શા માટે સંસારમાં મારો સમય ગુમાવી રહ્યો છું ? હું શા માટે મારી એક એક ક્ષણને વેડફી રહ્યો છું ? મારા ગુરુ મારો સ્વીકાર કેમ નથી કરતાં ?

**ગુરુનાં સાંનિધ્યમાં આવ્યા પછી જેને સંયમનો ભાવ ન જાગે તે ગુરુના રાગી હોય, વૈરાગી ન હોય.**

**ગુરુનાં સાંનિધ્યમાં આવ્યા પછી આત્મકલ્યાણના ભાવ ન જાગે તે ગુરુના આત્માના રાગી ન હોય. જે ગુરુના આત્માના રાગી હોય તે શિષ્ય ગુરુ સંયમના માર્ગે હોય અને પોતે સંસારમાં રહી જ કેવી રીતે શકે ?**

જેનો અંતર આત્મા જન્મો જનમથી જાગૃત થતો આવે છે, પોલીશ થતો આવે છે તે જ વીંટીમાં મઢવા લાયક બને છે. ગુરુપ્રાણની પારખુ નજરે પારખી લીધું કે આ કોલસાની ખાણમાં રહેલો ડાયમન્ડ છે અને ગુરુ પ્રાણ તેને તરાસવાનું શરૂ કરે છે, એની પાત્રતાને વિકસાવવાનું શરૂ કરે છે. જ્યારે રતિલાલની આંખોમાં આંસુ અને આત્મ આક્રંદ જુએ છે ત્યારે સમજી જાય છે કે આ યોગ્ય પાત્ર છે.

**ગુરુ જ્યાં સુધી યોગ્યતા અને પાત્રતા ન જુએ ત્યાં સુધી પોતાની પાસે રાખે પણ પ્રવર્જિત ન કરે.**

ગુરુ પોતાના યોગ્ય શિષ્યને પ્રવર્જિત કર્યા વિના રહે જ નહીં, સંયમના માર્ગ પર લાવ્યા વગર રહે જ નહીં. કેમકે, ગુરુનો શ્વાસ પણ સંયમ હોય, તે પોતાના શિષ્યને શ્વાસ આપે કે માત્ર વિશ્વાસ આપે ?

રતિલાલની પાત્રતા જોઈ ગુરુ પ્રાણ એમને માતા-પિતાની આજ્ઞા

લઈ આવવાનું કહે છે, જા ! તું તારા માતા-પિતાની આજ્ઞા લઈ આવ, હું તારો સ્વીકાર કરવા તૈયાર છું. તું સંયમના માર્ગે જવા પાત્રવાન છે.

રતિલાલનો આત્મા જે આક્રંદ કરી રહ્યો હતો તે આનંદિત થઈ ગયો. તેના રોમ રોમ પુલકિત થઈ ગયાં. તેનું મન, તેનું ચિત્ત, તેનો આત્મા પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં. રતિલાલ ગુરુદેવને વંદના કરે છે અને કહે છે, ગુરુદેવ ! હું હમણાં જ વાવડી જાઉં છું અને હમણાં જ માતા-પિતાની આજ્ઞા લઈને આવું છું. આજ્ઞા પત્ર પર બંનેની સહી લઈને આવું છું.

... અને રતિલાલ ઉડન ખટોલાની જેમ વાવડી જવા દોટ મૂકે છે. એક જ ભાવ.. જલ્દી આજ્ઞા લઈ આવું અને જલ્દી મારા ગુરુ મારો સ્વીકાર કરે.. હું એમના શરણમાં સમાઈ જાઉં... ! ! !

# યા સંયમ યા સંથારો !

રતિલાલ ઘરે આવે છે. માતા-પિતાને આજ્ઞા આપવા વિનંતી કરે છે. માતા-પિતા માનતા નથી. રતિલાલને યાદ આવે છે ગુરુપ્રાણના શબ્દો... !

**જ્યારે કાર્ય સિધ્ધ ન થતું હોય ત્યારે સંકલ્પ કરવો. સંકલ્પ કરવાથી સર્વ કાર્ય સિધ્ધ થઈ જાય છે.**

રતિલાલે ગુરુ પ્રાણ સાથે મનોમન સંકલ્પ કરી લીધો.

**યા સંયમ યા સંથારો.. ! !**

બધી જ પ્રવૃતિઓ બંધ કરી એક સ્થાને બેસી ગયાં. ન ખાવું,ન પીવું, ન કોઈની સાથે બોલવું, ન ચાલવું... આંખ બંધ કરી ચુપચાપ બેસી ગયાં.

એક દિવસ પૂરો થઈ ગયો. બીજા દિવસે બપોરે પિતા માધવજીભાઈ આવ્યાં, એમણે રતિલાલને જોરથી એક થપ્પડ મારી ગુસ્સાથી બોલ્યાં, આ બધું શું છે ? તારા આવા કોઈ નાટક અમારી પાસે ચાલશે નહીં... અમે તને આજ્ઞા આપવાના નથી. તારામાં દીક્ષા લેવાના કોઈ લક્ષણ દેખાતા નથી.

રતિલાલ પિતાના ગુસ્સાથી ન ડર્યા... ન ડગ્યાં. પણ એક અડગ આત્મવિશ્વાસ સાથે પિતાને કહે છે :

**રતિલાલ :** પિતાજી, તમે જેને મારો છો તે હું નથી અને હું જે છું તેને તમે મારી શકતાં જ નથી. પિતાજી ! આમ પણ હું દિલથી તો તમારો છું જ નહીં તો આ

દેહ ઉપર મોહ રાખી શા માટે મિથ્યા ભ્રમમાં રહો છો ?

પિતાજીને કોઈ અસર થતી નથી. એ ગુસ્સામાં જ ત્યાંથી ચાલ્યા જાય છે. આમ ને આમ ત્રણ દિવસ પૂરા થઈ જાય છે. અઠ્ઠમ તપ પૂરો થાય છે. સંકલ્પને સિધ્ધ કરવામાં અઠ્ઠમ તપની આરાધના સહાયરૂપ બને છે. તપમાં અંતરાયને દૂર કરવાની બહુ મોટી તાકાત હોય છે.

ચોથ દિવસે સવારે માધવજીભાઈ ગામના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈને બોલાવી લાવે છે અને કહે છે, મારો દીકરો દીક્ષા લેવાની જીદ લઈને બેઠો છે, આ કાંઈ ત્યાં રહે તેવું લાગતું નથી. પણ જો ગુરુ મહારાજ અભિપ્રાય આપે કે એને અમે સાચવીશું, સંભાળીશું અને એ દીક્ષા માટે યોગ્ય છે તો હું દીક્ષા માટે આજ્ઞા આપવા તૈયાર છું.

જ્યાં રતિલાલે આ શબ્દો સાંભળ્યાં, તેના સાડા ત્રણ કરોડ રોમરાય ખુશીથી ઝૂમી ઉઠ્યાં અને એ ગયા સીધા ગુરુપ્રાણ પાસે... ગુરુપ્રાણને વાત કરી... ગુરુપ્રાણે અભિપ્રાય લખી આપ્યો, ‘રતિલાલ દીક્ષા માટે યોગ્ય છે, પાત્રવાન જીવ છે અને શાસનની સાથે રૈયાણી પરિવારનું નામ પણ રોશન કરશે.’

રતિલાલે ગુરુનો અભિપ્રાય પિતા સમક્ષ રજુ કર્યો, પિતાએ વાંચ્યો અને કહ્યું ઠીક છે, લાવ પેપર અને પેન... હું તારી દીક્ષાના પેપર પર સહી કરવા તૈયાર છું.

પિતાની આજ્ઞા મળી ગયા પછી રતિલાલ માતાની આજ્ઞા લેવા જાય છે.

**રતિલાલ :** મા, મા !

મા સાંભળે છે પણ જવાબ દેતા નથી. રતિલાલ બીજીવાર, ત્રીજી વાર બૂમ મારે છે, મા ધીમે ધીમે પુત્ર તરફ મોઢું ફેરવે છે. આજે મા ને દીકરાનું કઈક અલગ જ રૂપ દેખાય છે, ગઈકાલ સુધી જેને જોઈને મમતા અને વાત્સલ્ય ઉભરાતાં હતાં, આજે એને જોઈને અલગ પ્રકારનાં સ્પંદન અનુભવાય છે. મા

થી નથી રહેવાતું, નથી સહેવાતું...

રતિલાલ ફરી બોલાવે છે, મા... મા... !!

મા સામું જુએ છે.

**રતિલાલ:** મા, તું મારૂં અલ્પ સમયનું હિત ચાહે છે કે દીર્ઘ કાલનું ? તું સિર્ફ મારા શરીરનું હિત ચાહે છે કે મારા આત્માનું પણ હિત ચાહે છે ? તું મને આ જન્મમાં જ સુખી જોવા ઈચ્છે કે કોઈપણ જન્મમાં દુ:ખી ન થાઉં તેવું ઈચ્છે છે ? મા મૌન છે.

**રતિલાલ:** મા ! મને જવાબ જોઈએ છે

**મા:** બેટા, શું જવાબ આપું ? મારૂં મન કહે છે તું મારૂં સંતાન છે, મારો દીકરો છે, પણ મારા આત્મામાંથી અવાજ આવે છે, તું મા નો પુત્ર નહીં પરમાત્માનો પુત્ર છે.

**રતિલાલ:** મા, હું એ માર્ગ પર જઈ રહ્યો છું. જ્યાં સંસારના કોઈ દુ:ખ કે કષ્ટ ન હોય, જ્યાં રાગ-દ્વેષ ન હોય, જ્યાં કોઈ વેદના કે પીડા ન હોય, જ્યાં કોઈ અશાંતિ ન હોય, મા! શું હું તારી પાસે સુખમાં રહું એ તું ઈચ્છે છે કે હું પરમાત્મા પાસે પરમ સુખમાં રહું એવું ઈચ્છે છે ? મા પુત્રની દલીલને સમજે છે પણ મમતાને કારણે હા કહી શકતી નથી.મૌન થઈ જાય છે.

**રતિલાલ:** મા, મને ખબર છે, મારા પ્રત્યેનો રાગ અને મોહ જ તને આજ્ઞા આપતા અટકાવે છે, પણ મા ! મને એક વાત કહે, શું તું ગયા જન્મમાં મારી સાથે હતી અને આગલા જન્મમાં મારી સાથે હોઈશ ?

મા ના ચહેરા પર નથી 'હા' કે નથી 'ના'.

મા સૂનમૂન થઈ ગઈ છે.

**રતિલાલ:** મા, મને એવું થાય છે કે મારા ગુરુ મારી સાથે જન્મ જન્મથી છે. એમનું અને મારૂં જન્મો જન્મનું કનેક્શન છે. એમને જોઈને મારા હૃદયમાં કંઈક અલગ જ ભાવ આવે છે. કંઈક અલગ જ શાંતિ મળે છે અને મા ! મને એમના દેહની આકૃતિ

નહીં પણ એમનો દિવ્ય આત્મા એમના તરફ ખેંચે છે, જાણે મને કહે છે,

**''હે વત્સ ! આવ... મારી પાસે આવ. તું અને હું એક સમાન છીએ.''**

મા ! મને એ દિવ્ય ચેતનાને પામવી છે, દિવ્ય ચેતનાને અનુભવવી છે, એ દિવ્ય ચેતનામય સ્વરૂપના સાંનિધ્યમાં જીવવું છે, જ્યાં મને પરમ સમાધિનો અનુભવ થાય છે. મા! મને આજ્ઞા આપો..!! મા પાસે જવાબ નથી. મા એકીટશે નાના પુત્રની મોટી મોટી વાતોને સાંભળી રહી છે.

**રતિલાલ:** મા! તે મારા આ શરીરને જન્મ આપ્યો છે, એટલે કદાચ મારા શરીર પર તારો અધિકાર રાખી શકે પણ મારો આત્મા તો સ્વતંત્ર થવાની તૈયારીમાં છે. અનંતકાળથી સ્વતંત્ર થવાની દિશામાં છે.

મા ! તું મારા શરીરને રોકી શકીશ પણ મારા આત્માને નહીં રોકી શકે અને આ શરીરને પણ ક્યાં સુધી રોકી શકીશ ? એક દિવસ તો હું એને છોડવાનો જ છું. નહીં... મા... તું મને રોકી નહીં શકે, મા ! મને વિશ્વાસ છે તું મા છે અને સંતાનનું હિત ઈચ્છનારી છે. મા ! યાદ છે તને, તું કહેતી હતી, હું જ્યારે ગર્ભમાં હતો ત્યારે તને ધર્મની ઉત્કૃષ્ટ ભાવના થતી હતી. ધર્મ કરવાનું મન થતું હતું..મા ! આ જ તો કુદરતનો સંકેત છે.

મા ! તેં તો અશાશ્વત એવા શરીરનો જન્મ કરાવ્યો છે. જ્યારે મારા ગુરુએ તો મારા આત્માનો જન્મ કરાવ્યો છે. મા ! શું તું મને આત્મહિતના માર્ગે જતાં રોકીશ ? શું તું મને પરમાત્માના પંથે જતાં રોકીશ ? શું તું મને સિધ્ધત્વની યાત્રામાં અંતરાય આપીશ ? અને... પરમ પ્રાપ્તિની પ્યાસી આત્માને એક મા જ્યારે સાંભળે છે... પરમ પ્રાપ્તિના યાત્રિકની એ તડપ, એ તરસ, એ વ્યથા, એ વેદના અને એ વ્યાકુળતા માના હૃદયને પીગળાવી દે છે... પુત્રની આંખોમાંથી વહેતા આંસુ... જોડાયેલા હાથ અને દિવ્ય ચહેરો... વિનંતીની મુદ્રા અને પ્રાર્થના સભર ભાવોથી મા ની સામે જોઈ રહેલા

રતિલાલ.! મા ધીમે ધીમે નજીક આવે છે રતિલાલના હૃદયમાં અકથ્ય અનુભૂતિ થઈ રહી છે. મા **'હા'** કહેશે કે **'ના'** પાડશે ?

એક તરફ **'મા'** માં મા દેખાય છે અને અવાજ સંભળાય છે, ના... બેટા ! હું તને નહીં જવા દઉં, હું તને મારાથી અલગ નહીં થવા દઉં. તો બીજી તરફ **'મા'** માં પરમાત્મા દેખાય છે અને સંભળાય છે, બેટા ! તારા ભાવ શ્રેષ્ઠ છે, જા મારા આશીર્વાદ છે, સત્યના માર્ગે આગળ વધ અને તારી મંઝીલ સુધી પહોંચી જા..! હજુ તો બે પ્રકારના અવાજ હૃદય સુધી પહોંચે ત્યાં તો મસ્તક ઉપર હાથ મૂકાયો... એ માત્ર હાથ ન હતો, પ્રેમનો વહેતો ધોધ હતો.

**મા :** બેટા, તું પરમના માર્ગનો પથિક છે, તારો વૈરાગ્યભાવ પણ શ્રેષ્ઠ છે અને મને ગૌરવ છે કે તું મારૂં સંતાન છે. મારા આર્શીવાદ છે તું જગતના જીવોનું હિત અને શ્રેય કર.. તું તારા આત્માનું કલ્યાણ કર..!!

હું તને સંયમના માર્ગે જવાની આજ્ઞા આપું છું પણ...

પહાડ જેવો **'પણ'** શબ્દ સાંભળી રતિલાલનું હૃદય એક ધબકાર ચૂકી ગયું... ધ્રુજતા અવાજે પૂછે છે, મા ! પણ... શું ? ?



**મા :** બેટા મારી એક શરત છે , મારા અંત સમયે તું મારી પાસે આવજે , મને ધર્મ પમાડજે , મારી બહારની આંખો જ્યારે બંધ થતી હોય ત્યારે તું મારી અંદરની આંખ ખોલી દેજે , જેથી આવતા ભવે હું પણ પરમના માર્ગે જઈ શકું.

રતિલાલ વિચારવા લાગ્યાં, શું હું માની શર્ત પૂરી કરી શકીશ ? એ અંતરના ઉંડાણમાં ગયા... ધ્યાનમાં ચાલ્યા ગયા અને ધ્યાનમાં... એમના વિઝનમાં દેખાવા લાગ્યું કે એ એમની માને અંત સમયે અંતિમ આરાધના કરાવી રહ્યાં છે, મા ના મૃત્યુને સુધારી રહ્યાં છે. બીજી જ ક્ષણે રતિલાલે ભાવથી મા ને કહ્યું, મા ! તારી ભાવના ને પૂર્ણ કરવાની મારી તૈયારી છે. હું જરૂર તારી ભાવના પૂરી કરીશ.

મા આજ્ઞા પત્ર પર સહી કરી અંતરથી આશીર્વાદ આપે છે.

# પ્રસન્નતાની પાવન પળો

રતિલાલનું હૃદય હર્ષિત થઈ જાય છે. તેના રોમ રોમ પુલકિત થઈ જાય છે, તેની આંખોમાં **'મા'** પ્રત્યે અહોભાવ પ્રગટ થઈ જાય છે. એ એક શબ્દ પણ બોલી નથી શકતાં પણ ભાવો આંસુ બનીને વહેવા લાગે છે. તેનું શરીર મા ના ચરણોમાં ઝૂકી જાય છે, તેના હૃદયમાં મા પ્રત્યે આભાર ભાવ અને કૃતજ્ઞ ભાવ પ્રગટવા લાગે છે. **'મા'** માં તેને પરમાત્માનો અંશ અનુભવાય છે. ગદ્‌ગદ્દીત હૃદયે માત્ર એટલું જ કહે છે: **મા ! આજે મને સંયમના માર્ગે જવાની આજ્ઞા આપીને તે અનંતકાળની અંતરાયોનો ક્ષય કરી દીધો છે, મા ! તારા જેવી માતાને પામી હું ધન્ય બની ગયો છું.**

રતિલાલ આજ્ઞા પત્ર લઈ સીધા જાય છે ગુરુ પ્રાણ પાસે..!!

ગુરુદેવ ! ગુરુદેવ ! જુઓ ! હું આજ્ઞા પત્ર લઈ આવ્યો છું. ગુરુદેવ ! આમાં મારા માતા-પિતા બંનેની સંમતિ છે. ગુરુદેવ ! બસ ! હવે મારો જલ્દી સ્વીકાર કરો.. મને જલ્દી દીક્ષાના દાન આપો..!! ગુરુપ્રાણે આજ્ઞા પત્ર સ્વીકાર્યો અને એમનાં હૃદયમાં પરમ સંતોષ, પરમ આનંદ અને પરમ ઉલ્લાસ વ્યાપી ગયો. આજ મારો વારસદાર.. જિન શાસન અને ગુરુપ્રાણના પરિવારને વધારનારો આવી ગયો છે, મને સંતોષ છે.

**ગુરુના ચહેરા પર પ્રસન્નતા,**

**શિષ્યના ચહેરા પર આનંદ. !**

**ગુરુની આંખોમાં ભવિષ્યનું દર્શન, શિષ્યની આંખોમાં ગુરુનું દર્શન !**

બીજે જ દિવસે ગુરુ પ્રાણ વિહાર કરીને બીલખા જાય છે. બીલખા સંઘના પદાધિકારીને કહે છે, રતિલાલ જેવા પાત્રવાન જીવ જિન શાસનની શોભા બનવા જાય છે ત્યારે અમારા ભાવ છે કે એમની દીક્ષાનો અપૂર્વ અવસર બીલખા સંઘના આંગણે ઉજવાય. આજ સુધી એ એના માતા-પિતાની સંપતિ હતી, આજ એ માતા-પિતાએ એમની સંપતિ, એમના સંતાનને શાસનને અર્પણ કરી દીધાં છે.

સોરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણના સાંનિધ્યમાં ભગવતી દીક્ષાનો અપૂર્વ અવસર બીલખાના આંગણે.!! બીલખા સંઘ ભાવવિભોર થઈ ગયો અને ગુરુની આજ્ઞા શિરોમાન્ય કરી દીક્ષાની તૈયારીમાં લાગી ગયો. બીલખાના એક એક ઘરમાં આનંદ આનંદ છવાયો છે. હર એક વ્યક્તિ ભાવ, ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક યુવા રતિલાલની દીક્ષાની તૈયારીમાં જોડાઈ ગઈ છે. જેમનું નામ ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત થવાનું છે એવા ભવ્ય આત્માની દિક્ષાનું સૌભાગ્ય બીલખા સંઘને મળ્યું તો ખરું પણ... એ સૌભાગ્ય... એ આનંદ... એ ઉમંગ... બીલખા સંઘના સદ્ભાગ્યમાં ન હતાં. દીક્ષા મહોત્સવની તડામાર તૈયારીની વચ્ચે જૂનાગઢ સંઘના પદાધિકારીઓ ગુરુ પ્રાણ પાસે એક નાનકડો પત્ર લઈને આવ્યાં. પત્ર ગુરુ પ્રાણના હાથમાં આપ્યો. પત્રમાં લખ્યું હતું...

ગુરુદેવ ! આપના ચરણોમાં વંદન... આપશ્રીને જણાવવાનું કે મારૂં આરોગ્ય સારૂં નથી. મારું સ્વાસ્થ્ય સારૂં નથી અને મારા શરીરનું, મારી તબિયતનું કોઈ ઠેકાણું નથી. તમારો ચેલો થતો હોય અને એની દીક્ષા હું ન

જોઉં એ કેમ ચાલે ?

પત્રમાં નીચે લખ્યું હતું, મણીબાઈ મહાસતીજી.. !

ગુરુ પ્રાણે પત્ર વાંચીને જૂનાગઢ સંઘને કહી દીધું, રતિલાલની દીક્ષા માટે અમે જૂનાગઢ સંઘની ભાવના સ્વીકારશું. પૂ. શ્રી મણીબાઈ મ. ની ઈચ્છા છે તો અમે દીક્ષા જૂનાગઢમાં આપીશું.

ગુરુપ્રાણ, મુમુક્ષુ રતિલાલ આદિ બીલખાથી વિહાર કરી ભગવાન નેમનાથની ભૂમિ જૂનાગઢ પધારે છે. જૂનાગઢની ભૂમિ પોઝીટીવ વાઈબ્રેશનસ્થી પાવન થઈ જાય છે. સમસ્ત વાતાવરણમાં એક અલગ પ્રકારનો આનંદ, અલગ પ્રકારની પ્રસન્નતા છે, સૌના હૃદયમાં ઉમંગ અને ઉત્સાહ છે. દીક્ષા એક પિતાનો પુત્ર લઈ રહ્યો છે અને એ પણ જૂનાગઢનો ન હતો, છતાં હર એક વ્યક્તિને એમ લાગતું હતું જાણે અમારા ઘરમાં દીક્ષા ઉત્સવ છે અને અમારો જ દીકરો દીક્ષા લઈ રહ્યો છે.

આ તો હતી જૂનાગઢના જૈનોની ખુશી... પણ આ દીક્ષાથી રતિલાલને વધારે ખુશી હતી કે ગુરુ પ્રાણને વધારે ખુશી હતી ?

શું ગુરુ પ્રાણને શિષ્ય મળવાની ખુશી હતી ?

ગુરુ પ્રાણને આનંદ હતો કે, એક આત્મા, એક ભવ્ય આત્મા કલ્યાણના માર્ગે આવી રહ્યો છે. એક એવો આત્મા જે જન્મથી જ શરીર પર વિશેષ પ્રકારના ચિન્હ અને વિશેષ પ્રકારની દેહાકૃતિ લઈને આવ્યો છે, જેનું મસ્તક મંદિરાકારનું છે, જે સૂચવે છે કે આ કોઈ ભવિષ્યના સિધ્ધ પુરુષ બનવાની ક્ષમતા ધરાવે છે, અને એવો આત્મા આજે સંયમના માર્ગે આવી રહ્યો છે એનો આનંદ ગુરુ પ્રાણના રોમ રોમમાં વ્યાપી રહ્યો છે.

જ્યારે એક મહાન આત્મા સંયમના માર્ગે આવે છે, પરમના માર્ગે આવે છે ત્યારે અનેક આત્માઓનું કલ્યાણ થાય છે, અનેક જીવોના જીવનમાં

જબરદસ્ત પરિવર્તન આવે છે. અનેકની લાઈફમાં યુ-ટર્ન આવે છે. માનો કે, આજે રતિલાલે દીક્ષા ન લીધી હોત, સંયમના પંથે ન આવ્યા હોત અને એમના અન્ય ભાઈ બહેનોની જેમ સંસાર માં રહ્યાં હોત તો... ? ? તો આજે એમની નોંધ કોઈએ ન લીધી હોત.

પણ એ પરમાત્માના માર્ગે આવ્યા, ૧૪૫ આત્માઓના ઉધ્ધારક બન્યાં, હજારોની લાઈફમાં યુ-ટર્ન આવ્યો એટલે આજે એમનું નામ ઈતિહાસના પાના પર અમર થઈ ગયું અને આજે ૧૦૦ વર્ષ પછી પણ સહુના હૃદયમાં જીવંત છે.

જીવન કોનું સાર્થક કહેવાય ?

સંસારમાં રહી ઘરની ચાર વ્યક્તિનું જીવન સુધારે તેનું કે સંયમ સ્વીકારી હજારો લોકોને મોક્ષ માર્ગની પ્રેરણા કરી મોક્ષમાર્ગી બનાવે તેનું ?

લગ્ન, બાળકો, બિઝનેસ અને સંબંધીઓ કરનારનું જીવન સાર્થક કે સંયમ, દીક્ષા, જ્ઞાન, અને શાસનની સેવા કરે તેનું ?

**એક દિપક કદાચ એક ઘરને પ્રકાશિત કરી શકે જ્યારે એક દિવાકર સમસ્ત વિશ્વને પ્રકાશિત કરી શકે.**

તમે તમારા સંતાનને દીપક રૂપે જોવા ચાહો છો કે દિવાકર રૂપે ?

સ્વાર્થભર્યું જીવન જીવવાવાળા તો લાખો  હોય છે પણ પરમાર્થ ભર્યું જીવન જીવવાવાળા એ લાખોમાં એકાદ હોય છે.

# પરમાત્મા નેમનાથની પાવન સાધના ભૂમિ તપસમ્રાટ ગુરુદેવની સંયમ ભૂમિ ધન્ય ગીરનારની પાવન રજ ધન્ય જુનાગઢ નગરી

તીર્થંકર પરમાત્મા નેમનાથની પાવન ભૂમિ, સેંકડો વર્ષો પછી પણ જે ભૂમિના વાઈબ્રેશન્સ્ તીર્થંકરની પ્રત્યક્ષતાની અનૂભૂતી કરાવી રહ્યાં છે, એ જૂનાગઢની પાવન ભૂમિ પર, એ જ તળેટીની સ્કૂલના પ્રાંગણમાં વિશાળ સામિયાણો શોભી રહ્યો છે.

જે છોડવાનું જ છે એને પકડવાનો મિથ્યા ભ્રમ તે સંસાર છે અને જે શાશ્વત છે તેને પામવાનો પુરુષાર્થ એ સંયમ છે.

રતિલાલના હૃદયમાં પણ 'સ્વ ને પામવા સંયમના ભાવ જાગૃત થયા હતાં. અને આજે એ જાગૃત થયેલાં ભાવોને સાકાર કરવાની ક્ષણ આવી ગઈ હતી.

બહુ જ નાનપણથી તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા. થી પ્રાપ્ત ચીનગારીથી અને ગુરુપ્રાણના પ્રથમ દર્શનથી જ રતિલાલના હૃદયમાં સંયમ પ્રતિ, સ્વ પ્રતિ, જ્ઞાન પ્રતિ અને આત્મા પ્રતિ એક અનન્ય ભાવ જાગૃત થયા હતાં. એ ભાવ દિન પ્રતિદિન દ્રઢ થતાં હતાં અને પોતાના સંકલ્પની સફરમાં આવતાં અનેક સંઘર્ષો અને સંકટોને સમતાભાવે સહન કરતાં કરતાં આજે સંકલ્પ સાકારની નીસરણી પર ઉભા છે, વિરોધ અને વિપત્તિની આગમાં સેકાઈને શુધ્ધ સોના સમ ચમકી રહ્યાં છે... જન્મ જન્મના સાથીને પામવાનો એ દિવસ... ઈ.સ.૧૯૩૩, ૧૬મી માર્ચનો એ દિવસ ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે.

જૂનાગઢના રામચંદ્ર આશ્રમમાં એક ભવ્ય અને દિવ્ય બગીમાં વર્ષીદાન કરતાં રતિલાલ પ્રસન્ન ચિત્તે સહુનું અભિવાદન ઝીલી રહ્યાં છે.

ગુરુપ્રાણ.. જે હર એક હૃદયના પ્રાણ હતાં, એમનાં સાંનિધ્યમાં આજે દીક્ષા મહોત્સવનો આનંદ હર એક દિલમાં વર્તાઈ રહ્યો છે. વાવડી, વેરાવળ, સાવરકુંડલા, વિસાવદર, ઉના, સરસઇ, રાજકોટ, જેતપુર, ગોંડલ, જામનગર, ધારી, બગસરા, મુંબઈ આદિ ગામે ગામથી ભાવિકો અને સંઘો પધાર્યા છે.

જૂનાગઢની શેરીઓને જય જયના નાદથી ગુંજવતી બગી અને વિશાળ સમુદાય સાથેની દીક્ષા શોભાયાત્રા આશ્રમથી ગિરનારની તળેટીમાં આવેલી સ્કુલના પ્રાંગણમાં, વિશાળ પટાંગણમાં **'દીક્ષાર્થી અમર રહો'** ના જયનાદ સાથે પધારે છે, ત્યારે એક અનુપમ દ્રશ્ય સર્જાય છે.

એક તરફ રતિલાલ દીક્ષાર્થીના ભવ્ય વેશમાં હાથમાં ચાંદીના શ્રીફળ સાથે, આંખોમાં સંકલ્પ સાકારના ભાવો સાથે, હૃદયમાં પોતાનાં પૂજ્ય અને તારણહારને પામવાનાં ઉમંગ સાથે, તેજસ્વી મુખમુદ્રા સાથે ઊભા છે તો બીજી તરફ આંખોમાં આત્મસંતોષ અને હૃદયમાં આવકારનાં ઉમળકા સાથે ગુરુપ્રાણ ઊભા છે. ગુરુપ્રાણના ચહેરા પર આહલાદ્ક ખુશીના ભાવ છે.

જેમ એક મા ને પોતાના બાળકને આંગળી આપીને ચલાવવાનો આનંદ થાય એવો જ આનંદ એક ગુરુને પોતાના શિષ્યને આંગળી પકડી મોક્ષમાર્ગે લાવવાનો થતો હોય છે. ગુરુપ્રાણના અંતરમાં પણ આજે આવો જ આનંદ હતો.

જેમ ઉછળતાં મહાસાગરમાં ડૂબતો માણસ બચવા માટે જબરદસ્ત પુરુષાર્થ કરતો હોય, તે સમયે એક નાવિક મહા પ્રયત્ને તેને ઉગારી શકે, તેને બચાવી શકે અને પોતાની નાવમાં બેસાડી શકે ત્યારે તેને એક ડૂબતા જીવને બચાવવાનો જે સંતોષ થાય, તેવો જ આત્મ સંતોષ હતો ગુરુપ્રાણના હૃદયમાં. !

ભર દરિયાની અંદર ડૂબતા માનવીનો પોકાર સાંભળી કોઈ એને પોતાનો હાથ આપે અને એ હાથ આપી એને મહામુશ્કેલીમાંથી બહાર કાઢે અને પોતાનું શરણ આપે ત્યારે એ તારનાર, બચાવનાર પ્રત્યે જે આભારભાવ, કૃતજ્ઞભાવ હોય એવો જ આભારનો અહોભાવ હતો રતિલાલની ભક્તિભીની આંખોમાં..!!

અને સંઘ અને શ્રાવકોની આંખોમાં હતો અનેરો ઉત્સાહભર્યો ભક્તિભાવ અને ઉપકારભાવ..!! ગુરુપ્રાણ અને રતિલાલ બંને મૌન છે પણ બંનેની આંખો વાતો કરી રહી છે, એક કહે છે, આવ, વત્સ્ આવ અને એક કહે છે, ઓ ગુરુદેવ ! મારો સ્વીકાર કરો

હજારો લોકો આ નયન મિલનના મૂક સાક્ષી બન્યાં છે.

પરમની પ્રાપ્તિ, શ્રેષ્ઠતાની પ્રાપ્તિ જેને થવાની છે એના દિલના હાલ શું હોય તે તો માત્ર તે જ અનુભવી શકે, એની અભિવ્યક્તિ ક્યારેય શબ્દોમાં થઈ જ ન શકે. જેને એકવાર **'સ્વ'** ની પ્રાપ્તિ થઈ હોય તેને જ ખબર પડે કે સંયમનો આનંદ શું હોય ? સંયમની પ્રાપ્તિનો સંતોષ શું હોય ? ગુરુઆજ્ઞાના સ્વીકારનો આનંદ શું હોય ? નેમનાથ પરમાત્માની સાધના ભૂમિ, ગીરનારની તળેટીમાં માનવ મહેરામણ ઉમટ્યો છે. સૌના હૃદયમાં આનંદ અને ઉમંગ છે.

ગુરુ પ્રાણ અને દીક્ષાર્થી રતિલાલના હૃદયમાં પણ અનેરો આત્મ આનંદ અને આત્મ સંતોષ છે. ગુરુ પ્રાણના દિલમાં એક આત્મા પરમના પંથે આવી રહ્યો છે તેનો આનંદ છે.

દીક્ષાર્થી રતિલાલને શ્રેષ્ઠતાની પ્રાપ્તિનો આનંદ છે..

આનંદ.. આનંદ અને આનંદની આ ક્ષણોમાં... સ્વપ્ન સાકારની આ સોનેરી ક્ષણોમાં... દીક્ષાર્થીના ભવ્ય વેશમાં... રતિલાલ ભાવપૂર્વક વંદના કરી, સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણના આશીર્વાદ લઈ મંચ ઉપર પોતાનું સ્થાન

ગ્રહણ કરે છે. ઉપસ્થિત હજારો લોકોની દૃષ્ટિમાં એક યુવાન દીક્ષા લઈ સંયમના માર્ગે આવી રહ્યા છે, જ્યારે નિયતી જ જાણે છે કે આજે એક એવા સુવર્ણયુગનો પ્રારંભ થઈ રહ્યો છે જે તપસમ્રાટના યુગ તરીકે પ્રચલિત થશે.

ગર્જના કરતાં કેસરી સિંહ જેવું ગુરુપ્રાણનું પ્રભાવક પ્રવચન શરૂ થાય છે, જેનો આત્મા જાગૃત થાય છે તેને સંસારમાં કોઈ રોકી શકતું નથી. કોઈ અટકાવી શકતું નથી. આ દીક્ષાર્થી રતિલાલ પર પણ અનેક ઉપસર્ગો આવ્યાં, અનેક સંકટો આવ્યા. કેટલાંય લોકોએ વિરોધ કર્યો, જે આગ નાની હોય છે તે હવાની એક લહેરથી બુઝાઈ જાય છે, પણ જે આગ સક્ષમ હોય છે તે હવાના ઝોકાથી બુઝાતી નથી પણ વધુને વધુ પ્રજ્વલ્લિત થાય છે, એમ રતિલાલની વૈરાગ્યની આગ પણ સક્ષમ હતી એટલે રતિલાલની ગુરુશરણે આત્મ અર્પણ કરવાની જ્યોત વિરોધના વંટોળમાં વધારે ને વધારે પ્રજ્વલ્લિત થતી ગઈ.

**મહાપુરુષો માટે તો પ્રતિકૂળતાથી વધારે શ્રેષ્ઠ બીજી કોઈ અનુકૂળતા હોતી જ નથી.**

જેમ જેમ પ્રતિકૂળતા આવતી ગઈ, રતિલાલ પહાડની ચટ્ટાન જેમ અડગ અને મજબૂત બનતા ગયાં. આજે જ્ઞાન, સમજ, અને પ્રજ્ઞાથી મજબૂત બનેલા શિષ્યને સ્વીકારવા મારું હૃદય પણ ઉમંગથી ઉછળી રહ્યું છે.

ગુરુપ્રાણની પ્રવચનધારા વિરામ પામતા દીક્ષાર્થી રતિલાલ સંસારી જીવનનું અંતિમ પ્રવચન આપવા ઉભા થાય છે. ગુરુપ્રાણને વંદન કરી કહે છે.

# જો તમે ન મળ્યા હોત તો મારું શું થાત.. ? ?

**આ** શબ્દોથી રતિલાલનું પ્રવચન શરૂ થતાં જ સહુના કાન એમને સાંભળવા સતર્ક થઈ જાય છે.

જેમણે પોતાના જીવનમાં માતા-પિતાને પામ્યાં, તેમણે દરેક જન્મનું પુનરાવર્તન કર્યું, પણ જેમણે પોતાના જીવનમાં ગુરુને પામ્યા, તેઓ અનંત જન્મો પછી પરિવર્તનને પામ્યા. જન્મો જન્મના પુનરાવર્તન કરતાં કરતાં આજે પરિવર્તન કરાવનાર ગુરુપ્રાણને પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. મારા જેવા અજ્ઞાની, અબૂધ, તુચ્છ અને સામાન્ય માનવીનો સ્વીકાર કરી એમણે એમની ઉદારતા, વિશાળતા અને શ્રેષ્ઠતાનું દર્શન કરાવ્યું છે, એ મારા માટે અસીમ ઉપકારી છે. આવા ગુરુદેવના ચરણમાં મને મા ની મમતા અને પિતાની હુંફ મળી છે. ભાઈનો પ્રેમ અને મિત્રનો સ્નેહ મળ્યા છે. અરે ! એમણે તો મને દુનિયાના હર એક સંબંધનો અનુભવ કરાવ્યો છે એટલે આજે હું સંબંધોની એ અશાશ્વત દુનિયાને આખરી સલામ કરી, પરમ આત્મ સંબંધની આ દુનિયામાં આવી રહ્યો છું.

આ અપૂર્વ ક્ષણે આપ સર્વને મારા અનુભવથી એટલું જ કહેવા માંગુ છું, જો તમારે અનંત કાળે મળેલા આ દુર્લભ માનવભવને સફળ અને સાકાર કરવો હોય તો ગુરુચરણમાં આત્મજ્યોતિને પ્રગટાવી, પરમ જ્યોતિ સુધી

પહોંચી એ પરમ જ્યોતમાં વિલિન થઈ જજો.

**‘‘પરમતત્ત્વની પ્રાપ્તિ એ જ માનવભવનું પ્રથમ કર્તવ્ય છે.’’**

આપ સહુ પણ અમારી આ યાત્રામાં જોડાઈ પરમયાત્રાના પથિક બનો એ જ મારી અંતરની ભાવના છે.

મારા માતા-પિતા જેમણે મને જન્મ અને સંસ્કાર આપ્યા, મારી સંભાળ રાખી, મને મોટો કર્યો એમનો મારા પર અનંત ઉપકાર છે.

હે મારા ઉપકારી માતા-પિતા ! જો તમે મારો રાગ કરશો તો તમારે એક દિવસ મારો ત્યાગ કરવો પડશે, પણ જો તમે મારા આ સંસાર ત્યાગ પ્રત્યે રાગ કરશો તો આપણો આ સંસારી સંબંધ સંયમનો સંબંધ થઈ જશે. આ શરીરનો સંબંધ આત્માનો સંબંધ થઈ જશે. આત્મિક સંબંધ સાથે તમે પણ મારી આ યાત્રામાં જોડાવ એવી ભાવના સાથે આપની સાથે રહેતા રહેતા આ ઓગણીસ વર્ષમાં મારાથી કોઈ પણ પ્રકારે આપના હૃદયને દુ:ખ થયું હોય તો બે હાથ જોડી મસ્તક નમાવી માફી માંગું છું અને હું મારા ગુરુ સાથે... પરમની એ યાત્રામાં જાઉં છું જ્યાં મને ‘પરમ’ નો યોગ અને સંયોગ પ્રાપ્ત થશે.

દીક્ષાર્થી રતિલાલનું પ્રવચન પૂરું થતાં જ **‘દીક્ષાર્થીનો જય હો’** ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

મુમુક્ષુ રતિલાલ વેશ પરિવર્તન માટે જવા નીકળ્યાં.

# રતિલાલ બની ગયાં પરમયાત્રાના પથિક

**થો**ડી જ ક્ષણોમાં માથે મુંડન અને શ્વેત વસ્ત્રો સાથે દીક્ષાર્થી રતિલાલ દીક્ષા મંડપમાં પધારે છે. એના કેશને માતા શુકનવંતા લીલા કપડાંમાં ગ્રહણ કરી હૃદય સ્પર્શ કરાવતાં કહે છે, બેટા ! તારી યાદ આવશે ત્યારે તું મારી પાસે નહીં હોય. ત્યારે તારા શરીર સાથે જોડાયેલાં તારા આ વાળનો પાવન સ્પર્શ કરી તું મારી પાસે જ છે એમ મનને મનાવીશ, મારા દિલને સાંત્વના આપીશ, તારા આ કેશને હું સદાય મારા ઓશિકા નીચે રાખીશ.

શ્વેત શુભ વસ્ત્રોમાં શોભતા દીક્ષાર્થી રતિલાલના ચહેરા પર અલગ જ પ્રકારની આભા અને પ્રભા છે. લલાટ પર દિવ્ય તેજ છે. આંખોમાં અનન્ય ચમક છે.

માતા-પિતા બંને મૌનભાવે, નતમસ્તકે ગુરુપ્રાણ સમક્ષ ઉભા છે... બંનેની આંખોમાંથી અશ્રુની ધાર વહી રહી છે, પિતા વિચારે છે, આજ સુધી એ મને પિતાજી કહેતો હતો અને હું વાત્સલ્યભાવે માથે હાથ ફેરવતો હતો.. હવે ?

**'મા'** વિચારે છે, આજ સુધી એને ભાવતું ભોજન જમાડતી હતી, વ્હાલથી મોઢામાં કોળિયા મૂકી જમાડતી હતી, ખોળામાં માથુ મૂકી સુવે ત્યારે વ્હાલથી વાળમાં આંગળીઓ ફેરવતી હતી.. હવે ? ?

માતા-પિતાની મૌન સંમતિ બાદ સંઘ અને સંપ્રદાયની સંમતિ પ્રાપ્ત

થતાં ગુરુપ્રાણની નજર આતુરતાથી પ્રતિક્ષા કરી રહેલા દીક્ષાર્થી રતિલાલ તરફ જાય છે અને એમને પૂછે છે, તારી ઈચ્છા શું છે ? શું છે તારા ભાવ ?

નદી જ્યારે કોઈ વર્ષોની પ્યાસી વ્યક્તિને પૂછે કે તારે પાણી પીવું છે ? ત્યારે પ્યાસી વ્યક્તિ શું કહે ?

દીક્ષાર્થી રતિલાલ કહે છે: ગુરુદેવ! હવે મને જલ્દી સંયમના અમૃતપાન કરાવો. હવે એક પણ ક્ષણ મારાથી રહેવાતું નથી.


મારા પર કૃપા કરો... કૃપા કરો... કૃપા કરો ! મને સંયમના દાન આપી મને આપના ચરણ અને શરણમાં સ્થાન આપો.

ગુરુદેવ જ્યારે હું જ તમારો છું તો મારી ઈચ્છા શું અને મારી સંમતિ શું ? ગુરુદેવ ! આજથી આ બે આંખોના પલકારા.. જેની ઉપર મારો કંટ્રોલ નથી, એ સિવાયનું મારૂં સર્વસ્વ હું આપના ચરણોમાં અર્પણ કરૂં છું. આપ મારો સ્વીકાર કરો... સ્વીકાર કરો... સ્વીકાર કરો.. !

ગુરુપ્રાણે ક્ષેત્ર વિશુધ્ધિ કરાવી અને એક પછી એક પાઠ ભણાવતા જેવો લોગ્ગસનો પાઠ પૂરો થયો, ગુરુપ્રાણના શ્રી મુખેથી દિવ્ય બ્રહ્મધ્વની પ્રગટવા લાગ્યો, જે ધ્વનીના નાદમાં દીક્ષાર્થી રતિલાલના એક એક રૂચક પ્રદેશ એક્ટીવ થવા લાગ્યા, કેમકે ગુરુપ્રાણ સ્વયં સાધક હતાં, વળી એમની પર તપસ્વી ગુરુની કૃપા હતી અને આચાર્ય દેવ ડુંગરસિંહજી મ.સા.ની પરંપરાથી પ્રાપ્ત શક્તિ, લબ્ધિ અને ઋધ્ધિ હતી.

રતિલાલને લાગ્યું જાણે એ દિવ્ય જહાજમાં બેસી સિધ્ધશીલાની તરફ યાત્રા કરી રહ્યાં છે, એ મોક્ષની નજીકને નજીક જઈ રહ્યાં છે.

દીક્ષામંત્ર પૂરો થતાં જ જાણે એક આત્માની લાઈફનો યુ-ટર્ન થઈ ગયો. ગુરુપ્રાણે પોતાના હસ્તે રજોહરણ અર્પણ કર્યું. રજોહરણ સ્વીકારતાં જ મુનિ રતિલાલને લાગ્યું જાણે વિશ્વની સર્વ સંપત્તિ એમને પ્રાપ્ત થઈ ગઈ.



જેમ એક યશસ્વી રાજા પોતાના રાજકુંવરને રાજમુગટ પહેરાવે એમ આજે ગુરુપ્રાણે રતિલાલને રજોહરણ અપર્ણ કર્યું અને ગુરુપ્રાણે ઘોષિત કર્યું, આજ સુધી આ રતિલાલ માધવજી રૈયાણીના નામે જાણીતા હતાં, આજથી એ ગોંડલ સંપ્રદાયના આચાર્યદેવ ડુંગરસિંહજીની પરંપરામાં **''મુનિ રતિલાલ''**ના નામે સુવિખ્યાત થશે.

**મુમુક્ષુ રતિલાલ બની ગયાં મુનિ રતિલાલ ! રતિલાલના આત્માનો આત્મ સંબંધની દુનિયામાં પ્રવેશ થઈ ગયો.**

મુનિ રતિલાલે વંદના કરી અને ગુરુના ચરણોમાં મસ્તક મૂકતાં જ આંખોમાંથી ઉપકારના આંસુ વહેવા લાગ્યા... હૃદય અનન્ય અને અદ્‌ભૂત ભાવોથી સ્પંદિત થવા લાગ્યું, આસપાસના દિવ્ય વાતાવરણનો અહેસાસ થવા લાગ્યો.

ગુરુપ્રાણ બંને હાથે નવદીક્ષિત મુનિ રતિલાલને ઉભા કરી પોતાની બાજુમાં પોતાની સાથે પાટ ઉપર બેસાડે છે, જાણે પૂર્ણ ખીલેલા ચન્દ્રની

બાજુમાં ધ્રુવતારક !!!

નમ્રતાથી સંકોચાયેલા મુનિ રતિલાલનો દેહ ગુરુશરણમાં એવી રીતે સમાયો હતો જાણે ગુરુમા પાસે નિશ્ચિંત બાળક !!!

અનુપમ હતું એ દશ્ય !!!

જેમણે આ દશ્યને જોયું. એમની આંખો ધન્ય બની ગઈ. જેમણે એ ડીવાઈન વાઈબ્રેશન્સ્નો અનુભવ કર્યો તેઓ વર્ષોના વર્ષો સુધી એ અનુભૂતિને ભૂલી ન શક્યાં અને મુનિ રતિલાલની પરમની યાત્રાનો પાવન પ્રારંભ થયો.

# અનુભૂતિથી અહોભાવ

ગુરુ એ જ કહેવાય જે પહેલાં શિષ્યને ભૂલ કરવા દે અને પછી એ ભૂલનું ભાન કરાવે. ભૂલનું જ્યારે ભાન થાય છે ત્યારે એ ભૂલનો સ્વીકાર થાય છે. ભૂલનો જ્યારે સ્વીકાર થાય છે ત્યારે તે ભૂલ ફરી થતી નથી, એ ભૂલ સુધરી જાય છે.

નવદીક્ષિત મુનિ રતિલાલના સંયમ જીવનના પ્રારંભના દિવસો... ગુરુ પ્રાણે કહ્યું, જાઓ, આજે તમે ગૌચરી લઈ આવો. મુનિ રતિલાલ એક અનજાન ઘરે ગૌચરી વ્હોરાવવા જાય છે.

ગૌચરીમાં 'ગંડેરી' વ્હોરાવીને લાવે છે. ગુરુ પ્રાણને કહે છે, જુઓ ગુરુદેવ ! હું કેવી સરસ ગૌચરી વ્હોરાવી લાવ્યો !!

ગુરુપ્રાણ નવદીક્ષિત મુનિની સરળતા અને નિખાલસતા પર સ્મિત વેરતાં કહે છે, હજુ તમારી દીક્ષા થઈ નથી, જ્યાં સુધી વડી દીક્ષા ન થાય ત્યાં સુધી અમે વાપરી ન શકીએ પણ તમે વાપરો. તમે આ પદાર્થને પૂર્ણ રૂપે વાપરશો કે અધૂરું છોડી દેશો ?

મુનિ રતિલાલ ભોળા ભાવે કહે છે, ના...ના...! ગુરુદેવ! હું પૂરું વાપરી લઈશ.

ગુરુએ પ્રેમથી સમજાવ્યું,

**''સાધુ જે લાવે છે તે ખાય છે અને જે ખાઈ શકે તે જ લાવે છે.''**

અર્ધું ખાધું અને અર્ધું ફેક્યું, એવા પદાર્થ સાધુ ક્યારેય પોતાના પાત્રામાં વ્હોરાવીને લાવે નહીં.

મુનિ રતિલાલને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને તે દિવસથી તેમણે ગંડેરીનો ત્યાગ કરી દીધો.

આમ એક પછી એક શિક્ષા, શારણા, ધ્યાન અને સાધના દ્વારા ગુરુ પ્રાણ મુનિ રતિલાલને સંયમભાવમાં સ્થિર કરવા લાગ્યાં.

ગુરુ એક તરફ પ્રેમ આપે અને એક તરફ શિક્ષા !

એક તરફ જ્ઞાન આપે અને એક તરફ અનુશાસન રાખે !

એક શિષ્ય... એક ગુરુ... !

એક પાવન... એક પરમ... !

મુનિ રતિલાલ સંયમ યાત્રામાં આગળ વધી રહ્યાં છે. દિન પ્રતિ દિન એમની ગુરુ પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિ વધતાં જ જાય છે.

શિષ્ય જ્યારે પહેલીવાર ગુરુ પાસે આવે છે ત્યારે તે આંખોથી ગુરુને ઓળખવાનો પ્રયત્ન કરે છે, વારંવાર આવે છે ત્યારે શબ્દોથી ઓળખવાનો પ્રયત્ન કરે છે, સમય પસાર થતાં ગુરુના કાર્યોથી ગુરુને ઓળખવાનો પ્રયત્ન કરે છે, જ્યારે યર્થાથ શિષ્ય એ જ કહેવાય જે ગુરુના આત્મામાંથી ઉઠતાં હર એક વાઈબ્રેશન્સ્‌ને ઓળખી શકે.

મુનિ રતિલાલ ગુરુ પ્રાણના એક એક ભાવોને... એક એક વાઈબ્રેશન્સ્‌ને ઓળખવા લાગ્યાં હતાં. જેમ જેમ એમની શ્રધ્ધા અને સમર્પણતા વધતી હતી તેમ તેમ એક એક અનુભૂતિ થતી હતી અને પ્રત્યેક અનુભૂતિએ અંતરમાંથી અત્યંત અહોભાવ પ્રગટ થતો હતો.

એમને મન ગુરુ પ્રાણ એક અલગ જ વ્યક્તિત્વ હતું. એમને હંમેશાં લાગતું, દેહમાં રહેવા છતાં મારા ગુરુ દેહથી અલગ છે, બધાંની સાથે રહેવા છતાં બધાંથી અલગ છે. મને એમ હતું, મારા ગુરુ ‘મારા’ છે પણ ના... ! એ તો

સ્વયં આત્મ સ્વરૂપ છે, એ મારા નહીં પણ પરમ આત્માના છે.

જેમ જેમ ગુરુત્ત્વનું રીયલાઈઝેશન થતું ગયું તેમ તેમ ગુરુ પ્રત્યે પ્રેમ અને પ્રિયતા વધવા લાગ્યા. પ્રતિક્ષણ એક જ ભાવ, મારા ગુરુને ક્યારેય કાંઈ કષ્ટ ન પડે. પ્રતિ ક્ષણ એ જ જાગૃતિ... મારા ગુરુના શું ભાવ હશે ? એમને શું ખપ હશે ? હું એમના માટે શું કરૂં ? શું કરૂં અને એમને શાતા મળે ? શું કરૂં અને એ પ્રસન્ન રહે ? શું સેવા કરૂં ? કેવી ભક્તિ અર્પણ કરૂં ?

મારૂં તન-મન સર્વસ્વ એમને અર્પણ છે. જ્યારે જે કરવાનું હોય તે કરવા હું તૈયાર છું અને મુનિ રતિલાલ હર પલ, હર ક્ષણ ગુરુની સેવામાં તત્પર રહેતાં.

ગુરુના ચહેરા પર એક પ્રસન્નતાની લહેર આવે અને મુનિ રતિલાલને થાય એનો ભવ સાર્થક થઈ ગયો.

ગુરુના ચહેરા પર પ્રસન્નતાની એક રેખા જુએ અને મુનિ રતિલાલને લાગે મારી જીવન રેખા સુધરી ગઈ.

ગુરુના ચહેરા પર આત્મ સંતોષના ભાવ જુએ અને મુનિ રતિલાલને થાય મારી તકદીર બની ગઈ.

કર્મોના ઉદયના કારણે ગુરુ પ્રાણને સંધિવાનો રોગ થયો હતો. મુનિ રતિલાલ એમને શાતા પમાડવા રાત ભર એમના પગ દબાવતા જેથી એ શાંતિથી નિંદ્રા કરી શકે. વિહારમાં પણ ખૂબ જ ઝડપથી... ડબલ સ્પીડમાં આગળ જઈ, ગામમાં જઈ ગૌચરી પાણી વ્હોરાવી પાછા આવે... ગુરુને વપરાવી પાછા એ જ સ્પીડમાં આગળ જાય અને ગુરુના પધારતાં પહેલાં બધી જ વ્યવસ્થા કરી રાખે.

મુનિ રતિલાલ ન માત્ર ગુરુની જ સેવા કરતાં પણ અન્ય ગુરુભાઈઓ અને સર્વ સાધુ સંતોની પણ એટલાં જ ઉત્કૃષ્ટ ભાવથી સેવા કરતાં હતાં. સેવા કરતાં કરતાં પ્રકૃષ્ટ પુણ્યનો બંધ કરતાં હતાં. અનંત કર્મોની નિર્જરા કરતાં હતાં.

# સાધનામાં સ્થિરતા...

દૂધને જો એની શુધ્ધ અવસ્થા ઘી સુધી પહોંચવુ હોય તો એને પહેલાં સ્થિર થવું પડે, પછી મંથન કરવું પડે પછી તાપમાં તપવું પડે... એમ એક સાધકને જ્યારે શુધ્ધ અવસ્થા એટલે કે સિધ્ધિ સુધી પહોંચવુ હોય તો પ્રથમ એણે એની સાધનામાં સ્થિર થવું પડે, એકાંતમાં એક સ્થાને સ્થિર થઈ સાધના કરવી પડે.

જે સાધકને એકાંત સેવતા આવડે તે જ અરિહંત બની શકે.

એકાંત જ અરિહંત બનવાનું સુયોગ્ય કારણ છે.

એકાંત એટલે એક જ જે કાંત છે... પ્રિય છે અને એ એક સ્વયંનો આત્મા છે. જેને આત્મા સિવાય બીજું કાંઈ જ પ્રિય નથી તે જ એકાંત સેવી શકે છે.

એક આત્મા સિવાય બીજા કોઈ સાથે કોઈ કનેકશન નહીં. આવી જ સાધકદશાની શરૂઆત થઈ મુનિ રતિલાલની...!! સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ પાસે સંયમ જીવનનો સ્વીકાર કર્યો... થોડા દિવસ ગૌચરી આદિ વ્યવહારની શિક્ષા પ્રાપ્ત કરી, પછી એકાંત આરાધનામાં લીન થઈ ગયાં. ગુરુ પ્રાણના સાંનિધ્યમાં એ સમજી ગયા હતાં, **'જ્યાં સુધી કોઈ છે ત્યાં સુધી રાગ-દ્વેષ છે.'**

જ્યાં સુધી દૂધ... દૂધ રૂપમાં છે ત્યાં સુધી તેના બગડવાના ચાન્સીસ વધારે છે, પણ જો એકવાર ઘી બની જાય પછી એના બગડવાના ચાન્સીસ

નહીવત્ થઈ જાય છે.

એક સાધક જ્યારે મોક્ષમાર્ગની યાત્રામાં નીકળે છે, ત્યારે જ્યાં સુધી એની પાત્રતાનો પૂર્ણ વિકાસ નથી થતો ત્યાં સુધી સંસાર રૂપી લીંબુના ટીપા એને બગાડી શકે છે. માટે જ, સાધક માટે સંસારીઓથી દૂર રહેવું જ ઉચિત હોય છે.

ગુરુ પ્રાણે પણ મુનિ રતિલાલને પ્રેરણા કરી હતી, **'પર'** થી પર થઈ, **'પર'** થી દૂર થઈ, **'સ્વ'** ને મળો, **'સ્વ'** ની નજીક જાઓ.

મુનિ રતિલાલ માટે તો ગુરુની પ્રેરણા, ગુરુની આજ્ઞા, ગુરુનો સંકેત, ગુરુનો ઈશારો જ વિશ્વાસ હતો. એમના દરેક શ્વાસમાં ગુરુની આજ્ઞા અને ગુરુની ભાવના હતી. એમનું એક જ લક્ષ્ય હતું કે, હું એવું શું કરૂં જેથી મારા ગુરુના ચહેરા પર પ્રસન્નતાની રેખા છવાઈ જાય. મારા ગુરુને જે ના પસંદ હોય તે મને ક્યારેય પસંદ આવે જ નહીં. જેમાં એમની ઈચ્છા ન હોય એ હું ક્યારેય વિચારી જ ન શકું, જે એમને ન ગમતું હોય તે હું ક્યારેય કરી જ ન શકું, એમને ગુરુ પ્રાણનો સંકેત સમજાય ગયો અને એમણે એમની સાધના શરૂ કરી દીધી. એકાંતમાં સાધના કરવા લાગ્યાં. આખો દિવસ અધ્યયન અને સ્વાધ્યાય... !!

અનાદિકાળના વિભાવના અભ્યાસને જો કાઢવો હોય, અનાદિકાળના દેહ અને આત્મા એક છે એ ભ્રમને તોડવો હોય તો સ્વાધ્યાય એટલે કે **'સ્વ'** નો અભ્યાસ અત્યંત આવશ્યક હોય છે.

મુનિ રતિલાલનું પ્રથમ ચાતુર્માસ વેરાવળમાં હતું અને વેરાવળ એટલે ગુરુ પ્રાણનું ગામ ! ગામના લોકોને પણ ગુરુ પ્રત્યે અત્યંત ભાવ, ભક્તિ અને શ્રધ્ધા... અને ગુરુના નવા શિષ્ય મુનિ રતિલાલ પ્રત્યે પણ પ્રેમ અને આદર. રોજ હજારો લોકો દર્શન અને શ્રવણ માટે આવે... ગુરુના સાંનિધ્યને માણે... પણ મુનિ રતિલાલ !! એ તો એમની આરાધનામાં જ મગ્ન... કોણ

આવ્યું અને કેટલાં આવ્યાં એની કોઈ પરવા નહીં. ન કોઈને વધારે મળવાનું કે ન કોઈની સાથે વિશેષ વાર્તલાપ કરવાનો !!  ગૌચરી આદિ આવશ્યક ક્રિયા માટે જે બે ચાર વ્યક્તિઓ સાથે બોલવાનું થાય એનાથી વિશેષ કાંઈ નહીં.

જે બધાંથી ડીસ્કનેકટ થાય છે તે જ ગુરુ કે પરમાત્મા સાથે ક્નેકટ થઈ શકે છે.  જ્યાં સુધી **'પર'** સાથે સંબંધ છે, ત્યાં સુધી **'સ્વ'** સાથે સંબંધ થતો નથી.

દૂધ જ્યાં સુધી દૂધ છે ત્યાં સુધી તેને લીંબુથી દૂર રહેવું જોઈએ. એકવાર ઘી બની જાય પછી કોઈ ચિંતા નહીં.

સાધક જ્યારે સાધનામાં સ્થિર થઈ જાય પછી એને કોઈ ફરક પડતો નથી. જ્યાં સુધી **'પર'** ની અસર થાય ત્યાં સુધી **'પર'** થી દૂર રહેવું જોઈએ. એકવાર **'પર'** ની પરવાથી પર થઈ ગયાં પછી કોઈ ગમે તેટલો પ્રેમ બતાવે, ગમે તેટલી લાગણી બતાવે, કોઈ ફરક પડવાનો નથી. કેમકે ત્યારે સમજાય ગયું હોય છે કે આ બધું અશાશ્વત છે, શાશ્વત એક મારો આત્મા જ છે. મારે આમાં નથી ક્યાંય મીકસ થવાનું કે નથી ક્યાંય ફીકસ થવાનું... !!

એક તરફ વેરાવળના સાગરમાં લહેરો ઊઠી રહી છે અને એક તરફ મુનિ રતિલાલના હૃદયમાં સ્વાધ્યાયની લહેરો હિલોળા લઈ રહી છે, ધીરે ધીરે એ સ્વાધ્યાયમાં લીન-તલ્લીન થઈ રહ્યાં છે,  એક પછી એક ગાથાઓ કંઠસ્થ થઈ રહી છે.

જેમને પરમાત્માની વાણી કંઠસ્થ કરવાના ભાવ ન થાય, તે ક્યારેય ગુરુ કે પરમાત્માના દિલમાં હૃદયસ્થ ન થાય.

જેમના કંઠમાં ગુરુની જ્ઞાનવાણી ગુંજતી હોય એ જ ગુરુના દિલમાં સ્થાન પામે.

મુનિ રતિલાલનું પણ એક જ ધ્યેય હતું... મારે મારા ગુરુના દિલમાં

સ્થાન પામવું છે. એમના હૃદય સિંહાસન પર સ્થાન પામવું છે.

અને જ્યાં બિલખામાં બીજા ચાતુર્માસની શરૂઆત થઈ મુનિ રતિલાલે બાર વર્ષનું મૌન લઈ લીધું. બાર - બાર વર્ષ સુધી મૌન રહેવાનો સંકલ્પ કરી લીધો.

મૌન પણ કેવું મૌન ? ન ઈશારાથી કાંઈ કહેવાનું... ન કાંઈ લખીને જણાવવાનું ! ! ન કોઈ જાતનો વ્યવહાર ! જ્યાં બહુ જ જરૂરી હોય ત્યાં માત્ર મસ્તક હલાવીને જવાબ આપવાનો !

ક્યારેક એવું પણ બનતું ગુરુ પ્રાણને કાંઈ કહેવા માંગતા હોય, ત્યારે ગુરુ પ્રાણ કહેતાં, આ નવશેરનું માથું હલાવો છો એના કરતાં નવટાંકની જીભ ચલાવોને... ! !

મુનિ રતિલાલ મૌન રહીને માત્ર સ્વાધ્યાય ન હતાં કરતાં, એ એમના ભૂતકાળને જાણવાનો પુરુષાર્થ કરતાં હતાં. એમના ભૂતકાળના ભવો સુધી પહોંચવાનો પ્રયત્ન કરતાં હતાં અને સાથે સાથે આગમ કંઠસ્થ કરી એના રહસ્યોને ઉકેલવાનો પ્રયાસ કરતાં હતાં. સાધનાકાળના સમયમાં એમણે ઓગણીસ આગમ કંઠસ્થ કરી લીધાં હતાં.

કોઈ પણ આત્મા દુનિયાની સમક્ષ કે સ્વયંની નજરમાં ત્યાં સુધી પ્રભાવક ન બને જ્યાં સુધી એના અંતરઆત્મા સુધી પરમાત્માની વાણી પહોંચી ન હોય.

જેના અંતરઆત્માને પરમાત્માની વાણી સ્પર્શી હોય તેની આંખોમાં પરમાત્માની આકૃતિ હોય, તેના હોઠો પર પરમાત્માનું સ્મરણ હોય અને તેના હૃદયમાં સાક્ષાત પરમાત્મા બિરાજમાન હોય અને ત્યારે જ તેનું વ્યક્તિત્વ પ્રભાવક બને, તેના વચનો પ્રભાવક બને, તેની વાણી પ્રભાવક બને !

મુનિ રતિલાલને નથી ખાવાની યાદ આવતી કે નથી પીવાની, નથી

સમયનું ભાન રહેતું... એ માત્ર **'સ્વ'** સાથે અનુસંધાન કરવા સાધનામાં સ્થિર થતાં જાય છે.

જે બીજ કોઈના હાથમાં રહે છે તે બીજમાંથી ક્યારેય વૃક્ષ નથી બનતું. જે બીજ ધરતીની ગોદમાં સમાઈ જાય છે, દુનિયાથી દૂર થઈ ધરતી સાથે સંપર્ક કરે છે, ધરતીમાં ધરબાઈ જાય છે તે જ બીજમાંથી અંકુરા ફૂટે છે અને તે જ બીજ વિરાટ વટવૃક્ષ બને છે.

જે સાધક સંસારનો સાથ ઝંખે છે તે સાધક ક્યારેય લક્ષ સુધી પહોંચી ન શકે, જે ગુરુની ગોદમાં સમાય જાય છે, ગુરુના અસ્તિત્વમાં ખોવાય જાય છે, ગુરુમાં ભળી જાય છે તે જ વિરાટ વ્યક્તિત્વના સ્વામી બની શકે છે.

જેનો ગુરુ સાથે મેળ થાય છે તેની જ આત્મધરામાં સત્યના અંકુરા ફૂટે છે.

ગુરુ પાસે આવવું, ગુરુને મળવું, ગુરુ સાથે રહેવું એ અલગ વાત છે અને દુનિયાથી ખોવાઈને ગુરુમાં ખોવાઈ જવું એ અલગ વાત છે.

**વેરાયલા દાણાનો ક્યારેય વિકાસ ન હોય. વિકાસ હંમેશાં વવાયેલાં દાણાનો જ હોય.**

**જે આત્મામાં સહન કરવાની શકિત હોય એ જ આત્મા સમૃધ્ધિને પામે છે.**

# મુનિની અલિપ્તતા

**મુ**નિ રતિલાલ.. બાર વર્ષનું મૌન.. ! મૌનની ઉત્કૃષ્ટ સાધના.. એક જ ભાવ.. મારા ગુરુ, મારા ભગવાને કહ્યું છે. સ્વને મળો.. જ્યાં સુધી સ્વને ન મળું, ત્યાં સુધી મારે કોઇને મળવું નથી, મારે કોઇની સાથે વાત નથી કરવી.

જે દુનિયા સાથે વાત કરે તે પરમાત્મા સાથે વાત ન કરી શકે .

**પ્રગતિ અને પ્રસિધ્ધિ ક્યારેય નામથી નથી થતી, કામથી થાય છે.**

સંયમનો સ્વીકાર કર્યા પછી સંતનું કામ સાધના કરવાનું હોય છે, જે સાધના કરે છે એ જ સિધ્ધિ અને પ્રસિધ્ધિને પામે છે.

મુનિ રતિલાલ પણ સાધનામાં ડૂબી ગયાં છે  પર થી પર થઇ ગયા છે અને સ્વ ની નજીક જઇ રહ્યા છે. ગુરુ પ્રાણ એમને સુયોગ્ય શિક્ષા આપી રહ્યાં છે, સૂતાં, ઉઠતાં, બેસતા, ચાલતાં જતનાપૂર્વકનો વ્યવહાર સમજાવે છે.

**જે જતના રાખે તે જૈન કહેવાય.**

ગુરુ પ્રાણ માત્ર સમજાવતાં જ નથી પણ એમના એક એક વ્યવહાર અને વર્તન ઉપર નજર રાખે છે, ક્યાંય ભૂલ તો નથી થઇ જતી ને ?

ગુરુ પ્રાણ જાણતા હતાં કે જ્યારે મારી ઉપસ્થિતિ નહીં હોય ત્યારે આ મારા વારસદાર બનવાના છે.. આ જ આટલા મોટા પરિવાર, વિશાળ ભક્ત વર્ગ અને હજારોશ્રાવક-શ્રાવિકાઓના જીવન ઉધ્ધારક બનવાના છે.

એમના વિકાસમાં ક્યાંય પણ જરાક પણ કચાશ ન રહેવી જોઇએ, કોઇ ખામી ન રહેવી જોઇએ, કોઇ ભૂલ ન રહેવી જોઇએ.

તમારા હાથની કે તમારા ઘરની ઘડિયાળ જો દસ મિનિટ આગળ-પાછળ થઇ જાય તો તમને અથવા તો તમારા ઘરની ચાર વ્યકિતને ફરક પડે... પણ જો ગામના ટાવરની ઘડિયાળમાં ફરક આવે તો આખા ગામને અસર થાય.

ગુરુ એ ગામના ટાવરની ઘડિયાળ સમાન હોય, જો એમના જીવનમાં જરાક પણ ખામી આવી તો તેની અસર હજારો લોકોને થાય.

**ગુરુ એ જ કહેવાય જે તમને માત્ર શિષ્ય જ ન બનાવે, પણ તમને સક્ષમ અને સવાયા ગુરુ બનાવી દે.**

ગુરુ એ જ કહેવાય જે શિષ્યને માત્ર સોનુ જ ન બનાવે, પણ સ્વયં પારસમણિ બનાવી દે. ગુરુ પ્રાણની શિક્ષા મુનિ રતિલાલને યોગ્ય અને પાત્રવાન બનાવતી હતી અને મુનિ રતિલાલ પણ આળસ અને કંટાળા વિના એક એક શિક્ષાને ગ્રહણ કરી આચરણમાં મૂકતાં હતાં.

એક દિવસ માતા જમકુબા મુનિ રતિલાલના દર્શન કરવા આવે છે. પણ મુનિ રતિલાલ તો સ્વાધ્યાયમાં લીન છે. એ માથું ઊંચુ કરીને જોતાં પણ નથી. માતા અકળાય છે. મન અશાંત થવા લાગે છે. હ્રદય બેચેન થવા લાગે છે !

જ્યારે અપેક્ષા પૂરી ન થાય ત્યારે મન અશાંત થાય. જ્યારે એક સંસારી.. બીજા સંસારી પાસે જાય છે ત્યારે તો અપેક્ષા સાથે જાય છે, પણ જ્યારે સંસારી, સંત પાસે જાય ત્યારે અપેક્ષા લઇને નહીં પણ અર્પણતાના ભાવ સાથે જવું જોઇએ.

જ્યારે અર્પણતા હશે ત્યારે કૃપા દ્રષ્ટિ પ્રાપ્ત થશે. જ્યાં સુધી અપેક્ષા હોય છે, ત્યાં સુધી કૃપા દ્રષ્ટિ પ્રાપ્ત થતી નથી.

માતા ગુરુ પ્રાણ પાસે જાય છે, ગુરુ પ્રાણ કહે છે, તપસી..! તારી માતા આવ્યાં છે, દર્શન આપી દે..! હવે શું થાય ? આ તો ગુરુની આજ્ઞા આવી ગઇ..! તેમણે રૂમની બારી ખોલી નાંખી અને આંખો ઊંચી કરી માની સામું જોયું.

જોવું નહતું.. જોવું પડયું..!

જોવું અલગ છે અને જોવું પડવું અલગ છે.

અંદરમાં રાગ હોય તો જોવાય જાય અને અંદરમાં જ્ઞાન હોય તો માત્ર જોવાનો વ્યવહાર થાય.



મુનિ રતિલાલે ગુરુ આજ્ઞા શિરોમાન્ય કરી માતા સામે જોયું.. માતાએ મુનિ સામે જોયું.. ચાર આંખો મળી અને બીજી જ સેકંડ મુનિની આંખો નીચી થઇ ગઇ. કેમકે, ગુરુ પ્રાણે શીખવાડયું હતું, હે સાધક ! જ્યાં સુધી તું સાધનામાં સ્થિર ન થઇ જાય ત્યાં સુધી સંસારીઓ સાથે આંખો મિલાવતો નહીં.

છોડ હોય ત્યાં સુધી વાડની જરૂર હોય, ઝાડ ને ક્યારેય વાડની જરૂર ન હોય.

જ્યાં સુધી સાધક દશા છે ત્યાં સુધી આજ્ઞાના સુરક્ષા કવચની જરૂર છે.

ગુરુની હર એક આજ્ઞામાં શિષ્યનું અનંત હિત હોય છે. જે સમજી શકે તે જ સમજી શકે, બધાં ન સમજી શકે,

રૂના ઢગલામાં એક નાનકડી ચીનગારી લાગી ગઇ તો રૂનો ઢગલો રાખ થઇ જાય. સાધકની સાધનામાં એક નાનકડી ભૂલ થઇ જાય તો વર્ષોની સાધના વ્યર્થ થઇ જાય.

મુનિ રતિલાલ ગુરુ આજ્ઞા અનુસાર એક ક્ષણ દર્શન આપી પાછા પોતાના સ્વાધ્યાયમાં લાગી જાય છે.

મા વિચારમાં પડી જાય છે, આ એ જ બાળક છે જે એક સમયે મા મા કહીને કેવો પાલવમાં છૂપાઇ જતો ? એક સમયે મારા પ્રત્યે કેટલો રાગ હતો ? અને.. અને આજે.. ? ? ? આજે આટલી અલિપ્તતાં ...!!

# પ્રતિભા સંતત્વની

કોઈ પણ આત્મા જન્મ-મરણની આ પરંપરામાં કેટલી વાર જન્મ લેતો હશે ? જેટલી વખત જન્મ લેતો હશે, દરેક વખતે તેનું વર્તુળ અલગ હશે. દરેક વર્તુળ તેને નવું લાગતું હશે અને દરેક વખતે તેને એમ જ લાગતું હશે કે આ જ મારી શરૂઆત છે અને એનું ચક્ર... પરિભ્રમણનું ચક્ર ચાલુ જ રહે.

ભૂતકાળના અબજોના અબજો ભવો તરફ નજર કરો તો ખબર પડશે કે ત્યારે પણ આવું જ વિચારતાં હતાં અને આજે પણ આવું જ વિચારીએ છીએ. કદાચ ક્યારેક કોઈ ભવમાં તીર્થંકર પરમાત્માના સમવસરણમાં બેસવાનો યોગ થયો હશે ત્યારે પણ કદાચ વિચાર્યું હશે કે હવે તો મારે થોડાં જ ભવ કરવાના છે. હવે તો મારા થોડાંક જ ભવ બાકી છે. પણ ત્યાર પછી પણ અબજોના અબજો વર્ષ પસાર થઈ ગયાં. પણ અંત ન આવ્યો અને ભૂતકાળનો એક પણ જન્મ કે એક પણ જન્મની એક પણ વાત યાદ ન રહી છતાં દરેક જન્મમાં નવો પરિવાર... નવા સંબંધો બંધાતા ગયા. બધાંને સમજાવો, બધાંનો સ્વીકાર કરો અને આખી જીંદગી એડજસ્ટમેન્ટ કરો. !

ક્યારેય વિચાર આવ્યો છે કે મારી સાથે આ શું થઈ રહ્યું છે ? મારી સાથે આવું શા માટે થઈ રહ્યું છે ? મારી સાથે આવું ક્યાં સુધી થતું રહેશે ? આ જન્મ-મરણ કરવામાં મને શું મળે છે ? આ જન્મ પહેલાં હું ક્યાં હતો ?

ભૂતકાળમાં મારી સાથે શું બન્યું હશે ? જે આજે બની રહ્યું છે તે શા માટે બની રહ્યું છે ?

આખો દિવસ ક્યાં પસાર થઈ જાય છે કે આ બધું વિચારવાનો સમય જ મળતો નથી. !!!

પણ હજારો આત્માઓમાં એકાદ આત્મા એવો હોય છે જેને સતત આવા વિચારો સતાવતા હોય છે. સતત એના મનમાં મંથન ચાલતું હોય છે કે હું આ શું કરી રહ્યો છું ? મારી સાથે જે કાંઈ પણ થઈ રહ્યું છે એનું પરિણામ શું છે ? એની ફળશ્રુતિ શું છે ? અને ત્યારે તેને દુનિયાથી કંઈક અલગ...કંઈક નવું કરવાના ભાવ થાય છે. દુનિયા જે તરફ જતી હોય તેનાથી અલગ દિશામાં જવાનું મન થાય છે.

દુનિયા જેને સુખ માનતી હોય, તેને તે દુ:ખ રૂપ માનવા લાગે.

દુનિયા જેને અનુકૂળતા માને, તેને તે પ્રતિકૂળતા લાગે.

દુનિયા જે પ્રમાણે જીવતી હોય, તેનાથી અલગ જ પ્રકારે જીવવાનો સંકલ્પ કરે. તેને એક જ વિચાર આવે. હવે મારે મારા માટે જીવવું છે અને એવી રીતે જીવવું છે, જેનાથી જીવ્યા પછી પણ એનું કંઈક ફળ હોય. કોઈ નક્કર પરિણામ હોય. મૃત્યુ પછી પણ મૃત્યુ ન થાય એવું જીવન જીવવું છે, અંત પછી પણ અંત ન આવે એવું જીવન જીવવું છે.

મુનિ રતિલાલજી મ.સા. પણ આ ભવે તો સંયમ જીવન જીવી રહ્યાં છે પણ ભૂતકાળના અનેક ભવોમાં એવું જીવન જીવ્યાં હશે. માટે જ, સ્વાધ્યાય કરતાં કરતાં એમને એમ જ લાગતું હતું કે, આ બધું તો મેં વાંચ્યુ છે. આ તો મને ખબર છે. એક વખત માત્ર નજર કરે અને બધું જ યાદ આવી જાય.

**દીક્ષા લીધા પછી અલ્પ સમયમાં જ એમણે એક નહીં, બે નહીં, પાંચ નહીં... પૂરા ઓગણીસ આગમ કંઠસ્થ કરી લીધાં.**

**જેમનું લક્ષ્ય જ હોય છે કંઈક પામવાનું, તે તેમાં પૂરેપૂરા ડૂબી જાય છે. જે સ્વાધ્યાયમાં ડુબી જાય છે તે સંયમમાં તરી જાય છે.**

સાધક એ જ હોય જે સ્વાધ્યાયના સાગરમાં ડૂબી જાય. સંત એ જ હોય જે સ્વાધ્યાય કરતાં કરતાં જ્ઞાનના સાગરમાં ડૂબીને સમજના એવા મોતીઓ પ્રાપ્ત કરે જે મોતી એને જીવનની દરેક ક્ષણે, દરેક સ્થિતિમાં, દરેક સંયોગોમાં અને જીવનની દરેક પળમાં કામ લાગે.

મુનિ રતિલાલજી મ.સા. પણ સ્વાધ્યાયના સાગરમાં ડૂબી જતાં હતાં ન કોઈની સામે જોવાનું... ન કોઈની સાથે વાત કરવાની અને **જ્ઞાનના મહાસાગરમાં ખોવાઈ જવા માટે જ દીક્ષાના બીજા જ વર્ષથી બાર વર્ષનું મૌન લઈ લીધું.**

જ્ઞાનને પામવા માટે મૌનની સાધનાનો સ્વીકાર ક્ર્યો.

દીક્ષાના બીજા જ વર્ષથી ૧૯ વર્ષ સુધી પાણીનો ત્યાગ ક્ર્યો. પાણીની એક બૂંદ પણ વાપરી નહીં.

શા માટે ? ?

કેમકે, એમની આત્મચેતનાને જાગૃત કરવાવાળા હતાં તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા... !અને તપસ્વીજીએ સાધુને આ પાણી કલ્પે અને આ પાણી ન કલ્પેના વિવાદથી દૂર રહેવા પાણીનો જ ત્યાગ ક્ર્યો હતો.

મુનિ રતિલાલજી મ.સા.માં પણ એમના જ સંસ્કાર હતાં. કેમકે એમણે તપસ્વીજી મ.સા. ના ચરણનો... એમના અંગુઠાનો સ્પર્શ ક્ર્યો હતો. એમના ચરણમાં મસ્તક મૂક્યું હતું.

જોનારાને કદાચ લાગ્યું હશે, ઠીક છે એક તપસ્વીના, એક સંતના ચરણ સ્પર્શ ક્ર્યાં, પણ સ્પર્શ-સ્પર્શમાં પણ ફરક હોય... **જેમના સ્પર્શ માત્રથી અંગઅંગમાં કરન્ટ પસાર થઈ જાય, એક પ્રકારની દિવ્ય**

**શક્તિનો અનુભવ થાય, એક પોઝીટીવ એનર્જી પસાર થવાનો અહેસાસ થાય, એ ગુરુના ચરણનો સ્પર્શ હોય.**

અને તપસ્વી ગુરુના ચરણ સ્પર્શ કરવાવાળા મુનિ રતિલાલજી મ.સા.પણ દીક્ષાના બીજા જ વર્ષથી પાણીનો ત્યાગ કરી દીધો, ત્રેવીસ વર્ષ સુધી માત્ર છાશની પરાશ જ વાપરી.

એક તરફ સ્વાધ્યાય અને એક તરફ ત્યાગ. !

એક તરફ મૌનની સાધના અને એક તરફ તપસાધના. !

એક નહીં, બે નહીં, પાંચ નહીં... પૂરા ઓગણીસ વર્ષ વર્ષીતપની આરાધના. !

તપસ્વીજીએ અંત સમયે, સંથારાની સાધના દરમ્યાન જેતપુરમાં ભવિષ્ય કથન કર્યું હતું કે મારા સંથારા પછી વીસ વર્ષ બાદ એક આત્મા મારી પરંપરામાં આવશે અને એ બીજા **'તપસ્વી'** બનશે.

મુનિ રતિલાલજી મ.સા.ની તપસાધના એ ભવિષ્ય કથનને... એ સિધ્ધ પુરુષની વાણીને સાબિત કરતી હતી. જ્ઞાન અને ધ્યાન સાધનામાં એ એવા ડૂબી જતાં હતાં. એવા ખોવાઈ જતાં હતાં કે એ પણ ભૂલી જતાં હતાં કે એ કોણ છે ? ક્યાં છે ? પરમાત્મા સાથે પણ એવું અનુસંધાન કરતાં જાણે સાક્ષાત પરમાત્મા સામે બિરાજમાન છે અને એ એમની સાથે વાર્તાલાપ કરી રહ્યાં છે.

શ્રેષ્ઠતા ક્યારેય સામાન્યમાંથી પ્રગટ ન થાય. શ્રેષ્ઠતાને પામવા એમાં ડૂબી જવું પડે, એમાં ખોવાઈ જવું પડે, અસ્તિત્વને ઓગાળી દેવું પડે, શૂન્ય થઈ જવું પડે અને ત્યારે જ જિન શાસનના સિતારા બની શકાય, ત્યારે જ શાસનની શોભા બની શકાય. ત્યારે જ લાખોના હૃદય સમ્રાટ બની શકાય.

ગુરુ એને જ કહેવાય જે શબ્દોથી નહીં, સંકેતથી સમજાવે. ગુરુ એ જ કહેવાય જે તમારી સામે એક દૃષ્ટિ કરે અને તમને ઘણું બધું સમજાય જાય. ગુરુ

એ જ કહેવાય જેમની એક અમી નજર પડે અને અંદરની પ્રજ્ઞા ખીલવા લાગે.

પણ... આવું ક્યારે બને ?

જ્યારે ગુરુના અંતર આત્મામાં, ગુરુના રોમ રોમમાં, ગુરુના લોહીના કણ કણમાં જ્ઞાનભાવ રમતો હોય. જેમનું મન અને ચિત્ત જ્ઞાનમય હોય એમની સંતત્ત્વની પ્રતિભા પૂર્ણ ખીલેલી હોય.

**મુનિ રતિલાલજી મ.સા. એ સૌથી પહેલાં ઓગણીસ આગમ કંઠસ્થ કર્યાં, પછી ગુજરાતી, હિન્દી, ફારસી, પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં પારંગત થઈ ગયાં. ન્યાય શાસ્ત્ર, દર્શન શાસ્ત્ર, જેવા અનેક શાસ્ત્રોનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો.**

સંયમ જીવનના પ્રથમ બાર વર્ષ માત્ર જ્ઞાનાભ્યાસ અને ધ્યાન સાધના જ કર્યાં. ન કોઈ સાથે વધારે વ્યવહાર, ન કોઈ સાથે વધારે ક્નેકશન, ન કોઈ સાથે વાતચીત, ન કોઈ ચર્ચા વિચારણા. માત્ર ને માત્ર 'સ્વ' સાથે ક્નેકશન અને 'સ્વ' સાથે વાતચીત. ! !

લોક પ્રશંસાથી દૂર રહી સ્વયંની પ્રજ્ઞાને ખીલવતાં ગયાં.

**મુનિ રતિલાલજી મ.સા.ને ખબર હતી કે સંસાર છોડીને સંયમ માર્ગે આવવાનું મારૂં લક્ષ્ય એક જ છે 'સ્વ'ની પ્રાપ્તિ. ! !**

**'સ્વ' ને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે સ્વાધ્યાય. ! !**

જેમણે 'સ્વ' ની પ્રાપ્તિ કરી છે એવા મારા ગુરુપ્રાણની ભાવના છે કે હું પણ 'સ્વ' ને પ્રાપ્ત કરૂં. બસ! એમની ભાવનાને પૂરી કરવા. એમના જીવનમાંથી સમજી, શીખી, જાણીને મારે મારા 'સ્વ' ની પ્રાપ્તિ કરવી છે.

# સેવાના સમ્રાટ

**સ્વા**ધ્યાયની સાથે એમનું લક્ષ્ય હતું સેવા. !

જેમની પાસે એમની દીક્ષા થઈ હતી તે ગુરુપ્રાણ સાથે બીજા નવ સંતો હતાં અને બધાં મોટી ઉંમરના. માત્ર મુનિ રતિલાલજી મ.સા.વીસ વર્ષના. ! !

ઉંમરના કારણે દરેક સંતોને કોઈને કોઈ તકલીફ રહેતી. કોઈને પગનો દુઃખાવો તો કોઈને પીઠનો... દરેકને કોઈને કોઈ તકલીફ હતી. મુનિ રતિલાલજી મ.સા. મધ્ય રાત્રી સુધી જાગીને દરેક સંતોની નિઃસ્વાર્થ ભાવે સેવા કરતાં. કોઈના પગ દાબે તો કોઈને માથુ દબાવી દે. કોઈને વાગ્યું હોય, ગુમડાં થયા હોય, લોહી-પરૂ નીકળતાં હોય પણ મુનિ રતિલાલજી મ.સા. પ્રેમથી એને સાફ કરે અને સંતોને શાતા પમાડે બધાં માટે ગૌચરી-પાણી-ઔષધિ વ્હોરાવી લાવે અને સમયસર વપરાવે અને આવી પ્રેમભરી નિઃસ્વાર્થ સેવા સર્વ સંતોની અને સ્વયંના પૂજનીય વંદનીય ગુરુની પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી કરી.

**મુનિ રતિલાલજી મ.સા. માત્ર તપસમ્રાટ જ ન હતાં, એ સેવા સમ્રાટ પણ હતાં.**

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જેવા ગુરુદેવ પામવા એ પણ પરમ સૌભાગ્ય કહેવાય. જેમની ઉપર પરમ કૃપા હોય તેમને જ

આવા સક્ષમ સદ્ગુરુની પ્રાપ્તિ થાય. અમે તો આવા ગુરુને... આવા ગુરુદેવને પામીને ધન્ય બની ગયાં.

એમની એક પળની... એક અમી દૃષ્ટિ પણ અનેક પ્રકારની અશાંતિને શાંત કરવા સક્ષમ હતી. એમની એક કૃપાભરી નજર અનેક સંકટોને વિદાય કરવા શક્તિમાન હતી. કેમકે એમાં એમના જ્ઞાન, તપ અને સેવાની સાધના શક્તિ હતી.

મુનિ રતિલાલજી મ.સા. તપસ્યા, સેવા અને જ્ઞાનનો સંગમ હતાં.

જ્યારે કોઈ વ્યક્તિ સાધનાના ક્ષેત્રમાં જોડાય જાય છે, સ્વયંના આત્માનું કલ્યાણ કરવાના ભાવ થાય છે, આત્માનું હિત અને શ્રેય કરવાનું મન થાય છે ત્યારે તેણે શું કરવું જોઈએ ?

દરેક વ્યક્તિ દીક્ષા ન લઈ શકે, અને દીક્ષા લેવાથી જ કાંઈ કાર્યની સંપન્નતા અને લક્ષની સિધ્ધિ નથી હોતી. કેટલાંક લોકો સાધનાના માર્ગે આગળ વધી શકે છે, તેમને દરેક પ્રકારની અનુકૂળતાઓ પણ પ્રાપ્ત થઈ જાય છે, અને કોઈ પણ અંતરાય કે વિઘ્ન વિના સાધના અને સંયમના માર્ગે આગળ વધી શકે છે.

જ્યારે કેટલાંક લોકો એવા હોય છે જેમને ભાવ હોય, ભક્તિ હોય, શ્રધ્ધા હોય, સત્યની સમજ પણ થઈ ગઈ હોય, મનમાં સતત વિચારો પણ આવતા હોય કે, હું કેમ આ સંસારમાં છું ? આ માર્ગ ખોટો છે, હું ખોટા રસ્તે જઈ રહ્યો છું, અને આ માર્ગે જવાથી મારૂં ભવિષ્ય કેવું હશે ?

ભાવ અને સમજ બંને હોવા છતાં સંયમના માર્ગે આવી શક્તાં નથી, યોગ્ય અનુકૂળતા મળતી નથી, કોઈ બંધન, કોઈ સંબંધ, કોઈ ફરજ, કોઈ કર્તવ્ય અથવા શરીરની સ્વસ્થતા નડે છે.

શા માટે ? ?

ભૂતકાળમાં જેમણે દેવ, ગુરુ, ધર્મની અશાતના કરી હોય, અવિનય કે અભક્તિ કરી હોય, તેમને આ બધું મળવા છતાં પ્રાપ્ત કાંઈ કરી શક્તાં નથી.

સંયમના માર્ગે આવવા માટે પણ જબરદસ્ત પુણ્યનો સ્ટોક જોઈએ, પ્રબળ પુરુષાર્થ કરવો પડે.

કદાચ કોઈ વ્યક્તિને ભાવ જાગે અને પુરુષાર્થ પણ કરે, પણ ભૂતકાળની કરેલી અશાતનાના કારણે અંતરાય આવે. અંતરાયનો ક્ષય કરવા શું કરવું જોઈએ ?

અંતરાયને દૂર કરવાના બે ઉપાય છે.

શ્રધ્ધાને વધારો અને નિ:સ્વાર્થ ભાવે સેવા કરો.

સેવા અંતરાય કર્મોને ક્ષય કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

જેમ અનુમોદના અંતરાય કર્મનો ક્ષય કરે તેમ સેવા પણ અંતરાયને દૂર કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

જ્ઞાનાવરણીય કર્મો અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય કરવા માટે, જ્ઞાન અને દર્શનની અંતરાય દૂર કરવા માટે પણ સેવા શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ ઉપાય છે.

માટે જ, ભગવાને સાધકના બે કર્તવ્ય બતાવ્યાં છે. વ્યક્તિ ચાહે સંયમના માર્ગે હોય ચાહે સંસારમાં રહીને સાધનાના માર્ગે હોય, એના મુખ્ય બે ક્ર્તવ્ય હોય, સ્વાધ્યાય અને સેવા. આવા જ સેવા અને સ્વાધ્યાયના ઉત્કૃષ્ટ ભાવ હતા મુનિ રતિલાલજી મ.સા.ના હૃદયમાં. ! !

એક તરફ સંપૂર્ણ પણે સ્વાધ્યાયમાં લીન, બધાંથી અલિપ્ત થઈ માત્ર સ્વાધ્યાયમાં તલ્લીન અને બીજી તરફ ઉત્કૃષ્ટ સેવાના ભાવ. ! !

ઉપકારી ગુરુ પ્રાણ અને સાથે નવ વડીલ અને વૃધ્ધ સંતો. મુનિ રતિલાલજી મ.સા.ને સેવાના ભાવ અને આવા વડીલ સંતોની સેવા કરવાનો પરમ યોગ પ્રાપ્ત થયો.

**જેના સદ્ભાગ્ય હોય તેને જ સેવા કરવા મળે.**

ભાગ્યના ઉદયથી આજે બધું મળી જાય પણ કાલે મળશે કે નહીં એની ગેરંટી ન હોય, જ્યારે સદ્ભાગ્યના કારણે આજે પણ અનુકૂળતા મળે અને અંતે પણ અનુકૂળતા મળે, અનંતમાં પણ અનુકૂળતા મળે.

સેવાથી જ સદ્ભાગ્યનું નિર્માણ થાય છે.

સેવાથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય અને સૌભાગ્યથી સેવાની પ્રાપ્તિ થાય.

જેમના સૌભાગ્ય હોય એમને જ ઘરના વડીલ માતા-પિતા અને દાદા-દાદીની સેવા કરવાનો લાભ મળે છે.

જેમના સૌભાગ્ય હોય એમને જ ગુરુની સેવા કરવાનો લાભ મળે છે. જેમના સૌભાગ્ય હોય એમને જ ગુરુભાઈઓની સેવા કરવાનો લાભ મળે છે.

જેમણે સૌભાગ્ય બનાવવું હોય તેમણે માનવ સેવા અને જીવદયાના સત્કાર્યો કરવા જોઈએ અને સત્કાર્યોના મિશનમાં જોડાઈ જવું જોઈએ.

જે નિષ્કામ ભાવે સેવા કરે છે એમની પ્રતિકૂળતા, વિપતિઓ, દુષ્કર્મ અને દુર્ભાગ્ય ધીમે ધીમે દૂર થઈ જાય છે.

પ્રતિકૂળતા એને જ આવે જેમણે સેવા અને પરિશ્રમ ન કર્યાં હોય. સેવા માત્ર સંપતિથી જ ન થાય, સેવા પરિશ્રમથી પણ થાય, તનથી થાય, મનથી થાય.

મુનિ રતિલાલજી મ.સા.ની સાથે જે વડીલ નવ સંતો હતાં, એમાં એક પૂ. વીરજી મ.સા. હતાં જેમના પગમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું અને તેના કારણે પગમાંથી સતત લોહી અને પરૂ નીકળ્યાં કરતાં હતાં. મુનિ રતિલાલજી મ.સા. અગ્લાન ભાવે એમની સેવા કરતાં. એમના પગમાંથી પરૂ કાઢતાં, એને સાફ કરતાં અને પછી ડ્રેસીંગ કરી આપતાં. કોઈના પગ દુઃખતા હોય તો તેમને રાતના મોડે સુધી જાગીને પણ પગ દબાવી શાતા પમાડતા.

ગુરુ પ્રાણને પણ સંધિવાની બીમારીના કારણે હાથ પગ જકડાઈ જતાં અને ઝડપથી ચાલી ન શક્તાં. ગુરુ પ્રાણ જે ગામથી વિહાર કરે ને ગામના સેંકડો લોકો તો એમને વળાવવા આવતાં અને જે ગામમાં જવાના હોય ત્યાંના સેંકડો લોકો તેમને સામે લેવા આવતાં. ગુરુ પ્રાણ પ્રત્યે લોકોને એવા ભાવ હતાં, ભક્તિ હતી, શ્રધ્ધા હતી. વળાવવા આવનારની આંખો વિદાય વેદનાથી છલકાતી હતી અને લેવા આવનારની આંખો હર્ષાશ્રુથી છલકાતી હતી.

ગુરુ પ્રાણ ભક્તોની સાથે ધીમે ધીમે વિહાર કરે અને મુનિ રતિલાલજી મ.સા. ઝડપથી વિહાર કરી, સામે ગામ પહોંચી જાય અને ગુરુ માટે અનુકૂળ ગૌચરી વ્હોરી લાવે, ગુરુ જ્યાં હોય ત્યાં પહોંચી જાય અને એમને શાતાપૂર્વક વપરાવી ફરી પાછા પોતે ઝડપથી વિહાર કરી આગળ જ્યાં જવાનું હોય તે સ્થાને પહોંચી જાય અને ગુરુના આરામ અને વિશ્રામની તૈયારી કરે. એટલે ૨૦ કિ.મી. નો વિહાર હોય પણ મુનિ રતિલાલજી મ.સા. માટે ૩૦ કિ.મી. થઈ જાય અને એવું પણ નહીં કે આવી અનુકૂળતા, આવી શાતા એક વિહારમાં કરી... જે દિવસથી ગુરુ પ્રાણની તબિયત નાદુરસ્ત થઈ તે દિવસથી અંત સમય સુધી એમનો એ જ ક્રમ રહ્યો.

આમ 'સેવા' એ એમનો સૌથી મોટો ગુણ હતો. ચાતુર્માસમાં પૂ. મહાસતીજીઓ પણ ઘણા સાથે હોય અને ઘણીવાર ગામ નાનું હોય. એટલે એ સ્વયં ગૌચરી વ્હોરાવવા માટે બે હાથમાં બે મોટી જોળી લઈને નીકળે. કેમકે એમના પ્રત્યે લોકોને અનન્ય ભાવ, ભક્તિ અને શ્રધ્ધા હોવાના કારણે લોકો પ્રેમથી, ભાવથી વ્હોરાવતાં હતાં. એમનું એક જ ધ્યેય હતું બધાંને શાતા પમાડવી, પછી એ પોતાના ગુરુ હોય, ગુરુભાઈઓ હોય કે મહાસતીજીઓ . ! !

રાજકોટમાં અને જામનગરમાં પૂજ્ય ગુરુદેવ પધારતાં ત્યારે કોઇ પણ ઉપાશ્રયે સ્થિરવાસ કે શેષકાળ બિરાજતાં બધાંને બબ્બે ઝૂડા હાથમાં લઇ

ગૌચરી આપી અને પછી પોતાના ધર્મ સ્થાને આવી ગૌચરી વાપરતાં હતાં.

કોઈ પણ વ્યક્તિ એમ સહજતાથી શ્રેષ્ઠ નથી બની શક્તી. શ્રેષ્ઠતાને સર્જવા માટે પહેલાં ભોગ આપવો પડે છે.

જ્યાં સુધી ભોગ ન અપાય ત્યાં સુધી ભવ્યતાનું સર્જન ન થાય. મહાપુરુષ એમ જ ન બનાય.

જ્યારે જાતનું બલિદાન અપાય ત્યારે જ મહાનતાનું સર્જન થાય અને જ્યારે શ્રેષ્ઠતા અને મહાનતાનું સર્જન થાય છે ત્યારે જ વિદાય પછી પણ ગુણગ્રામ ગાવાનું મન થાય છે.

સેવા કરવામાં શું એમને કષ્ટ નહીં પડતું હોય ? તકલીફ નહીં પડતી હોય ? હેરાન નહીં થતાં હોય. ? ?

**જે ખુદ હેરાન થાય છે તે જ બીજાને 'હાશ' આપી શકે છે.**

જે પહેલાં પોતાની શાતા જુએ અને પછી બીજાને શાતા પમાડે તે સામાન્ય કહેવાય.

જે પોતાની અશાતાની પરવા ન કરે અને બીજાને શાતા પમાડવાનો પ્રયત્ન કરે એ જ સેવા કરી શકે.

સેવામાં મનને મારવું પડે, સેવામાં પોતાની ઈચ્છાઓનું મૃત્યુ કરવું પડે, સેવામાં સમય અને શક્તિનો ભોગ આપવો પડે.

# અનન્ય શ્રધ્ધા

મુનિ રતિલાલજી મ.સા. માં સેવાના આવા સંસ્કાર આવ્યા ક્યાંથી ? એમના ગુરુ પ્રાણ પાસેથી. ! !

સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ પણ એટલાં જ સેવાભાવી હતાં. તપસ્વી પૂજ્ય શ્રી જયચંદ્રજી મ.સા. ને પણ એક વખત પગમાં ગુમડાં થઈ ગયાં હતાં અને એમાં પશ અને પરૂ થઈ ગયાં હતાં. ગુરુ પ્રાણે સતત એક મહિના સુધી એ ગુમડામાંથી પશ પરૂ કાઢી, સાફ કર્યું હતું અને એ ગુમડાનો ચેપ એમને લાગી જતાં એમના બંને હાથની દસે આંગળીઓ પશ પરૂવાળી થઈ ગઈ હતી અને સોજી ગઈ હતી. એ પોતાના હાથે કાંઈ જ કરી શક્તાં ન હતાં. પોતાના હાથે ખાઈ પણ શક્તાં ન હતાં.

મુનિ રતિલાલજી મ.સા. તે સમયે સંસારી અવસ્થામાં હતાં. એમને સમાચાર મળ્યાં કે એમના પૂજ્ય ગુરુદેવને આવી તકલીફ છે, એ તરત જ એમની સેવામાં પહોંચી ગયાં. એમના મુખમાં કોળિયા મૂકી એમને વપરાવતાં હતાં.

મુનિ રતિલાલજી મ.સા. માં આળસ અંશ માત્ર ન હતી. પ્રમાદ જરાપણ ન હતો. સવારે વહેલા ઊઠીને સ્વાધ્યાય અને મોડી રાત સુધી સેવા. એ પણ બેચાર દિવસો કે મહિનાઓ નહીં પણ વર્ષોના વર્ષો સુધી એ જ નિયમ અને એ જ નિત્યક્રમ. ! !

સેવા અને સ્વાધ્યાય જ જાણે એમના જીવનમંત્ર બની ગયા હતાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના જીવન કવનને જેમ જેમ જાણતા જઈએ તેમ તેમ એમ જ લાગે. એક વ્યક્તિમાં કેટલાં ગુણો. ? ? ? એમણે એમના મળેલાં અમૂલ્ય માનવભવને સફળ અને સાર્થક કરવા એક એક ક્ષણનો સદુપયોગ કર્યો છે. શ્રેષ્ઠતાનું સર્જન ત્યારે જ થાય છે, જ્યારે ક્ષણ ક્ષણનો સદુપયોગ થાય છે. મિનિટ-મિનિટ જેના માટે મહત્ત્વની હોય છે તે મહાપુરુષ થાય છે. જે હર પલ, હર ક્ષણને લાખેણી માને છે તે જ મહાનતાનું સર્જન કરી શકે છે.

ગુરુ પ્રાણ મુનિ રતિલાલજી મ.સા.ની આખા દિવસની ચર્યાને નિહાળી ઘણીવાર કહેતાં,'થોડીવાર તો જંપીને બેસ, થોડીવાર તો શાંતિથી આરામ કર. બધું કામ થઈ જશે.'

મુનિ રતિલાલજી મ.સા. હંમેશાં કહેતા, ગુરુદેવ ! આપની સેવાનો અવસર મળ્યો એનાથી મોટું સૌભાગ્ય મારૂં શું હોઈ શકે ? આપે મારા પર અનંતી કરૂણા કરી, મને સંસારના ચક્રમાંથી બહાર કાઢયો, મને સત્યની સમજ આપી અને એના કારણે જ હું મારા આત્માને આ માર્ગ પર લાવી શક્યો છું. ગુરુદેવ ! આપની ગમે તેટલી સેવા કરૂં તો પણ હું આપના આ ઉપકારનું ઋણ ન ચૂકવી શકું.

ગુરુ પ્રત્યે આવો ભાવ અને અહોભાવ. ! !

ગુરુ પ્રાણને બીમારીના કારણે જે અનુકૂળ પદાર્થ જોઈએ તે માટે તેમને પચ્ચીસ-ત્રીસ ઘરે ગૌચરી માટે ફરવું પડે પણ ક્યારેય કંટાળો નહીં... ક્યારેય થાક નહીં. માથા પર ભર તડકો હોય પણ જ્યાં સુધી અનુકૂળ ગૌચરી ન મળે ત્યાં સુધી ઘરે ઘરે જાય અને અનુકૂળ પદાર્થ વ્હોરાવીને જ આવે .

જેવા સ્થાનકમાં પાછા આવે એટલે તરત જ ગુરુપ્રાણ કહે... પોણા

બે વાગી ગયા... કાંઈ ખબર પડે છે કે નહીં ? ?

એક તો ગુરુ માટે આટલું ફર્યાં અને આવ્યા પછી શું મળ્યું ?

પ્રેમ કે ઉપાલંભ ! તે સમયે કેવું લાગે ? કેવું ફીલ થાય ?

તમે જેની માટે મરી પડતાં હો, એ જ આકરા વેણ કહે ત્યારે કેવું લાગે ? આકરૂં લાગે કે નહીં. ? ?

પણ... ના...! આ તો મુનિ રતિલાલજી મ.સા. હતાં. સમતાના મૂર્તિ હતાં. એક પણ દલીલ નહીં કે કોઈ પણ પ્રકારનો ખુલાસો નહીં. ખૂબ જ પ્રેમથી કહે છે, ગુરુદેવ ! આપના આરોગ્યને અનુકૂળ પદાર્થ પ્રાપ્ત થયાં છે. આપ એને વાપરો...! આપને શાતા રહેશે, આપનું આરોગ્ય અનુકૂળ રહે એ જ મારા હૃદયની ભાવના છે. મુનિ રતિલાલજી મ.સા.ના અવાજમાં એ જ નમ્રતા, એ જ ભક્તિ અને એ જ પ્રેમભાવ હોય. મનમાં એક જ રટણ હોય એમણે મને તાર્યો છે, એમણે જ મને ઉગાર્યો છે. એમણે જ મને મુનિત્ત્વનો સ્વાદ ચખાડી મોક્ષ માર્ગે આગળ વધાર્યો છે. એમનો મારા પર અનંત ઉપકાર છે. એમના માટે હું જેટલું પણ કરૂં તે ઓછું છે.

આવી અનન્ય એમની શ્રધ્ધા હતી. ગુરુપ્રાણ ગૌચરી વાપરી લે એટલીવારમાં તો એમના આરામ માટેની સર્વ અનુકૂળતાઓ કરી રાખે, પાટ ઉપર બિરાજવાના હોય ત્યારે પાટ ઉપર પણ બધું જ વ્યવસ્થિત કરી રાખે. એમને ક્યાંય જરા પણ તકલીફ ન પડે એ જ એમની સતત ખેવના રહે.! આવી જ એમની હૃદયની ભાવના રહે.!

ક્ષણે ક્ષણે એક જ ચિંતન... મારા ગુરુદેવને શું ખપ હશે ? એમને શું અનુકૂળ આવશે ? એમની શું ઈચ્છા હશે ? હું એમના માટે શું કરૂં ? હું એમને કેવી રીતે શાતા પમાડું ? ગુરુ એક કામ બતાવે અને એ કામ પૂરૂં કરી તમે તમારા કામમાં લાગી જાવ એ શિષ્યત્ત્વ નથી. પણ તમારા સો કામની વચ્ચે

પણ તમારૂં હૃદય ગુરુ સ્મરણમાં હોય, તમારૂં મન ગુરુના વિચારમાં હોય, તમારા હાથ પગ ગુરુની સેવા માટે થનગનતા હોય અને તમારો આત્મા ગુરુના આત્મા સાથે અનુસંધાન કરતો હોય, એ સાચું શિષ્યત્ત્વ છે, એ યથાર્થ શિષ્યત્ત્વ કહેવાય.

બસ ! આવું જ શિષ્યત્ત્વ હતું મુનિ રતિલાલજી મ.સા.નું. ! !

ગુરુની આવી સેવા કરતાં કરતાં વરસો વીતી ગયાં... પણ એક પણ દિવસ, એક પણ ક્ષણ માટે એમને ક્યારેય વિભાવ આવ્યો નથી કે સેવા માટે અભાવ થયો નથી.

માટે જ, તપના સમ્રાટ સાથે સેવાના સમ્રાટ પણ કહેવાય છે.

# વામનથી વિરાટ બનવાની વિકાસયાત્રા

કોઈ પણ બાળક જ્યારે સ્કૂલમાં જવાનું શરૂ કરે છે, પછી જેમ જેમ દિવસો અને વર્ષો પસાર થાય છે તેમ તેમ તે એક પછી એક ધોરણ આગળ વધતો જાય છે એનો વિકાસ થતો જાય છે.

જેનો વિકાસ થાય છે તે જ આગળ વધે છે.

જેનો વિકાસ નથી થતો તે ત્યાં જ અટકી જાય છે.

જેમ સ્કૂલ તેમ સાધનાનું ક્ષેત્ર. !

સાધનાના ક્ષેત્રમાં પણ જેનો વિકાસ થાય છે તે જ પ્રગતિ કરતાં કરતાં સિધ્ધિને પામે છે.

વિકાસ એનો જ થાય જેને જીવનમાં કોઈ લક્ષ્ય હોય. મુનિ રતિલાલજી મ.સા.... જે દિવસે એમણે પહેલીવાર તપસ્વી પૂજ્ય શ્રી માણેકચંદ્રજી મ.સા. ના દર્શન ક્ર્યાં. ભલે તે સમયે તે બાળક હતાં છતાં એ દર્શનમાંથી એ કંઈક પામ્યા. પછી એમણે ગુરુ પ્રાણના દર્શન ક્ર્યાં, ત્યારે પણ કંઈક પામ્યા અને જે દિવસથી ગુરુ પ્રાણના સાંનિધ્યમાં આવ્યાં, હર એક દિવસ કંઈક નવું શીખતા, કંઈક નવું પામતાં, હર એક દિવસ એમનો વિકાસ થતો. ધીમે ધીમે એમની વિકાસ યાત્રા આગળ ને આગળ વધવા લાગી. વામનમાંથી વિરાટની દિશામાં વધવા લાગી.

પહેલાં એ સંસારી હતાં. ગુરુના દર્શન ક્ર્યાં અને ભક્ત બન્યાં. ગુરુના

સાંનિધ્યમાં આવ્યાં અને સાધક બની ગયાં. ક્યાંય જરાપણ અટકયા વિના આગળ વધતાં જ ગયાં. સાધકમાંથી સાધુ બન્યાં. પણ શું સાધુ બનવા માત્રથી એમની વિકાસ યાત્રા પૂરી થઈ ગઈ ? સાધુ બન્યાં પછી એમની યાત્રા જ્ઞાની બનવાની દીશામાં આગળ વધવા લાગી. જ્ઞાનીથી તપસ્વી બનવાની દિશામાં પ્રગતિ કરવા લાગ્યાં અને તપસ્વીમાંથી તપસમ્રાટ બન્યા પણ એમની વિકાસયાત્રા ક્યાંય પણ અટકી નહીં. ક્યારેય વિકલ્પ ન આવ્યો કે હવે તો હું સંયમી બની ગયો, જ્ઞાની બની ગયો, તપસ્વી પણ બની ગયો. બસ ! ઘણું થઈ ગયું.

મુનિ રતિલાલજી મ.સા. અટકવામાં માનવાવાળા ન હતાં.

નાના, મોટા, સાધુ-સાધ્વીજી અને સાધકોની પણ સેવા અને વૈયાવચ્ચ કરતાં કરતાં સેવાભાવી અને સેવા સમ્રાટ બની ગયાં. એક પછી એક પગથિયા ચઢતાં ગયાં અને સ્વયંનો વિકાસ કરતાં ગયાં.

મુનિ રતિલાલજી મ.સા.એ ક્યારેય વિચાર્યું ન હતું કે, દીક્ષા એ જ મારૂં લક્ષ્ય છે. એમનું લક્ષ્ય તો હતું આત્મ શુધ્ધિનું, પરમ શુધ્ધિનું અને એમનું લક્ષ્ય હતું 'સ્વ' ને પામવાનું.!! એમનો સંકલ્પ હતો જ્યાં સુધી 'સ્વ' ની પ્રાપ્તિ નહીં થાય, ત્યાં સુધી ચેનથી સૂઈશ નહીં. રાત્રે આઠ વાગે સુવે કે દસ વાગે, રાત્રે એક વાગ્યા સુધીમાં તો એમની ઊંઘ પૂરી થઈ જતી.

પહેલાં જ્ઞાની બનવાનો પુરુષાર્થ ર્ક્યો, પછી તપસ્વી બનવાનો પુરુષાર્થ ર્ક્યો, પછી સેવાભાવી બનવાનો પુરુષાર્થ ર્ક્યો અને પછી જપ-સાધના શરૂ કરી. રોજ રાત્રે એક-દોઢ વાગે ઊઠી જાય અને પછી ધ્યાન સાધના અને જપ સાધના શરૂ થઈ જાય. બે થી ત્રણ, ત્રણ થી ચાર, ચાર થી પાંચ માળા અને મંત્રના જાપ.!! એક જ મંત્રના સતત જાપ કરવાથી એ મંત્ર ઘુંટાવા લાગ્યો. રોમરોમમાં વ્યાપ્ત થઈ ગયો. લોહીના કણ કણમાં સમાઈ ગયો અને એ મંત્રની માઈક્રો પોઝીટીવ એનર્જી દ્વારા એમના આત્મા પર લાગેલાં કર્મોના આવરણોને દૂર કરવા લાગી, આત્મા નિર્મળ થવા લાગ્યો... આત્મા ધીરે ધીરે આત્મશુધ્ધિની દિશામાં આગળ વધવા લાગ્યા.

# શિષ્યત્ત્વની ફળશ્રુતિ...
# ગુરુત્ત્વની પ્રાપ્તિ...

**સૌ**રાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણના સાંનિધ્યમાં મુનિ રતિલાલજી મ.સા.ને પરમ સુખ અને શાંતિનો અનુભવ થતો હતો. પણ ક્યારેક ગુરુપ્રાણ એમને પોતાની સાથે ચાતુર્માસ કરાવતાં તો ક્યારેક પોતાનાથી અલગ ચાતુર્માસ કરાવતા. આ વર્ષે ગુરુપ્રાણ સાથે ચાતુર્માસ હોય તો બીજા વર્ષે ગુરુ એમને કહી દેતા... આ ચાતુર્માસ તમારે જામનગર કરવાનું છે, આ ચાતુર્માસ તમારે બિલખા કરવાનું છે.

ગુરુ સાંનિધ્ય વિનાની એક ક્ષણ પણ જેમને સહન ન થતી હોય એમને ગુરુથી દૂર સાડા ચાર મહિના રહેવાનું કહેવામાં આવે ત્યારે શું થાય ?

જો એ શિષ્ય હોય તો સાથે રહેવાનું ઈચ્છે પણ, જો એ 'પરમ શિષ્ય' હોય તો એક પલ માટે પણ દૂર થવાનું ન ઈચ્છે. !

ગુરુ શું કરે ? ગુરુ દૂર મોકલીને પાસે લાવે કે પાસે રાખીને દૂર કરે ? ક્યારેક એવું પણ બને કે ગુરુ શિષ્યને દૂર મોકલીને પણ પાસે લાવતા હોય છે. ક્યારેક એવું પણ બને જે બહુ નજીક હોય તે દૂર થઈ જાય અને જે દૂર હોય તે વધુ નજીક થઈ જાય. ગુરુ હંમેશાં શિષ્યની યોગ્યતા જુએ, એની પાત્રતા જુએ, એની પ્રકૃતિ જુએ, અને એ બધાંથી વિશેષ ગુરુ એના ભાવ જુએ.

ગુરુ વિચારે જો આને હું મારાથી દૂર રાખીશ, બીજે ચાતુર્માસ

કરવા મોકલીશ તો દૂર રહીને એની તડપ વધશે, એની તરસ વધશે, એની પામવાની ઝંખના વધશે અને એ વિરહની વેદનાથી એની ભક્તિ વધશે, એની અંદરની શ્રધ્ધા વધુ દૃઢ બનશે, એના ભાવ ઉત્કૃષ્ટ થશે, જે કદાચ સાંનિધ્યમાં શક્ય ન થાય. ક્યારેક સતત સાંનિધ્ય સંતોષનું કારણ બની જાય, તૃપ્તિનું કારણ બની જાય.

ક્યારેક વ્યક્તિ સામે હોય ત્યારે જેટલો પ્રેમ ન અનુભવાય તેટલો વ્યક્તિ દૂર જાય ત્યારે અનુભવાય. ક્યારેક શિષ્યને ખબર જ ન પડે કે ગુરુ એની પાસે છે, એટલે એમના પોઝીટીવ વાઈબ્રેશન્સ અને ડીવાઈન પાવર્સથી એના કેટલાં પ્રોબ્લેમ્સ સહજતાથી સોલ્વ થઈ જાય છે.

જેમના માટે તમે માતા, પિતા, ભાઈ, બહેન, સગા-સ્નેહી અને મિત્રોને છોડીને આવ્યાં હો, જેમના માટે બધાં સાથેના સંબંધોને તોડી તે એક સાથે સંબંધ જોડયો હોય એ જ તમને દૂર મોકલે ત્યારે કેવું થાય ? જેમની નજીક રહેવા માટે બધાંથી દૂર થયા હો અને એ જ હવે તમને એનાથી દૂર મોકલે ત્યારે શું થાય ?

પણ... ના.!! મુનિ રતિલાલજી મ.સા. ગુરુ પ્રાણના શિષ્ય હતા. સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણના શિષ્ય હતાં અને ગુરુપ્રાણે એમને શારણા, વારણા, જ્ઞાન અને શિક્ષા આપી એવા યોગ્ય, કુશળ અને મજબૂત બનાવ્યાં હતાં કે ગુરુના સાંનિધ્યમાં રહે કે ગુરુથી દૂર... એ સદાય સ્મરણ અને સ્મૃતિ સાથે ગુરુની સમીપ જ રહેતાં હતાં.!

ગુરુના શ્વાસ સાથે એમનો શ્વાસ જોડાઈ ગયો હતો. ગુરુના શ્વાસ સાથે જ્યારે શિષ્યનો શ્વાસ જોડાઈ જાય અને જે શ્વાસોશ્વાસ નીકળે તેને ભક્તિ કહેવાય.

આવી ગુરુ ભક્તિ હતી મુનિ રતિલાલજી મ.સા.ની.! ગુરુ વિના ક્યાંય ચેન નહીં. ગુરુ વિના ક્યાંય શાંતિ નહીં. આમ ક્યારેક પ્રત્યક્ષ સાંનિધ્ય

તો ક્યારેક સ્મરણ સાંનિધ્યને માણતાં માણતાં ત્રેવીસ વર્ષ પસાર થઈ ગયાં.

**આ ત્રેવીસ વર્ષમાં ક્યારેક મુનિ રતિલાલજી મ.સા. તપસ્વી તો ક્યારેક જપસ્વી, ક્યારેક ધ્યાની તો ક્યારેક જ્ઞાની, ક્યારેક યોગી તો ક્યારેક સેવાભાવી બનીને પોતાનો આત્મવિકાસ કરતાં રહ્યાં.**

કેટલાંક લોકોનું કેવું હોય, જ્યાં સુધી દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી એમ હોય કે મારે દીક્ષા લેવી છે, મારે મારૂં કલ્યાણ કરવું છે મારે આત્માને શુધ્ધ કરવો છે, વગેરે... વગેરે... અને જેવી દીક્ષા થઈ જાય એટલે જાણે બધાં કાર્ય પૂરા થઈ ગયાં. ! !

દીક્ષા થાય એટલે બધાં કાર્ય પૂરા થાય કે કાર્યની શરૂઆત થાય ? સાધનાની શરૂઆત થાય ? જેમનું લક્ષ માત્ર દીક્ષા હોય તેના માટે કાર્ય પૂર્ણ થઈ જાય, પણ જેમનું લક્ષ મોક્ષ હોય તેના માટે તો કાર્યનો પ્રારંભ થાય.

મુનિ રતિલાલજી મ.સા. નું એક જ લક્ષ્ય હતું મોક્ષ. !

અને એ મોક્ષ સુધી પહોંચવાનો એક જ માર્ગ હતો ગુરુના ચરણ અને શરણ, ગુરુનું સાંનિધ્ય. ! એમના મનમાં સતત એક જ ભાવ હતો કે હું એવું તે શું કરૂં જેથી ગુરુની કૃપા મારા પર વરસે અને મારો આત્મ કલ્યાણનો માર્ગ ખુલી જાય. ! ! ત્રેવીસ વર્ષ સુધી મુનિ રતિલાલજી મ.સા.એ ગુરુ પ્રાણની એવી સેવા કરી, એવી ભક્તિ કરી અને ગુરુ પ્રાણે મુનિ રતિલાલજી મ.સા.ને ગુરુદેવ રતિલાલજી મ.સા. બનવાને લાયક બનાવી દીધાં. મુનિ રતિલાલજી મ.સા. પહેલાં હતાં બાળ રતિલાલ, પછી યુવા રતિલાલ, પછી મુમુક્ષુ રતિલાલ, પછી દીક્ષાર્થી રતિલાલ, પછી દીક્ષિત રતિલાલ, નવદીક્ષિત રતિલાલ, પછી મુનિ રતિલાલજી મ.સા. અને મુનિ રતિલાલજી મ.સા.થી ગુરુદેવ રતિલાલજી મ.સા. ! !

બાળ રતિલાલમાંથી ગુરુદેવ રતિલાલજી મ.સા.. ! !

કેટલી પાત્રતા કેળવી હશે ? કેવો આત્મ વિકાસ ક્ર્યો હશે ?

બીજમાં વૃક્ષ બનવાની ક્ષમતા તો હોય પણ એ ક્યારેય પોતાની જાતે વૃક્ષ ન બની શકે. બીજને બીજમાંથી વૃક્ષ બનવા ખેડૂત અથવા માળીનો યોગ તો અવશ્ય જોઈએ જ. ! સાથે સાથે ધરતી અને પાણીનો પણ સંયોગ જોઈએ.

સ્વયંની યોગ્યતા ગમે તેટલી હોય, યોગ અને સંયોગ વિના વિકાસ શક્ય નથી. બીજને જો વૃક્ષ બનવું હોય તો તેણે પોતાની જાતને પોતાના સર્વસ્વને ધરતીની ગોદમાં અર્પણ કરવું પડે, ધરતીને સમર્પિત થવું પડે અને જે દિવસે બીજ જમીનની અંદર જાય એટલે પૂરી દુનિયાથી દૂર થઈ જાય. ડીસ્કનેકટ થઈ જાય. પૂરી દુનિયા સાથેનો સંબંધ તૂટી જાય અને એક માત્ર ધરતી સાથે, ધરતીની માટી સાથે તેનો સંબંધ જોડાઈ જાય. પછી એ માટી જેવી પણ હોય તેણે સહન કરવું જ પડે.

એ માટી ગરમ હોય તો પણ સહન કરો, ઠંડી હોય તો પણ સહન કરો, ભીની હોય તો પણ સહન કરો, સૂકી હોય તો પણ સહન કરો.

**જે સહન કરે છે તે જ શ્રેષ્ઠતાને પામે છે.**

બીજે થોડું સહન કર્યું અને એક દિવસ એમાંથી અંકુરા ફૂટયાં. ધીરે ધીરે છોડમાંથી વિકાસ થતાં થતાં વૃક્ષ બની ગયું. વૃક્ષ બન્યાં પછી પણ એની વિકાસ યાત્રા અટકી નહીં. વૃક્ષને ડાળીઓ આવી, ફૂલ આવ્યાં અને ફળ આવ્યાં. એ ફળમાં બીજ આવ્યાં. એ બીજમાં બીજું વૃક્ષ બનાવાની ક્ષમતા આવી. બીજની યાત્રા, બીજની વિકાસ યાત્રા વામનમાથી વિરાટ બનવાની યાત્રા. !

એવી જ યાત્રા, આત્મ વિકાસની યાત્રા વામનમાંથી વિરાટ વ્યક્તિત્વ બનવાની યાત્રા અને બાળ રતિલાલમાંથી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. બનવાની વિકાસ યાત્રા. ! !

શિષ્ય જ્યારે સક્ષમ ગુરુના શરણમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે ત્યારે ગુરુ એના સ્નેહના જળથી સિંચન કરે છે અને શિષ્યને સવાયા ગુરુ બનવાને લાયક બનાવી દે છે.

# જો તમે નહીં હો તો... ? ? ?

**સૌ**રાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણનું બગસરામાં ચાતુર્માસ ચાલી રહ્યું હતું. ચાતુર્માસ પૂર્ણ થવાને થોડાં જ દિવસો બાકી હતાં ત્યાં ગુરુ પ્રાણની તબિયત નાદુરસ્ત થવા લાગી. એક દિવસ સારૂં રહે તો બે દિવસ અસ્વસ્થ થઈ જાય. એમ કરતાં વિહાર વળામણાનો દિવસ નજીક આવવા લાગ્યો પણ ગુરુ પ્રાણની તબિયત સુધરવાના બદલે વધારે બગડવા લાગી. શ્રાવકો અને ભક્તો વિનંતિ કરવા લાગ્યા, ગુરુદેવ ! જ્યાં સુધી આપનું સ્વાસ્થ્ય સારૂં ન થાય, ત્યાં સુધી આપ અહીં જ સ્થિરતા કરો, અમને સેવાનો લાભ મળશે, સંઘે પણ આગ્રહભરી વિનંતિ કરી, ગુરુદેવ ! આપની વૈયાવચ્ચનો લાભ અમને આપો આપ અહીં બિરાજમાન રહો.

સેવા અને વૈયાવચ્ચ બંનેમાં ફરક શું હોય ?

સામાન્ય વ્યક્તિની સુખાકારી માટે જે કાંઈ કરીએ તેને સેવા કહેવાય. જેમાં માત્ર કાયિક ઉપાર્જન થાય તેને સેવા કહેવાય.

સંત-સતીજીઓ કે ગુરુ ભગવંતોની સુખશાતા માટે જે કરીએ તેને વૈયાવચ્ચ કહેવાય. વૈયાવચ્ચ કરવાથી ગુણની પ્રાપ્તિ થાય.

વિહાર કરી શકે એવી કોઈ શારીરિક સ્વસ્થતા ન હોવાથી ગુરુ પ્રાણે સંઘની વિનંતિનો સ્વીકાર કર્યો. વિનંતિ સ્વીકાર્યાના હજુ તો બે-ચાર

દિવસ થયા હશે ત્યાં તો એક દિવસ ગુરુ પ્રાણની તબિયત વધારે અસ્વસ્થ થઈ. ડૉક્ટર આવ્યા, વૈદ્ય આવ્યા, બધાંએ પોતાપોતાની રીતે ગુરુને શાતા પમાડવાના પ્રયત્ન કર્યાં અને સફળ પણ થયાં.

ગુરુ પ્રાણને સ્વસ્થ થતાં જોઈ સંઘ, શ્રાવકો અને ભક્તો પણ ખુશ થઈ ગયાં.

જે દીવો બુઝાવાનો હોય તે વધુ પ્રજ્જવલે કેમકે, તેમાંથી ઘી ખૂટી ગયું હોય અને વધેલી વાટ હોય. ઘી વિનાની વાટ હોય એટલે વધારે પ્રજવલ્લિત થાય.

જે વધુ પ્રજવલે તેની વિદાયની ઘડી હોય.

ગુરુપ્રાણ એકદમ સ્વસ્થ થઈ ગયાં એટલે ચતુર્વિધ સંઘમાં આનંદની લહેર છવાઈ ગઈ. પણ એ જ રાત્રે તબિયત પહેલાં કરતાં પણ વધારે અસ્વસ્થ થઈ ગઈ અને સવાર થતાં થતાં તો ગુરુપ્રાણની અંતિમ વિદાય થઈ ગઈ.

જેવું મુનિ રતિલાલજી મ. સા.ની આંખો સમક્ષ આ દ્દશ્ય આવ્યું, મુનિ રતિલાલજી મ.સા. બેચેન થઈ ગયાં, અવાચક થઈ ગયાં... અરે ! આ શું બની ગયું ? ? મારા ગુરુપ્રાણ પ્રાણ વિહીન થઈ ગયા. ! !

જેમના ચરણમાં જીવન ન્યોછાવર કર્યું હતું, જેમના વિનાના જીવનની કલ્પના જ નહતી, જેમનાથી એક પળ માટે પણ દૂર થવું અસહ્ય હતું, જેમના પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિના આધારે આટલાં વર્ષો વીતાવ્યાં... આ ગુરુ-શિષ્યનો સંબંધ, આ ડીવાઈન ક્નેકશન, આ નિ:સ્વાર્થ વાત્સલ્ય એક પળમાં તૂટી ગયું ? ? ?  હવે મને મારા ગુરુદેવનો અવાજ સાંભળવા નહીં મળે !  મને 'તપસી' કહીને નહીં બોલાવે... વિચાર... વિચાર... વિચાર અને એનું હ્રદય રડી પડયું. સંત હોય કે ગુરુ હોય, દિલ તો હોય જ ને ? ? અને દિલ હોય એટલે ફીલ તો થાય જ ને. ! !

મુનિ રતિલાલજી મ.સા.ને પણ ગુરુના વિરહની વેદના થાય છે દુ:ખ થાય છે. મારા ગુરુ વિના હું કેવી રીતે રહી શકીશ ? હું કેવી રીતે જીવી શકીશ ?

જે દિવસે ગુરુપ્રાણની વિદાય થઈ તે દિવસે શનિવાર હતો. તે દિવસે ઉપવાસ થઈ ગયો. બીજે દિવસે પાલખી યાત્રા હતી. રવિવારનો દિવસ હતો, હજારો લોકો ભેગા થયા હતાં. ગુરુ પ્રાણના પાર્થિવ દેહને વિદાય આપવાની ક્ષણો હતી. મુનિ રતિલાલજી મ.સા. એકદમ શાંત અને સૂનમૂન થઈ ગયાં છે. એમની સામે ગુરુપ્રાણ સાથે વીતાવેલી એક એક ક્ષણ જીવંત થઈ રહી છે. આંખોમાં ગુરુપ્રાણની આકૃતિ તરવરી રહી છે. હૃદયમાં ગુરુપ્રાણનું વાત્સલ્ય ઉભરાઈ રહ્યું છે અને રહી રહીને મન એક જ પોકાર કરે છે, **જો તમે નહીં તો. ! !**

એક હોય છે રાગ અને એક હોય છે પ્રેમ. ! ! જેમાં મેળવવાની આશા અલ્પ પણ નહીં અને અર્પણ કરવાની ભાવના પૂર્ણ... એને કહેવાય પ્રેમ. !

મુનિ રતિલાલજી મ.સા.ને પણ ગુરુપ્રાણ પ્રત્યે નિ:સ્વાર્થ અને અકારણ પ્રેમ હતો. ગુરુ માટે બધું જ ન્યોછાવર કરવાની ભાવના હતી. અંતરની ભક્તિ હતી. ગુરુ પ્રત્યે અત્યંત શ્રધ્ધા હતી. આત્મિય સ્નેહ હતો. એટલે જ જેવી રવિવારે પાલખીની વિદાય થઈ મુનિ રતિલાલે તે રાત્રે જ સંકલ્પ કરી લીધો. બસ... હવે મારે પારણુ કરવું નથી. બસ, જ્યાં મારા ગુરુ ત્યાં હું. ! ! જો મારા ગુરુ અહીંયા ન હોય તો હું અહીંયા રહી જ કેવી રીતે શકું ? એમને ક્યાંય ચેન નથી... નથી આંખોમાં ઊંઘ... એ મનથી... ભાવથી ગુરુ પ્રાણ સાથે જાણે વાતો કરે છે... ગુરુદેવ ! તમે ત્યાં તો હું અહીંયા કેમ ? શું આપણે બંને એક નથી ? શું આપણે અલગ છીએ ? તમે તો કહેતા હતાં કાયમ માટે તું અને હું એક છીએ, તમે તો કહેતાં હતાં તારો ને મારો સાથ સદાયનો છે, આપણે અનંતકાળથી સાથે જ છીએ અને સાથે જ રહેવાના છીએ. તો પછી આજે મને કમે અહીં એકલો મૂકી દીધો ? ?

મુનિ રતિલાલજી મ.સા.ની બહારની આંખો નહીં અંદરનું દિલ રડી રહ્યું હતું. ગુરુના વિરહને સહી નહતું શકતું એટલે અંદરથી આક્રંદ કરી રહ્યું હતું.

બસ ! ગુરુદેવ ! હું પણ તમારી પાસે આવું છું, મારે પણ તમારી સાથે જ રહેવું છે. જ્યાં તમે ત્યાં હું. જ્યાં હું ત્યાં તમે.!! આજથી અન્નજળનો ત્યાગ.!!

ગુરુને પ્રેમ કરવાવાળા હજારો હોય. ગુરુ પ્રત્યે શ્રધ્ધા રાખવાવાળા હજારો હોય, ગુરુ માટે રડવાવાળા અનેક હોય પણ ગુરુ માટે મરવા તૈયાર થાય એવા વિરલ અને સાચા પ્રેમી તો કોઈક જ હોય !

રાત જેમ તેમ પસાર થઈ ગઈ. નૌકારશીનો સમય થયો. બધાં પારણા કરવા બોલાવે છે, મુનિ રતિલાલજી મ.સા. જવાબ આપે છે, મારા ભાવ નથી. બધાંએ વિચાર્યું... ગુરુદેવની વિદાય વસમી લાગી છે, હજુ આઘાતમાંથી બહાર નથી આવ્યાં એટલે સૂનસૂન થઈ ગયાં છે. ગુરુ પ્રાણ... પ્રાણથી પણ પ્યારા ગુરુ પ્રાણની વિદાય થયાને ત્રીજો દિવસ પસાર થઈ ગયો પણ મુનિ રતિલાલજી મ.સા.એ ન આહાર વાપર્યો છે ન પાણી.!!

રાત થઈ. આંખોમાં ઊંઘના સ્થાને ગુરુ પ્રાણની આકૃતિ અને સ્મૃતિ છે. મન અને હૃદય રડી રહ્યાં છે. જીવનમાં શૂન્યાવકાશ થઈ ગયો છે.

હા ! ગુરુ પ્રાણ હતાં ત્યારે પણ ઊંઘ તૂટક-તૂટક જ આવતી હતી. કેમકે, ગુરુ પ્રત્યેના પ્રેમના કારણે સતત એક જ ભાવ રહેતો હતો, અત્યારે એ શું કરતાં હશે ? કયા ભાવમાં હશે ? એમને કોઈ તકલીફ તો નહીં હોય ને ? એમને કાંઈ ખપ તો નહીં હોય ને ? ? ? અને હવે. ? ? આંખ બંધ કરે છે તો પણ ગુરુની આકૃતિ દેખાય છે અને આંખ ખોલે છે તો પણ સામે ગુરુનો હસતો ચહેરો દેખાય છે અને આ જ હતી એમના ડીવાઈન પ્રેમની પ્રતીતિ.!!

જેમનું આત્માથી આત્માનું ક્નેકશન હોય તેને આત્મિયજન માટે

ક્યાંય ચેન ન હોય. ! એમની હાજરીમાં એમના સુખ અને સાનુકૂળતાની ખેવના બેચેન બનાવે અને એમની વિદાય પછી વેદના બેચેન બનાવે. મુનિ રતિલાલજી મ.સા.ના દિલમાં ગુરુ વિયોગની વેદના છે, વિરહની વ્યાકુળતા છે, નથી એ રહી શક્તાં... નથી એ સહી શક્તાં. ! જેમને હું મારા માનતો હતો. જે મારા માટે સર્વસ્વ હતાં, એ જ મને છોડીને ચાલ્યાં ગયાં. ? ? અર્ધી રાત વીતી ગઈ પણ મુનિ રતિલાલજી મ.સા.ને ક્યાંય ચેન નથી. એનો અંતર આત્મા વિલાપ કરે છે.

હે ગુરુદેવ ! તમે તો મારા પ્રાણ... અને તમે જ નહીં તો, પ્રાણ વિનાનું આ ખોળિયું શું કરશે ? તમારા વિના મને પ્રેરણા કોણ કરશે ? તમારા વિના મને સાચી રાહ કોણ બતાવશે ? તમારા વિના મને સત્યની સમજ કોણ આપશે ? તમારા વિના મારા આત્માની દશા કેવી થઈ જશે ? તમારા વિના... તમારા વિના. ! !



**મુનિ રતિલાલજી મ.સા. ગુરુ વિનાની કલ્પનામાં ખોવાઈ ગયાં**

**છે, ત્યાં જ અચાનક આખા રૂમમાં પ્રકાશ થઈ ગયો. મુનિ રતિલાલજી મ.સા. કલ્પનાની દુનિયામાંથી બહાર નીકળી જ્યાં આંખો ખોલે છે ત્યાં સામે ગુરુપ્રાણ ઊભા છે. મુનિ રતિલાલજી મ.સા. એકદમ ઊભા થઈ ગયા... અરે ! આ શું ? શું મારા ગુરુ મારી સામે ઊભા છે ? ? આ સત્ય છે કે સ્વપ્ન ? ?**

મુનિ રતિલાલજી મ.સા. બે વાર પોતાની જાતને ચેક કરે છે, પોતે સ્વપ્ન તો નથી જોઈ રહ્યાં ને ! !

ના...ના... ! આ તો સાક્ષાત ગુરુ પ્રાણ જ છે. એ જ પ્રેમ વરસાવતી આંખો... એ જ હસતો ચહેરો. એ જ મુસ્કાન. ! ના...ના... આ તો મારા ગુરુ... મારા પ્રાણ જ છે. !

**ભક્તિ એક પ્રકારની શક્તિ હોય છે.**

જેમ જેમ ભક્તિ વધતી જાય તેમ તેમ અંદરની આત્મશક્તિ વધતી જાય. કેમકે, ભક્તિમાં માત્રને માત્ર આપવાનું જ હોય. ભક્તિમાં માત્ર અર્પણતા જ હોય.

ભક્ત એ જ હોય જે સમર્પણ કરે.

ભક્ત એ જ હોય જે સ્વયંને પોતાના ગુરુ કે પરમાત્માના ચરણમાં સમર્પિત કરી પોતે શૂન્ય બની જાય. સંપૂર્ણ પણે શૂન્ય બની જાય. !

પણ... આવી ભક્તિ બધાં ન કરી શકે,

જ્યાં અપેક્ષા હોય ત્યાં અર્પણતા ન હોય. !

જ્યાં અર્પણતા હોય ત્યાં અપેક્ષા ન હોય. !

જે ભક્ત હોય, જે સમર્પિત હોય તેને કોઈ આશા કે અપેક્ષા ન હોય, કેમકે, તેણે પોતાનું સર્વસ્વ ગુરુ ચરણ અને ગુરુ શરણમાં સમર્પિત કરી દીધું હોય. જ્યારે તે પોતે જ પોતાના ન હોય તો પોતાને મેળવવાનું પણ શું

હોય ? ?

જ્યારે મારૂં કોઈ અસ્તિત્વ જ ન હોય તો મારે આશા કે અપેક્ષા ક્યાંથી હોય ?

**જો મારૂં સર્વસ્વ મારા ગુરુનું છે તો પછી ઓટોમેટિક જે ગુરુનું છે તે મારૂં છે, તો પછી ગુરુ પાસેથી કંઈ મળશે એવી આશા રાખવાનો પ્રશ્ન જ ક્યાં આવે ?**

પણ... આવી આત્મિયતા... આત્માનું આત્મા સાથેનું જોડાણ, આત્મ ઐક્યતા બધાં ન સાધી શકે.

જ્યાં સુધી કંઈક મેળવવાની આશા છે ત્યાં સુધી કદાચ કંઈક મળશે પણ ખરૂં પણ એ મળેલું ટેમ્પરરી હશે. અશાશ્વત હશે, અલ્પ સમય માટે હશે. પણ જે દિવસે એ ભાવ હશે કે મારે કોઈ આશા કે અપેક્ષા નથી, તે દિવસે જે મળશે તે શાશ્વત મળશે, તે કાયમ માટેનું હશે. તે ક્યારેય તમારાથી છૂટું ન પડે તેવું હશે.

આજ સુધી આ સંસારથી જે કાંઈ મેળવ્યું તે કેવું હતું ?

આ શરીર, સંપતિ, સંબંધ, સ્નેહ... બધું જ કેવું છે ? ટેમ્પરરી... જે એક દિવસ છૂટવાનું જ છે. !! છતાં કંઈક ને કંઈક મેળવાવાની આશા હોય જ છે. કાંઈ નહીં તો અંતે એક સ્માઈલની પણ અપેક્ષા હોય જ. !!

મુનિ રતિલાલજી મ.સા. સમર્પિત શિષ્ય હતા. પરમ ભક્ત હતાં. જે દિવસથી ગુરુ પ્રાણના ચરણ અને શરણમાં આવ્યા, જે દિવસથી એમની દીક્ષા થઈ ત્યારથી જે દિવસે ગુરુપ્રાણની વિદાય થઈ, એક પણ દિવસ ગુરુ પાસેથી કોઈ આશા કે અપેક્ષા રાખી ન હતી. ન કોઈ વસ્તુની આશા કે ન જ્ઞાનની આશા... ન પ્રશંસાની અપેક્ષા, ન એક સ્માઈલની આશા. !! મારે મારા ગુરુ માટે મારા ભાવથી, મારા પ્રેમથી જે કરવું છે તે હું કરૂં છું. મારે ગુરુના દર્શન

કરવા છે, મને દર્શન થઈ જાય એ જ મારા સદ્‌ભાગ્ય છે, એ મારી સામે જુએ કે ન જુએ. મને એમની સામે જોવા મળે તે જ મારા માટે ઘણું બધું છે. મારા ગુરુ મારા દર્શન કરે એવો વિચાર કરીને પણ મારે પાપ નથી કરવું.

ગુરુના દર્શન કરવા તે ધર્મ છે પણ ગુરુને દર્શન કરાવવા તે પાપ છે.

ગુરુદેવ મારી સામે જુએ તે સદ્‌ભાગ્ય.

આત્માના હિત, શ્રેય અને કલ્યાણની ખેવના કરનાર ગુરુપ્રાણની વિદાય ૧૯૫૬ માં બગસરાની ભૂમિ પર થઈ. સાત્વલી નદીના કિનારે એમના દેહના અગ્નિ સંસ્કાર થઈ ગયાં. જેમના સહારે જીવનનૈયા ચાલી રહી હતી એવા નાવિક સમાન ગુરુપ્રાણની વિદાય થઈ ગઈ.

જ્યાં સંયોગ હોય ત્યાં વિયોગ પણ હોય.

જ્યાં મિલન હોય ત્યાં વિરહ પણ હોય.

મુનિ રતિલાલજી મ.સા.ને લાગ્યું ગુરુપ્રાણની વિદાય...એમના પ્રાણની વિદાય છે. જેમનો પ્રેમ એમનો આધાર હતો એ પ્રેમની જ વિદાય થઈ ગઈ...!!! એક અકથ્ય વેદના...એક આંતરિક પીડા.!

ગુરુ નહીં તો હું નહીં...!

જ્યાં સાગર ત્યાં સરિતા... જ્યાં ગુરુ ત્યાં શિષ્ય.!! અને એમણે ગુરુ પાસે જવા માટે અન્નજળનો ત્યાગ કરી મૃત્યુના માર્ગે જવાનો સંકલ્પ કરી લીધો.!!

જેમ શ્વાસ વિનાનું શરીર હોય એમ ગુરુપ્રાણ વિના મુનિ રતિલાલજી મ.સા. થઈ ગયાં. ગુરુની વિદાયને ત્રણ દિવસ થઈ ગયાં. મુનિ રતિલાલજી મ.સા.એ પણ ત્રણ દિવસથી આહાર પાણી વાપર્યા નથી અને એક એક ક્ષણ ગુરુના સ્મરણમાં... ગુરુના વિરહની વેદનામાં વ્યતિત કરી રહ્યાં છે.

ગુરુ સ્મરણ જેનો શ્વાસ હોય અને ગુરુ શરણ જેનો વિશ્વાસ હોય

એ જ સાચો શિષ્ય કહેવાય.

આવા ગુરપ્રાણના યર્થાથ શિષ્ય મુનિ રતિલાલજી મ.સા.એ ૧૯ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ૨૩ વર્ષ ગુરુની સેવા કરી, એમનાં પાવન સાંનિધ્યને માણ્યું, એમના પ્રેમમાં ભિંજાયા. એવા ગુરુની વિદાયથી મનમાં અશાંતિ અને અજંપો હતાં. ગુરુ સામે ફરિયાદ કરતાં હતાં કે, તમે તો કહેતાં હતાં કે આપણે બંને એક છીએ અને અનંતકાળ સાથે રહેવાના છીએ... તો પછી મને એકલો મૂકીને કેમ ચાલ્યા ગયા ?

ત્યાં જ અચાનક... રૂમમાં પ્રકાશ થાય છે અને સામે સાક્ષાત ગુરુપ્રાણને જુએ છે... શું આ એમના મનનો ભ્રમ છે કે સત્ય. ? ?

મનમાં ગુરુપ્રાણ જ્યાં ત્યાં હું સાથે સંકલ્પ ક્ર્યો છે, અને સંકલ્પને પૂરો કરવા અન્નજળનો ત્યાગ ક્ર્યો છે. આજે ત્રીજો ઉપવાસ પૂરો થાય છે ત્યાં જ સામે ગુરુપ્રાણના દર્શન થાય છે.

સંકલ્પ સાથે જો અઠ્ઠમ થાય તો સંકલ્પ સિધ્ધ થાય જ. ! આવું જ થયું મુનિ રતિલાલજી મ.સા. સાથે. ! !

સ્મરણ શક્તિ અને સંકલ્પ શક્તિનો સંયોગ થયો.

વિયોગ જ સાધનાનો પ્રયોગ હોય છે, અને વિયોગ અને વિરહના સમયે જ સાધના અને સમર્પણતાની પરીક્ષા થાય છે. તમને તમારા ગુરુ પ્રત્યે કેટલો પ્રેમ છે, કેટલી શ્રધ્ધા છે, કેવી ભક્તિ છે, તમારો ડીવાઈન પ્રેમ કેટલો સ્ટ્રોંગ છે, તે વિદાય પછી જ પરખાય.

શિષ્ય એ જ હોય જે ગુરુનો સાથ ક્યારેય ન છોડે.

ગુરુપ્રાણ મુનિ રતિલાલજી મ.સા.ની સામે ઊભા છે. મુનિ રતિલાલજી મ.સા. વિચારે છે, અરે ! આ શું છે ? હું આ શું જોઈ રહ્યો છું ? એ એકદમ ઊભા થઈ જાય છે... ગુરુદેવ ! તમે. ! !

ગુરુદેવના ચહેરા પર એ જ મંદ મંદ મોહક સ્મિત છે. દેદીપ્યમાન ચહેરો છે. મુનિ રતિલાલજી મ.સા.નું શરીર ધ્રુજવા લાગે છે. એ બોલી નથી શક્તાં... અચાનક વિદાય લઈ ગયેલાં ગુરુપ્રાણને જોઈને અવાચક થઈ જાય છે.

ગુરુપ્રાણના મુખમાંથી શબ્દો સરે છે :

''તારે મરી જવું છે ?'' **તો મરતાં પહેલાં તારા સ્વભાવને માર. ! !**

મુનિ રતિલાલજી મ.સા.ને મન આ ગુરુ મુખેથી નીકળેલા શબ્દો નહીં પણ આદેશ હતો. આ વાક્ય ન હતું ગુરુ મંત્ર હતો, શિષ્ય માટે ઉપદેશ નહીં પણ અંત: સ્તલની પ્રેરણા હતી.

મુનિ રતિલાલજી મ.સા.એ પાપણ ઝૂકાવી, મસ્તક નમાવી કહ્યું,

જી ગુરુદેવ !

અને જ્યાં આંખો ખોલી ત્યાં તો ગુરુદેવ અંતરધ્યાન થઈ ગયાં હતાં.

મુનિ રતિલાલજી મ.સા.... ગુરુદેવ ! ગુરુદેવ ! કરે છે પણ...

ગુરુ તો પળ માટે આવે અને આખો ભવ સુધારી દે.

મુનિ રતિલાલજી મ.સા.એ ગુરુપ્રાણ ક્યાં ગયાં તે જોવા બારી ખોલી, બારણા ખોલ્યાં પણ ગુરુદેવ ક્યાંય દેખાણા નહીં. આજુબાજુવાળાને ઉઠાડયા, ગુરુદેવ આવ્યા હતાં, તમે એમને જોયાં ? જુઓ, આ રૂમમાં અહીં જ આવ્યાં હતાં અને અહીં ઊભા હતાં. જુઓ, અહીં કેટલી સરસ સુગંધ પણ આવે છે. ! ! એકદમ અલગ જ પ્રકારની સુગંધ આવી રહી છે. ! !

ઉપસ્થિત સંતો અને શ્રાવકોએ કહ્યું, હા ! સુગંધ સરસ મઝાની આવે છે, પણ...ગુરુ પ્રાણ... ? ? ?

મુનિ રતિલાલજી મ.સા.ની આંખોમાં આંસુ આવી ગયાં. એ ભાવ વિભોર થઈ ગયાં... પ્રત્યક્ષ તો ગુરુએ મારી કેટલી સંભાળ રાખી, મારા જેવા અબૂધ, અજ્ઞાની અને સામાન્ય છોકરાને સંયમના માર્ગે લાવ્યા... સત્યની સમજ

આપી. આત્માની ઓળખ કરાવી અને વિદાય પછી પણ... પછી પણ મારી આટલી હિત ચિંતા. ! ! આવા ગુરુને પામીને હું ધન્ય બની ગયો. ! ! એમની આંખોમાંથી ઉપકાર અને અહોભાવના આંસુ વહેવા લાગ્યાં અને એ જ પળે એમણે સંકલ્પ કર્યો કે, ''હવે મારે મરવું નથી, મારા સ્વભાવને મારવો છે.''

હવે મારે મારા ગુરુની આજ્ઞાનું પાલન કરવું છે. આજથી મારે મારા સ્વભાવને સુધારવો છે. મારે મારા સ્વભાવને મારવો છે. મારે મારા ઉદ્વેગને શાંત કરવો છે, મારે મારા શબ્દો પર અંકુશ રાખવો છે, હાલતા ચાલતાં ભવિષ્ય ભાખવાની ટેવને સુધારવી છે. આજથી મારે મારા 'સ્વ' ભાવમાં રહેવું છે, સમભાવમાં રહેવું છે.

ગુરુદેવ ! આજથી આપનું આ વાક્ય મારો જીવન મંત્ર છે, ગુરુ મંત્ર છે, હું એનું નિષ્ઠાથી પાલન કરીશ. ગુરુદેવ ! એકવાર દર્શન આપો. ગુરુદેવ ! બસ ! એક વાર દર્શન આપો. એકવાર અમીદૃષ્ટિ કરો. એક સ્મિત આપો. ગુરુદેવ ! પછી હું કાંઈ નહીં માંગું. ! ! આપના દર્શન સિવાય બીજું કાંઈ નથી જોઈતું. ! !

ગુરુ એ જ કહેવાય, જે જ્યાં ન હોય છતાં ત્યાં હોય.

ગુરુ એ જ કહેવાય, જે સામે ન દેખાય છતાં સામે આવીને ઊભા રહી જાય.

ગુરુ એ જ કહેવાય, જે આપણા બહારના રૂપને નહીં પણ આંતરિક સ્વરૂપના હિતચિંતક હોય.

આપણા મનની લાગણીને પંપાળવાવાળા, પોષવાવાળા તો જન્મો જન્મ મળે પણ આપણા આત્માનો વિકાસ કરાવવાવાળા, આત્માના હિતની ચિંતા કરાવાવાળા ગુરુ અનંતા અનંતા પુણ્યના ઉદયે જ મળે.

બહારની વસ્તુઓ અને પદાર્થથી તમારું ધ્યાન રાખે તે નહીં, પણ જે તમારા આત્માના ગુણોનું ધ્યાન રાખે, જે તમારામાં અવગુણોને પ્રવેશવા ન દે તે 'ગુરુ' કહેવાય.

જીવતા તો ધ્યાન રાખે પણ વિદાય પછી પણ ચિંતા કરે તે 'ગુરુ' કહેવાય. અને આવા ગુરુને પામવાનું સદ્દભાગ્ય મળ્યું હતું મુનિ રતિલાલજી મ.સા.ને.!!

મુનિ રતિલાલજી મ.સા.ની આંખ સામેથી એ દૃશ્ય ખસતું નથી એ દિવ્ય આકૃતિ યાદ આવે છે અને રોમરોમ પુલક્તિ થઈ જાય છે. કાનમાં વારંવાર એ જ રણકો સંભળાય છે, 'તારે મરવું હોય તો પહેલાં તારા સ્વભાવને માર પછી મરજે.' અને મુનિ રતિલાલજી મ.સા. દૃઢ નિશ્ચય કરે છે, 'મારે મરતાં પહેલાં મારા સ્વભાવને મારવો છે.'

ગુરુપ્રાણને ભાવ વંદના કરી વિનંતિ કરે છે, ગુરુદેવ! આપની આજ્ઞા, આપનો આદેશ શિરોમાન્ય છે, આપ આશીર્વાદ આપજો, શક્તિ આપશો, કૃપા કરજો.!!

કહેવાય છે કે તે દિવસથી મુનિ રતિલાલજી મ.સા.નો સિતારો ચમકવા લાગ્યો, એ ક્ષણ, એ પલ, એ મધ્ય રાત્રિ અને એ દિવ્ય દર્શન પછી મુનિ રતિલાલજી મ.સા.ની માનસિક, વૈચારિક, ભાવિક દરેક સ્થિતિઓમાં પરિવર્તન આવવા લાગ્યું આંતરિક વિકાસ થવા લાગ્યો. લાઈફમાં યુ ટર્ન આવી ગયો.!

જાણે ગુરુપ્રાણે માત્ર દર્શન જ નહીં દિવ્ય વાઈબ્રેશન્સ્ પણ મુનિ રતિલાલના રોમરોમમાં વ્યાપ્ત કરી દીધાં. દિવ્ય કૃપાથી એમને ભિંજવી દીધાં.! પ્રત્યક્ષ સ્વરૂપે દીક્ષાનું દાન અને વિદાય પછી દિવ્ય દર્શન સાથે કૃપાનું દાન.!

મુનિ રતિલાલજી મ.સા.ના જીવનમાં, એમની આંતરિક આત્મધરામાં જે પરિવર્તન આવ્યું તે પરિવર્તન માત્ર તેમના પૂરતું જ ન હતું પણ અન્ય અને કોના જીવનને પરિવર્તન કરાવનારૂં હતું.

# મુનિ રતિલાલજી મ.સા. બન્યાં ગુરુ રતિલાલ

મુનિ રતિલાલજી મ.સા. ધીરે ધીરે... ધીરે ધીરે ગુરુદેવ રતિલાલજી મ.સા. બનવા લાગે છે. પણ જેવા ગુરુપ્રાણ યાદ આવી જાય એટલે તરતજ એમને લાગે કે, જાણે એમના જીવનમાં કાંઈજ નથી એમનામાં એવી કોઈ યોગ્યતા કે પાત્રતા પણ નથી કે એ ગુરુ પ્રાણની જેમ સિંહની ગર્જના જેવા ધારદાર પ્રવચનો આપી શકે. ગુરુપ્રાણની તો પ્રવચન આપવાની પણ એક કલા હતી, એમના વ્યક્તિત્વની એક પ્રતિભા હતી. !

ગુરુ જ્યારે શિષ્ય પર કૃપા વરસાવે છે ત્યારે સામાન્ય પણ શ્રેષ્ઠ બની જાય છે. જેનામાં કોઈ પ્રતિભા ન હોય તેની પ્રતિભા પણ ખીલી ઉઠે છે.

વ્યક્તિની અંદર જ્ઞાન, ધ્યાન, સાધના, માટે ગમે તેટલી ક્ષમતા હોય, પણ **જ્યાં સુધી ગુરુની કૃપા ન થાય ત્યાં સુધી એની ક્ષમતા ક્યારેય પ્રગટ ન થાય.**

મધ્ય રાત્રિએ એક પળ માટે દર્શન આપી ગુરુ પ્રાણે મુનિ રતિલાલજી મ.સા. ઉપર એવી કૃપા વરસાવી. એવી કૃપા વરસાવી કે મુનિ રતિલાલજી મ.સા.ની આંતરિક ક્ષમતા એકદમ બહાર આવવા લાગી.

મુનિ રતિલાલજી મ.સા. ગુરુની ભાવનાને સાકાર કરવામાં લાગી ગયા. 'મારે મારા સ્વભાવને મારવો છે.' અને ધીમે ધીમે એમના સ્વભાવમાં પરિવર્તન આવવા લાગ્યું. એમનો ક્રોધ, આવેગ શાંત તવા લાગ્યાં. ગમે તેવી

પરિસ્થિતિને સમતા ભાવે સહન કરવા લાગ્યાં. દરેક વાતનો સ્વીકાર કરવા લાગ્યાં, જોનારાને પણ એમનામાં પરિવર્તન દેખાવા લાગ્યું.

એક તરફ ગુરુની આજ્ઞાનું પળ પળ પાલન થવા લાગ્યું અને એક તરફ પળે પળે ગુરુની કૃપાનો અનુભવ થવા લાગ્યો. એમની પ્રતિભા ખીલવા લાગી. ભલે પ્રવચન આપવાની કોઈ કલા ન હતી પણ દિલની નિખાલસતા અને સરળતાના કારણે એમના મુખમાંથી નીકળતાં શબ્દો સાંભળનારના હૃદયને સ્પર્શ કરવા લાગ્યાં. એમના પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિ વધવા લાગ્યાં. લોકો એમને ગુરુ તરીકે ધારવા લાગ્યા, સ્વીકારવા લાગ્યાં. ગુરુ ભક્તિ અર્પણ કરવા લાગ્યાં. મુનિ રતિલાલજી મ.સા. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. બની ગયા. ગુરુદેવ બની ગયાં.

અને બીજા જ વર્ષથી એમણે વેરાવળમાં પહેલી વાર એક સાથે છ આત્માઓને દીક્ષા આપી અને જાણે દીક્ષા માટેના દ્વાર ખુલી ગયાં. !! એ છ ભાગ્યશાળી આત્મામાં એક હતાં પૂજ્ય શ્રી જનકમુનિ મ.સા. અને બીજા પાંચ સાધ્વીજી ડૉ. પૂ. શ્રી તરૂલત્તાબાઈ મ., પૂ. શ્રી જશુબાઈ મ., પૂ. શ્રી પુષ્પાબાઈ મ., પૂ. શ્રી કંચનબાઈ મ., પૂ. શ્રી વિજયાબાઈ મ. અને પછી તો ૧૪૫ આત્માઓને દીક્ષા આપી જેમાં ૧૦૮ તો એમના જ શિષ્યો રૂપે હતાં.

એમની વિચક્ષણ બુધ્ધિ અને પારખુ નજરના કારણે વ્યક્તિને જોઈને જાણી જતાં કે આ વ્યક્તિ જનમ જનમની સાધક છે, આ વ્યક્તિ પાત્રવાન છે, આ વ્યક્તિ સંયમના માર્ગે આવવા યોગ્ય છે અને એમને પ્રેરણા કરતાં હતાં અને પ્રેરણામાં પણ વધારે કાંઈ નહીં. માત્ર એક જ વાકય.

**''તારે દાસી બનવું છે કે સ્વામી ?''**

દાસી બનવું હોય તો લગ્ન કરી લે, સ્વામી બનવું હોય તો સંયમના માર્ગે આવી જા. !

આ વાકયની પ્રેરણાથી ૧૦૮ આત્માઓને સંસારમાં ડૂબતાં બચાવી લીધાં, અને મોક્ષ માર્ગના પથિક બનાવી દીધાં, એમને શારણા, વારણા અને ધારણા દ્વારા યોગ્ય બનાવી દીધાં.

એમની શુભ ભાવના અને સત્ય નિષ્ઠાના કારણે એ વચન સિધ્ધ બન્યાં હતાં. એક વખત પણ જો કોઈને ભાવથી કહી દીધું પછી એ સંયમના માર્ગે અવશ્ય આવે જ.!! એમના મુખમાંથી જે નીકળે એવું જ બને એવી એમની વચન લબ્ધિ હતી.

સાધના પણ એવી ઉષ્કૃષ્ટ કરતાં અને એમના ભૂતકાળ સાથે અનુસંધાન કરતાં. ભેદજ્ઞાનને પ્રગટ કરતાં. હું ચૈતન્ય છું, હું જ્ઞાન સ્વરૂપ છું, હું સ્વયં શુધ્ધ છું એવો અનુભવ કરતાં અને પળે પળે જાગૃત રહેતાં, આત્મ શુધ્ધિ કરતાં. આત્મ કલ્યાણની કેડી પર આગળ વધતાં હતાં.

**ધન્ય માતા... ધન્ય પુત્ર..!**

વેરાવળમાં દીક્ષા મહોત્સવ પૂર્ણ કરી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે વિહાર શરૂ ક્ર્યો હતો ત્યાં જ રાજકોટથી સમાચાર આવ્યાં. સમાચાર લઈ આવનાર ભાઈએ કહ્યું, આપે વચન આપ્યું હતું તે પૂર્ણ કરવા રાજકોટ પધારવાનું છે.

ગુરુદેવ વિચારવા લાગ્યા... મેં વચન આપ્યું છે ? મેં તો કોઈને વચન આપ્યું હોય એવું યાદ આવતું નથી ત્યાં તે ભાઈએ પત્ર હાથમાં આપ્યો.

ગુરુદેવ પત્ર વાંચવા લાગ્યા. પત્રમાં લખ્યું હતું. સંયમ લેતી વખતે મેં જ આપને સંમતિ આપી હતી અને સંમતિ આપતી વખતે એક વચન લીધું હતું, મેં કહ્યું હતું, જ્યારે મારો અંતિમ સમય આવે, જ્યારે મારી બહારની આંખો બંધ થવાની ઘડી આવે ત્યારે મારી ત્રીજી અંદરની આંખ ખોલવા પધારજો. ગુરુદેવ એ ઘડી આવી ગઈ છે... આપ પધારો રાજકોટ.!!

**પત્ર હતો સંસારી માતા જમકુબાનો. ! !**

તપસમ્રાટ પૂ. ગુરુદેવને દીક્ષા માટેના આજ્ઞા પત્ર સમયે આપેલું વચન યાદ આવી ગયું અને એ વચનનું પાલન કરવા વિહાર કરીને રાજકોટ પહોંચી ગયાં. જમકુબાના આંગણે પહોંચ્યા તો ત્યાં જમકુબા સૂતા હતાં. શ્વાસ ચઢી ગયો હતો, શરીરમાં તાવ ભર્યો હતો અને શરીર પણ એકદમ કુશ થઈ ગયું હતું. હાથ હલાવવા જેટલી પણ તાકાત ન હતી. પણ જેવા તપસમ્રાટ પૂ. ગુરુદેવને જોયાં જાણે એમની આંખોમાં ચમક આવી ગઈ. ધીરે ધીરે હાથ ઊંચા થયાં અને બે હાથ જોડાઈ ગયાં.

આ એ જ હાથ છે જેના દ્વારા આ વિરાટ વ્યક્તિત્વનું પાલન-પોષણ કર્યું હતું. આ એ જ હાથ છે જેના દ્વારા આ મહાન આત્માના મુખમાં એક એક કોળિયાં જમાડયાં હતાં. આ એ જ હાથ છે જે આ સિધ્ધ પુરુષના મસ્તક પર મૂકાતો અને એમાંથી નીકળતાં પ્રેમ ભર્યાં પોઝીટીવ વાઈબ્રેશન્સ્ એમના રોમ રોમમાં વ્યાપી જતાં.

આ એ જ મા છે જેમણે એક સમયે આ વિરાટ વ્યક્તિત્વને પોતાના લોહીથી દેહ ધારણ કરાવ્યો હતો, નવ મહિના પોતાના આહાર, વિહાર અને નિહાર પર સંયમ રાખી, પોતાની જીવન ચર્યાને સંયમિત બનાવી, સત્સંગ, સત્ પ્રેરણા અને સત્ભાવથી ગર્ભસ્થ અવસ્થામાં જ સંસ્કારનું સિંચન કર્યું હતું.

એ જ મા આજે બે હાથ જોડીને સૂતી છે અને સામે પોતાના જ લોહીથી સિંચન પામેલું વિરાટ વ્યક્તિત્વ છે. મા ની આંખોમાં ચમક છે. આ જ આત્મા જ્યારે માના ગર્ભમા હલન ચલન કરતો હતો અને તે સમયે જે રોમાંચનો અનુભવ થતો હતો એવો જ અનુભવ આજે થવા લાગ્યો. એમનું હૃદય સ્પંદિત થવા લાગ્યું. મમતા છલકાવા લાગી. એક અલગ જ પ્રકારની સંવેદના અનુભવાવા લાગી.

એ જ મા અત્યારે વિચારે છે, એક દિવસ જેને મેં મારૂં દૂધ પીવરાવ્યું હતું એ જ બાળક આજે વિરાટ વ્યક્તિત્વના ધારક બની મને આત્મિક અમૃતપાન કરાવે છે.

આ એ જ મા છે જે એક સમયે એમના દેહને સ્નાન કરાવી શુધ્ધ કરતી હતી અને આજે એ આત્મ સ્નાન કરાવી રહ્યાં છે. મા એ દ્રવ્ય શુધ્ધિ કરાવી હતી જ્યારે બાળક ભાવ શુધ્ધિ કરાવે છે.

પૂ. ગુરુદેવે એમની પ્રજ્ઞા શક્તિથી જાણી લીધું કે બસ, હવે ચાર દિવસ બાકી છે.

પૂ. ગુરુદેવ સવાર, બપોર, સાંજ સાધના, આરાધના, પ્રતિક્રમણ આલોચના અને જાપ કરાવે છે. તપસમ્રાટ પૂ. ગુરુદેવના મુખકમલમાંથી દિવ્ય ધ્વની પ્રગટ થાય છે. **ચત્તારિ શરણં પવજ્જજામિ... અરિહંતે શરણં પવજ્જજામિ**

જમકુબાનો આત્મા દિવ્યતાનો અનુભવ કરી રહ્યો છે, એમના ચહેરા પર પરમ સંતોષના ભાવ છે. મેં તો રતિલાલને જન્મ આપી જીવન આપ્યું, આજ એ મને આત્મજીવન આપી રહ્યાં છે. મેં તો એમને માત્ર ચર્મ ચક્ષુ આપ્યાં આજે એ મને પ્રજ્ઞા ચક્ષુ દાન કરી રહ્યાં છે. મેં તો એમને રાગ અને મમતા આપ્યાં હતાં આજે એ મને આત્માનો સાચો પ્રેમ પ્રદાન કરી રહ્યાં છે.

પૂ. ગુરુદેવ સ્વયંના બ્રહ્મનાદથી જમકુબાના બ્રહ્મતત્ત્વને જાગૃત કરી રહ્યાં છે. એમના રૂચક પ્રદેશને જાગૃત કરી રહ્યાં છે. એમની આત્મ ચેતનાને જાગૃત કરી રહ્યાં છે, અને જાણે એ જાગૃત થતાં જમકુબાના ભવો ભવના કર્મબંધનો તૂટવા લાગે છે, આત્મા નિર્મળ થવા લાગે છે આત્મ જ્યોતિ પ્રગટ થવા લાગે છે.

અને ચાર દિવસ પછી જમકુબાની બહારની આંખો ધીરે ધીરે બંધ

થવા લાગી અને અંદરની આંખ ખુલવા લાગી. એમના સર્વ કાર્ય સિધ્ધ થઈ ગયાં. એમનો ભવ સાર્થક થઈ ગયો. તપસમ્રાટ પૂ. ગુરુદેવની આંખો સામે દેહનો પરિત્યાગ કરી પરમના પંથે પ્રયાણ કરી ગયાં.

પૂ. ગુરુદેવે કરૂણા ભાવે સાધના આરાધના કરાવી ઋણ મુક્ત થયાં અને આપેલા વચનનું પાલન કર્યું. એમને એક સંતોષ હતો કે જન્મદાત્રી માતાને અંતિમ આરાધના કરાવી એમના આત્માને 'પરમ' ની રાહ પર આગળ વધાર્યો છે. બસ ! મારી ફરજ પૂરી થઈ હવે અમારા સંબંધ પણ પૂરા થયાં. ન એ મારી માતા છે, ન હવે હું એમનો પુત્ર છું. એ પણ આત્મા છે અને હું પણ આત્મા છું, એ આત્મા પરમ પદને પામે એવી ભાવ શ્રધ્ધાંજલિ અર્પણ કરી એ બહાર નીકળી ગયાં.

એમનો એક આત્મ સંતોષ હતો કે જેમણે મને જન્મ આપી જીવન સુધારવાની અમૂલ્ય તક આપી એમનું આજ મૃત્યુ સુધારવાની તક મળી.

**ધન્ય છે એ માતાને... જેમણે પુત્રને સંયમ માર્ગે જવાની આજ્ઞા આપી. એમના જીવનને ધન્ય બનાવ્યું.**

**ધન્ય છે એ પુત્રને જેમણે માતાને અંતિમ સમયે સંથારા સહિતની આરાધના કરાવી મૃત્યુને સુધાર્યું.**

**જીવન સુધારવાવાળા માતા પણ ધન્ય છે અને મૃત્યુ સુધારવાવાળો પુત્ર પણ ધન્ય છે.**

મા સંથારાની શૈય્યા પર હોય અને દીકરો દર્શન દેતો હોય. કેવું વિરલ અને અદ્દભૂત દ્દશ્ય હોય. ! રાજકોટના ઈતિહાસમાં એની નોંધ લેવાઈ ગઈ.

આવું ત્યારે જ સર્જાય જ્યારે સંબંધ તમને અબંધ તરફ લઈ જાય. મોટા ભાગના દરેક સંબંધ સંસાર તરફ લઈ જનારા જ હોય. ક્યારેક જ એવું બને કે એ સંબંધ મોક્ષ તરફ લઈ જાય.

# મહાનતા સહનશીલતાથી સર્જાય છે

જ્યારે એક આત્મા સ્વયંને જાણવા લાગે છે, સ્વયંને અનુભવ કરવા લાગે છે, દેહ ભિન્ન ચૈતન્ય અવસ્થાની અનુભૂતિ થવા લાગે છે, તે જ આત્મજ્ઞાનની દિશામાં આગળ વધે છે. જેમને આ અનુભૂતિ થઈ જાય તે જ સમજી શકે કે જો હું આ શરીરથી અલગ છું, તો આ શરીરને જે કાંઈ પણ થાય છે તે શરીર સાથેના ક્નેકશનના કારણે થાય છે. જો શરીર સાથે ક્નેકશન ન હોય તો શરીરમાં થનારી કોઈ પીડા, દુ:ખ, વેદનાનું રીએકશન મને ન થાય. જડ શરીરને કાંઈ થાય છે તો તેની અસર ચૈતન્ય એવા આત્માને કેમ થાય છે ? કેમકે, બંને એકમેક થઈ ગયાં છે, એવો ભ્રમ છે અને એ ભ્રમ જ એ અનુભૂતિ તરફ લઈ જાય છે કે શરીરને કાંઈ થયું એટલે મને કાંઈ થયું.

લાખો કરોડો જીવો જ્યારે દેહાભ્યાસમાં હોય ત્યારે એકાદ જીવ દેહ ભિન્ન ચૈતન્યની અનુભૂતિ કરવાવાળો હોય.

જેમને આ અનુભૂતિ થઈ જાય, તે મોક્ષના માર્ગે આવી જાય.

તમારે જ્યારે એક શહેરમાંથી બીજા શહેરમાં જવું હોય તો પહેલાં જે શહેરમાં હો તેની ગલીઓમાંથી બહાર નીકળો ત્યારે તમને હાઈ-વે મળે.

જે હાઈ-વે ન પકડે તે જ શહેરની ગલીઓમાં એક ગલીથી બીજી ગલી ભટકતાં રહે.

જે શરીરથી ક્રિયારૂપી ધર્મ કરે તે ગલીઓ સુધી જ રહે. શરૂઆત ગલીઓથી જ થાય પછી આત્મ પ્રતીતિ, આત્મ જ્ઞાન, આત્મ શુધ્ધિ અને આત્મ સિધ્ધિનો હાઈ-વે પકડવો પડે.

જે એકવાર હાઈ-વે પકડી લે એ પાછા ગલીમાં આવે નહીં.

આવો જ હાઈ-વે પકડયો હતો તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. એ.!!

આ શરીર એ હું નથી, તો પછી આ શરીરની મમતા શા માટે રાખવાની ? જે હું છું જ નહીં તેની સાથે મારે સંબંધ શા માટે રાખવાનો ? મારે તો જે હું છું, એ જ પ્રાપ્ત કરવું છે, એનો જ અનુભવ કરવો છે.

સળંગ ૯૯૯ આયંબિલ અને ઓગણીસ વર્ષીતપ એ પણ એક માત્ર મકાઈ વાપરીને.!!

આવી ઉગ્ર તપસ્યા ક્યારે થાય ? જ્યારે દેહ પ્રત્યેની આસક્તિ અને મમતા છૂટે ત્યારે.!

મમતા ત્યારે જ છૂટે જ્યારે આત્મભાવ જાગે અને આત્મજ્ઞાન થાય.

આવા તપસ્વી ગુરુદેવ એક દિવસ જૂનાગઢમાં સવારે ગૌચરી માટે નીકળ્યાં હતાં. ગૌચરી વ્હોરીને જ્યારે પાછા આવી રહ્યાં હતાં ત્યારે પાત્રામાં રહેલાં પદાર્થની સુંગધથી એક કૂતરો એમની પાછળ પાછળ આવવા લાગ્યો. ગુરુદેવે એ જોયું અને વિચાર્યું, એ પણ એક જીવ છે અને હું પણ એક જીવ છું. એ એના રસ્તે જાય છે. હું મારા રસ્તે.!!

પણ એ કૂતરો કદાવર અને કોઈ પણ ડરી જાય એવો હતો. તપસમ્રાટ ગુરુદેવ થોડા આગળ ગયાં ત્યાં જ કૂતરાએ કૂદકો માર્યો અને પગમાં બટકું ભર્યું. લોહીની ધાર નીકળવા લાગી. કૂતરો બટકુ ભરીને પણ ઘુરકી રહ્યો હતો. આસપાસ લોકો જોઈ રહ્યાં હતા, પણ કોઈની હિંમત

ચાલતી ન હતી. બધાંને ડર હતો કૂતરું હડકાયું હશે તો. ? ? ?



ગુરુદેવે ઘુરકતા કૂતરાની સામે પ્રેમથી જોયું, ન ભય, ન ગભરાટ, ન ગુસ્સો, ન અશાંતિ. ! ! પ્રેમથી બીજો પગ સામે ધર્યો અને કહ્યું, વાહ ! તને પણ હું પસંદ છું. લે, હું તને બીજો પગ આપું છું. તને શાંતિ મળતી હોય તો હું સહન કરવા તૈયાર છું. તને ખુશી મળતી હોય તો હું કાંઈ પણ કરવા તૈયાર છું.

એ કૂતરો શું કરશે ? બીજા પગમાં પણ બટકું ભરશે ? ના.. એ તો પૂ. ગુરુદેવના પ્રેમ અને શુભ વાઈબ્રેશન્સ્‌ની અસરથી શાંત થઈ ગયો.

એમને માત્ર મનુષ્ય માટે જ નહીં, પ્રાણીઓ અને પ્રત્યેક જીવ પ્રત્યે પ્રેમ હતો. અનુકૂળ વ્યક્તિઓ પ્રત્યે જ નહીં, પણ પ્રતિકૂળ વ્યક્તિઓ પ્રત્યે પણ પ્રેમ હતો.

જેમના હૃદયમાં કોઈ જીવ પ્રત્યે દુર્ભાવના ન હતી એવા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ લોહી નીતરતાં પગ સાથે ઉપાશ્રયમાં પધારે છે. શ્રાવકો ભેગા થઈ જાય છે.

ગુરુદેવ ! આ શું થયું ? આ ક્યારે થયું ?

ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું,

પ્રત્યેક જીવ એના સ્વભાવ અનુસાર પ્રવૃતિ કરે છે.

કૂતરાએ કૂતરાનો સ્વભાવ બતાવ્યો, સાધુએ સાધુનો સ્વભાવ બતાવ્યો.

પણ ગુરુદેવ ! એ કૂતરો કેવો હતો ?

ગુરુદેવે કહ્યું, જેવા મારા કર્મ હતાં એવો કૂતરો હતો.

જ્યારે મેં એનું કાંઈ બગાડયું નથી ત્યારે તે મારૂં કાઈ વધારે બગાડી શકશે નહીં.

પણ ગુરુદેવ ! ઈન્જેકશન. ? ? ?

ગુરુદેવે કહ્યું, જ્યારે મારૂં મિશન જ પરમાત્મા સાથે જોડાયેલું છે ત્યારે મારે કોઈ ઈન્જેકશનની જરૂર નથી. તમે ચિંત્તા ન કરો.

**જેનામાં ઝેર હોય તેને જ ઝેરની અસર થાય. જેને કોઈના પણ પ્રત્યે વેર ન હોય તેને ક્યારેય ઝેરની અસર ન થાય.**

તપસમ્રાટના હૃદયમાં જીવ માત્ર પ્રત્યે વાત્સલ્ય અને કરૂણા હતાં. કોઈના પણ પ્રત્યે વેર નહી, કોઈના પણ પ્રત્યે દ્વેષ નહીં.

એ પરમ સમતાની મૂર્તિ હતાં. એમની સહનશીલતા પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રાખતી હતી. એમની સહન શીલતા વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ ચહેરા પર હાસ્ય લાવતી હતી.

સાધક એ જ હોય જે પ્રતિકૂળતાને પણ અનુકૂળતા માને. **અનુકૂળતા જેને પ્રતિકૂળતા લાગે અને પ્રતિકૂળતા જેને અનુકૂળતા લાગે એ જ સાધક કહેવાય.** તપસમ્રાટ ગુરુદેવ આવા સાધક હતાં દરેક પરિસ્થિતિને સહન કરવાની, દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવાની, એમની આંતરિક ક્ષમતા અને સમજવાની શક્તિ કંઈક અલગ જ પ્રકારની હતી.

સમય શિલ્પી બનીને આ સહન શીલતાની મૂર્તિને કંડારી રહ્યો હતો, અને એમનો આત્મા, પરમાત્મા સ્વરૂપ પ્રતિમા બની રહ્યો હતો.

એમની દેહ અને આત્માની ભિન્નતાની દશા માત્ર શબ્દો, પ્રવચનો અને પ્રકૃતિમાં નહીં પણ પ્રવૃતિમાં પણ પ્રગટ થઈ રહી હતી. ન તે કૂતરા પ્રત્યે દ્વેષભાવ કે ન સારવાર માટે ઉતાવળ કે ઝંખના. ! શ્રાવકો વિનંતિ કરતાં રહ્યાં પણ ગુરુદેવે માત્ર એક જ મંત્ર આપી દીધો.

જેના અંદરમાં ઝેર હોય તેને બહારના ઝેરની અસર થાય.

જેમ મહાવીરને બધાં પ્રત્યે પ્રેમ અને મૈત્રીભાવ હતાં, એટલે એમને ચંડકૌશિયાના ઝેરની અસર ન થઈ, તેમ મને પણ બધાં માટે પ્રેમ અને મૈત્રી છે.

અનુશાસનની બાબતમાં ભલે કડક હતાં પણ એમના હૃદયમાં કોઈ પ્રત્યે દ્વેષ કે અણગમો ન હતાં, ઈર્ષ્યા કે અદેખાઈ ન હતાં, વેર કે ઝેર ન હતાં.

ભેદજ્ઞાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે સહનશીલતા લાવવી નથી પડતી, સહનશીલતા આવી જાય છે.

ભેદજ્ઞાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે વ્યક્તિના વિચારો, ભાવો અને વર્તન બધું જ બદલાય જાય છે.

જેની અંદરમાં નકારાત્મક વિચારો હોય તે ક્યારેય સહનશીલ ન બની શકે.

# મારૂં જીવન એ જ મારો જવાબ.. !

**સ**હનશીલતા જ્યારે જન્મે છે ત્યારે મહાનતા પ્રગટે છે. મહાનતા જન્મથી નથી હોતી, મહાનતા સહનશીલતાથી સર્જાય છે.

તપસમ્રાટ ગુરુદેવ દીર્ઘદ્રષ્ટા હતાં. ગુરુદેવ એ ગોંડલ સંપ્રદાયના હતાં, એ ગુરુપ્રાણ પરિવારના હતાં જેમની પાસે એક વિઝન છે, જે આજથી દસ-વીસ વર્ષ પછીનું વિચારે છે અને એને આજથી અમલમાં મૂકે છે, જે સમજી શકે છે તે સ્વીકારે છે, જે નથી સમજતાં તે નિંદા કરે છે.

આ જગતનો નિયમ છે,જે ક્રાંતિ કરે તેને દુનિયા ક્યારેય શાંતિથી જીવવા ન દે,

સમાજમાં બે પ્રકારના વર્ગ હોય. એક વર્ગ એવું માનવાવાળો હોય કે સમય પ્રમાણે પરિવર્તન એટલે ક્રાંતિ.!! જ્યારે બીજો વર્ગ એવું માનવાવાળો હોય કે જેમ ચાલતું આવ્યું હોય તેમ જ ચાલવું જોઈએ. એમાં ફેરફાર ન કરાય.

ગુરુદેવ સાથે વિહારમાં વિશાળ કાફલો હોય, અનેક લોકો હોય, વૈરાગી ભાઈ-બહેનો હોય, ગુરુદેવ વિહાર કરીને જ્યાં પહોંચે ત્યાં પણ એમને ભણાવે, સમજાવે, શીખવાડે. સાધુ જીવનની ચર્યાની સમજણ આપે, પણ જે અણસમજુ હોય એ એમનો વિરોધ કરે, એમના વિશે નેગેટીવ વાતો કરે,

લખાણો કરે... પણ તપસમ્રાટ ગુરુદેવ ક્યારેય કોઈને ખુલાસો ન કરે. ભક્તો અને શ્રાવકો સામે જવાબ આપવાનું કહે તો પણ એક જ વાક્ય કહે,

**મારૂં જીવન એ જ મારો જવાબ છે.** જેને યોગ્ય લાગશે તે આવશે અને જેને અયોગ્ય લાગશે એ એના ભાવમાં રહેશે. આપણે કોઈ ચિંતા કરવાની નથી. આટલાં એ સમભાવી હતાં.

પ્રભાવ જેને પચે તેને પ્રભાવ લાગે અને જેને ન પચે તેને અભાવ લાગે.

સ્પર્ધા હંમેશાં ત્યાં જ હોય જ્યાં સરખે સરખા હોય.

તપસમ્રાટ ગુરુદેવ એ જ શાંતિ, એ જ સમતાભાવમાં રહ્યાં.

આવા ગુરુદેવ... તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ.સા. ના જીવનમાં એક પછી એક પ્રસંગો અને ઘટનાઓ સર્જાતા ગતાં. દરેક પ્રસંગ એમને માટે રીફાઈનરી હતો. દરેક ઘટના એમને માટે આગની ભઠ્ઠી હતી. પણ ગુરુદેવ એ ભઠ્ઠીમાંથી પસાર થઈ કંચનની જેમ વધુ ને વધુ ચમક્તાં હતાં.

આગ કચરાને બાળવામાં સહાયક હોય છે અને આગ સોનાને ચમકાવવામાં સહાયક હોય છે.

એ જ્યારે નાના હતાં નવ વર્ષની ઉંમરના હતાં ત્યારે એક દિવસ અચાનક બેભાન થઈ ગયાં. ત્રણ દિવસ સુધી બેભાન રહ્યાં, ડૉકટરો, વૈદ્ય, હકીમો કેટલાંએ સારવાર કરી પણ કાંઈ જ ફરક ન પડયો, અને ત્રણ દિવસ પછી અચાનક જાણે ઊંઘમાંથી ઉઠયાં હોય તેમ આળસ મરડીને બેઠા થયાં.

**મા :** બેટા, તને શું થઈ ગયું હતું ?

**રતિલાલ :** મને. ? ? મને તો કાંઈ નથી થયું.

**મા :** તો પછી આ ત્રણ દિવસ સુધી બેભાન કેમ રહ્યો ?

રતિલાલ :ઓહો ! ત્રણ દિવસ થઈ ગયા ? ? હું તો મારા મિત્ર દેવની સાથે ફરવા ગયો હતો. મારા મિત્રદેવ મને દેવલોકમાં બધું બતાવવા લઈ ગયા

હતાં, હું એમની સાથે ફરીને બધું જોઈ રહ્યો હતો. એમાં ત્રણ દિવસ થઈ ગયાં ? ? મને તો ખબર જ નથી. ! !

એટલે નવ વર્ષની ઉંમરથી જ એમનું ક્નેકશન કોઈ દિવ્ય પુરુષ સાથે હતું. જે કદાચ એમનો ગયા ભવનો મિત્ર હશે અને આ ભવમાં દેવ હશે અને ગયા ભવથી મિત્રતા આ ભવમાં પણ નિભાવતો હશે.

**તપસમ્રાટ એટલે મહાનતાની મૂર્તિ. ! !**

એમનું વ્યક્તિત્વ એટલે જાણે ગુણોની ગાગર. ! ! આવા અનેક ગુણોના સ્વામી અને મહાન વ્યક્તિને જ્યારે હજારો લોકો માન અને સન્માન આપતાં હતાં ત્યારે કેટલાંક એવા પણ હતાં જે એમની મહાનતાને હિનતાથી જોતાં હતાં.

મહાન વ્યક્તિઓને, મહાપુરુષોને કોઈ સામાન્ય વ્યક્તિ ઓળખી જ ન શકે અને ઓળખી ન શકે એટલે સમજી તો ક્યાંથી શકે ? મહાપુરુષોની પાસે દીર્ધદ્રષ્ટિ હોય, આંતરિક શક્તિ હોય એટલે એ જે કરતાં હોય તે લાંબુ જોઈ વિચારીને કરતાં હોય પણ અલ્પ દ્રષ્ટિવાળા સમજી ન શકે એટલે એમને એ અયોગ્ય લાગે.

એક રાજા જ્યારે સિંહાસન પર બેઠો હોય અને પ્રજાના હિતના કાર્યો કરતો હોય, લોકોને ન્યાય આપતો હોય ત્યારે તે રાજા મહાન લાગતો હોય. પણ એ જ રાજા જ્યારે નગર ચર્યા પર નીકળ્યો હોય અને દૂરથી કોઈના રડવાનો અવાજ સાંભળે, એ દિશામાં જાય અને જુએ કે કોઈ બાળક ગંદા નાળામાં પડી ગયું છે અને બહાર નીકળવા તડપી રહ્યું છે.

પ્રજાના રક્ષક, પ્રજાના પાલક રાજાએ શું કરવું જોઈએ ?

રાજા એક ક્ષણનો પણ વિચાર ક્ર્યાં વિના, એ ગંદા નાળામાં જાય છે અને બાળકને બહાર કાઢે છે, બાળકને બચાવે છે. ઘણા લોકો આ દ્રશ્ય જુએ છે.

એમાં જે સમજુ હોય છે એને રાજાનું કાર્ય દેખાય છે, પ્રજા પ્રત્યેનો પ્રેમ અને હિતની ભાવના દેખાય છે. એમના માટે રાજા પ્રત્યેનું માન અને આદર વધી જાય છે, એમની દૃષ્ટિમાં રાજા માત્ર મહાન જ નહીં મહાનતાની મૂર્તિ બની જાય છે.

જ્યારે જે અણસમજુ અને અજ્ઞાની હોય છે તેમને રાજાના ગંદા થયેલાં વસ્ત્રો દેખાય છે, એમને મન... આવા ગંદા વસ્ત્રો વાળા રાજા કેવા લાગે ? રાજાએ કાંઈ આવું કામ કરાય ? સેવકોને, નોકરોને કહેવાય ને ? ?

અરે ભાઈ ! નોકરને બોલાવે અને નોકર આવે ત્યાં સુધીમાં તો બાળક ડૂબી જાય.!! અને રાજાના વસ્ત્રો ખરાબ થયાં છે, તેની પાછળનું કારણ એક ડૂબતા બાળકને બચાવ્યો છે.

મહાપુરુષો પણ જે કાંઈ કરતાં હોય તે બીજાના હિત, શ્રેય અને કલ્યાણ માટે કરતાં હોય, સંસાર સાગરમાં ડૂબતાં જીવોને બચાવવા માટે કરતાં હોય, પણ અણસમજુ અને અજ્ઞાનીઓ એને સમજી ન શકે અને વિઘ્ન સંતોષીઓ અને ઈર્ષ્યાળુઓ એને પચાવી ન શકે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે પણ એમના જીવનમાં અન્યના કલ્યાણ અર્થે કેટલાંક એવા નિર્ણયો લીધાં હતાં જેના કારણે કેટલાંક લોકો એમના વિરોધમાં ગયાં, કોઈએ શંકા કરી તો કોઈએ અશ્રધ્ધા.!! કેટલાંય અપમાન સહન કરવા પડયાં. પણ માન હોય કે અપમાન, જેને મન હોય સમાન, તે જ વ્યક્તિ બની શકે મહાન.!

**જ્યારે પણ કોઈ એમના વિરુધ્ધની વાત લઈને આવે અને ભક્તો સામે જવાબ આપવાની વાત કરે ત્યારે એક જ વાત કહે, 'મારૂં મૌન જ મારો જવાબ છે!' એ એમનો સ્વભાવ છે, અને આ મારો સ્વભાવ છે.**

રસ્તા પર ચાલતાં હો અને માનો કે કોઈ કૂતરૂં તમને બટકું ભરી જાય તો તમે શું કરો ? એને જવાબ આપવા એને બટકું ભરો કે એને એના રસ્તે જવા ધ્યો. ? ? ?

જો આપણે પણ સામું બટકું ભરવા જઈએ તો એનામાં અને આપણામાં ફરક શું ? ?

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે શાંતિથી, સમતાભાવે દરેક ઘટના અને દરેક પરિસ્થિતિઓને સહન કરી, વિરોધીઓને પણ પ્રેમથી આશીર્વાદ આપ્યાં અને એમની અંતિમ ઘડીએ અહેસાસ કરાવી અંતરના આંસુમાથી ક્ષમાયાચના કરી જીવનની અંતિમ પળ સુધારી દીધી, અપમાન કરવાવાળાના ઘરે પણ પગલાં કરવા ગયાં અને બધાંને પોતાની ભૂલનું ભાન થયું, ત્યારે જ આજે આટલાં વર્ષો પછી પણ, એમની વિદાય થઈ ગઈ છતાં પણ સહુના હૃદયમાં જીવંત છે, લોકો એમને માને છે, એમની પૂજા અને ભક્તિ કરે છે.

તપસમ્રાટનું સત્ય અને એમની નિષ્ઠા એમના મૌન અને એમના વાઈબ્રેશન્સ્માં અનુભવાતી હતી. એમના ભક્તોને પણ એમના પ્રત્યે અત્યંત અહોભાવ અને દૃઢ શ્રધ્ધા હતી. ગમે તેવો વિરોધ અને ગમે તેવી અફવા સામે આવે તેઓની શ્રધ્ધા ક્યારેય વિચલિત ન થાય, તેઓનો વિશ્વાસ ક્યારેય ન ડગમગે એવા સમર્પિત ભક્તો હતાં. બસ ! એક જ ભાવ... મારા ગુરુદેવ જે કાંઈ કરે છે એની પાછળ કંઈક સંકેત હશે, કોઈના હિતની ભાવના હશે. એમની પાસે એક વિઝન છે, એટલે જે કરતાં હશે તે યોગ્ય જ કરતાં હશે.

જેમને તમે ઓળખી ન શકો, તેમને તમે ક્યારેય માપી ન શકો. મહાપુરુષોને ક્યારેય માપવાના ન હોય, એમને તો કાયમ માણવાના હોય, એમના માર્ગે ચાલવાનું હોય, એમની આજ્ઞાઓનું પાલન કરવાનું હોય.

એમને મગજથી સમજવાના ન હોય, એમને તો હૃદયથી સ્વીકારવાના હોય. એમને ઓળખવાના ન હોય. એમના ચરણમાં અર્પણ

થવાનું હોય.

સાચો ભક્ત, સાચો શિષ્ય એ જ કહેવાય જેના મુખમાં સદાય એક જ શબ્દ હોય... તહત.! તમે જે કહો છો તે સત્ય છે, તમે જે કરો છો તેમાં તથ્ય છે. એ યોગ્ય છે કે અયોગ્ય એ વિચાર કરવા જેટલી પણ મારી ક્ષમતા નથી. મને તો એટલી જ ખબર છે આપણો જન્મ જન્મથી સંબંધ છે અને તમે મને મોક્ષ યાત્રામાં આગળ વધારી રહ્યાં છો. આપના થકી જ હું મારી મંઝિલ સુધી પહોંચી શકીશ. આવા સમર્પિત શિષ્ય જ ગુરુ જ્ઞાનને પામી શકે, ગુરુતત્ત્વને અનુભવી શકે અને શિષ્યત્ત્વને પ્રગટ કરી શકે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એક જ શિક્ષા આપતાં. આપણે કોઈને સામા જવાબ આપવા નથી, આપણે કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખવો નથી. હું જે છું તે છું. જેમને યોગ્ય લાગે તે આવે. મને કોઈની સાથે વિરોધ નથી, મારો કોઈને અનુરોધ નથી. હું મારી પૂર્ણ શાંતિ અને સમાધિમાં છું, હું પ્રસન્ન છું.

સમય જ હર એક સમસ્યાનું સમાધાન છે. માટે યોગ્ય સમયની રાહ જોવી. પૂજ્ય ગુરુદેવની આવી નિષ્કંપતા, અડગતા અને સમતાભાવ જોઈ ભક્તોની શ્રધ્ધા દિન પ્રતિ દિન વધતી જ જતી હતી. જે એકવાર ગુરુદેવના થઈ જાય પછી એના કાનમાં કોઈ ઝેરનું એક ટીપુ પણ નાંખી ન શકે, જે એકવાર ગુરુદેવના થઈ જાય તેને કોઈ પ્રલોભન લલચાવી ન શકે, કોઈ ડગાવી ન શકે, કોઈ તસુભાર પણ વિચલિત કરી ન શકે. કેમકે, એ જ એમના ગુરુને જાણતા હોય, સમજતા હોય અને વિશેષમાં હૃદયથી સ્વીકાર્યા હોય એટલે કોઈ વિકલ્પને સ્થાન જ ન હોય.!!

એમનું સ્થાન તો ગુરુના ચરણ હોય અને ચરણથી શરણ સુધી પહોંચવુ એ જ એની સાધના હોય.

ભક્તની આવી ભક્તિ, આવી શ્રધ્ધા, આવી સમર્પણતા જ એમને

શ્રેષ્ઠ બનાવે છે. વિરોધીઓ એક સંતનો એક મહાપુરુષનો વિરોધ કરી, એમની અશાતના કરી કર્મો બાંધતા હતા અને તપસમ્રાટ પૂ. ગુરુદેવ સમતા ભાવે સહન કરીને કર્મોનો ક્ષય કરતાં હતાં.

એક સમયે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં ઉપાશ્રયમાં બિરાજીત વયોવૃધ્ધ સાધ્વીજીને દર્શન દેવા જતાં હતાં. ગામમાં સમાચાર ફેલાઈ ગયાં. સાધ્વીજી જે ઉપાશ્રયમાં હતાં એ ઉપાશ્રયના પ્રમુખ તપસમ્રાટ પૂ. ગુરુદેવના કટ્ટર વિરોધી હતાં. એ તરત જ ભક્તિનગરના એ ઉપાશ્રયમાં બહાર જ ઊભા રહી ગયાં. ગુરુદેવને કહે, તમને અંદર નહીં જવા દઉં. !

ગુરુદેવે શાંતિથી કહ્યું, જેવી તમારી ભાવના, સંઘ પણ તમારો છે અને ઉપાશ્રય પણ તમારો છે. હું તો તમારા ઉપાશ્રયમાં જે સાધ્વીજી સૂતાં છે એમને દર્શન દેવા આવ્યો હતો. મારૂં કામ દર્શન દેવાનું હતું તે મેં એમને આપી દીધાં. બસ ! હવે થોડાં જ દિવસોમાં એમની વિદાય થવાની છે.

બસ !ગુરુદેવના પ્રત્યક્ષ પ્રભાવે, વિચારોના પરિવર્તનથી તુરત જ અંદર પધારવા પૂજ્ય ગુરુદેવને વિનંતિ કરી. ગુરુદર્શને સાધ્વીજીએ દિવ્ય દર્શનની અનુભૂતિ અને આત્માની અંતિમ આરાધના સાથે વિદાય લીધી. અને વચન સિધ્ધ તપસમ્રાટના વચન પ્રમાણે થોડા જ દિવસોમાં એ સાધ્વીજી વિદાય પામ્યા.

થોડા સમય પછી પ્રમુખ દર્શન કરવા આવ્યાં.

ગુરુદેવના ચહેરા પર ત્યારે પણ સ્મિત હતું અને આજે પણ સ્મિત હતું ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું, કાલે સવારે હું તમારે ત્યાં પગલા કરવા આવવાનો છું અને જેમણે પોતાના ઉપાશ્રયમાં આવવા ન હતા દીધાં અને અપમાન કર્યું હતું એમના જ ઘરે પ્રેમથી પગલાં કરવા ગયાં.

આવી મહાનતાની મૂર્તિ હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ.!! યુગપુરુષ ક્યારેય સામાન્ય ન હોય અને સામાન્ય હોય તે ક્યારેય યુગપુરુષ ન હોય.!

# નિર્ભયતાની પ્રતિભા...!!

**જ્યા**રે એક આત્માને, દેહ અને આત્માની ભિન્નતાનું ભાન થાય, ભેદ જ્ઞાન સમજાય ત્યારે તેનું શરીર પ્રત્યેનું મમત્વ ઘટવા લાગે છે, શરીર પ્રત્યેની આસક્તિ ઘટવા લાગે છે અને નિર્લેપ ભાવમાં રહી શકે છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એક સમયે વિહાર કરીને વિશાવદર ગામમાં ગયા હતાં. વિશાવદર ગામની આસપાસ ચારે બાજુ ગીરના જંગલ છવાયેલાં છે. ગીરના જંગલના જંગલી અને ખુનખાર પશુઓ વાઘ, સિંહ, દીપડાં ઘણીવાર રાત્રિના સમયમાં ગામમાં આવી જાય અને ઘરની બહાર બાંધેલા ગાય-બકરીનો શિકાર કરી જાય.

ગુરુદેવ ત્યારે ગુરુ ભક્ત મુકુંદભાઈ ગાઠાણીની વાડીમાં ઉતર્યા હતાં.

બહારના દેખાવ અને આકૃતિના આધારે સામાન્ય માનવી અને મહાપુરુષમાં વધારે ફરક ન હોય. શરીરની દૃષ્ટિએ બંનેને હાથ-પગ, આંખ, નાક, કાન બધાં અંગો હોય પણ મનથી બંનેમાં બહુ મોટો ફરક હોય.

મહાપુરુષો નિર્ભય હોય જ્યારે સામાન્યના મનમાં ભય હોય.

ભયનું કારણ શું હોય ? ભયનું કારણ એક જ હોય શરીર પ્રત્યેનું મમત્વ, દેહ પ્રત્યેનો રાગ.! શરીર પ્રત્યેનો પ્રેમ. મારા શરીરને કાંઈ ન થવું જોઈએ. આ શરીરને સાચવવા માટે કેટલું કર્યું છે, એને કાંઈ ન થવું જોઈએ.

જ્યારે મહાપુરુષોને શરીરનો મોહ ન હોય, ,શરીર પ્રત્યે રાગ ન હોય, એમને એમના આત્માની ચિંતા હોય, આત્માની પરવા હોય, એને સાચવવાના ભાવ હોય. ! !

ગુરુદેવ એ વાડીમાં આવેલી એક નાનકડી ટેકરી ઉપરની ઓરડીમાં ઉતર્યાં... ઓરડીને ન સરખી બારી હતી ન બારણું... અને કડકડતી ઠંડી અને સૂસવાટા મારતો પવન. ! !

બધાએ ઘણી વિનંતિ કરી નીચે વ્યવસ્થિત રૂમમાં પધારો. અહીંયા ઠંડી પણ છે  અને વાઘ-દીપડાનો ડર પણ છે. પણ તપસમ્રાટે કહ્યું, તમે બધાં નીચે આરામથી સૂઈ જાઓ, હું અહીંયા બરાબર છું. ગુરુદેવની આજ્ઞા થઈ એટલે વધારે કાંઈ બોલાય નહીં. બધાં ચૂપચાપ નીચે ઉતરી ગયાં અને ગુરુદેવ એક પાતળી એવી શાલ ઓઢી શાંતિથી માળા કરવા લાગ્યાં.

ન કોઈનો ડર કે ન કોઈ જાતનો ભય. ! !

થોડીવાર થઈ અને ત્રાડ નાંખતો મોટો દીપડો આવ્યો. એની ત્રાડથી ગભરાઈને નાના પશુ પક્ષીઓ પણ ભયના કારણે ચીસાચીસ કરવા લાગ્યાં અને નીચે સૂતેલા સાધ્વીજીઓ અને ભક્તો પણ ભયભીત થઈ ગયાં. ઉપર ગુરુદેવ એકલાં છે, ઓરડીને સરખુ બારણું પણ નથી. હવે શું થશે ? ? બધાં નીચેથી ઉપર જુએ અંધારામાં કાંઈ દેખાય નહીં...

ગુરુદેવ શાંતિથી માળા કરતાં હોય અને બરાબર એ અર્ધા ખુલેલા દરવાજાની સામે ખુનખાર દીપડો પણ શાંતિથી બેઠો હોય.

ગુરુદેવ દીપડા સામે જોતાં હોય અને દીપડો ગુરુદેવની સામે. ! ! અંધારામાં દીપડાની બે આંખો ચમકતી હોય. ગુરુદેવની આંખોમાંથી પ્રેમ વરસતો હોય અને દીપડાની આંખો એ પ્રેમને ઝીલતી હોય. ! !

દિવ્ય પ્રેમની આ જ તો તાકાત છે, ભલભલાને શાંત કરી દે. જેના

રોમરોમમાં જીવ માત્ર પ્રત્યે પ્રેમ હોય એને ક્યારેય ભય ન હોય.

જેમ હિંસા, ચોરી, અસત્ય પાપ છે એમ ભય પણ એક પ્રકારનું પાપ છે. ભગવાન કહે છે, મનમાં ભયની એક નાનકડી રેખા પણ આવી તો તે પાપ છે.

દીપડો શાંત ચિત્તે જાણે પોતાના કોઈ વડીલના સાંનિધ્યમાં બેઠો હોય તેમ શાંતિથી બેસી રહે અને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની માળા ફરતી રહે, ધીમે ધીમે એના આગળના બંને પગ લાંબા કરે અને માથુ નીચું કરી દે. જાણે વંદના કરતો હોય. ક્યાંય સુધી આમ જ બેસી રહે અને થોડી થોડી વારે ગુરુદેવની સામે અનિમેષ નયને જોયાં કરે.

જેનામાં આટલી ક્રુરતા ભરી હોય, જેનો સ્વભાવ જ બીજાને મારીને ખાવાનો હોય એવા પ્રાણીઓ પણ પૂજ્ય ગુરુદેવના પ્રભાવ સામે... એમના દિવ્ય પ્રેમ સામે નત મસ્તક થઈ જતાં. ગુરુદેવ જેટલાં દિવસ ત્યાં રોકાયાં રોજ કોઈને કોઈ પ્રાણી આવીને શાંત થઈ ગુરુદેવની સામે બેસે અને સવારે જ્યારે પૂ. વીરમતીબાઈ મ. આદિ દર્શન કરવા જાય ત્યારે પૂછે એટલે ગુરુદેવ કહે, હું તો મસ્તીથી માળા કરતો હતો, હું મારા ભાવમાં હતો. એ એના ભાવમાં હશે.

**આપણે કોઈને નડીએ નહીં તો આપણને કોઈ નડે નહીં. રડવું એને જ આવે જેને કોઈને નડવું ગમે છે.**

# 'પર'ની પરવાથી પર હોય એ જ અવધૂત હોય.

**મ**હાપુરુષ એમનેમ ન બનાય. એના માટે ધીરજ, શાંતિ, સમતા, સમભાવ અને પ્રસમરસ હોવો જોઈએ. દરેક પરિસ્થિતિને સમભાવે સહન કરવાની શક્તિ હોવી જોઈએ. પરિસ્થિતિની અસર ન થવી જોઈએ.

મહાપુરુષોને ક્યારેય કોઈ પરિસ્થિતિની અસર ન થાય પણ મહાપુરુષો જ્યાં પગ મૂકે ત્યાં પરિસ્થિતિઓ પલટાઈ જાય. બધાંના મન બદલાય જાય, ભાવો બદલાય જાય, વિચારો બદલાય જાય, આખું વાતાવરણ બદલાય જાય, સ્થિતિઓ બદલાય જાય અને વ્યક્તિનું અસ્તિત્વ પણ બદલાય જાય.

ઘણી વખત કોઈ વિશિષ્ટ કે અલગ પ્રકારનું પ્રાણી દેખાય એટલે તરત જ મહાસતીજી કહેવા આવે, ગુરુદેવ ! ચાલો જોવા કેવા પ્રકારનું પ્રાણી છે. ! !

ગુરુદેવ માત્ર સ્મિત કરે અને એમના મુખમાંથી શબ્દો નીકળે, આ જીવે દુનિયામાં જોવા જેવું કાંઈ બાકી રાખ્યું નથી, એક પણ સ્થાન એવું નથી જ્યાં તમારો અને મારો જન્મ ન થયો હોય. એક પણ વસ્તુ કે પદાર્થ એવા નહીં હોય જે આ જીવે જોયા ન હોય.

તમારે જોવું જ હોય તો તમારા આત્માને જુઓ. બહારમાં જોવા જવું એ તો છદ્મસ્થની નિશાની છે.

જેમ મહાપુરુષોમાં ભય ન હોય તેમ તેમનામાં કૂતુહૂલતા પણ ન હોય. એ સદાય આત્મભાવમાં જ રમણ કરતાં હોય.

જેને પરમાત્મા સાથે પ્રીત થઈ જાય તેને બહારમાં ક્યાંય રસ ન હોય. સંત ક્યારેય કાંઈ જોવા ન જાય. સિવાય એને કોઈ સંશોધન કરવાનું હોય અથવા સમાધાન મેળવવાનું હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનો આ એક વિશેષ ગુણ હતો. એમને ક્યાંય, કોઈ માટે કુતૂહુલતા ન હતી. ગમે તે અવસર હોય, કે દીક્ષા જેવો મહોત્સવ હોય, દૂર દૂરથી બધાં આવ્યાં હોય. પણ જેવો પ્રસંગ પૂરો થાય એટલે તરત જ કહી દે, ચાલો ! વિહાર કરવાનો છે, મહાસતીજીઓને પણ થાય બધાં દૂર દૂરથી મળવા આવ્યાં છે, પ્રસંગ સમયે તો મળી ન શકાય... પણ, ગુરુદેવ કહે, 'તમારે મળવું જ છે તો તમારા આત્માને મળો. !' મળવા જેવો એક આત્મા જ છે, એને મળો.

સંતને ક્યારેય બહારના સાથે સંગ ન કરાય.

આવું હતું તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનું સાધુત્ત્વ. !! બહારના ગૌચરી-પાણી, વિહાર-વ્યાખ્યાનમાં જ એમની સાધુતા સિમીત ન હતી. એમની સાધુતા હતી એમના આંતરિક ગુણોની સમૃધ્ધિ. !

જેમની પાસે આંતરિક ગુણોની સમૃધ્ધિ હોય એ જ અનન્ય અવધૂત હોય.

અવધૂત એટલે શું ? ?

જેમને કોઈની પરવા ન હોય એ અવધૂત હોય.

એ હંમેશાં પોતાનામાં જ મસ્ત હોય. પોતાના આત્માની મસ્તીમાં હોય.

બહાર ગમે તેટલાં દર્શન માટે આવ્યા હોય પણ એ તો પોતાના સમયે જ બહાર આવે. એમને ક્યારેય એમ ન થાય કે, બધાં ક્યારના બેઠાં છે, કોઈને જવું છે, કોઈ વીઆઈપી છે.

કોઈની કોઈ ચિંતા નહીં. પરવા નહીં. કોઈને ખરાબ લાગશે, કોઈને નહીં ગમે... કોઈ જ વિચાર માત્ર નહીં. !!

ગમે તેવી વ્યક્તિ હોય, ગમે તેવા મોટા સંઘના પ્રમુખ કે ટ્રસ્ટી હોય કે પછી ગમે તેવો કરોડોનું દાન કરનાર હોય, એમને મન થાય, એમનો સમય થાય એટલે બધાં બેઠાં હોય તો પણ પોતે પોતાનો આરામ કરી લ્યે. !! ધ્યાન કરી લ્યે. !!

ભગવાને કહ્યું છે, કોઈની અપેક્ષા પોષવી એ પણ અધર્મ છે. અવધૂત એ જ હોય જેની કોઈ ફીકસ ફ્રેમ ન હોય.

એ કોઈના ન હોય છતાં બધાંના હોય અને બધાંના હોય છતાં એમને કોઈની પરવા ન હોય.

એમની વિચાર દૃષ્ટિ અલગ જ પ્રકારની હતી.

એ હંમેશાં કહેતા, દુનિયાના સર્ટીફીકેટથી ક્યારેય કોઈ સાચુ નથી થતું કે ક્યારેય કોઈ ખોટું નથી થતું. કેમકે **દુનિયાના સર્ટીફીકેટ હંમેશાં અધુરા હોય છે અને અધુરાના હોય છે. એમની પાસે પૂર્ણ દૃષ્ટિ ન હોય. !!**

જે લોકો આજે વખાણ કરતાં હોય તે જ કાલે વખોડનારા બની જાય અને જે આજે વખોડતાં હોય તે કાલે વખાણ કરનારા પણ બની જાય.

આજે પાછળ પાછળ ચાલનારા કાલે પાછળ પણ પડી શકે છે.

મનુષ્ય માત્ર ધજાનું પાત્ર હોય. જે દિશાનો પવન હોય એ દિશામાં ફરકવા લાગે. ધજાની ક્યારેય એક દિશા ન હોય.

જે પરની પરવાથી પર હોય એ જ અવધૂત હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ... એક એવું વ્યક્તિત્ત્વ, એ વ્યક્તિત્વને જ્યાં સુધી તમારૂં અસ્તિત્વ અનુભવે નહીં, ત્યાં સુધી એમની વિરાટતા, એમની આત્મિક વૈભવતા, એમના ગુણોની સમૃધ્ધિ સમજી શકાય જ નહીં.

નદી જ્યાં સુધી સાગરમાં ભળે નહીં ત્યાં સુધી માત્ર સાગરની લહેરોને જોઈ શકે, પણ જે દિવસે સાગરમાં ભળી જાય તે દિવસે એ સાગરની ઊંચાઈનો અનુભવ કરે, સાગરની સમૃધ્ધિ, સાગરમાં રહેલાં રત્નો અને મોતીઓને જોઈ શકે અને સાગરની વિરાટતાનો અહેસાસ કરી શકે.

જે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવને મળે છે તેમને માટે એક સંત હોય છે, એક જ્ઞાનીજન હોય છે પણ જે એમનામાં ભળે છે, એમના મય બની જાય છે એ જ એમના આત્મ વૈભવને સમજી શકે છે, એમનામાં રહેલી ભગવંતતાને અનુભવી શકે.

જ્યાં સુધી ભક્તપણુ પ્રગટ થતું નથી ત્યાં સુધી ભગવાનપણાની અનુભૂતિ થતી નથી.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનું અસ્તિત્વ હતું ભગવંતતાની ભવ્યતાથી ભરેલું.!! જ્યાં જ્યાં એમના ચરણ પડતાં તે ધરા ધન્ય બની જતી, જેમના મસ્તક પર એમનો હાથ મૂકાતો એ વ્યક્તિ ધન્ય બની જતી અને જેમને એમના શરણમાં સ્થાન મળતું તે તો ધન્યાતિ ધન્ય બની જતાં.

જેમ ભગવાન મહાવીર કે કોઈ પણ તીર્થંકર જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં સવા યોજન સુધીના વિસ્તારમાં એટલે કે ૧૨ ગાઉ ના એરિયામાં ક્યાંય માર ન હોય, મરકી ન હોય, રોગ ન હોય, શોક ન હોય, દુ:ખ ન હોય, દારિદ્ર ન હોય, કેમકે, ભગવાનના આગમનની જ ચારેબાજુ શુભ પરમાણુઓ પ્રસરવા લાગે જેના કારણે જેમના અશાતા વેદનીય કર્મ હોય તે શાતા વેદનીય કર્મ થઈ જાય, અશુભ કર્મોનું શુભ કર્મમાં સંક્રમણ થઈ જાય. સમસ્ત વાતાવરણ શુભ અને શાંતિમય થઈ જાય.

જેવું તીર્થંકર પરમાત્મા સાથે સર્જાય એવું આ કાળમાં મહાપુરુષો સાથે સર્જાય. એટવે જ ઘણા કહેતાં હોય ગુરુદેવના પગલાં થયાં ત્યારથી બધું

બદલાઈ ગયું છે, બધી નેગેટીવીટી દૂર થઈ ગઈ છે. ઘરમાં શાંતિ થઈ ગઈ છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પાસે પણ એમના તપ, ત્યાગ, મૌન અને સાધનાની સાથે સરળતા અને નિખાલસતાની શક્તિ અને સિધ્ધિ હતી. એમનાં કેટલાંય પ્રકારની સિધ્ધિ, કેટલાંય પ્રકારની લબ્ધિ અને કેટલાંય પ્રકારની દિવ્ય શક્તિ પ્રગટ થઈ હતી. માટે જ, જેમના મસ્તક પર એમનો હાથ મૂકાતો તે વ્યક્તિ સતત પ્રગતિ જ કરે, આજે પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં એવા હજારો લોકો છે જેમના પર પૂ. ગુરુદેવની કૃપા થઈ છે, એમણે આજ સુધી ક્યારેય પાછું વળીને જોયું નથી.

કેટલાંય લોકો એવા છે, જેમને ચારસો સવા ચારસો ડાયાબીટીસ હોય અને તેમને ગુરુદેવ પેંડો ખાવા આપે. જે એ પેંડાને ગુરુપ્રસાદ માની, કોઈ પણ વિકલ્પ વિના ખાઈ ગયાં તેમની ડાયાબીટીસની બીમારી મૂળમાંથી જતી રહી અને જેમણે દલીલ કરી, ગુરુદેવ ! પણ મને ડાયાબીટીસ છે, ડૉ. એ ગળ્યું ખાવાની ના પાડી છે, કેવી રીતે ખાઉં ? એ પછી ખાય પણ લે તો પણ એને અસર ન થાય. !

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની આંખોમાં એક અનુપમ દિવ્ય તેજ હતું. જેમના પર દિવ્ય દૃષ્ટિ પડે એનાં બધાં અશુભ કર્મોનો ક્ષય થઈ જાય, આ ચમત્કાર નહીં પણ એમના તપ અને સાધનાની શક્તિથી પ્રગટ થયેલી એવી પાવરફુલ પોઝીટીવ એનર્જી હોય જેમાં ગમે તેવી નેગેટીવ એનર્જીને દૂર કરવાની શક્તિ હોય !

ગુરુ ક્યારેય કોઈ ચમત્કાર કરવા ન માંગે પણ ક્યારેક ક્યારેક સામેવાળાની શ્રધ્ધાને દૃઢ કરવા માટે પણ ગુરુએ પોતાની લબ્ધિનો પ્રયોગ કરવો પડે, પોતાની શક્તિનો ઉપયોગ કરવો પડે.

# સિધ્ધિના સ્વામી

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એવી સિધ્ધિના સ્વામી હતાં, એ જ્યાંથી પસાર થાય, લોકો ત્યાંથી રજ અને માટી લઈ સાચવીને રાખી મૂક્તા. જ્યારે કોઈ બીમાર થાય, તાવ આવે ત્યારે કપાળે લગાવી દે અને તાવ ગાયબ થઈ જાય.!! ગુરુદેવની પોઝીટીવ એનર્જી અને વ્યક્તિની શ્રધ્ધાનો સંયોગ ચમત્કારનું સર્જન કરતો.

પૂજ્ય ગુરુદેવ હંમેશાં કહેતા, જ્યાં આશા હોય ત્યાં આશીર્વાદ ન હોય, ગુરુ પાસે આશીર્વાદની આશા ન કરાય. એમનાં અંતરમાંથી એમના હૃદયમાંથી જ આશીર્વાદ અને કૃપા વરસે.!! તમે ગુરુને કંઈક કહો અને ગુરુદેવ એ કરી આપે, એ વાત અલગ હોય અને તમે કાંઈ જ ન કહો, છતાં ગુરુ સમજી જાય અને એમના બોલ્યાં વિના જ તમારૂં કાર્ય થઈ જાય, બધું ગોઠવાઈ જાય એ વાત અલગ હોય.!!

ગુરુ એ જ કહેવાય, જેમને ક્યારેય કંઈ કહેવું ન પડે, અને છતાં એમને બધી જ ખબર હોય. પણ સુયોગ્ય સમય સુધી પણ રાહ જોવાની ધીરજ ન હોય એ જ સામેથી આશીર્વાદ માંગવા જાય.!

**દરેકને એમની યોગ્યતા પ્રમાણે યોગ્ય સમયે મળી જાય. દરેકને પોતાની પાત્રતા પ્રમાણે જ મળતું હોય એટલે ક્યારેય બીજાનું જોઈને**

**બળવું નહીં અને પોતાનું નબળું ગણવું નહીં.**

આપણને જ્યારે, જ્યાં, જેટલું મળે છે, આપણા કર્મો પ્રમાણે અને આપણી યોગ્યતા પ્રમાણે મળે છે. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા આવનારને ભક્તજનો જમાડયા વિના જવા જ ન દે.

**ખાવું કરતાં ખવરાવવું જેને વધારે ગમે, તેનો માનવભવ સફળ.**

ગુરુદેવ જેમના પણ ઘરે બિરાજમાન થયાં હોય ત્યાં સેંકડો લોકો માટે રસોઈ બને. ક્યારેક ૧૦૦ વ્યક્તિની રસોઈ બનાવી હોય અને ૩૦૦ થઈ જાય. ઘરવાળા ગભરાઈ જાય. નવી રસોઈ બનાવવા જેટલો સમય પણ ન હોય. જાય સીધા ગુરુદેવ પાસે.! ગુરુદેવ તો એમનો ચહેરો જોઈને જ સમજી જાય. એક સરસ મજાનું સ્મિત આપે અને શાંતિથી ઊભા થઈ રસોડા તરફ જાય. એક નજર ફેરવે અને કહી દે, તમારે ચિંતા કરવાની જરૂર નથી, નવું બનાવવાની જરૂર નથી, જે છે એમાં બધાં જમી લેશે. અને બને પણ એવું જ... ૧૦૦ ની રસોઈમાં ૩૦૦ માણસો પેટ ભરીને જમી લે પછી પણ વધે.!! આવા અનુભવો તો કેટલાં બધાંને થયાં છે. આવી કૃપા લબ્ધિ હતી એમની.!!

ઘણી વાર મોટા સંઘ જમણ હોય. નાનુ ગામ હોય ૨૦૦૦ માણસની ગણતરી હોય પણ આસપાસના ગામના લોકો પણ ગુરુદેવના દર્શન કરવા આવે એટલે ૭૦૦૦-૮૦૦૦ લોકો થઈ જાય. સંઘવાળા ગભરાઈ જાય. ગુરુદેવ કપડું મંગાવે. ખાવાની વસ્તુઓ પર ઢાંકી દે અને પછી કહે, તમારે ચિંતા કરવાની જરૂર નથી. તમારે કપડું ખોલીને જોવાની પણ જરૂર નથી કે અંદર કેટલું છે, તમે નીચેથી કાઢીને બધાંને જમાડયાં કરો.!! લોકો જમતાં જાય. પણ ખૂટે જ નહીં.!!

ભગવાન મહાવીરે શ્રી ઉવવાઈ સૂત્રમાં બતાવ્યું છે, ભગવાનના સાધુઓ પાસે 'અક્ષિણ મહાનસ' લબ્ધિ હોય. અક્ષીણ એટલે કે ક્યારેય ખૂટે

નહીં. ! આવી જ લબ્ધિ આ કાળમાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પાસે હતી અને જેનો અનુભવ હજારો લોકોએ ક્ર્યો છે.

માત્ર જૈનો જ નહીં. કેટલાંય અજૈનોએ પણ પૂજ્ય ગુરુદેવની આવી દિવ્ય કૃપાનો અનુભવ કરી ધન્યતા અનુભવી છે. કેટલાંય સાધારણ સ્થિતિમાંથી આજે સમૃધ્ધિવાન બની ગયાં છે. કેટલાંયના અસાધ્ય રોગ પણ મૂળમાંથી જતાં રહ્યાં છે.

# અનાસક્તભાવે ખીલવી આત્મશક્તિ

**આ** સંસારમાં બે પ્રકારના જીવો હોય. એક આસક્ત જીવ અને એક અનાસક્ત જીવ. ! !

કોઈ ભોગી હોય તો કોઈ યોગી હોય. !

જ્યાં સુધી આત્મા નિગોદથી નીકળી મોક્ષ સુધીની યાત્રા પૂરી ન કરે ત્યાં સુધી ક્યારેક યોગી હોય તો ક્યારેક ભોગી હોય, પણ કોઈક આત્મા એવા હોય જેમની **'કાલ લબ્ધિ'** હોય, તેમની મોક્ષ તરફની યાત્રા તીવ્ર ગતિને વધારે છે, ત્યારે અનાસક્ત યોગમાં આવી જાય છે.

બધાંની સાથે છતાં **'સ્વ'** ની સાથે.

પ્રેમ બધાં પ્રત્યે પણ મમત્ત્વ કોઈ પ્રત્યે નહીં, હર એક વ્યક્તિ, વસ્તુ અને વાતાવરણ, દરેક સ્થિતિ અને દરેક સંયોગો પ્રત્યે અનાસક્તિ. ! !

ન કોઈ સાથે સંબંધ. ન કોઈ જાતનો પરિગ્રહ !

દુનિયાનો નિયમ છે,

તમે જેને છોડો તે તમને વધારે વળગે. સંસાર છોડો તો સંસારની સો અનુકૂળતાઓ સામેથી મળવા લાગે. આમ સવારના નવ વાગ્યા સુધી ભૂખ ન લાગે કે ચા યાદ ન આવે પણ ઉપવાસ કર્યો હોય ત્યારે સવારથી જ ભૂખ લાગશે.

જેને તમે છોડવા ઈચ્છો એ જ વારંવાર તમારી સામે આવે અને તમને પકડે.

આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. ?

આવી પરિસ્થિતિમાં સમભાવમાં આવી જવું જોઈએ.  છોડવું પણ નથી અને ભોગવવું પણ નથી.

ભોગની વચ્ચે પણ યોગ અને યોગની વચ્ચે ભોગ પ્રત્યે અનાસક્ત. ! !

આવી અનાસક્તા હતી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીમાં. ! !

પૂજ્ય ગુરુદેવનો પ્રભાવ અને સિધ્ધિ એવા હતાં કે એમની આસપાસ હજારો ભક્તો અને ભાવિકો રહેતાં. દરેકને ગુરુદેવ પ્રત્યે ભાવ અને ભક્તિ. એમની શાતા માટે અનેક પ્રકારની અનુકૂળતાઓ કરતાં પણ તપસમ્રાટ ગુરુદેવ એ સર્વ અનુકૂળતા ઓ વચ્ચે પણ અનાસક્ત ભાવમાં જ રહેતાં.

જે અનાસક્ત યોગી હોય એમની જ આત્મ શક્તિ ખીલતી હોય અને જેમની આત્મ શક્તિ ખીલે એમના જ ચરણોમાં આત્મ સિધ્ધિ આળોટતી હોય. ગુરુદેવના ચરણોમાં પણ શાસન દેવ અને કેટલાંય પ્રકારના દિવ્ય દેવોની શક્તિ હતી, પણ ગુરુદેવને એમનું કોઈ આકર્ષણ ન હતું. એ એમના અનાસક્ત ભાવમાં જ મસ્ત હતાં.

ન સંસારની કોઈ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે આસક્તિ, ન કોઈ દિવ્ય શક્તિ પ્રત્યે આસક્તિ. ! !

પણ હા !  હર એક જીવ પ્રત્યે પ્રેમ અને અનુકંપા હતાં. હર એક જીવના હિત, શ્રેય અને કલ્યાણની ભાવના હતી, હર એક જીવના સુખ અને શાંતિ માટે હૃદયમાં કરૂણા હતી.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ કૃપાનિધાન હતાં.

કોઈ પણ દુ:ખી, ગરીબ, નિરાશ, હતાશ વ્યક્તિ પોતાની તકલીફ અને પ્રોબ્લેમ્સ લઈને આવે, ગુરુદેવ એમને શાંતિથી બેસાડે, પ્રેમથી એની વાત

સાંભળે અને સ્મિત સાથે અમી દૃષ્ટિ કરે એટલે એનું અશાંત મન શાંત થઈ જાય, એનો ઉદ્વેગ શાંત થઈ જાય, એની હતાશા દૂર થઈ જાય, એની આપઘાત કરવાની વૃતિ ગાયબ થઈ જાય અને પછી એને ગુરુ પ્રસાદ રૂપે કોઈ પદાર્થ આપે જેથી એ ઘરે જઈને પણ શાંતિથી જીવી શકે. એમની પાસે માત્ર જૈનો જ નહીં, વાણિયા, બ્રાહ્મણ, લુહાણા, સુથાર, કુંભાર એમ અઢારે કોમના લોકો આવતાં અને એમની દિવ્ય કૃપા અને અંતરના આશીર્વાદ પ્રાપ્ત કરતાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એવા મહાન અને પરમાર્થ વ્યક્તિત્વના ધારક હતાં જે કાયમ બીજાના દુ:ખની ચિંતા કરતાં અને એમની શાંતિ અને સમાધિ માટે પોતાની સિધ્ધિ અને શક્તિનો ઉપયોગ કરતાં જ્યારે પોતાની અશાતા, પોતાના દુ:ખ, પોતાની વેદનાને સમતાભાવે સહન કરતાં.

સ્વયંના પગમાં ફ્રેકચર થયું તો દિવસોના દિવસો સુધી એની પીડાને સહન કરતાં રહ્યાં, પણ જે દિવસે ખબર પડી કે પૂ. સુમનબાઈ મ. ને પગમાં તકલીફ થઈ છે અને બે કિ.મી. પણ ચાલી નથી શક્તા એટલે તરત જ સોફ્રામાઈસીનની ટયુબ આપી. હવે પગમાં... સાંધાના દુ:ખાવામાં સોફ્રામાઈસીન થોડી લગાવાય ? પણ અહીં પદાર્થ નહીં... પદાર્થની અંદર પ્રવાહિત થયેલી પૂજ્ય ગુરુદેવની સિધ્ધિનું મહત્ત્વ હોય છે. પૂ. સુમનબાઈ મ. એ એ ટયુબને ગુરુની કૃપા અને ગુરુનો પ્રસાદ માની પ્રેમથી સ્વીકારી અને પગમાં લગાવી તે દિવસથી જીવ્યા ત્યાં સુધી ક્યારેય એમને સાંધાનો દુખાવો થયો ન હતો.

જે સમર્પણ ભાવે સ્વીકાર કરે છે તે સર્વસ્વને પામે છે. જે આર્ગ્યુમેન્ટ કરે છે તે ઘણુ બધું ગુમાવે છે.

સમર્પણતામાં ક્યારેય બુધ્ધિનો ઉપયોગ ન હોય, સમર્પણતામાં માત્ર હૃદય જ કામ કરે.

# આંતરિક સાધુત્વ

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે તપ, ત્યાગ અને સાધના દ્વારા આટલી સિધ્ધિ અને લબ્ધિ પ્રાપ્ત કરી હતી પણ એની સાથે હતી એમના દિલની સરળતા અને નિખાલસતા.! એ હંમેશાં કહેતાં,

સાધુત્વ નિયમમાં નહીં દિલની શુધ્ધિમાં હોય.! બહારથી ગમે તેટલાં નિયમોનું પાલન થતું હોય પણ અંદરથી દિલની શુધ્ધિ ન થતી હોય તો શું મતલબ.??

મારે તો હૃદયથી સરળ રહેવું છે, શુધ્ધ રહેવું છે.

હૃદયની સરળતા એમની સૌથી મોટી તાકાત હતી, સૌથી મોટી શક્તિ હતી. એકદમ ભલા અને ભોળા.!! પણ સાધનાની શક્તિ એકદમ સ્ટ્રોંગ!! એ સાધના શક્તિને એ સવનના નાનકડા ટૂકડામાં પ્રવાહિત કરી પ્રસાદ રૂપે આપતાં. આવો જ એક ટૂકડો ગળપના પટેલને આપ્યો હતો અને એક એ જ ગામના દરબારને પણ આપ્યો હતો બંને ગુરુદેવના ભક્ત હતાં પણ બંને એકબીજાને ન ઓળખતાં હતાં, ન ક્યારેય મળ્યાં હતાં.

એક દિવસ એક નાનકડી વાત ઉપર બંને વચ્ચે ઝઘડો થઈ ગયો. એક તરફ પટેલ અને એક તરફ ક્ષત્રિય ઝગડો મારામારી સુધી પહોંચી ગયો. ક્ષત્રિય ભાઈ એ પટેલ ભાઈને પછાડી દીધો અને એના ઉપર ચઢી બેઠો અને પોકેટમાંથી ચાકુ કાઢયું. ચાકુની સાથે અચાનક ગુરુદેવે આપેલો સવનનો

ટુકડો પણ પોકેટની બહાર નીકળ્યો અને પટેલના પગમાં પડયો. ટૂકડા પર ગુરુદેવનો ફોટો જોઈ પટેલના મુખમાંથી શબ્દ નીકળી પડયો... **અરે ગુરુદેવ !**

ખુન્નસથી ચાકુ મારવા હાથ ઉઠાવેલા ક્ષત્રિયભાઈ એ શબ્દ સાંભળ્યો. 'ગુરુદેવ !' અને એનો હાથ થંભી ગયો, અરે ! મારા ગુરુદેવને આ ઓળખે છે ? એ ઊભો થઈ ગયો અને પટેલને કહે, આ તો તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા. છે. પટેલ કહે, હા ! મને ખબર છે, એ મારા ગુરુદેવ છે. ક્ષત્રિય કહે, એ મારા પણ ગુરુદેવ છે. અરે ! આપણા બંનેના ગુરુદેવ એક જ છે અને આપણે બંને આવી રીતે ઝગડીએ છીએ ? ? આ સવનનું પોકેટમાંથી પડવું એ ગુરુદેવનો સંકેત જ છે. બંને ગુરુદેવ પાસે જાય છે, ગુરુદેવ બંનેનું સ્મિત સાથે સ્વાગત કરે છે અને કહે છે, શું ભાઈ-ભાઈ આવી રીતે લડે ?

ગુરુદેવ ! હું ક્ષત્રિય છું, કાઠી દરબાર છું અને એ પટેલ છે.

ગુરુદેવે કહ્યું, તમે તો એક જ બાપના બે દીકરાઓ છો, બંને ગુરુદેવના કહેવાનો આશય સમજી ગયાં, બંને એ એકબીજા સામે જોયું અને બંને એ એક સાથે ગુરુદેવના ચરણમાં મસ્તક મૂક્યું. ગુરુદેવના એક પગ પર પટેલનું મસ્તક અને એક પગ પર ક્ષત્રિયનું મસ્તક અને ગુરુદેવના બંને હાથ એક એકની ઉપર. ! ! ગુરુદેવે બંનેને ઊભા કર્યાં અને કહ્યું , આજથી તમારી સાત પેઢીના વેરઝેરનો અંત. ! ! સાત પેઢીમાં સાત મર્યાં હવે આઠમો ન મરવો જોઈએ. તે દિવસથી બંને પરિવાર વચ્ચે પ્રેમનો સેતુ સર્જાઈ ગયો. બંને પરિવાર હળીમળીને સંપથી રહેવા લાગ્યાં અને ગુરુદેવની ભક્તિ કરવા લાગ્યાં.

તપસમ્રાટ એક એવા સિધ્ધ સાધક હતાં, એ બહારના નિયમો કરતાં અંદરની નીતિઓને વધારે માનવાવાળા હતાં, તેઓ આંતરિક સાધુત્ત્વને ખીલવનારા હતાં. બહારની આંખોથી જોવાવાળા એમને ઓળખી અને સમજી ન શક્તાં અને એમની અશાતના કરતાં હતાં.

# અદમ્ય આકર્ષણ

**એ**ક હોય છે સંબંધ અને એક હોય છે ઋણાનુબંધ. જન્મની સાથે જેનું સર્જન થાય અને મૃત્યુ થતાં જેનું વિસર્જન થાય તેને સંબંધ કહેવાય.

જન્મથી સંબંધ ન હોય અને મૃત્યુથી વિસર્જન ન હોય, એવો જન્મો જન્મથી જે સંબંધ હોય તેને ઋણાનુબંધ કહેવાય. જેમના પ્રત્યે અકારણ પ્રેમ થાય, જેમના પ્રત્યે અંતરથી જ કંઈક અલગ જ સ્પંદન થાય તે ઋણાનુબંધ હોય. જેમની સાથે માતા-પિતા, ભાઈ-બહેન, દીકરા-દીકરી, પતિ-પત્ની, કાકા-કાકી, માસા-માસી, મામા-મામી જેવા કોઈ જ સંબંધ ન હોય છતાં એમના પ્રત્યે હૃદયથી કંઈક અલગ જ સંવેદન અનુભવાય તે ઋણાનુબંધ કહેવાય.

ઋણાનુબંધ એટલે સંબંધ વિનાનું સંવેદન.!!

જીવનમાં સંબંધના હજારો પાત્રો હોય પણ ઋણાનુબંધનું પાત્ર એક જ હોય, એ સંબંધ હોય જન્મો જન્મનો, ભવો ભવનો પણ જરૂરી નથી દરેક ભવમાં સાથે મળે જ.! પણ પુણ્યના ઉદય અનુસાર સંયોગ થઈ જાય. સંબંધમાં રાગ હોય જ્યારે ઋણાનુબંધમાં પ્રેમ અને ત્યાગ હોય, સંબંધમાં લાગણીની ભરતી અને ઓટ હોય, ઋણાનુબંધમાં ક્યારેય ભરતી કે ઓટ ન હોય. સંબંધમાં લાગણી બે તરફી હોય અને ઋણાનુબંધનો પ્રેમ એક તરફી

હોય, માત્ર આપવું અને અર્પણ કરવું એ જ ભાવના હોય.

ઋણાનુબંધનું પાત્ર સંસારમાં પણ હોય અને સંયમમાં પણ હોય શકે, અંતમાં જ્યારે મોક્ષયાત્રા શરૂ થાય ત્યારે એ ભવમાં જાણતા-અજાણતા પણ ઋણાનુબંધ વાળી વ્યક્તિઓ એક બીજા સાથે જોડાય છે. એક વાર લાઈફમાં ઋણાનુબંધ વાળી વ્યક્તિ આવી જાય અને એ જો સંયમના માર્ગે હોય તો લાઈફમાં યુ-ટર્ન આવતાં વાર ન લાગે અને જો બંને સંયમ માર્ગે હોય તો તો જીવનનું લક્ષ્ય, જીવનની દિક્ષા અને જીવનનું ઉદ્દેશ્ય જ બદલાય જાય. તે વ્યક્તિને પણ ન સમજાય એવું પરિવર્તન એનામાં આવી જાય. એનું જીવન અને જીવન શૈલી પણ બદલાય જાય. આવું જ બન્યુ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. સાથે જ્યારે એમને મળ્યાં એમના ઋણાનુબંધ વાળા, ભવોભવના સાથી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. !!

જ્યારે બંનેનું મિલન થયું ત્યારે બંને સંયમ માર્ગે હતાં પણ ભૂતકાળની કોઈ અશાતનાના કારણે આ ભવમાં પણ જન્મ પછી ૨૫ વર્ષે યોગ થયો. ૨૫ વર્ષ સુધી જુદા રહેવું પડયું, પૂ. નમ્રમુનિ મ.સા. ની દીક્ષા પણ થઈ ગઈ હતી અને સંયમ સાધનાના પાંચ વર્ષ પણ થઈ ગયાં હતાં. ગૌચરી-પાણી, વિહાર, લોચ વગેરે સાધુજીવનની દરેક ચર્યાનું પાલન પણ થતું હતું, પણ અંદરથી જે સાધુત્ત્વની અનુભૂતિ થવી જોઈએ, જ્ઞાન, ધ્યાન, સાધનાના ભાવ પ્રગટ થવા જોઈએ, એ થયાં ન હતાં. ઓગણીસ આગમ કંઠસ્થ કર્યા હતાં.

શાસન પ્રભાવક પૂ. નમ્રમુનિ મ.સા. નું રાજકોટમાં ૧૯૯૬માં સ્વતંત્ર ચાતુર્માસ થયું એ ચાતુર્માસ ખૂબ જ સફળ અને પ્રભાવક રહ્યું. એમની પ્રભાવકતાને જોઈને પૂ. ઉષાબાઈ મ. એ કહ્યું, તમારે એક વાર તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા. ના દર્શન અને આશીર્વાદ લેવાની જરૂર છે, તમારૂં જીવન આખું બદલાઈ જશે. તમારે આગામી ચાતુર્માસ અમારી સાથે કરવાનું છે,

તપસમ્રાટ પૂ. ગુરુદેવ, ઘણા બધાં મહાસતીજીઓ અને પૂ. વીરમતીબાઈ મ. આદિ પણ હશે.

પૂ. નમ્રમુનિ મ.સા. ના મનમાં પૂ. રતિલાલજી  મ. સા. પ્રત્યે નેગેટીવ વિચારો હતાં, ધીમે ધીમે પૂ. નમ્રમુનિ મ.સા. ને પણ ફીલ થવા લાગ્યું, કે વાત તો વિચારવા જેવી છે, જો એ એવા જ હોય તો આટલાં હજારો લોકો શા માટે એમની પાસે આવે ? એ હજારોં લોકો કાંઈ મૂર્ખ તો નહીં જ હોય ને !!! મગજમાં દ્વંદ યુધ્ધ ચાલતું હતું. બે તરફી વાતો આવતી હતી.

પછી તો પૂ.નમ્રમુનિ મ.સા. ને એમના સંસારી માતા પુષ્પાબેન (જે અત્યારે  પૂ. પ્રબોધિકાબાઈ મ. છે) ની દીક્ષા અર્થે મુંબઈ જવાનું થયું. દીક્ષા મહોત્સવ પૂરો થયો, ત્યાં જ તપસમ્રાટ પૂ. ગુરુદેવનો સંદેશો લઈ ભામાશા રમણિકભાઈ નાગરદાસ એમની પાસે હિંગવાલા ઉપાશ્રયમાં ગયાં અને કહ્યું, તપસમ્રાટ પૂ. ગુરુદેવે કહેવરાવ્યું છે કે આવતું ચાતુર્માસ તમારે રાજકોટ એમની સાથે કરવાનું છે.

પૂ. નમ્રમુનિ મ.સા. એ જવાબ આપ્યો, જોઈશ, વિચારીશ, ગરમીના દિવસો અને ૭૦૦ કિ.મી. નો વિહાર અને તબિયતની પ્રતિકૂળતા.!!  તે સમયે ત્યાં બેઠેલાં મહાસતીજીઓ કહેવા લાગ્યાં. તમે તો ખરેખર ભાગ્યશાળી છો, આવા મોટા, મહાન અને સિધ્ધ પુરુષ સાથે ચાતુર્માસ કરવાનો લાભ મળે છે, એ પણ તમારા કેવા સદ્દભાગ્ય કે એ તમને સામેથી સંદેશો મોકલાવે છે.

બે-ચાર દિવસ પસાર થયાં અને ફરી પાછો એક પત્ર આવ્યો.

‘‘તમારે મારી સાથે ચાતુર્માસ કરવાનું છે.’’

આ વાક્યમાં રહેલો મીઠો આદેશ અને પૂ. નમ્રમુનિ મ.સા. ની ૬ દ્દઢ સેન્સ જાગૃત થઈ ગઈ. એમને અંદરથી અવાજ આવવા લાગ્યો. આમાં કોઈ

સંકેત લાગે છે, કદાચ આમાં ક્યાંક મારૂં હિત છૂપાયેલું લાગે છે.

રાત્રે સૂવા ગયાં પણ મનમાં એક જ વિચાર... શું કરૂં ? મારે શું કરવું જોઈએ. ત્યાં તો મધ્યરાત્રિએ દર વખતની જેમ દૈવી સંકેત મળ્યો... **''તારે જવું જોઈએ. તું જા... તારા હિતમાં છે. તું જા.!!''**

સંકેતની ભાષા સમજનારા પૂ. નમ્રમુનિ મ.સા. ના કાનમાં એ દિવ્ય ધ્વની ગુંજવા લાગ્યો. **તારે જવું જોઈએ... તું જા.!** અને વહેલી સવારે રાજકોટ તરફ વિહાર કરવાનો નિર્ણય કર્યો. મે મહિનાના ગરમીના દિવસો અને ૭૦૦ કિ.મી. નો વિહાર.! રોજ ૨૫-૩૦ કિ.મી. નો વિહાર. ક્યારેક મન ડગી પણ જાય પણ સવારે પાછો નિશ્ચય દ્રઢ થઈ જાય. કેમકે, આ ઋણાનુબંધનું ખેંચાણ હતું. ઋણાનુબંધ વાળી વ્યક્તિ સાથેનું જોડાણ થવાનું હતું એટલે એમના ભાવ, એમના વાઈબ્રેશન્સ્ એમને ખેંચી રહ્યાં હતાં.

શ્રેષ્ઠની પ્રાપ્તિ કંઈ સહજતાથી થોડી થાય ? એના માટે તો કેટલો સંઘર્ષ કરવો પડે ? કેટલું સહન કરવું પડે ? અને સંઘર્ષ અને સહનશીલતાથી જે પ્રાપ્ત થાય એનું મૂલ્ય કંઈક અલગ જ હોય !

અને પૂ. નમ્રમુનિ મ.સા. રાજકોટ પહોંચી ગયાં.

ત્રીજે દિવસે શ્રી જતિનભાઈ પારેખના 'મંગલકુંજ' બંગલામાં તપસમ્રાટ પૂ. ગુરુદેવ પધાર્યાં, પૂ. નમ્રમુનિ મ.સા. પહેલી જ વાર એમના દર્શન કરવા જઈ રહ્યાં હતાં. હૃદયમાં એક અલગ જ પ્રકારના ધબકારા હતાં.

નિયતિ એ તો નક્કી કરેલું જ હતું. આ ૨૫ વર્ષના બાળકને એના પિતા પાસે મોકલવાનો જ છે. અને એ ક્ષણ પણ આવી ગઈ. પૂ. નમ્રમુનિ મ.સા. બે હાથ જોડીને પ્રવેશ કરે છે. સામે પાટ ઉપર તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ બેઠાં છે, આસપાસમાં સાત-આઠ ભાઈઓ બેઠાં છે. મહાસતીજીઓ ઊભા છે, પૂ. નમ્રમુનિ મ.સા. એ વંદના કરી. પૂ. ગુરુદેવે એક દ્રષ્ટિ કરી એક સ્મિત કર્યું

અને પાટીમાં લખ્યું, 'નમ્રમુનિ છો ને ?' અને ઈશારાથી બેસવાનું કહ્યું.

પૂ. નમ્રમુનિ મ.સા. એમની બુધ્ધિ પ્રમાણે આસપાસ બધું અવલોકન કરે છે, બે મિનિટ થઈ. એમને થયું હમણાં ગુરુદેવ બોલાવશે, ખબર પૂછશે, વિહાર વિશે પૂછશે. પણ ના.! એ તો એમનું ફુલછાબ વાંચવામાં જ મસ્ત છે, ફુલછાબ વંચાઈ ગયું એટલે જય હિન્દ વાંચવાનું શરૂ કર્યું. જય હિન્દ પૂરૂં થયું. ગુજરાત સમાચાર લીધું.

આ બાજુ પૂ. નમ્રમુનિ મ.સા. અકળાય.! આ તે કેવા સંત છે ? એમના માટે આટલે દૂરથી આવ્યો અને એમને તો મારી સામે જોવાની ફુરસદ પણ નથી. આમની સાથે ચાતુર્માસ કેવી રીતે કરીશ ?

ત્યાં તો પૂ. ગુરુદેવે છાપુ નીચે મૂક્યું અને પાટી હાથમાં લીધી અને લખ્યું, 'ચાતુર્માસમાં મારી સાથે જ રહેવાનું છે ને ?'

પૂ. નમ્રમુનિ મ.સા. ન **'હા'** બોલી શકયા. ન **'ના'**.!!

બે હાથ જોડાયેલાં અને અલગ જ કંપન સાથે શરીર ધ્રુજે.!! ફરી તપસમ્રાટ પૂ. ગુરુદેવે લખ્યું, આપણે પાંચ ઠાણા અને ૭૩ મહાસતીજીનું સમૂહ ચાતુર્માસ રોયલ પાર્કમાં છે, ખબર છે ને ? ? ૨૨ તારીખે પ્રવેશ છે આવી જજે.!

એમની સ્ટાઈલ પ્રમાણે ફટાફટ પાટીમાં એક એક વાક્ય લખતાં જાય અને એટલી જ ઝડપથી ભૂંસતા જાય.

આટલું લખીને ઈશારાથી કહી દીધું, જા.!!

પૂ. નમ્રમુનિ મ.સા. ને સમજાતું ન હતું કે એમને શું થઈ રહ્યું છે, એ અંદરથી ઓગળી રહ્યાં હતાં. ત્યાં જ **તપસમ્રાટ પૂ. ગુરુદેવે ફરી એક અમી દ્દષ્ટિ કરી અને એક મનમોહક સ્મિત આપ્યું. બસ ! એ સ્મિત અને એ દ્દષ્ટિ એમના હૃદયમાં એવી અંક્તિ થઈ ગઈ જે આજ પર્યંત અકબંધ છે.**

પૂ. નમ્રમુનિ મ.સા. એમના ઉતારાના સ્થાને ગયાં પણ ત્યાં પણ

એમને ચેન નથી. ઋણાનુબંધ વાળી વ્યક્તિ મળી ગઈ હતી અને ઋણાનુબંધ પ્રગટી ગયું હતું. વારંવાર એ જ આંખો અને એ જ સ્મિત. પાછું ત્યાં જવાનું મન થાય, પણ ત્યાં જવાય નહીં. ન રહી શકે, ન સહી શકે, ન ક્યાંય ચેન મળે, ન ક્યાંય શુકુન. !! ન કોઈની સાથે બોલવાનું મન થાય.

રાત પડી... રાત્રે પણ પૂ. નમ્રમુનિ મ.સા. ને એ જ આંખો. આંખોમાંથી વહેતો પ્રેમ અને એ જ મધુર સ્મિત દેખાયા કરતું હતું. તપસમ્રાટ પૂ. ગુરુદેવ ૮૭ વર્ષના અને પૂ. નમ્રમુનિ મ.સા. ૨૫ વર્ષના. !! પણ જ્યાં ઋણાનુબંધ હોય ત્યાં ઉંમર, રંગ, રૂપ કે આકૃતિ નથી જોવાતી. ત્યાં તો બે આત્માઓનું મિલન હોય છે, બે હૃદયનું અનુસંધાન હોય છે. અકારણ પ્રેમ હોય છે !

અંતે ચાતુર્માસ પ્રવેશ થયો અને પૂ. ગુરુદેવ પ્રત્યે જીજ્ઞાસા જાગી.

અર્ધી રાત્રે પણ પૂર્ણ જાગૃત અવસ્થામાં હાથમાં માળા હોય અને જાણે કોઈ દૈવી શક્તિ સાથે વાત કરતાં હોય. !! તો ક્યારેક 'સ્વ' ની સાધનામાં લીન હોય, ક્યારેક આત્મભાવમાં મસ્ત હોય જાણે આત્માની ઓળખ પછી જે આનંદ હોય તેનું પ્રતિબીંબ ચહેરા પર હોય. !! એક વાત સમજાઈ ગઈ. તપસમ્રાટ પૂ. ગુરુદેવ કોઈ સામાન્ય સંત નથી પણ સિધ્ધ પુરષ છે.

પૂ. રતિલાલજી મ.સા. મહારાજ સાહેબમાંથી ગુરુદેવ બની ગયાં. હૃદય સિંહાસન પર બિરાજમાન થઈ ગયાં. એમની એક દ્રષ્ટિ માટે તરસવા લાગ્યાં. એમના એક સ્મિત માટે તડપવા લાગ્યાં. એમાં પણ જ્યારે સાંજે પ્રતિક્રમણ પછી બધાં સંતો ગુરુદેવના ચરણ સ્પર્શ કરે ત્યારે ગુરુદેવ બધાંના માથા પર હાથ મૂકે. ન મૂકે એક માત્ર પૂ. નમ્રમુનિ મ.સા. ઉપર. !! અને એમની અકળામણ, વ્યથા વધવા લાગે. !

તપસમ્રાટ પૂ. ગુરુદેવ સમય અને સંયોગોને સમજનારા હતાં એટલે કદાચ યોગ્ય સમયની રાહ જોતા હશે અથવા નવા મુનિની ધીરજની કસોટી

કરતાં હશે અથવા એમની તડપ અને તરસને સ્ટ્રોંગ બનાવતાં હશે.

પર્યુષણ સુધીમાં તો જાણે ગુરુભાવ અને ગુરુતત્ત્વને સમજવા લાગ્યા. અનુભવવા લાગ્યાં. હવે એમના વિના એમને ક્યાંય ગમતું નથી, ક્યાંય રૂચતું નથી, કાંઈ સૂઝતું નથી. હૃદયમાં ગુરુદેવના નામની જ ધડકન છે.

એક દિવસ એમના હોઠ ઉપર કોઈ ઝેરી જંતુ કરડી ગયું હશે અને એમાં સેપ્ટીક થઈ ગયું. પશ-પરૂ ભરાઈ ગયાં, ન બોલી શકાય, ન ખાઈ શકાય અને વેદના પારાવાર.!! બે દિવસ પસાર થઈ ગયાં. ત્રીજે દિવસે ગૌચરીમાં માત્ર સુપ વાપરી પોતાના રૂમમાં જઈ રહ્યાં હતાં. મનમાં ભાવ હતાં પૂજ્ય ગુરુદેવની એક દૃષ્ટિ મળી જાય તો અશાતાના ઉદયને સહન કરવાની શક્તિ મળી જાય.!




ત્યાં તો ગુરુદેવે એમને જોયા અને ઈશારાથી પોતાની પાસે બોલાવ્યાં. બે હાથ જોડી એમની સામે ઊભા રહ્યાં. ગુરુદેવે પાસે પડેલાં ઘેવરમાંથી એક ટૂકડો ઉપાડી એમના મોઢામાં મૂકયો. ગુરુદેવના હાથનો સ્પર્શ

થયો અને પૂ. નમ્રમુનિ મ.સા. ના રોમ રોમ પુલક્તિ થઈ ગયાં. આખું અસ્તિત્વ સ્પંદિત થઈ ગયું. હજુ કાંઈ વધુ વિચારે ત્યાં તો ઈશારો ર્ક્યો... જાવ.!!

એક બૂંદની એક દ્દષ્ટિની આશા હતી અને આખો મહાસાગર મળી ગયો.

પૂ. નમ્રમુનિ મ.સા. રૂમમાં પહોંચ્યાં ત્યાં સુધીમાં તો ઘેવર પેટમાં પહોંચી ગયું હતું અને જે હોઠ ઉપર પૂ. ગુરુદેવનો સ્પર્શ થયો હતો ત્યાં આંગળી ફેરવવાનું મન થયું અને આ શું ? જે હોઠ પશ-પરૂ અને લોહીથી ભરેલાં હતાં એ તો સાવ નોર્મલ છે. જાણે કશું થયું જ નથી.! ગુરુદેવના સ્પર્શમાં આવી દિવ્ય શક્તિ.!!! આ ચમત્કાર છે કે શિષ્ય સ્નેહ.??? કાંઈ જ ખબર નથી પણ જે થયું હતું તે હવે નથી એ નક્કી છે. એક સાથે કેટલાંય ભાવોથી આત્મા ભિંજાવા લાગ્યો. પ્રેમ, અહોભાવ, આશ્ચર્ય, વંદન.!!!

આજ સુધી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પૂજનીય અને વંદનીય હતાં, હવે પ્રિય અને પરમ પ્રિય બની ગયાં.!! પૂજ્યતા સાથે પ્રિયતા ભળી અને એમના આત્માના આવરણો દૂર થવા લાગ્યાં. જ્ઞાન તેજ પ્રગટવા લાગ્યું. એક એક રહસ્યો સમજાવા લાગ્યાં. જે પુસ્તક, જે ગાથા, જે શ્લોક વાંચે અને એમ જ લાગે આ બધું તો વાચેલું છે. આ બધું તો મને આવડે છે.!! ગુરુકૃપાનો અનુભવ થવા લાગ્યો.

આગમમાં વાંચેલુ યાદ આવ્યું કે, ભગવાન મહાવીરના અનન્ય સંત અઠયાવીસ પ્રકારની લબ્ધિના ધારક હતાં. નક્કી પૂ. ગુરુદેવ પાસે પણ એમની તપ અને સાધનાની આવી કોઈ લબ્ધિ હશે જેના કારણે એમના સ્પર્શ માત્રથી મારો રોગ એક જ ક્ષણમાં મટી ગયો.

ફરી અંદરથી અવાજ આવ્યો. ‘તું સાચી જગ્યાએ છે.’ તપસમ્રાટ પૂ. ગુરુદેવના એક પછી એક અનુભવ થતાં ગયાં અને પૂ. નમ્રમુનિ મ.સા. નો

વિનય, ભાવ, શ્રધ્ધા, ભક્તિ અને સમર્પણતા ઉત્કૃષ્ટ થતાં ગયાં.

એક દિવસ જ્યારે એમને સખત તાવ હતો ત્યારે પ્રતિક્રમણના સમયે રોજની જેમ માંડલામાં ન બેઠાં અને એક થાંભલા પાસે બેઠાં, અને કાઉસ્સગ્ગ કરી રહ્યાં હતાં ત્યારે તપસમ્રાટ પૂ. ગુરુદેવે પૂછયું, એ કેમ ત્યાં બેઠાં છે ? પૂ. ગીરીશ મુનિ મ.સા. એ જવાબ આપ્યો, એમને તાવ છે અને ઠંડી લાગે છે. બસ ! તપસમ્રાટ ઊઠયા. જે વોકર વિના ચાલી નથી શકતા, એમણે વોકર લેવાની પણ પરવા ન કરી અને સીધા ગયા પૂ. નમ્રમુનિ મ.સા. પાસે ! પોતાના હાથે પોતાની સાલ એમના શરીરે લપેટી એવી હૂંફ આપી જાણે એક મા બાળકને આપે. ! !

પૂ. નમ્રમુનિ મ.સા. તો કાંઈ સમજી ન શક્યાં, એમની આંખો આવા વાત્સલ્યને પામીને ભીની થઈ ગઈ. એમના ચરણોમાં મસ્તક મૂકી દીધું અને તપસમ્રાટ પૂ. ગુરુદેવનો હાથ એમના મસ્તક પર ફરવા લાગ્યો.

**ત્રણ વર્ષની ઉંમરે પિતા પ્રેમથી વંચિત જીવને પિતા તુલ્ય ગુરુ મળ્યાં અને આંખો છલકાવા લાગી.**

**આવા હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ જે પોતાની પરવા કર્યા વિના શિષ્યોની ચિંતા કરતાં હતાં.**

એક દિવસ બધાં સંત-સતીજીઓ બેઠાં હતાં. સામાન્ય વાતચીત થઈ રહી હતી. કોઈએ કહ્યું, આ નમ્રમુનિ બહુ નબળા છે. વધારે સેવા વૈયાવચ્ચ ન થઈ શકે. તરત જ પૂ. ગુરુદેવે પાટી હાથમાં લીધી અને લખ્યું, **‘ભલે નરમ રહ્યાં, પણ આવડત અને કુશળતા ઘણી છે, એટલે સફળ થશે.’**

આવા વચન સિધ્ધ હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ. ! ! એમના મુખમાંથી નીકળેલો શબ્દ ક્યારેય મિથ્યા ન થાય. !

ફરી એક દિવસ પાટીમાં લખ્યું, **'અંતે તમે મારી પાસે હશો, તમે અંતેવાસી થશો.'** પૂ. નમ્રમુનિ મ.સા. ને ગુરુદેવ પ્રત્યે અત્યંત પ્રેમ એટલે અંત સમયની વાત સાંભળી એમને ગુસ્સો આવ્યો અને પાટી લઈ નીચે ફેંકી દીધી. તપસમ્રાટે બીજા પાટી લીધી અને લખ્યું. 'પાટી ના ઘા કરવાથી ભવિષ્ય બદલાવાનું નથી !'

પૂ. નમ્રમુનિ મ.સા. ને આખી રાત ઊંઘ ન આવી. હજુ તો મળ્યાં છે, હજુ તો કોઈ વધારે પરિચય થયો નથી, હજુ તો એમને માણ્યા પણ નથી અને વિદાયની વાત. !!! એમનાથી સહન થતું ન હતું. ક્યાંય ચેન પડતું ન હતું. શું થશે ? ક્યારે થશે ? એક જ વિચાર. !!! જેમને મન ગુરુનું મહત્વ હોય તેમના માટે ગુરુની એક દ્રષ્ટિ, ગુરુ સાથે વીતાવેલી એક ક્ષણ કે એકાદ ઘટના પણ જીવનભરની સ્મૃતિ હોય છે, જીવનની અમૂલ્ય મૂડી હોય છે.

જ્યાં સુધી પૂ. ગુરુદેવ પૂ. નમ્રમુનિ મ.સા. ની દ્રષ્ટિમાં પૂ. રતિલાલજી મ.સા. હતાં ત્યાં સુધી એમનાં મનમાં વિકલ્પો હતાં પણ જે દિવસે એમના હોઠ ઉપર **'ગુરુદેવ'** શબ્દ આવ્યો, જે દિવસે હૃદયના તાર જોડાણા તે દિવસથી તે નિર્વિકલ્પ થઈ ગયાં.

જે ગુરુને દેવ તરીકે સ્વીકારે છે તે ગુરુની દેહિત ક્રિયાને જોઈ જ ન શકે.

દેહથી એ એક વ્યક્તિ છે પણ દિલથી, આત્માથી તે મારા દેવ છે, મારા માટે ભગવાન છે, પૂજનીય છે, વંદનીય છે, અર્ચનીય છે, સ્મરણીય છે, મનનીય છે અને સર્વસ્વ છે, સર્વોત્તમ છે. જે દિવસથી નિર્વિકલ્પ ભાવ આવે તે દિવસથી જ ગુરુના ચહેરા પર પ્રસન્નતા લાવવાના ભાવ જાગૃત થાય. જે શિષ્યના અવિનયના કારણે ગુરુના ચહેરની રેખા બદલાય જાય તે શિષ્યના ભાગ્યની જ રેખા બદલાય જાય.

ગુરુ મળવા એ અતિ અતિ અતિ પુણ્યના ઉદયની નિશાની છે.

પૂ. નમ્રમુનિ મ.સા. ને આજે પણ મનમાં એક અફસોસ છે કે એમને ગુરુ તો મળ્યાં પણ એમના કાન ક્યારેય ગુરુનો અવાજ સાંભળી ન શક્યાં કેમકે, એ મળ્યાં એ પહેલાં જ એમણે આજીવન મૌનના પચ્ચક્ખાણ લઈ લીધાં હતાં.

એના કારણ ઉપર ચિંતન કરતાં એમને લાગે છે કે એમણે કોઈક ભવમાં અપેક્ષાઓ રાખી હશે કે મારા ગુરુ મારી સાથે બોલે, મારી વાત સાંભળે, મારી સામે જુએ. એટલે ગુરુ પાસેથી ક્યારેય આશા કે અપેક્ષા ન રખાય. ગુરુ પાસે એમની થર્ડ આય હોય અને એના દ્વારા એ જાણતા જ હોય કે કોને ક્યારે શું જરૂર છે અને કોના માટે ક્યારે શું યોગ્ય છે. !

# તપસમ્રાટ તારણહાર

ગુરુ જહાજ સમાન હોય, જે પોતે પણ તરે અને બીજા અનેકને તારે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પણ જહાજ સમાન હતાં.

શું તપસમ્રાટ જન્મથી તપના સમ્રાટ હતાં કે તપ સાધના કરીને તપના સમ્રાટ બન્યાં ? દીક્ષા લેતાંની સાથે જ એમને આવી ઉગ્ર તપસાધના કરવાના ભાવ થયાં, એ આ ભવનું કારણ હશે કે ભવોભવની પ્રોસેસ હશે ?

કેમ એમને જ ૯૯૯ આયંબિલ કરવાનું મન થયું અને આપણને ન થયું ? કેમ એમને ૧૯ વર્ષીતપ કરવાના ભાવ થયાં અને આપણને ન થયાં ? કેમ એમને અનાજ, મીઠાઈ, ફળ ત્યાગ કરવાની ઈચ્છા થઈ અને આપણને ન થઈ ? કેમ એમને પાણીનો ત્યાગ કર્યો અને આપણે નથી કરી શકતા ?

કેમકે, આ એમના આ જન્મના જ સંસ્કાર ન હતાં. જન્મો જન્મના સંસ્કાર હતાં. જન્મો જન્મથી તપ અને ત્યાગ કરતાં આવ્યાં હતાં. જન્મો જન્મથી અનાસક્ત ભાવ લઈને આવ્યાં હતાં. કેટલાંય ભવોથી એમની આહારક સંજ્ઞા તૂટેલી હતી, છૂટેલી હતી, માટે જ આ ભવે સંયમ અને સદ્ગુરુનો સંયોગ મળ્યો અને તપ કરવાનો યોગ સર્જાય ગયો.

જેમણે ભૂતકાળમાં ક્યારેક દીક્ષા લીધી હોય એને જ આ ભવે દીક્ષા લેવાનો વિચાર આવે, દીક્ષાના ભાવ થાય. જે આત્મામાં હોય એ જ બહાર આવે.

આ ભવ એ મંઝિલ નથી. આ ભવ એ લાંબી યાત્રાનો મુકામ છે. જ્યાં વિશ્રામ હોય ત્યાં મુકામ હોય અને જ્યાં યાત્રા પૂર્ણ થાય તે મંઝિલ હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનો આ ભવ એમની મોક્ષયાત્રાનો એક મુકામ હતો. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ આ ભવમાં જ સિધ્ધિને નથી પામ્યાં. એ તો જન્મ જન્મના સિધ્ધિના સાધક હતાં એટલે જ આ ભવમાં એ જન્મ જન્મની આત્મશક્તિ પ્રગટ થઈ અને સિધ્ધ પુરુષ બન્યાં.

જેમની ભવોભવની આત્મશક્તિ પ્રગટ ન થાય તે વ્યક્તિ પુરુષ બની શકે પણ 'મહાપુરુષ' ક્યારેય ન બની શકે, એ સામાન્ય બની શકે પણ શ્રેષ્ઠ ક્યારેય ન બની શકે.

# અલગારી સંત

**એ**ક સામાન્ય પુરુષ અને એક મહાપુરુષ... !

જેમના જીવંત હોવા પર કે જેમની વિદાય પછી કોઈને કાંઈ ફરક ન પડે તે સામાન્ય કહેવાય.

જેમના હોવા પર અને જેમના ન હોવા પર પણ હજારો લોકોને ફરક પડે તે મહાપુરુષ કહેવાય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ **'મહાપુરુષ'** હતાં.

એ જીવંત હતા ત્યારે પણ હજારો-લાખો લોકો અને કેટલાંય પશુ-પક્ષીઓ અને જંતુઓને પણ એમના પોઝીટીવ શુભ પરમાણુઓની અસર થતી હતી. એ જ્યાં જાય ત્યાં વાતાવરણ શાંત અને પ્રસન્ન... પ્રસન્ન થઈ જાય. એમના સાંનિધ્યમાં લોકોની અશાંતિ અને નેગેટીવીટી દૂર થઈ જાય. કેમકે પૂજ્ય ગુરુદેવ શુકલ અને પદ્મ લેશ્યાના અધિકારી હતાં. એ સ્વયં પણ શાંત અને પ્રસન્ન હતાં, એટલે જે એમના સાંનિધ્યમાં આવે એ પણ શાંત અને પ્રસન્ન થઈ જાય.

એમના દર્શન કરવા આવનારા માત્ર બાહ્ય આંખોથી એમની આકૃતિના દર્શન ન હતાં કરતાં. એમના દર્શન કરી એમના શુભ પરમાણુઓમાં પોતાના અસ્તિત્વને, પોતાની ઓરાને સ્નાન કરાવતાં હતાં. પોતાની ઓરાને

શુધ્ધ કરતાં હતાં.

જેમનું હૃદય નિર્મળ હોય, જેમનું હૃદય પવિત્ર હોય, જેમનામાં નિઃસ્વાર્થતા હોય, જેમના રોમ રોમમાં કરૂણા હોય, જીવ માત્ર પ્રત્યે વાત્સલ્ય ભાવ હોય, એમની ઓરા, એમની એનર્જી, એમનું અસ્તિત્વ બધું જ પોઝીટીવ હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ આવા જ પોઝીટીવ વ્યક્તિત્વના સ્વામી હતાં. એમની દ્દષ્ટિ પણ વિચક્ષણ હતી જે એક જ સેકંડમાં પારખી લેતાં કે આવનાર વ્યક્તિ સ્વાર્થથી આવી છે કે ભક્તિભાવથી. ? જે સ્વાર્થથી આવ્યા હોય એમની પહેલાં કસોટી કરે અને પછી જ આશીર્વાદ આપે.

જેનામાં ભક્તિ હોય, જે ભક્તિભાવે આવ્યા હોય, એમના એક જ ભાવ હોય. મને ગુરુદેવના દર્શન થઈ ગયા એ મારા સદ્દભાગ્ય છે, અને ગુરુદેવની દ્દષ્ટિ મારા પર પડશે એ મારા પરમ સદ્દભાગ્ય હશે.

એટલે એવી વ્યક્તિ સામે ગુરુદેવ ન જુએ તો પણ એ તો આવવાની જ છે પણ જે સ્વાર્થ ભાવે આવ્યા હોય એમની સામે ન જુએ એટલે એ અંદરથી અશાંત થઈ જાય, અકળાય જાય.

જૂનાગઢથી એક ભાઈ દરરોજ ગુરુદેવ પાસે આવે. એ પરેશાન હતાં, એમને આર્થિક પ્રોબ્લેમ હતો. દરરોજ જૂનાગઢથી વડિયા આવે અને એક જગ્યાએ બેસી જાય. ગુરુદેવે પહેલે દિવસે એમને ખબર ન પડે તેમ જોઈ લીધું, બીજે દિવસે પણ આવ્યાં, ગુરુદેવે જોયું પણ કાંઈ ન બોલ્યાં, ત્રીજે દિવસે પણ આવ્યા, ગુરુદેવે કોઈ પ્રતિભાવ ન આપ્યો. એમ કરતાં પંદર દિવસ પસાર થઈ ગયાં. આજ નહીં તો કાલ ક્યારેક તો મારા પર દ્દષ્ટિ પડશે ને. !

પૂજ્ય ગુરુદેવે પણ પારખી લીધું કે એનો સ્વાર્થ હવે ભક્તિ બની ગયો છે. એટલે એક દિવસ એમને પાસે બોલાવ્યાં. એ ભાઈ જૈન પણ ન હતાં. એ સોની હતાં. એમને પાસે બોલાવ્યાં, પ્રેમથી માથે હાથ ફેરવ્યો અને જૂનાગઢના નટુભાઈ ચોકસી ધન્ય બની ગયાં. ગુરુદેવના પરમ ભક્ત બની ગયાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ આવનારી વ્યક્તિને માત્ર એમના દર્શન જ ન હતા કરવા દેતાં પણ એમને સમજતાં, એમને ઓળખતાં અને પછી એવા પ્રકારના સંકેત કે આજ્ઞા આપતાં જેનાથી તે વ્યક્તિનું આખું જીવન પરિવર્તન થઈ જતું, એનાં બધાં દુ:ખ દર્દ દૂર થઈ જતાં તે ચિંતા મુક્ત થી જતાં.

ગુરુદેવે નટુભાઈને પાટીમાં એટલું જ લખી આપ્યું, **'ખાવું કરતાં ખવડાવવું જેને વધારે પસંદ છે એનો માનવભવ સફળ છે.'**

ગુરુ એ જ હોય જે સામાન્યને પ્રવચન આપે અને શિષ્યને સંકેત આપે. સામાન્ય માટે ઉપદેશ હોય, શિષ્ય માટે આદેશ હોય.

જે એ સંકેતને, એ ભાવને, એ દૃષ્ટિને, એ નિર્દેશને સમજી જાય તેનું જીવન પરિવર્તન થઈ જાય.

નટુભાઈ પણ પૂજ્ય ગુરુદેવના સંકેતને સમજી ગયાં, અને એમણે એ પ્રકારનો સંકલ્પ કરી લીધો જે આજ સુધી નિષ્ઠા પૂર્વક પાળે છે.

ગુરુનું કાર્ય હોય છે દીક્ષાની પ્રેરણા કરવાનું, દીક્ષા આપવાનું પણ સંયમ સ્વયંનો હોય, સાધના **'સ્વ'** ની હોય, આરાધના પોતે જ કરવાની હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ અલગારી સંત હતાં,

એમના જીવનના એક એક પ્રસંગમાંથી આપણને પ્રેરણા મળે છે.

**મહાપુરુષ એને જ કહેવાય, પ્રત્યક્ષ હાજર હોય ત્યારે હજારોને પ્રેરણા મળે અને વિદાય પછી લાખોને પ્રેરણા મળે.**

# સાકાર સંકલ્પ

આજથી ૧૦૦ વર્ષ પહેલાં આવી અનેક રિધ્ધિ, સિધ્ધિ અને લબ્ધિના સ્વામી  તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રીનો જન્મ થયો હશે ત્યારે બાળકના નાનકડા દેહને જોઇને માતા જમકુબાને કલ્પના પણ થઇ હશે કે આ નાનકડો દેહ એક દિવસ વિરાટ વ્યક્તિત્વને ધારણ કરશે ? આજે મને બહારથી વળગી રહ્યું છે એ બાળક તો અંદરથી પરમાત્માને વળગેલું છે !

શું માધવજીભાઇને વિચાર પણ આવ્યો હશે કે આજે બંધ આંખે અવની પર અવતરેલું આ શીશુ આવતી કાલે હજારોની અંદરની આંખો ખોલનાર બનશે ? શું એમના ભાઇ-બહેનોને ખબર હતી કે આજે અમારી સાથે રમત રમનારો અમારો નાનકડો ભાઇ કાલે **'અગમ નિગમ'** ના ભાવોથી રમનારો બનશે ?

જ્યારે એ બાળ દેહને **'રતિ '** નામ આપવામાં આવ્યું હશે ત્યારે શું કોઇને ખબર હશે કે રતિ એટલે આનંદ અને આ બાળક અનેક આત્માઓને અનંત આનંદના માર્ગે લઇ જનારો બનશે ? મહાપુરુષો જન્મથી ઓળખાતાં હોય છે, બસ ! એને ઓળખવા માટે અંતરની આંખ જોઇએ.

આવા તપસમ્રાટ પૂજ્ય  ગુરુદેવે એક સમયે વડિયામાં અભિગ્રહ ધારણ કર્યો, કે કોઇ વ્યક્તિ અઠ્ઠાઇની તપસ્વી હશે, શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હશે. વ્હોરાવવા માટે હાથમાં મોસંબીનો રસ હશે તો હું ગૌચરી વ્હોરાવીશ,

એવી વ્યક્તિ જ્યાં સુધી નહીં મળે ત્યાં સુધી ગૌચરી વાપરીશ નહીં. આજથી ૪૦ વર્ષ પહેલાં પૂ. ગુરુદેવે આવો આકરો અભિગ્રહ ધાર્યો હતો.

હવે શું થાય ?

વડિયા જેવા ગામમાં મોસંબી જેવું ફળ વર્ષે બે-ચાર વખત મુશ્કેલીથી આવતું હોય. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, રોજ ગામમાં કેટલાંય ઘરે જાય પણ ક્યાંયથી ઉપલબ્ધિ ન થાય.

અભિગ્રહ એને જ કહેવાય જેમાં કસોટી થાય. આઠ-આઠ દિવસ પસાર થઈ ગયાં. કેટલાંય લોકો રાગના કારણે, ભક્તિના કારણે કેટલાંય પ્રકારે પૂછે, કેટલીય રીતે જાણવાની કોશીશ કરે પણ કોઈ સંકેત ન મળે, શ્રાવકો અકળાય, ગભરાય, આવા મહાપુરુષ પધારે અને એમ જ લાભ આપ્યાં વિના પાછા ફરી જાય...! કેટલાંયને ચિંતા થાય... પાણી વિના કેટલા દિવસ...! પાણીનો ત્યાગ હતો અને છાશની પરાશ ઉપવાસમાં વપરાય નહીં એટલે રોજ ચૌવિહારા ઉપવાસ થાય.!

ગુરુદેવ એક ઘરેથી બીજા ઘરે જાય અને માત્ર એક મંદ મંદ સ્મિત આપી પાછા ફરી જાય. અને છેલ્લે જેમ મહાવીરને પારણા કરાવવામાં ચંદનબાળાનો યોગ થયો એમ તપસમ્રાટ પૂ. ગુરુદેવને મીનાબેનનો યોગ થયો. એમણે અઠ્ઠાઈ કરી હતી અને એમના ભાઈ એમના માટે રાજકોટથી મોસંબી લઈ આવ્યાં હતાં અને હાથમાં તાજો કાઢેલો રસ હતો. યોગાનુયોગે તે દિવસે એમણે શ્વેત ડ્રેસ પહેર્યો હતો. મહાપુરુષો જ્યારે સંકલ્પ કરે ત્યારે અવશ્ય ફળે જ , પછી એ મહાવીર હોય કે તપસમ્રાટ હોય.!

તપસમ્રાટ પૂ. ગુરુદેવ માત્ર વચન સિધ્ધ જ ન હતાં એ સંકલ્પ સિધ્ધ પણ હતાં. એમણે એમના જીવનમાં આવા કેટલાંય નાના મોટા સંકલ્પો કર્યાં હતાં અને સફળ પણ થયાં હતાં.

# ગુરુદેવને પ્રિય ગાયો

તપસમ્રાટ પૂ. ગુરુદેવને ગાયો અત્યંત પ્રિય હતી. એમણે વડિયામાં એક ગૌશાળા બનાવેલી. ત્યાં સેંકડોની સંખ્યામાં ગાયો હતી.



તપસમ્રાટ પૂ. ગુરુદેવ જેવા ગૌશાળામાં પ્રવેશ કરે એની થોડી ક્ષણો પહેલાં જ ગાયોને એમના આગમનની જાણ થઈ જાય એટલે એ નાચવા, કૂદવા અને ભાંભરવાનું શરૂ કરી દે. ગાયો પણ એમના વાઈબ્રેશન્સ્‌ને ફીલ કરે, પ્રસન્ન પ્રસન્ન થઈ જાય. ગુરુદેવની અમીદૃષ્ટિ પડે અને ગાયો ભાંભરીને

પોતાનો પ્રેમભાવ વ્યક્ત કરે.

કોઈપણ વ્યક્તિ પોતાના ભાવ વ્યક્ત કરે કે, ગુરુદેવ કોઈ સેવા, કોઈ આજ્ઞા, કોઈ ભક્તિ ? ગુરુદેવ એક જ જવાબ આપે મને કાંઈ ખપ નથી, ગૌશાળામાં ગાયો માટે પાંચ ગાડી ધાન મોકલાવી દે, તો કોઈને કહે, ૨૫ ગાડી ઘાસ મોકલાવી દેજે.

અંત સમયે જ્યારે એચ. જે હોસ્પીટલમાં હતાં, ત્યારે એમને ટ્રીટમેન્ટ આપનાર કાર્ડીયોલોજીસ્ટ ડોક્ટર ગૌતમભાઈ દવે વારંવાર ગુરુદેવને ચેક કરવા આવે. ૧૩ મો દિવસ હતો. ગુરુદેવની તબિયત સુધારા પર હતી. પેરેલાઈસીસની અસર ઓછી થતી હતી. એ બેસી શકતાં હતાં... અને થોડું ચાલી પણ શકતાં હતાં. તે દિવસે ડૉ. દવે આવ્યાં અને ગુરુદેવને કહ્યું. ગુરુદેવ ! કાંઈ સેવા કરૂં ?

ગુરુદેવે પાટી માંગી, પાટીમાં ધ્રુજતા હાથે મુશ્કેલીથી લખ્યું... વડિયા ગૌશાળામાં ગાયો માટે ઘાસ અને ધાન.

૨૭ મા દિવસે તપસમ્રાટ પૂ. ગુરુદેવની વિદાય પછી ડૉ. દવેએ પહેલું કામ વડિયા ગૌશાળામાં જઈ ઘાસ અને ધાનનું દાન આપ્યું.

ગુરુદેવે એ ગાયોને એટલો પ્રેમ, એટલું વાત્સલ્ય અને એટલી મમતા આપી હતી કે એમની જ્યારે વિદાય થઈ ત્યારે ગીતા નામની ગાયે તો વિદાયની ક્ષણથી પાલખી વિદાય સુધી ત્રણ દિવસ સુધી ન કાંઈ ખાધું, ન કાંઈ પીધું... બસ એક જગ્યાએ બેસીને રડતી જ રહી.

અબોલ પશુઓને પણ એમની આટલી અસર થતી હતી. એવી એમની મહાનતા હતી... એવી એમની કરૂણા હતી. એમની વિદાયના ૧૪ વર્ષ પછી આજે પણ વડિયામાં એ ગૌશાળા સરસ ચાલે છે.

# સંકેતથી સમજ

**ગુ**રુ એ જ કહેવાય, જેમને મળ્યાં પછી તમે તમને મળવા લાગો, જેમની પાસે જઇને તમે તમારી પાસે જવા લાગો, જેમને ઓળખવા લાગો, જેમની પાસે જઇને તમે તમારી પાસે જવા લાગો, જેમને ઓળખીને તમે તમને ઓળખવા લાગો. આવો જ અનુભવ થયો હતો પૂ.નમ્રમુનિ મ.સા. ને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ મળ્યાં પછી.!! તે સમયે તપસમ્રાટ પૂ.ગુરુદેવ તો મૌન હતું પણ એમના સાંનિધ્યને માણતા માણતાં, એમના વાઇબ્રેશન્સ્‌ને અનુભવતા..અનુભવતાં પૂ.નમ્રમુનિ મ.સા.ને રીયલાઇઝ થવા લાગ્યું કે, એ જે જોઇ રહ્યાં છે તે તે નથી, તે મુનિ પણ નથી અને મનુષ્ય પણ નથી, તેઓ તેનાથી પણ અલગ છે, આ શરીરથી અલગ આત્મ સ્વરૂપ છે.

આત્મ તત્ત્વને પામેલા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવમાં પાત્રવાનના રૂચક પ્રદેશને જાગૃત કરવાની ક્ષમતા હતી. કેમકે, એમણે પોતાના આત્માની શુધ્ધ દશાનો અનુભવ ર્ક્યો હતો. આવા આત્મજ્ઞાની સિધ્ધ પુરુષની કૃપાના બે બૂંદ પણ મળી જાય તો આત્મઅનૂભૂતિ અવશ્ય થાય. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પહેલી સાધના કરી શરીરથી ડીસ્કનેક્ટ થવાની.. શરીર પ્રત્યેનો રાગ મોહ અને મમત્વને છોડયાં એટલે ઓટોમેટિક આત્માથી કનેક્ટ થઇ ગયાં. જેવા આત્મા સાથે કનેક્ટ થયાં એટલે આત્માની અનંત શકિત પ્રગટ થવા લાગી, સ્પીરીચ્યુઅલ પાવર્સ પ્રગટ થવા લાગ્યા અને થર્ડ આય.. અંતરની આંખ ખુલવા લાગી જેના કારણે આજનું નહીં, કાલનું નહીં પણ ભવિષ્યનું પણ જોઇ શકવા લાગ્યાં.

# સમર્પણ - એક ઉપલબ્ધિ

સદ્‌ગુરુના ચરણ અને શરણમાં સમર્પણ...

સમર્પણથી શું થાય ? સમર્પણની ઉપલબ્ધિ શું ? ?

સમર્પણથી વ્યક્તિની સાધના સરળ અને સહજ થઈ જાય છે. જેમ જેમ સમર્પણતા વધે છે તેમ તેમ વ્યક્તિનો વિનય, નમ્રતા, મૃદુતા વધવા લાગે છે, એના કષાયો શાંત થવા લાગે છે. આત્મગુણો પ્રગટ થવા લાગે છે. સત્યની એક એવી અનુભૂતિ થવા લાગે જેનાથી ગુસ્સો શાંત થવા લાગે, અહમ્ ઓગળવા લાગે, લોભ ઘટવા લાગે.

જ્યાં સુધી સમર્પણ હોઠનું છે ત્યાં સુધી વધારે ફરક ન પડે, પણ જે દિવસે હૃદયથી સમર્પણ થાય, આત્માથી સમર્પણ થાય તે દિવસે કંઈક અલગ જ અનુભૂતિ થાય. સમર્પણની સૌથી મોટી ઉપલબ્ધિ હોય તો એ છે કે, સમર્પણ સંસારને ઘટાડે છે, સંસારનો મોહ ઘટાડે છે અને સંસારના સબંધોને ઘટાડે છે.

જે એકવાર ગુરુને સમર્પિત થાય, ગુરુ સાથે કનેક્ટ થાય તે સંસારીઓના સબંધથી ડીસકનેક્ટ થઈ જાય.

સમર્પણથી રાઈટ આઈડેન્ટીટી ક્લીયર થાય, 'સ્વ' નો અનુભવ થાય એટલે 'પર' ઓટોમેટિક છૂટવા લાગે.

એકવાર જેમના જીવનમાં ગુરુ આવે પછી ધીમે ધીમે એના સબંધો

ઘટવા લાગે, એટેચમેન્ટ ઘટવા લાગે, વ્યવહાર પૂરતો જ સબંધ હોય, જેમાં ફરજ પૂરેપૂરી હોય પણ લાગણી જરા પણ ન હોય.

જે સંસારથી ડીસકનેક્ટ થાય છે તે જ આત્માથી કનેક્ટ થાય છે.

જેમ જેમ ગુરુ પ્રત્યે શ્રધ્ધા અને ભક્તિ વધે તેમ તેમ સમર્પણભાવ વધે.

સમર્પણતા લોભવૃત્તિને ઘટાડે, આકર્ષણને ઘટાડે, આસક્તિને ઘટાડે.

ગુરુદેવ સાથે એકવાર કનેકશન થઈ જાય પછી બીજા સાથે રીલેશન રાખવું એટલે રીએકશનને આમંત્રણ આપવું !

જો તમારી પાત્રતા હોય તો ગુરુ સાંનિધ્યની એક પળ પણ તમારા ભવ અને ભવોભવને સુધારી દે અને જો તમારી પાત્રતા ન હોય તો ગુરુનો આખો ભવ મળી જાય તો પણ તમારી એક પળ પણ ન સુધરે. બધો આધાર શિષ્યત્વ પર અને યોગ્યતા પર જ હોય છે. ગુરુની કૃપાનો વરસાદ તો અવિરત, સર્વ ઉપર એક સરખો વરસે છે પણ જે બુધ્ધિનો રેઈનકોટ પહેરી રાખે છે તેને બે બૂંદ પણ મળતી નથી.

જ્યાં સુધી બુધ્ધિનો ઉપયોગ છે, મનમાં માન્યતાઓ ભરેલી છે, વિચારોની જડતા છે ત્યાં સુધી ગુરુકૃપાની અસર થતી નથી. જેમણે બુધ્ધિનો રેઈનકોટ પહેર્યો હોય તે ક્યારેય ગુરુકૃપાને પામતા નથી. તપસમ્રાટ પૂ. ગુરુદેવ... એક વિરલ વિભૂતિ અનેકને મળ્યાં, અનેક લોકો એમના સાંનિધ્યમાં આવ્યાં, અનેક લોકો એમના ચરણમાં આવ્યાં, શરણમાં આવ્યાં, બધાં ઉપર તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે એક સરખી કૃપા દૃષ્ટિ કરી, એક સરખી અમી દૃષ્ટિ કરી પણ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ ફળ્યાં કોને ? કેટલાંને ?

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવને મળ્યાં હજારો-લાખો લોકો પણ ફળ્યાં કેટલાને ? ?

જે ગુરુદેવના બની જાય, અને ગુરુદેવ જેનો સ્વીકાર કરે તેને

ગુરુદેવ ફળ્યાં વિના રહે જ નહીં. ગુરુદેવ જેમને પોતાના બનાવી દે એને સર્વસ્વ બનાવી દે. શર્ત એટલી જ કે એકવાર કનેક્ટ થયાં પછી બીજે ક્યાંય કનેક્ટ થવાનું નહીં, કેમકે, ગુરુદેવનું એક સૂત્ર હતું.

જે એકના થાય તે જ એક થઈ શકે.

ગુરુ શિષ્ય જ્યાં સુધી એક ન થાય ત્યાં સુધી અરિહંત ન થાય, ત્યાં સુધી સિધ્ધ ન થાય ! જે એકવાર તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના બની જાય, તેને પછી બીજે ક્યાંય ગમે નહીં, બીજું કાંઈ સૂઝે નહીં... આવા પ્રતિભાવંત હતા ગુરુદેવ... ! !

ગુરુદેવ એકવાર જેમને પોતાના બનાવે પછી એના વિકાસમાં, આત્મ વિકાસમાં, એની પ્રગતિમાં, એની સાધનામાં, એના જ્ઞાનમાં, એના ધ્યાનમાં ક્યાંય કોઈ કચાશ ન રાખે, ક્યાંય કોઈ કમી ન રાખે... એમને શિષ્યમાંથી સવાયા ગુરુ બનાવી દે... સવાયા ગુરુ બની શકે એવી ક્ષમતા આપે... એવી કૃપા કરે... ! ! પછી ચાહે એ પ્રત્યક્ષ હોય યા પરોક્ષ... ! !

જે ગુરુના આત્મા સાથે કનેક્ટ થાય છે તે પરમ આત્મા સુધી પહોંચી શકે છે. જેના જીવનમાં ગુરુ હોય એના સર્વ કાર્ય સહજ હોય. એને વધારે કાંઈ કરવું ન પડે, બધું થવા લાગે... ! ભગવાન કહે છે, જે મારી સાથે કનેક્ટ થાય તે સંસારની હર એક વ્યક્તિ, વસ્તુ અને વાતાવરણથી ડીસકનેક્ટ થઈ જાય અને જે સંસારથી કનેક્ટ થાય તે મારાથી ડીસકનેક્ટ થઈ જાય.

કનેક્ટ અને ડીસકનેક્ટ... આ બે જ શબ્દમાં સંસાર અને મોક્ષ છે.

સમર્પણ સંસારથી ડીસકનેક્ટ થવાનો સહજ પ્રયોગ છે.

સમર્પણ સંસારથી ડીસકનેક્ટ થવાની સરળ સાધના છે.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ એવા સિધ્ધ પુરુષ હતાં, જે પણ એમની સાથે કનેક્ટ થયાં તે બધાં સંસારથી ડીસકનેક્ટ થઈ ગયાં.

# કલ્પાતિત વ્યક્તિત્વ

**રા**જકોટ રોયલ પાર્કનું ચાતુર્માસ. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. પૂ.ગીરીશચંદ્રજી મ.સા. પૂ. નમ્રમુનિ મ.સા. આદિ એવમ્ ૭૩ મહાસતીજીનું સમૂહ ચાતુર્માસ પરિપૂર્ણ થયું. ચાતુર્માસ પરિવર્તનનો શુભ દિવસ સર્વ સંત-સતીજીઓ વિહાર વળામણાનાં ભવ્ય કાર્યક્રમમાં ગોઠવાઇ ગયાં છે. ત્યાં જ પૂ. નમ્રમુનિ મ.સા. એ એમના જીવનમાં પ્રથમ વખત જ લખેલી પુસ્તિકા **'જીવનમાં'** આગલે દિવસે જ પ્રીન્ટ થઇને આવી હતી તે લઇને આવ્યાં અને પૂ.ગુરુદેવને વંદના કરી એમના કરકમલમાં અર્પણ કરી.



પૂ.ગુરુદેવે પ્રેમથી હાથમાં લીધી, વાંચી અને પ્રસન્નતાથી એમની આંખો ચમકી ગઇ. હાથથી ઇશારોં ક્યો, બહુ જ સરસ છે.

તપસમ્રાટ પૂ. ગુરુદેવનાં ચહેરાની એ પ્રસન્નતા આજે પણ પૂ.નમ્રમુનિ મ.સા.ના હૃદયમાં જીવંત છે.

વિહાર શરૂ થયો..વળામણાનો કાર્યક્રમ હતો શ્રી રમણિકભાઇ નાગરદાસ શાહનાં નાના ભાઇ શ્રી નવીનભાઇના પ્રાંગણે મોટો સામિયાણો બાંધ્યો હતો. કાર્યક્રમો, ગુણગ્રામ, સ્પીચ આદિ બાદ પૂ.નમ્રમુનિ મ.સા ની પ્રથમ પુસ્તિકા **'જીવનમાં'** નું વિમોચન પૂ. ગુરુદેવની પાવન ઉપસ્થિતિમાં થયું એ એમના જીવનની યાદગાર ક્ષણ બની ગઇ.

વિહાર વળામણાનો સમારોહ સંપન્ન થયો પૂ.નમ્રમુનિ મ.સા. એ પૂછયું, ગુરુદેવ હવે ? અને ગુરુદેવનો જવાબ મળ્યો.. હવે તારે જ્યાં જવું હોય ત્યાં તું જજે અને પછી વડિયા આવી જજે.

# વિદાયની ક્ષણો

શિયાળાનાં દિવસો હતાં.. કડકડતી ઠંડી હતી અને તારીખ હતી ૧૨/૧/૧૯૯૮, સમય હતો સાંજનો ૦૭:૩૦ નો..! પૂ.નમ્રમુનિ મ.સા. પ્રતિક્રમણ આદિ આવશ્યક કાર્યો પતાવી રહ્યાં હતાં. ત્યાં જ એમના રૂમનો દરવાજો જોરજોરથી ખટકે છે, કોઇને જાણે ખૂબ જ ઉતાવળ હોય તેમ એક તરફ ખટખટ કરે અને એક તરફ બૂમ મારે.. ગુરુદેવ ! જલ્દી ખોલો..!!

પૂ. નમ્રમુનિ મ.સા. એ દરવાજો ખોલ્યો અને.. અરે ! રમણિકભાઇ તમે અત્યારે અને આમ ગભરાયેલાં ? રમણિકભાઇ કહે, ગુરુદેવ ! ચાલો, જલ્દી કરો, આપણા ગુરુદેવને હોસ્પિટલમાં લાવ્યાં છે, હું તમને ક્યારનો શોધતો હતો ત્યારે એક કલાકે તમે મળ્યાં, હવે જલ્દી ચાલો.

રમણિકભાઇ એક શ્વાસે, હાંફળા ફાંફળા બોલી ગયાં. અને પૂ.નમ્રમુનિ મ.સા. ની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. એમનું હ્રદય ગુરુદેવ પાસે જવા તડપી રહ્યું હતું અને સામે સાધુના નિયમ હતાં. રાત્રે વિહાર ન કરાય..!!

ગુરુદેવને શું થયું હશે ? અત્યારે શું કરતાં હશે ? શેની ટ્રીટમેન્ટ ચાલતી હશે ? ડૉક્ટર આવી ગયાં હશે ને ? હજાર જાતનાં વિચારોં

અને આંસુની ધાર.. સવાર પડવાની રાહ..!

વહેલી સવારે હોસ્પિટલ પહોંચી જોયું. બેડ ઉપર ગુરુદેવને સૂતેલાં જોયાં અને ફરી આંખો વહેવા લાગી.. ગુરુદેવ તમને શું થઇ ગયું ? ગુરુદેવની આંખોમાં પણ એક ચમક આવી ગઇ, એક સંતોષ થઇ ગયો, એક તૃપ્તિ થઇ ગઇ અને આંખોનાં ઇશારાથી કહ્યું, હં..મ..મ..મ..તું આવી ગયો !!!

અને ઇશારાથી જ જાણે એક પિતા પુત્રને, હકથી કહે એમ કહેવા લાગ્યા.. જો ને ! આ બધાં મને પરાણેં અહીં લઇ આવ્યાં મને અહીંયા નથી રહેવું, મને વડિયા લઇ જાવ. !!! તું તો મારો છે ને..!!! સામે જૂનાગઢનાં નટુભાઇ ચોકસી અને કુંદન ઊભા હતાં. નટુભાઇએ કહ્યું, નમ્રમુનિ મ.સા. ! સારૂં થયું તમે આવી ગયાં. ગુરુદેવની તબિયત બહુ ખરાબ છે. એમને ડાબા અંગનું પેરેલાઇસીસ થઇ ગયું છે.

પૂ.નમ્રમુનિ મ.સા. એ ફરી ગુરુદેવ સમક્ષ જોયું.. જાણે, સૂતેલા સિંહ. !! ૧૨૨ કિલોનું વજન..અડીખમ કાયા અને બધાં કપડાં બગડી ગયાં હતાં. પૂ.નમ્રમુનિ મ.સા. એ એમને સાફ કરવાની શરૂઆત કરી. એમને પડખું ફેરવવાની કોશિશ કરી પણ ક્યાં ૧૨૨ કિલો અને ક્યાં ૫૦ કિલો !!!

પણ નમ્રમુનિ મ.સા. ના ભાવ ઉત્કૃષ્ટ હતાં, ગુરુદેવ પ્રત્યે અનહદ પ્રેમ હતો અને એમની આ પરિસ્થિતિ એ જોઇ શકતાં ન હતાં. એમણે બે હાથ જોડી, આંખ બંધ કરી, મનોમન પૂ.ગુરુદેવને પ્રાર્થના કરી..હે ગુરુદેવ ! સાચા હૃદયનાં ભાવથી આ શિષ્ય તમારી સેવા કરવાં માંગે છે શરીર નબળું છે પણ મનોબળ મજબૂત છે અને અંતરના ભાવ ઉત્તમ છે . ગુરુદેવ ! તમે જ શક્તિ આપો. આપની સેવા કરી મારો આ ભવ સાર્થક કરી શકું એવી કૃપા કરો. મને શક્તિ આપો..!!!

આંખ ખાલી, પૂ ગુરુદેવ સામે દૃષ્ટિ કરી, એમના ચહેરા પર સ્મિત જોયું અને જ્યાં પડખું ફેરવવા ગયાં.. ગુરુદેવ આખા ફરી ગયાં.. એટલું સહજ થઇ ગયું જાણે એક નાનકડા બાળકનું પડખું ફેરવ્યું. પછી તો એમને બધું સાફ

કરી, વસ્ત્રો બદલાવી વ્યવસ્થિત કરી દીધાં અને આ રીતે ૨૭ દિવસ સુધી અગ્લાન ભાવે, નિ:સ્વાર્થ ભાવે, રાત-દિવસ જોયા વિના સેવા કરી અને કૃપા પાત્ર સુશિષ્ય બન્યાં. આંખો સમત્ર એ દૃશ્ય આવી ગયું.. જે દિવસે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે પાટીમાં લખી આપ્યુ હતું... અંત સમયે તમે સાથે હશો. તમે મારા અંતેવાસી હશો... અને એમણે પાટીને ઘા કર્યો હતો. પણ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવતો ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનારા હતાં..!!!

એક દિવસ..બે દિવસ..લોકોને સામાચાર મળવા લાગ્યાં, સંત-સતીજીઓ, શ્રાવકો અને ભક્તોનાં ટોળેટોળાં પોતાના પૂજનીય,પ્રેરણાદાતા, જીવન ઉધારક અને આત્મકલ્યાણક ગુરુદેવનાં દર્શન કરવાં, એમની તબિયતનાં સમાચાર પૂછવા આવવા લાગ્યાં.

તપસમ્રાટ એક વિરલ વ્યક્તિત્વ.. આટલી આટલી વેદના.. કેટલીય જગ્યાએ નળીઓ.. દવાઓ.. ઇન્જેકશનસ્ પણ એક ઉંહકારો નહીં.. એક પણ ફરિયાદ નહીં.. છેલ્લાં શ્વાસ સુધી વેદનાના ઉંહકારા જેટલું પણ મૌન તોડયું નહીં, એવા દૃઢ મનોબળવાળા..!!

હોસ્પિટલનો સતરમો દિવસ.. અચાનક ઇમરજન્સી આવી ગઇ, ડૉકટરને ખ્યાલ ન રહ્યો કે હાથને ખોટો કર્યો નથી અને એમ જ ચીરો મૂકી દીધો છે.. પણ ગુરુદેવ..! ગુરુદેવ તો એકદમ શાંત અને સમાધિમાં સ્વયંના આત્મભાવમાં. જાણે શરીરને ડૉકટરને સોંપી દીધું ન હોય. તમારે જે કરવું હોય તે કરો..હું તો મારા આત્મભાવમાં મસ્ત છું.. વેદના! તને મારી વંદના.!!!

હોસ્પિટલનો ૨૭ મો દિવસ.. તા.૦૮-૦૨-૧૯૯૮ નો દિવસ.. સવારે ૧૦:૦૦ વાગે પૂ. નમ્રમુનિ મ.સા. ના હાથે છેલ્લું પાણી વાપર્યુ અને પૂ. ગિરીશમુનિએ સંથારો કરાવ્યો. અને બરાબર ૧:૩૫ મિનિટે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની આંખો સદાય માટે બંધ થઇ ગઇ. એક સિધ્ધપુરુષની વિદાય

થઇ ગઇ. હજારો આંખો અશ્રુભીની થઈ ગઈ... કેટલાંયના જીવનમાં શૂન્યવકાશ છવાઈ ગયો.

એમની સમાધિ સાત હનુમાન કુવાડવા પાસે ટેકરી ઉપર કરવામાં આવી.

એ સ્થાન એટલે **''તપસમ્રાટ તીર્થધામ''...** જે ખરા અર્થમાં તીર્થધામ બની ગયું છે. આજે પણ હજારો લોકો ત્યાં ભાવથી, શ્રધ્ધાથી દર્શન કરવા જાય છે, એમના ચરણમાં પોતાનો સંકલ્પ કરે છે અને એ સંકલ્પ અવશ્ય સાકાર પણ થાય છે. લોકોની શ્રધ્ધા દિન પ્રતિદિન વધતી જાય છે અને તીર્થધામમાં દર્શનાર્થીઓની સંખ્યા વધતી જાય છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ.. દેવ હતાં.. દેવાધિદેવ હતાં..!!



**Inspired and Directed by**
**Rashtra Sant Yug Diwakar**
**Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb**

ARHAM YUVA GROUP

LOOK n LEARN JAIN GYAN DHAM

SHASAN PRABHAVAK

Guru Spandan

SAMBODHI GROUP

ARHAM SATSANG

શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ

Arham Help Dil se seva

JAIN AAGAM MISSION

PARASDHAM

PAWANDHAM

PAVITRADHAM

**Visit to our websites**
www.parasdham.org, www.arhamyuvagroup.org,
www.looknlearn.in, www.jainaagam.org

Watch Live Telecast of Pujya Gurudev
www.youtube.com/parasdhamtv

To know more about Pujya Gurudev
98609 05678, 96740 84693.

PARASDHAM

વલ્લભબાગ લેન, **ઘાટકોપર** (ઇ), **મુંબઇ**- ૪૦૦૦૭૭.

૧૨/૨ એ, બકુલ બગાન રો, **કોલકત્તા**- ૭૦૦૦૨૫.

૪, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ, **રાજકોટ**- ૩૬૦૦૦૫.